
# જૈન તત્ત્વજ્ઞાન: સરળ ભાષામાં




- પં. ચન્દ્રશેખરવિજયજી

# જૈન તત્ત્વજ્ઞાન સરળભાષામાં

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૦૩

કમલ પ્રકાશન ટ્રસ્ટ

અમદાવાદ

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિ ભવન

૨૭૭૭, નિશા પોળ, ઝવેરીવાડ,

રીલિફરોડ, અમદાવાદ-૧.

ફોન : ૨૫૩૫૫૮૨૩, ૨૫૩૫૬૦૩૩

**પ્રવચનકાર :**

પૂ. સિદ્ધાન્તમહોદધિ, સુવિશાળ શ્રમણગચ્છાધિપતિ,

સ્વ. આચાર્ય ભગવન્ત **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી**

મહારાજાના વિદ્વાન શિષ્યરત્ન પૂ. પ્રવચનકાર

**પં. ચન્દ્રશેખરવિજયજી.**

**આવૃત્તિ :**

પ્રથમ સંસ્કરણ નકલ : ૩૦૦૦

દ્વિતિય સંસ્કરણ નકલ : ૫૦૦૦

તૃતિય સંસ્કરણ નકલ : ૩૦૦૦

**તા. ૧-૫-૨૦૦૪, વિ. સં. ૨૦૬૦**

**મૂલ્ય રૂા. ૩૫/-**

**ટાઈપસેટિંગ :**

**શાઈનઆર્ટ કોમ્પ્યુગ્રાફિક્સ,**

રાજનગર, પાલડી, અમદાવાદ-૧

ફોન : ૨૬૩૩ ૯૨૩૨

**મુદ્રક :**

**ભગવતી ઓફસેટ**

બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ.

# प्रास्ताविकम्

જૈન દર્શનમાં જેટલા આગમ ગ્રંથો અને તેના દોહનરૂપ (માખણરૂપ) ગ્રંથો છે તે તમામને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

દ્રવ્યાનુયોગ, ચરણ કરણાનું યોગ, ગણિતાનુયોગ અને ધર્મકથાનુયોગ.

અનુયોગ એટલે વ્યાખ્યાન.

દ્રવ્યાનુયોગ વિભાગમાં જે ગ્રંથો આવે તેમાં મુખ્યત્વે દ્રવ્ય એટલે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

અસ્તિ એટલે પ્રદેશો અને કાય એટલે સમૂહ જેમાં પ્રદેશો (કે પરમાણુઓ)નો સમૂહ મળે તે દ્રવ્યને અસ્તિકાય કહેવાય છે. દ્રવ્યમાંથી પાંચ અસ્તિકાય છે. જ્યારે કાળ-દ્રવ્ય એ વર્તમાન એક જ સમયરૂપ હોવાથી તે અસ્તિકાય નથી.

આ છ દ્રવ્યમાં એક જીવ-દ્રવ્ય જ ચેતનસ્વરૂપ છે, બાકીના પાંચ દ્રવ્યો જડ સ્વરૂપ છે.

સરણકરણાનુયોગ વિભાગમાં જે ગ્રંથો આવે તેમાં મુખ્યત્વે સાધુ જીવનના ચરણસિત્તરીરૂપં સીત્તેરગુણો અને કરણસિત્તરીરૂપ સિત્તેર ગુણોનું વર્ણન હોય.

ગણિતાનુયોગના ગ્રંથોમાં તે તે દ્રવ્યોની સંખ્યા વગેરે ગણિતસ્વરૂપ વિષય હોય.

ધર્મકથાનુયોગમાં ધર્મકથાઓની મુખ્યતા હોય એકલા જ્ઞાતાધર્મકથા નામના આગમ ગ્રંથમાં સાડા ત્રણ ક્રોડ ધર્મકથાઓ હતી. (આજે તો માંડ હજારો છે.)

આ ચાર અનુયોગમાં શ્રેષ્ઠ દ્રવ્યાનુયોગને કહ્યો છે. આમાં છ પદાર્થોનું સ્વરૂપણ વર્ણન વિસ્તારથી આવે. આત્મા તેમાં એટલો બધો તન્મય બને કે તેમાં તે અપૂર્વ કર્મક્ષય કરે. આથી જ રસપૂર્વકકર્મક્ષયકારક તરીકે આ અનુયોગને સૌથી મુખ્ય અનુયોગ કહેવામાં આવેલ છે.

વળી આ પદાર્થની જાણકારી એ સકળ અનુયોગોના જ્ઞાનનો પાયો છે. આ જાણકારી વિનાના બીજા અનુયોગો કર્મક્ષય કરાવવામાં થોડાક ઊણા પડે.

જ્ઞાનીઓએ બાકીના ત્રણ યોગોને સોનાના, ચાંદીના કે હીરાના કહ્યા પરંતુ તે બધામાંથી ઘાટઘડામણ તો ત્યારે જ થાય જ્યારે લોકોના હથિયારો પાસે હોય અને ધારદાર હોય.

લોઢા જેવો દ્રવ્યાનુયોગ છે. એના વિના બધું નકકામું

ધર્મગ્રંથો ઉપરના પ્રવચનો સદ્ગુરુની પાસેથી સાંભળવાથી જીવને જરૂર

ખૂબ લાભ થાય પરંતુ તેથી ઘણો વિશેષ લાભ દ્રવ્યાનુયોગ સ્વરૂપ જીવવિચાર, નવતત્ત્વ, કર્મગ્રંથો, કમ્મપયડી, બૃહસંગ્રહણી વગેરે ગ્રંથોના અધ્યયનથી થાય. આ અધ્યયનથી જીવના ચિંતન ક્ષેત્રની ઊંડાઈ વધે છે. પ્રવચનોના શ્રવણથી લંબાઈ પહોળાઈ વધે છે.

દ્રવ્યાનુયોગમાં આત્મા ઊંડા અગાધ આત્મહિતના ચિંતનમાં આવી સફળ ડૂબકી મારે છે કે તેની અસર તેના સમગ્ર જીવન પરિવર્તન સુધી પહોંચી જાય છે. આટલી નક્કર રીતે પ્રગતિ માત્ર પ્રવચનના શ્રવણથી પ્રાપ્ત થતી નથી.

એમ કહી શકાય કે સદ્ગુરુના મુખે કરાતું જિનવાણી રૂપ પ્રવચન શ્રવણ એ બાટલીનું દૂધ છે, કદાચ શુદ્ધ ગાયનું દૂધ છે, પરંતુ દ્રવ્યાનુયોગનું ચિંતન એ માને બાઝીને પીવાતું ધાવણનું નક્કર દૂધ છે. અથવા એમ કહી શકાય કે બાટલાના ચડાવેલા લોહી જેવું પ્રવચન શ્રવણ છે. જ્યારે ખોરાક, ખાઈને પચાવીને બનાવેલા કુદરતી લોહી જેવું દ્રવ્યાનુયોગનું ચિંતન છે.

મારા સ્વર્ગીય ગુરુમાતા શ્રીમદ પ્રેમસૂરિશ્વરજી મહારાજા સાહેબને કલાકો સુધી દ્રવ્યાનુયોગના પદાર્થોના ચિંતનમાં એકદમ લીન બનેલા મેં અનેકવાર જોયા છે.

અમે ૪૦-૫૦ સાધુઓ ભિક્ષા વાપરતી વખતે કોઈ મિઠાઈ વગેરે દ્રવ્યમાં રાગ ન કરી બેસીએ તે માટે તેઓ શરૂઆતમાં જ દ્રવ્યાનુયોગના વિષયનો એવો કૂટ પ્રશ્ન મૂકતા જેનો જવાબ શોધવામાં જ અમારું વાપરવાનું કામ પૂરું થઈ જાય. તે વખતે અમને કોઈ પૂછે કે, "તમે કઈ મિઠાઈ કે શાક વાપર્યું હતું ?" તો તેનો જવાબ દેવો ભારે થઈ પડે.

મારા એ સ્વ. ગુરુદેવે દ્રવ્યાનુયોગના વિષય ઉપર બધું મળીને અઢાર વિરાટકાય ગ્રંથો (લાખો શ્લોક પ્રમાણ) પોતાના શિષ્યોને માર્ગદર્શન આપીને, પદાર્થો આપીને તૈયાર કરાવ્યા હતા, જે મુદ્રિત થઈને ભંડારોમાં ઠેર ઠેર ગોઠવાયેલા છે. એમ કહી શકાય કે વિચ્છેદ પામેલા શ્રુતનો આ પુનરુદ્ધાર થયો.

'જૈન તત્ત્વજ્ઞાન- સરળ ભાષામાં' નામનું આ પુસ્તક દ્રવ્યાનુયોગનું પુસ્તક છે. આમાં આત્મા વગેરે ષટ્સ્થાનોનું ઉપર વિવરણ છે તે પછી તે અંગેના ચિત્રપટો- આત્મા, અષ્ટકર્મ, ચૌદ ગુણસ્થાન, આત્માનો વિકાસક્રમ, ચૌદરાજલોક, સમ્યક્ત્વ પ્રાપ્તિની પ્રક્રિયા, અઢી દ્વીપ તથા કાળ-ચક્રના ચિત્રપટો ઉપર વિવરણ કરેલું છે.

હા, ગ્રંથની શરૂઆતમાં તે તારક પરમાત્મા મહાવીરદેવને મેં યાદ કર્યા છે. જેમણે સર્વજ્ઞ બનીને બધા અનુયોગો અને તેમાં અઢળક પદાર્થો જણાવ્યા

છે. એ પરમકૃપાલુ દેવનું આ રીતે સ્મરણ કરીને હું મારું કૃતજ્ઞતા દર્શન કરીશ અને વહાલા એ વીર સાથે મારો માનસસંબંધ કરીશ. ક્યારેક અભેદ-પ્રણિધાન સાધી લેવાનું પણ નહિ ચુકું.

મારું આ ૨૩૩મું પુસ્તક છે. મેં છેલ્લા ૩૦ વર્ષોમાં ઘણી બધી યુવા-શિબિરો, યુવા-મિલનો વગેરે કર્યા તેમાં ઘણીવાર ઉપર્યુક્ત ચિત્રપટોને આધાર લઈને મેં તત્ત્વજ્ઞાનના પ્રવચનો આપ્યા પણ આજ સુધી તે લખાણરૂપે તૈયાર ન થયા. એકાએક આ અધુરપનો ખ્યાલ આવ્યો અને ૨૦૫૪ના કા.સુ. દશમથી (૧૧-૧૧-૯૭)થી નૂતન તપોવનમાં બેઠક લગાવી રોજના ત્રીસ પેઈજ લખવાના સંકલ્પ સાથે આ ગ્રંથ-લેખન મેં શરૂ કર્યું.

મારું આ લેખન યુવાનો કે યુવતીઓની ધાર્મિક શિબિરો કરતાં પ્રભાવક શ્રમણ-શ્રમણીઓને તત્ત્વજ્ઞાનની વાચનાઓ આપવામાં ભરપુર મસાલો પૂરો પાડશે એવો મને વિશ્વાસ છે. તેમને જ નહિ, પરંતુ શિબિરમાં ભાગ લેનારાઓને તત્ત્વજ્ઞાનની વાચનાઓ ઉપર તૈયાર માલ મળી જતાં મગજમાં તત્ત્વજ્ઞાનના પદાર્થોને રૂપ આપવાનું કાર્ય સરળ બની જશે.

આથી જ આ લેખન મેં શક્ય તેટલી વધુ સરળ ભાષામાં કર્યું છે. જરાક પણ અઘરો શબ્દ ન વપરાઈ જાય, જો વપરાય તો સરળ સમજૂતિ આપ્યા વિનાનો તે ન રહે તે માટે મેં દરેક વાક્ય લખતી વખતે કાળજી કરી છે.

આ ગ્રંથ-લેખન પાછળ મારો જે સ્વાર્થ છે તે અહીં રજૂ કરું છું.

મને ખબર છે કે ધર્મક્ષેત્ર માટે આજ કરતાં આવતીકાલ વધુ ખરાબ આવતી રહી છે. અભ્યુદય કાળ બારણે આંટા મારતો હોય, પણ ખંડમાં હજી પ્રવેશ ન કરતો હોય તેવું લાગે છે પણ હવે તો, 'અભ્યુદય કાળ ક્યારે આવશે ? તે માટે મન પણ અધીરું અને અશ્રદ્ધાળુ બનવા લાગ્યું છે.'

મેં એકત્રીસ વર્ષ સુધી જૈન સંઘમાં મન દઈને કામ કર્યું તન અને મન-બે ય ઘસી નાંખ્યાં. મહદઅંશે હું યશસ્વી રીતે ખૂબ ઝડપથી આગળ વધતો રહ્યો.

પણ કમનસીબે વિ.સં. ૨૦૫૩ (ઈ.સ. ૧૯૯૭)નું વર્ષ મારા માટે જબરી પીછેહઠ કરાવનારું બન્યું. નવસારી પાસેનું તપોવન ચાલતી ત્રણ પાળીમાં કામ કરતી મારી કાપડની દુકાન.

જિંદગીમાં આજીવન કાપડીઓ શી રીતે હીરાના વેપારમાં ગોઠવાઈ શકે , અને ધૂમ કમાણી કરી શકે ? છતાં એ અંગેનો પણ મારો પ્રયત્ન ચાલુ છે. મને જે કાંઈ ધક્કો મળ્યો છે કે જાકારો દેવાયો છે ને બધું બિલકુલ બરોબર

થયું છે, નિયતિનું એ જ ગણિત હતું એમ જ થયું છે ભગવાનની મારી ઉપર નિગ્રહકૃપા થઈ છે (Everything is in order)

હવે જ્યાં સુધી હું અરિહંતદેવના અભેદ પ્રણિધાનરૂપ દીર્ઘકાલીન સમાધિમાં લીન ન થાઉં ત્યાં સુધી મારું લહીયા તરીકેનું કાર્ય ચાલુ રાખવા ધારુ છું.

આઘાતનો ફટકો લાગ્યા પછીના આ છેલ્લા સાત મહિનામાં મેં બે નૂતન ગ્રંથો ( વિવેચન સ્વરૂપ) લખી લીધા.

(૧) ઉપદેશ રહસ્યના ઉત્તરાર્ધ ઉપરનું વિવેચન અને શૂન્યનો સાક્ષાત્કાર. (૨) પંચવસ્તુક ગ્રંથના સારભૂત પદાર્થોનું વિવેચન : ક્યારે બનીશ હું સાચો રે સંત ?" - હું લખી શક્યો. આ બધો ઉપકાર તે મહાત્માઓનો બની રહે છે. મારા આઘાતોમાં  નિમિત્તરૂપ બનવાનું સૌભાગ્ય પામ્યા. હજી થોડીક અશુભ ચિંતનધારાઓમાં હું અટવાયેલો છું. પણ એક દિવસ મારી ચિંતનધારા એકદમ શુક્લલેશ્યાસ્વરૂપ બનશે ત્યારે હું તેમનો બધાને મારા અસીમ ઉપકારીઓ તરીકે હૃદયથી સ્વીકારીશ.

બે ઉપર્યુક્ત બે વિવેચનોનું લેખન કાર્ય પૂરું થતાં મેં આ ત્રીજું પુસ્તક હાથમાં લીધું.

મારો બાહ્યથી નિવૃત્તિસમય થયો એટલે હવે કદાચ હું 'બાહ્ય'માં ક્યાંય ન હોઉં તો મારા સ્નેહી મિત્રો વગેરે સ્વરૂપ શ્રમણો વગેરે ચારે બાજુ ધાર્મિક શિબિરોનું આયોજન કરીને આ પુસ્તકનો આધાર લઈને તત્ત્વજ્ઞાન ઉપર વાચનાઓ આપે અનેક પુણ્યાત્મા સામે ધર્માભિમુખ રે. એથી વધ સો-બસો વર્ષ સુધી જિનશાસનની અવિચ્છિન્ન પરંપરા ચાલુ રાખવામાં નિમિત્ત બનવાનું તેમને સદગય સાંપડે અને એમના પ્રયત્નોમાં નિમિત્ત બનવાનું મને સૌભાગ્ય સાંપડે.

આથી મારો સંસાર એકદમ અલ્પજીવી બની જાય, મને ભયવિરહની પ્રાપ્તિ થાય ત્યાં સુધી મને જિનશાસનથી વાસિત, ધાર્મિક રીતે કટ્ટર એવા માતાપિતાના સંતાન તરીકે સતત જન્મ મળ્યા કરે એવી મારી ભાવના છે.

મારા માટે આટલી શુભેચ્છા ઘણા બધા આત્માઓ દર્શાવે તે આ કોઈ બહુ મોટી વાત નથી.

ગ્રંથ-લેખનમાં ક્યાંય પણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો તેનું અન્તઃકરણથી મિચ્છા મિ દુક્કડં માંગુ છું.

લિ.

તપોવન [સાબરમતી પાસે]

ગુરુપાદપદ્મરેણું
પં.ચન્દ્રશેખરવિજય

## લેખકના બે બોલ

જૈન તત્ત્વજ્ઞાન સરળભાષામાં કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રગટ થાય છે.

આમાં (૧) આત્મા છે, (૨) તે નિત્ય છે, (૩) કર્મનો કર્તા છે, (૪) કર્મનો ભોક્તા છે, (૫) મોક્ષ છે, (૬) તેનો ઉપાય છે, આ ષટસ્થાનો ઉપર વિસ્તૃત વિવેચન કરવામાં આવ્યું છે. ત્યારબાદ

આત્માનો વિકાસક્રમ, ચૌદ ગુણસ્થાનો, અષ્ટકર્મ, ચૌદ રાજલોક, અઢી દ્વીપ વગેરે ચિત્રપટો આપીને તેના પદાર્થો ઉપર વિવેચન કરવામાં આવ્યું છે.

આ વિવેચનમાં પાયાનું જૈન તત્ત્વજ્ઞાન આવી જાય છે.

ઘણું ભણવા- વાંચવાની પ્રવૃત્તિ નષ્ટપ્રાય: થઈ હોવાથી અને ક્લિષ્ટ ભાષામાં સમજણ ઓછી પડવાથી આ વિવેચન તે બધી વાતને લક્ષમાં રાખીને જ કરવામાં આવ્યું છે. આથી જ સૂક્ષ્મ પદાર્થોને ખૂબ સ્થૂળ રીતે સમજાવવામાં ક્યાંક ભૂલ દેખાવવાનો સંભવ છે, પરંતુ ભૂલ કાઢતાં પહેલાં જડ જીવોને સરળ ભાષામાં સમજાવવાનો ઉદ્દેશ ધ્યાનમાં લેવાની મારી ખાસ ભલામણ છે.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો તેનું અન્તઃકરણથી મિચ્છા મિ દુક્કડં માંગુ છું.

તપોવન [સાબરમતી પાસે]

લિ.

ગુરુપાદપદ્મરેણું

પં. ચન્દ્રશેખરવિજય

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| (૧) | તરણતારણહાર શ્રમણ ભગવાન મહાવીર દેવ | ૧ |
| (૨) | ભગવાન મહાવીરદેવના વચનો વૈજ્ઞાનીક એરણ ઉપર | ૯ |
| (૩) | (૧) આત્મા છે, (૨) તે નિત્ય છે. | ૨૫ |
| | આત્મા નિત્ય છે. | ૩૦ |
| | પૂર્વ જન્મ અને પુનઃર્જન્મ | ૩૦ |
| | સંસ્કારોથી પૂર્વજન્મ સિદ્ધિ | ૩૦ |
| | ના. પ્રથમ જન્મ નથી | ૩૨ |
| | ત્રણ અનાદિ છે. | ૩૩ |
| | આત્મા, દેહથી ભિન્ન છે. | ૩૫ |
| | દેહાધ્યાસ ખૂબ ભયંકર | ૩૫ |
| | ત્રણ ગુંજનો | ૩૬ |
| (૪) | આત્માના બે સ્વરૂપો : જીવ અને શિવ | ૩૮ |
| | આત્મા કર્મનો કર્તા છે. (૪) કર્મનો ભોક્તા છે | ૪૪ |
| | જીવ કર્મનો કર્તા છે. | ૪૪ |
| | ભાગ્ય ફરે, નિયતિ નહિ | ૪૭ |
| | રસબંધ | ૪૯ |
| | સ્પૃષ્ટ વગેરે ચાર બંધ | ૫૦ |
| | ઉપક્રમો | ૫૧ |
| | નિકાચિત કર્મો | ૫૨ |
| | એકના કર્મની બીજા ઉપર અસર | ૫૫ |
| | પ્રદેશ બંધ | ૫૭ |
| | નવકર્મનો ભોક્તા છે - ૫૭ | ૫૭ |
| | કર્મના વિપાકો | ૫૯ |
| | ભમ્યાનું ભાન અને ભમવાનો ભય | ૬૨ |
| | પરલોક દૃષ્ટિ પાપ ધ્રુજારો | ૬૫ |
| | કર્મોના સુખી અને ધર્મી ઉપર હુમલા | ૭૨ |
| | અનુબંધ વિચાર | ૭૩ |

| | | |
|---|---|---|
| | દોષદર્શન : પરગુણદર્શન | ૭૪ |
| | સ્વમહાદોષ : અહંકાર | ૮૦ |
| | છ પદાર્થોની કાતિલ વિરાધના | ૮૨ |
| | અનુબંધ એટલે સંસ્કાર | ૮૨ |
| | ઈશ્વરકર્તૃત્વ વિચાર | ૮૮ |
| | જૈન દર્શનમાં ઈશ્વરનું સ્વરૂપ | ૯૩ |
| (૫) | **(૫) મોક્ષ છે (૬) તેનો ઉપાય છે સર્વવિરતી ધર્મ** | ૧૦૪ |
| | મોક્ષ સુખ કેવું છે ? | ૧૦૪ |
| | સંયોગ વિના અનંત સુખ | ૧૦૫ |
| | સંસાર તો સારો નથી જ | ૧૦૭ |
| | પૂર્વે સહુ મોક્ષની વાતો કરતાં | ૧૧૦ |
| | આપણો મોક્ષ કેમ નથી થયો? | ૧૧૧ |
| | મોક્ષનો ઉપાય છેઃ ચારિત્ર ધર્મ | ૧૧૩ |
| | તું તને જ સંભાળ | ૧૧૪ |
| | તારકોનું પ્રચંડ ચારિત્રબળ | ૧૧૬ |
| | દીવામાં ઘી પૂરોઃ કોર્ડન કરો | ૧૧૭ |
| | બે પ્રકારની દીક્ષા | ૧૧૮ |
| | સૌથી મોટો માનવભવ | ૧૧૮ |
| | ધરતી ઉપરની ૧૧મી અજાયબી | ૧૧૯ |
| | સૂક્ષ્મની તાકાત | ૧૨૦ |
| | મોક્ષના ઉપાયનો પણ ઉપાય છે | ૧૨૬ |
| (૬) | **પહેલું ચિત્રપટ : આત્માનો વિકાસક્રમ** | ૧૩૭ |
| | અવ્યવહારરાશિ : સૂક્ષ્મનિગોદ | ૧૩૮ |
| | સંસાર કદી ખાલી થાય નહિ | ૧૪૧ |
| | કયા પાપના કારણે નિગોદમાં અનંતકાળ | ૧૪૧ |
| | ત્રણ કારણે નિગોદમાંથી બહાર | ૧૪૨ |
| | પાંચ કારણો | ૧૪૨ |
| | ભવ્ય : અભવ્ય : જાતિભવ્ય | ૧૪૩ |
| | સ્વભાવ સામે સવાલ ન થાય | ૧૪૫ |
| | આપણે કોણ ? ભવ્ય, અભવ્ય કે જાતિ ભવ્ય ? | ૧૪૬ |

| | | |
|---|---|---|
| | સાત અભવ્યો | ૧૪૭ |
| | અચરમાવર્ત્તકાળ અને ચરમાવર્ત્તકાળ | ૧૫૧ |
| | સહજમળ : નદીગોળપાષાણન્યાય | ૧૫૩ |
| | દ્વિર્બન્ધક : સકૃદ્બંધક | ૧૫૬ |
| | ચરમાવર્તકાળમાં અપુનર્બંધક | ૧૫૬ |
| | અપુનર્બંધકનાં ત્રણ લક્ષણો | ૧૫૭ |
| | માર્ગાભિમુખ : માર્ગપતિત : માર્ગાનુસારી | ૧૫૮ |
| | અર્ધચરમાવર્તમાં પ્રવેશ : સમ્યગ્દર્શન | ૧૫૯ |
| | દેશવિરતિધર શ્રાવક | ૧૬૦ |
| | ત્રણ વાનરો ઉપર ઘટના | ૧૬૧ |
| (૭) | **બીજો ચિત્રપટ : ચૌદ ગુણસ્થાન** | ૧૬૩ |
| | પહેલું : મિથ્યાત્વ ગુણગાન | ૧૬૪ |
| | બીજું : સાસ્વાદન ગુણસ્થાન | ૧૬૭ |
| | ત્રીજું : મિશ્ર દષ્ટિ ગુણસ્થાન | ૧૬૮ |
| | ચોથું : અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન | ૧૬૯ |
| | પાંચમું : દેશવિરતિ ગુણસ્થાન | ૧૭૨ |
| | છઠ્ઠું : પ્રમત્ત સર્વવિરતિ ગુણસ્થાન | ૧૭૩ |
| | સાતમું : અપ્રમત્ત ગુણસ્થાન | ૧૭૩ |
| | શેષ ગુણસ્થાનો | ૧૭૭ |
| (૮) | **ત્રીજો ચિત્રપટ : અષ્ટકર્મ** | ૧૮૨ |
| | આઠ કર્મો : તેના સ્થાનો | ૧૮૩ |
| | કર્મબંધના વિવિધ હેતુઓ | ૧૮૯ |
| | જિનનામકર્મની વિશિષ્ટતા | ૧૯૨ |
| (૯) | **ચોથો ચિત્રપટ : ચૌદ રાજલોક** | ૧૯૭ |
| | ત્રણેય લોકમાં દેવોનો વાસ | ૨૦૦ |
| | ચૌદ રાજલોકમાં જીવો | ૨૦૧ |
| (૧૦) | **પાંચમો ચિત્રપટ : અઢી દ્વીપ** | ૨૦૨ |
| (૧૧) | **છઠ્ઠો ચિત્રપટ : કાળચક્ર** | ૨૦૬ |
| | અવસર્પિણીકાળના છ આરા | ૨૦૭ |
| | ઉત્સર્પિણીકાળના છ આરા | ૨૦૯ |
| (૧૨) | **સાતમો ચિત્રપટ : ગ્રન્થિભેદની પ્રક્રિયા** | ૨૧૧ |
| | પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ | ૨૧૨ |

**આજે જ જોડાઈ જાઓ... આજે જ બેકારીની ચિંતામાંથી મુક્ત થાઓ**

**લાખો ડિગ્રીધારી બેકારોની સામે જૈન યુવાનોને**

**૧૦૦% નોકરીની ગેરેંટી આપતી**

# આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી
# સંસ્કૃત પાઠશાળા

પ્રેરણાદાતા-પૂ.પાદ પં. પ્રવર શ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સા. તથા પૂ. મહાનંદાશ્રીજી મ.સા.

સૌજન્ય : સ્વ. સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપસી.

સંયોજક : મુનિશ્રી જિતરક્ષિતવિજયજી

## સંસ્કૃત પાઠશાળા(સાબરમતી પાસે)ની આ છે કેટલીક વિશેષતાઓ

- હંમેશ વિદ્વાન ગુરુભગવંતોનો સત્સંગ
- વિદ્વાન પંડિતો અને સાધુભગવંતો દ્વારા પંચપ્રતિક્રમણ, નવસ્મરણ, પ્રકરણ, ભાષ્ય, કર્મગ્રંથ, સંસ્કૃત, પ્રાકૃતબુક, વ્યાકરણ, ન્યાયદર્શન વગેરેનો અભ્યાસ
- માસિક વિશિષ્ટ સ્પર્ધાઓ તથા અભ્યાસ ઉપર આકર્ષક પુરસ્કારો (સ્કોલરશીપ)
- કમ્પ્યૂટર કલાસીસ ● અંગ્રેજી, નામું, વિવિધ સ્પર્ધાઓ, પૂજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે શિખવાડાશે. ● ૭ ક્ષેત્રોની વ્યવસ્થા ● રહેવા-જમવાનું સંપૂર્ણ ફ્રી.
- પાઠશાળાનો શિક્ષક બધા ક્ષેત્રમાં હોશિયાર બનાવીને સંઘનો સારો કાર્યકર બનશે.

**ખૂબ જ મર્યાદિત સંખ્યામાં પ્રવેશ આપવાનો છે.**

**: ફોર્મ મેળવવાનું સ્થળ :**

**તપોવન સંસ્કારપીઠ**
મુ. અમિયાપુર, પો. : સુઘડ,
તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.

**અખિલ ભારતીય સંસ્કૃતિ રક્ષકદળ**
૨૭૭૭, નિશા પોળ, રીલિફ રોડ, અમદાવાદ.
ફોન : ૨૫૩૫૯૦૩૩, ૨૫૩૫૫૮૨૩

**: પાઠશાળાનું સ્થળ :**

**તપોવન સંસ્કારપીઠ**
મુ. અમિયાપુર, પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૭૩, ૨૩૨૭૬૩૪૧ મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## તપોવન સંસ્કારપીઠ

અમીયાપુર, પો. સુઘડ, સાબરમતી પાસે.

**પ્રેરક : પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : સાબરમતી પાસે ૩૬ વીઘા,**

**સ્થાપના ઈ.સ. ૧૯૯૪, જૂન, ધો. બાર. ---**

## સુંદર : સુદૃઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા - ખાસ કરીને તેની નવી પેઢી - ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ધસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **તપોવનનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યંત બેધાઘંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું,

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદૃઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજિયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઈંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કૉમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરવા માટે કોમ્પ્યુટર સેન્ટર ખોલવામાં આવેલ છે.**

## આઈ.એ.એસ. કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઈ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવતઃ આ તાલીમ દિલ્હી વિદ્યાલયમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિ.

**પણ સબૂર :**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઈમારત તદન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં 'માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુઃખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## પર્યુષણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેથી કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩ નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય, કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન. તથા વિનય-વિવેક જોઈને ગામેગામનાં સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી છે કે તપોવનને દર વર્ષે ૧૨ થી ૨૦ લાખ રૂ. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા - વ્યાજમાંથી આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુંય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઈંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડા ફળોને તે જોયા કરશે.

**કોઈ પણ પ્રકારની માહિતી મેળવવાનું સંપર્ક સ્થળ :-**


## તપોવન સંસ્કારપીઠ

**અમીયાપુર, પો. સુઘડ, તા. ચાંદખેડા, જિ. ગાંધીનગર, (ગુજરાત)**

**તપોવન : ફોન : S.T.D. (૦૭૯) ૩૨૭૬૨૭૩, ૩૨૭૬૩૪૧**

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને કરમાઈ જાય તો એ મા-બાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં મા-બાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જ જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય તેમજ શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; **જેથી રાષ્ટ્રરક્ષા,**

**સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે.** એનામાં ધાર્મિકતા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓનાં ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ ૫ થી ૧૨ની શાળા માટે) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવિના ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ મા-બાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ઓછામાં ઓછું ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં આપવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં મા-બાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચયાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

# [૧]
# તરણતારણહાર શ્રમણ ભગવાન મહાવીરદેવ

અનંતો કાળ પસાર થયો. તેમાં આ ભારતભૂમિમાં ૨૪-૨૪ એવા અનંતા તીર્થંકરો થયા. દરેક ઉત્સર્પિણી અને દરેક અવસર્પિણીના કાળમાં અહીં ૨૪-૨૪ તીર્થંકરો થાય. આ અવસર્પિણી કાળ ચાલે છે. તેમાં પરમાત્મા આદિનાથથી શરૂ કરીને પરમાત્મા મહાવીરદેવ સુધીના ૨૪ તીર્થંકરો થયા.

વળી આગામી ઉત્સર્પિણી અવસર્પિણીનો કાળ આવશે એટલે દરેકમાં ૨૪-૨૪ તીર્થંકરો થતા જશે.

આપણા શાસનપતિ, પરમાત્મા મહાવીરદેવ. તેમનું નિર્વાણ થયાને હાલમાં ૨૦૨૪ (વિ.સં. ૨૦૫૪)મું વર્ષ ચાલે છે.

તમામ તીર્થંકર દેવનો તારક આત્મા એક વખત તો આપણા જેવો જ પાકો સંસારી હતો. જે સૂક્ષ્મનિગોદમાં અનંતોકાળ આપણે પસાર કર્યો ત્યાં તેમણે પણ તેટલો કાળ પસાર કર્યો.

હા... ત્યારથી જ તેમની અને આપણી વચ્ચે એ ફરક તો પડેલો જ હતો કે તે આત્મા ભાવિમાં નિશ્ચિતપણે તીર્થંકર ભગવાન થનારો આત્મા હતો. આપણો આત્મા તેવા નિશ્ચયવાળો ન હતો.

આપણે ક્યારેક આધ્યાત્મિક ઊંચાઈઓ હાંસલ કરેલી પરંતુ તો ય આપણો આત્મા એટલે ચકમકતો પણ કાચનો ટુકડો. જ્યારે તેઓ ક્યારેક પાપિષ્ઠ અવસ્થામાં હતા તો ય તેમનો આત્મા મેલો પણ પારસમણિ હતો.

ટૂંકમાં એ વાત કરવી છે કે કયો આત્મા તીર્થંકરપદ પામવાની ભવિતવ્યતા ધરાવે છે, તે પહેલેથી જ નિશ્ચિત હોય છે. એ આત્માની એવી જ નિયતિ. આપણી તેવી નિયતિ નહિ.

અહીં આપણે શાસનપતિ મહાવીરદેવની વાત કરીએ.

ઉપર જણાવ્યા મુજબ તેમનો આત્મા અનંતકાળ સુધી સૂક્ષ્મ એવી નિગોદમાં (અવ્યવહારરાશિમાં) રહ્યો. જ્યારે ત્યાંથી નીકળવા માટેનો તેમનો કાળ પાક્યો, કર્મલઘતા થઈ, ત્યારે તે આત્મા ત્યાંથી બહાર નીકળ્યો.

હવે તે બાદર નિગોદ(એક પ્રકારની વનસ્પતિ)માં અને પછી પૃથ્વી,

પાણી, અગ્નિ, વાયુમાં આવ્યો. પછી કીડી વગેરે ત્રસજીવ બન્યો. પછી પાંચ ઇન્દ્રિયવાળો હાથી, ઘોડો બનીને માણસ બન્યો. દેવ કે નારક પણ થયો. આમ દરેક આત્મા આ ચાર ગતિઓમાં અનંતકાળ સુધી પરિભ્રમણ કરે છે. આ બધો તેનો અંધકાર-સમય કહેવાય છે. જ્યાં કોઈ વિશિષ્ટ ગુણનો પ્રકાશ પ્રગટે નહિ ત્યાં અજ્ઞાનતા, મિથ્યાત્વ, અવિરતિ વગેરેનો ગાઢ અંધકાર જ હોય ને ?

જીવ જ્યારે સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પામે ત્યારે જ પ્રકાશ થયો કહેવાય. ત્યારથી જ તેના ભવોની- મુખ્ય ભવોની- ગણતરી થાય.

પરમાત્મા મહાવીરદેવનો આત્મા 'નયસાર' તરીકેના ગ્રામમુખીના ભવમાં સમ્યગ્દર્શન પામે છે એટલે તે તેમનો પ્રથમ ભવ ગણાય છે. (આ પૂર્વે અનંતા ભવ-મનુષ્ય, દેવ સુધ્ધાનાં, વેષધારી જૈન સાધુના પણ તેણે કરી ચૂક્યા હોય છે.) પ્રથમ ભવથી મોક્ષ પામવા સુધીના બધા મળીને અસંખ્ય ભવો તારકના આત્માએ કર્યા, પરંતુ તેમાં જે મુખ્ય ભવો હતા તે માત્ર ૨૭ હતા. તેમાં ૨૭મો ભવ એટલે તીર્થંકર પરમાત્મા મહાવીરદેવ તરીકેનો અંતિમ ભવ.

'નયસારથી મહાવીર' તરીકેની ભવયાત્રામાં ઘણા બધા ઉત્થાન (Ups) અને પતન (Down) થયાં; ઘણી બધી ગંભીર ભૂલો કરી. તેના કારણે સંસારભ્રમણ ખૂબ થયું. સાતમી નારકે પણ આ જીવને જવું પડયું. ઘોર અહંકાર કરવાના કારણે એક કોટાકોટિ સાગરોપમ ચાલે તેવું નીચગોત્ર કર્મ મરીચિના ભવમાં બાંધ્યું. જેમાં બાકી રહેલા માત્ર ૮૨ દિવસ મહાવીરદેવ તરીકેના અંતિમ ભવની શરૂઆતમાં (ગર્ભકાળમાં દેવાનંદાની કુક્ષિમાં રહીને) નિર્દય કર્મરાજાએ વસુલ કર્યા.

એક વાત દરેક જીવ માટે નક્કી છે કે જો તે એક વાર સમ્યગ્ દર્શનનું ઉત્થાન (Up) પામે પછી ભલે હજારો વાર તેનું પતન (Down) તે તે ભવોમાં થાય પણ તેને છેવટે તો એવો (UP) જ મળવાનો કે તે આત્મા મોક્ષના ઉત્થાન તરફ જ ધસતો રહે. તેને 'ડાઉન' આવે જ નહિ.

પરમાત્માને પણ છેલ્લા ભવોમાં સતત ઉત્થાન ચાલુ રહ્યું. તેમાં છેલ્લેથી ત્રીજા (૨૫માં) ભવમાં તેમના હૈયે વિશ્વમાત્રના સર્વ જીવોને સર્વથા દુઃખમુક્ત, પાપમુક્ત કરી દેવાની જે કરુણા ભાવના ઉત્પન્ન થઈ, પરાકાષ્ઠાએ પહોંચી તે વખતે - તે નંદન રાજકુમારના - ૨૫માં ભવમાં તેમણે નિકાચિત (સર્વથા અતૂટ) એવું તીર્થંકર નામકર્મ બાંધ્યું. આ કર્મ ૨૭માં ભવમાં ૪૨ વર્ષની

ઉંમરે - ૧૨।। વર્ષનો સાધનાકાળ પૂરો થતાં - વૈશાખ સુદ - ૧૦ના દિવસે સાંજે ઉદયમાં આવ્યું. હવે શ્રમણ એવા મહાવીર, ભગવાન મહાવીર બન્યા.

દરેક તીર્થંકર દેવના તારક આત્માઓને છેલ્લેથી ત્રીજા ભવે ઉપર્યુક્ત કરુણાભાવના પરાકાષ્ઠાને પામે છે. વળી તેની સાથે એક કે તેથી વધુ વીસસ્થાનક તપનું આરાધન જોડાય છે.

આ રીતે છેલ્લેથી ત્રીજા ભવે નંદન રાજકુમારના હૈયે 'કરુણા'નો ઓઘ છલકાયો અને તીર્થંકર થવાની દિશામાં તેઓ એકધારી રીતે આગળ વધતા ગયા.

૨૬માં - છેલ્લેથી બીજા ભવમાં તેઓ દશમા દેવલોકે દેવ હતા. (કોઈ શ્રેણિક જેવો આત્મા છેલ્લેથી બીજા ભવે નારકમાં પણ હોઈ શકે ખરો.)

આ ભવમાં તારકોના આત્માઓમાં બે ગુણો વિશેષ નેત્રદીપક બને છે. જો તેઓ દેવલોકે હોય તો ત્યાંના અપાર ભોગસુખમાં તેઓ ઉત્કૃષ્ટ વૈરાગ્યના ધારક હોય છે. જો તેઓ નારકમાં હોય તો ત્યાંનાં કાતિલ દુઃખોમાં એકદમ 'સમાધિ'માં રહે છે.

તે ભવનું આયુષ્ય પૂરું થતાં તે આત્માઓ તીર્થંકર તરીકેના ભવમાં પ્રવેશે છે. પરમાત્મા મહાવીરદેવ ત્રિશલારાણીની કૂખેથી અવતર્યા. સિદ્ધાર્થ એ તેમના પિતાનું નામ હતું. માતાપિતાએ તેમનું વર્ધમાન નામ પાડ્યું. મહાપરાક્રમ જોઈને દેવોએ તેમનું 'મહાવીર' નામ પાડ્યું. માતપિતાના અતિ સ્નેહને કારણે તેમના આઘાતને નિવારવા માટે પ્રભુએ તેમના દેહાન્ત બાદ દીક્ષા લેવાની - ૨૮ વર્ષની વયે - તૈયારી કરી. પરન્તુ મોટા ભાઈ નંદિવર્ધનના અતિ વિલાપ સામે કરુણાર્ત્ત બનેલા પ્રભુ ઝૂકી ગયા. વળી બે વર્ષ સાધુ જેવું જીવન જીવવા સાથે સંસારમાં રહ્યા.

ત્રીસ વર્ષની વયે દીક્ષા લીધી. સાડા બાર વર્ષનો ઘાતી કર્મક્ષયની સાધનાનો કાળ હતો. અતિ ભયાનક ઉપસર્ગો આવ્યા. પ્રસન્નવદને સહન કર્યા.

ગોવાળિયાએ પગનો ચૂલો કરીને શરીરે આગના ભડકા ફેલાવ્યા.

શૂલપાણિએ એક રાત જાલીમ કષ્ટો આપ્યા.

ચંડકૌશિક સાપે તાલપુટ ઝેરની ખૂબ પિચકારીઓ મારી.

ગોશાલકે આગ લગાડી. સંગમે કાળચક્ર છોડ્યું. ધરતીમાં ધરબી નાંખ્યા.

ગોવાળિયાએ કાને ખીલા ઠોક્યા. ખીલા કાઢવાનું સારું કામ થવા વેળાની વેદના સૌથી વધુ ભયાનક અને અત્યન્ત અસહ્ય હતી; તેથી જેણે મોંમાંથી 'ઉફ' પણ કર્યું ન હતું તે પ્રભુથી ભયાનક ચીસ નીકળી ગઈ.

આ બધું અવધિજ્ઞાનથી જાણી ચૂકીને ઇન્દ્રે પહેલેથી જ પરમાત્માની સાથે પોતાને રહેવા દેવાની વિનંતી કરી હતી. પરન્તુ પૂરી મસ્તીથી પ્રભુએ તેમની વિનંતી ઠુકરાવી નાંખી હતી.

સાડા બાર વર્ષનો આ સાધનાકાળ એટલો બધો ભયાનક હતો કે તેવી સાડા બાર સેકંડ પણ ભોગવતાં આપણો જીવ નીકળી જાય.

આ સાધનાકાળ દ્વારા પ્રભુએ જગતને પાંચ 'સંદેશ' આપ્યા છે.

(૧) સંકટોનો સ્વીકાર કરજો, સામનો કદાપિ નહિ; કેમ કે નિયતિના ક્રમબદ્ધ ગણિત પ્રમાણે બધું ચાલે છે. (Everything is in order)

(૨) પ્રતિકૂળતાથી ઉત્થાન થાય; અનુકૂળતાઓમાં પતન થાય.

(૩) ક્રોધની આગ સામે ક્ષમાના પાણીના ફુવારા જ ઉડાવજો.

(૪) સૂક્ષ્મની તાકાત વિના પરકલ્યાણની બાબતમાં કૂદી પડતા નહિ.

(૫) નિષ્ક્રિયતામાં પ્રચંડ શક્તિ છે. એવી શક્તિ સક્રિયતામાં નથી. સાડા બાર વર્ષ સુધી કર્મક્ષયની - ખાસ કરીને મોહનીય કર્મના ક્ષયની-સાધના ચાલી.

વૈ. સુ. ૧૦મે શ્રમણ ભગવાન મહાવીર, તીર્થંકર ભગવાન મહાવીર થયા.

તે દિવસે તેમણે સાતમા અપ્રમત્તગુણસ્થાનેથી છલાંગ મારી : ક્ષપકશ્રેણિ માંડી. મોહનીય કર્મની આત્મામાં પડેલી અનાદિ સત્તાને જડમૂળથી ઉખેડી નાંખવા માટે આ ક્ષપક શ્રેણી (ધ્યાનની વિશિષ્ટ ધારા) અત્યન્ત સફળ હોય છે.

જીવમાં રાગદ્વેષ વગેરે દોષોને પેદા કરવાનું કામ મોહનીય કર્મનું છે. પ્રભુએ એને છેલ્લો ફટકો મારીને અન્તર્મુહૂર્તમાં જ જડમૂળથી ઉખેડી નાંખ્યું.

પ્રભુ વીતરાગ થયા. રાગ અને દ્વેષ રહિત પ્રભુ તરત અન્તર્મુહૂર્તમાં સર્વજ્ઞ સર્વદર્શી થયા.

ના... તે માટે કોઈ ખાસ યત્ન કરવો પડ્યો નહિ. જે વીતરાગ થાય તેને ધર્મમહાસત્તા અવશ્ય સર્વજ્ઞ બનાવે.

વીતરાગ પ્રભુ બારમા ગુણસ્થાને હતા. સર્વજ્ઞ પ્રભુ તેરમા ગુણસ્થાને હતા. હવે સર્વથા રાગ, દ્વેષ અને અજ્ઞાન વિનાના પ્રભુ થયા. આથી જ પ્રભુ સત્યવાદી બન્યા. રાગથી, દ્વેષથી કે અજ્ઞાન (મોહ)થી જીવ જૂઠું બોલે. જેના આ ત્રણેય દોષ જડમૂળથી ઊખડી ગયા તેમને જૂઠું બોલવાનું કોઈ કારણ રહ્યું નહિ.

જે વીતરાગ બને, તે સર્વજ્ઞ બને. જે વીતરાગ અને સર્વજ્ઞ બને તે સત્યવાદી બને, જે વીતરાગ હોય, સર્વજ્ઞ હોય અને સત્યવાદી હોય તે ત્રિલોકગુરુ કહેવાય. તે જ 'ત્રિલોકગુરુ' પદને લાયક ગણાય.

મહાવીરદેવ 'ત્રિલોકગુરુ' બન્યા.

આ તારકો જે કાંઈ સિદ્ધિ પ્રાપ્ત કરે તેમાં તેમની યોગદશા મુખ્ય હોય. ના... પ્રયોગો કરવાથી જે સિદ્ધિઓ પ્રાપ્ત થાય તેની પૂર્ણસત્યતામાં ઘણી શંકાશીલતા રહે.

ભારત-દેશના વિવિધ ક્ષેત્રોના યોગીઓએ યોગદશા સાધીને તે તે ક્ષેત્રની સિદ્ધિઓ મેળવી છે.

હરડે, ભીલામો, બહેડા કે ચિત્રક વગેરે નામની હજારો વનસ્પતિઓના ગુણો અને ધર્મો ચરક, સુશ્રુત વગેરેએ જગતને જણાવ્યા તેમાં તેમણે હરડે વગેરે ખાઈને જાત ઉપર પ્રયોગો નહોતા કર્યા પરન્તુ ધ્યાન(યોગ)માં બેસીને આ જાણકારીઓ તેમણે પ્રાપ્ત કરી હતી. તેઓ આ હરડેને ધ્યાનનો વિષય બનાવતા. અને તેના દ્વારા તેના ગુણધર્મો પકડી લેતા. શિષ્યોને તે વાત કરતા.

ભારતદેશની પ્રજા હમેશાં - મોટા ભાગે - યોગપ્રધાન હતી.

પરમાત્મા મહાવીરદેવે ૧૨।। વર્ષના વનવાસ દરમ્યાન કીડી વગેરેને પકડીને તેને કેટકેટલી ઇન્દ્રિયો છે ? તે કદી જોયું નથી.

પ્રયોગો કરવાની પ્રયોગશાળા તો તેમની સાથે હતી જ નહિ પણ સાધનાના તેર માસ બાદ તો તેમના દેહ ઉપર ચીંદરડું પણ ન હતું. આવા મહાવીરે "કીડીને ત્રણ ઇન્દ્રિય છે, ભમરાને ચાર ઇન્દ્રિય છે, માછલીને પાંચ ઇન્દ્રિય છે." તે બધું જે કાંઈ પોતાના શિષ્યોને જણાવ્યું તેની પૂર્વભૂમિકામાં પ્રયોગ નહિ પરંતુ યોગ હતા.

પ્રભુ યોગી હતા. પ્રયોગવીર ક્યારે ય નહિ.

સંશોધનમાં ભૂલો પડે. યોગમાં ક્યારે ય નહિ; સંશોધનોથી પ્રસિદ્ધિ જરૂર મળે, સિદ્ધિનું નક્કી કહેવાય નહિ. પ્રસિદ્ધિ પતન તરફ પણ દોરવી જાય. સિદ્ધિમાં ઉત્થાન જ હોય.

પરમાત્માની કોઈ પણ વાત 'સંશોધન'નો વિષય બની શકે તેમ નથી; કેમ કે તે દરેક વાતનું અંતિમ સ્વરૂપ યોગ દ્વારા સુનિશ્ચિત થયેલું છે. સિદ્ધ થયેલું છે.

સિદ્ધ બનવારૂપે જેનો અન્ત આવી ગયો છે તે સિદ્ધાન્ત કહેવાય. સિદ્ધાન્ત બનેલા પદાર્થનું સંશોધન ન હોય.

સિદ્ધનું સંશોધન ન હોય.

અસિદ્ધનું સંશોધન હોય.

આપણો આત્મા અસિદ્ધ છે. તે 'સિધ્ધ' થઈ ચૂકેલા પદાર્થો દ્વારા સંશોધન જરૂર થાય. પણ આત્મા દ્વારા સિદ્ધ થઈ ચૂકેલા પદાર્થો(બટાટામાં અનંતા જીવ વગેરે)નું સંશોધન ન થાય. સિદ્ધાન્તરૂપ શાસ્ત્રોનું સંશોધન ન થાય.

## મહાવીર કદી જૂઠું બોલે નહિ

ત્રિલોકગુરુ પરમાત્માએ ભલે સાધનાકાળના ૧૨ાા વર્ષનું મૌન રાખ્યું, એનું કારણ એ જ હતું કે હજી પોતે જગતનું પૂર્ણદર્શન - સર્વજ્ઞ બનીને - જાતે કર્યું નથી. એટલે કાંઈક પણ બોલવામાં ખોટું બોલાઈ જવાની શક્યતા રહે. એવી પ્રરૂપણા કરતાં અનેક આત્માઓ ઉન્માર્ગે જાય. એટલે જેવા તે સર્વજ્ઞ બન્યા કે તરત તેમણે રોજ બે વાર દેશના આપવાનું શરૂ કરી દીધું. ઢગલાબંધ વાતો જગતના જીવોને કરી.

મૌની ભગવાન બોલવા લાગ્યા. જમીન ઉપર નહિ બેઠેલા ભગવાન સમવસરણ આદિમાં બેસવા લાગ્યા.

ઘોર તપસ્યા કરતાં ભગવાન રોજ એક ટંક વાપરવા લાગ્યા.

સારું થયું કે સર્વજ્ઞ થયેલા ભગવંતનાં અઘાતી કર્મોનો ક્ષય ન થયો. આથી જ આ બધો લાભ (દેશનાદાન) આપણને તીર્થંકરનામકર્મ (અઘાતી કર્મ)ના ઉદયને લીધે પ્રાપ્ત થયો.

જેનામાં ન હતા, રાગ-દ્વેષ કે મોહ લગીરે.

જેનામાં ન હતી મમતા, મમત કે મત સ્થાપવાની- ચલાવવાની મનોવૃત્તિ, લગીરે.

જૈન ધર્મના પોતે પ્રકાશક હતા, છતાં પોતાનું આયુષ્ય એક જ ક્ષણ માટે વધારીને ઉદયમાં આવી રહેલા ભસ્મગ્રહની શક્તિને જો ક્ષીણ ન કરે તો એ ભસ્મગ્રહ પ્રથમનાં અઢી હજાર વર્ષ સુધી જૈન ધર્મને ચાલણીની જેમ ચાળી નાંખે; હતપ્રહત કરી નાંખે એવું હતું. આથી જ ઇન્દ્રે ક્ષણનું આયુ વધારવા વિનંતી કરી તો ઘસીને ના પાડી. તે નિયતિ છે. તેને હું પણ મિથ્યા કરી શકું નહિ.

પરમાત્મા આદિનાથે પણ પોતાના તીર્થની પરંપરાને વિચ્છિન્ન કરનારી ભવિષ્યની પેઢીને મૂળમાંથી જ ખતમ કરવા માટે ચક્રવર્તી ભરતે તલવાર ખેંચી નાંખી અને તે વંશવેલો મૂળમાંથી કાપી નાંખવા માટે કમર કસી ત્યારે

પ્રભુએ તેમ કરવા ભરતને વાર્યો. (ઉલટી બાજુમાં કૃષ્ણ હાલમાં જ્યાં છે. ત્યાંથી તેમણે મોટાભાઈ બલરામને કૃષ્ણપૂજા જગતમાં બરોબર થતી રહે તે માટે તેને સખત દબાણ કર્યું હતું. મોટાભાઈ બળદેવે તે વાતનો ભ્રાતૃસ્નેહને લીધે બરોબર અમલ કર્યો હોય તેવું આજે પણ જોવા મળે છે.)

આવા અતિ નિર્મળ પરમાત્મા સત્યવાદી જ હોય. તે કદી જૂઠું બોલે નહિ.

જો કે આ સંસારના સામાન્ય કોટિના સજ્જનો પણ જૂઠું બોલતા નથી. ઘરના બધા માણસોને વારંવાર કહેતા હોય છે કે, "કોઈ જુઠું બોલીને મારી પાસે કામ કઢાવશો નહિ. જેટલા રૂપિયા માંગશો તેટલા રૂપિયા હું આપીશ. પણ તે માટે જૂઠું બોલશો તો મારા જેવો ખરાબ કોઈ નહિ મળે."

સજ્જનો જૂઠું ન બોલે.

સંતો જૂઠું ન બોલે.

અને શું ભગવાન જૂઠું બોલે ?

કદાપિ સંભવિત નથી.

આપણે આ વાત નક્કી કરવા માટે જેટલું મંથન કરવું પડે તે કરવું. જેટલી દૃષ્ટિથી ભગવાન મહાવીરદેવનું જીવન તપાસી શકાય તેટલી દૃષ્ટિથી તપાસવું. તેમનું વીતરાગ તરીકેનું સ્વરૂપ વિચારવું. તેમની મૂર્તિને ધારીને નીરખવી. ક્યાંય રાગ, દ્વેષ કે મોહની બાબત જોવા નથી મળતી ને ? તે ખાસ જોવું. જો તેમનામાં રાગાદિની કોઈ બાબત દેખાય તો તેમની જૂઠું બોલવાની પૂરી શક્યતા ગણાય. પણ જો તે તત્ત્વો ક્યાંય જોવા ન મળે તો નિશ્ચય કરવો કે મહાવીર જૂઠું બોલે જ નહિ.

જો આ રીતે તેમની ઉપર વિશ્વાસ બેસી જાય તો તેમણે કહેલી વાતોને આંખ મીંચીને સ્વીકારી લેવામાં જરા ય મુશ્કેલી ન પડે. જરા ય વાદ-વિવાદ સર્જાય નહિ.

જે ફેમિલી ડૉક્ટર ઉપર પૂર્ણ વિશ્વાસ બેસી જાય છે તે જે કોઈ દવા આપે તેની બાટલી ઉપર 'પોઈઝન' લખ્યું હોય તો ય - આંખ મીંચીને તે દવા મોમાં મૂકી દેવાય છે. મન બોલે છે, "મારા ડૉક્ટર ઉપર મને પૂર્ણ વિશ્વાસ છે. તે મારું અહિત કરે જ નહિ. તેવું કશું મને આવે નહિ."

આવી દૃઢ શ્રદ્ધા પરમાત્મા મહાવીરદેવ ઉપર બેસવી જોઈએ. એ કૃપાલુ દેવે - ધારો કે - સો વાતો કરી છે. દા.ત., બટાટામાં અનંતા જીવ છે. રાત્રિભોજન કરવાથી નરકમાં જવું પડે છે. આત્મા છે. તે નિત્ય છે. દેહથી

ભિન્ન છે. વગેરે... આ તમામે તમામ વાતો ઉપર આપણે આંખ મીંચીને 'Yes' કહેવું જોઈએ. તે વખતે બોલવું જોઈએ કે, ''મારા મહાવીર કદી જૂઠું બોલે નહિ. જો એમણે કહ્યું છે કે, 'બટાટામાં અનંતા જીવ છે' તો તે વાત મને એક હજાર ટકા મંજૂર છે. હું લેબોરેટરીમાં જઈને તે બટાટામાં અનંતા જીવ છે કે નહિ ? તેની તપાસ પણ કરવા જનાર નથી. એમાં ય મારા ભગવાન ઉપરની મારી અશ્રદ્ધા સાબિત થાય.

જો આંખ મીંચીને વિશ્વાસુ ડૉક્ટરની કોઈ પણ દવા મોમાં મૂકી શકાય છે તો આંખ મીંચીને ભગવાન મહાવીરની વાતો મનમાં ઉતારી દેવી જોઈએ.

વારંવાર એ વાત બોલાયા કરે, ''મારા મહાવીર કદી જૂઠું બોલે જ નહિ. એમણે કહેલી વાતોનો મારા જીવનમાં અમલ કરવામાં હું કદાચ ઊણો ઊતરતો હોઈશ પરન્તુ એમણે જે કહ્યું છે તે જ સાચું છે. આટલું તો હું જડબેસલાક માનું છું.''

જેમ આર્યભિષક નામના આયુર્વેદના પ્રમાણભૂત ગણાતા ગ્રન્થમાંની હરડે, આંબળા, લીંબુ વગેરે ૫-૭ ઔષધિઓનો જાત ઉપર પ્રયોગ થાય અને ગ્રન્થમાં જણાવેલી તે અંગેની વાતો બરાબર નીકળે તો તે ગ્રન્થની બાકીની ત્રણ હજાર દવાઓ ઉપર આંખ મીંચીને વિશ્વાસ મૂકી દેવો જોઈએ. દરેકે દરેક દવાનો કાંઈ પ્રયોગ ન કરાય.

ઘરની સ્ત્રી, 'ભાત બરોબર ચડ્યા છે કે નહિ ?' તેનો નિર્ણય કરવા માટે ઓરવા મૂકેલા ભાતના ચાર-છ દાણા જ દબાવીને જોઈ લે છે કે તે કેવા સીઝ્યા છે ? આ ઉપરથી તમામ દાણા સીઝી ગયાનો નિર્ણય થઈ જાય છે. દરેક દાણો દબાવીને જોવાતો નથી.

■ ■ ■

## [૨]
## ભગવાન મહાવીરદેવના વચનો વૈજ્ઞાનિક એરણ ઉપર

જો કે સોનું એ સોનું છે. એ ઘણું કીમતી છે; મહાન છે. પણ દુનિયાની એ કમનસીબી છે કે તે ચણોઠી જેવી તુચ્છ ચીજથી મુલવાય છે.

ભગવાન મહાવીરદેવના સોના જેવા સિદ્ધાંતોને વિજ્ઞાનની ચણોઠીથી મૂલવવા પડશે એનું મને દુઃખ છે પરંતુ તે વિના છૂટકો જણાતો નથી. કેમ કે દુનિયા વિજ્ઞાનની પાછળ ગાંડી બની છે. એટલે એની રીતે જ મારે વાત કરવી પડશે.

બ્રાહ્મણને પણ મુસ્લિમ સાથે એની હિન્દી કે ઉર્દૂ ભાષામાં જ બોલવું પડે. એ વખતે સંસ્કૃત ભાષા ન ચાલે. હાય ! ફૂટપટ્ટીથી સાગરની ઊંડાઈ માપવી પડશે !

હાય ! થર્મોમીટરથી સૂર્યની ગરમી આંકવી પડશે !

આ વાતનો આરંભ કરતા પૂર્વે એ વાત જણાવી દઉં કે પ્રભુ વીરે જગતની સર્વ પ્રજાઓને ચાર અમૂલ્ય વસ્તુઓની ભેટ ધરી છે.

(૧) આચારમાં અનુબંધ અહિંસાનું પાલન, (૨) વિચારમાં સ્યાદ્વાદ શૈલીનો સ્વીકાર, (૩) ચિંતનમાં કર્મવાદ, (૪) આદર્શમાં અપરિગ્રહનો આદર્શ.

આ વાતનો વિસ્તાર અહીં અપ્રસ્તુત હોવાથી આટલો નિર્દેશ કરીને છોડી દઉં છું. હવે જે વાતો પરમાત્માએ - અને તેમની પૂર્વે થયેલા અનંત પરમાત્માઓએ - એકમતે કરી જેમાં વિજ્ઞાનને પણ હવે સૂર પુરાવવો પડ્યો. પોતાનાં સંશોધનોને રદ કરવા પડ્યા અને મહાવીરદેવની વાતને જ સ્વીકારવી પડી તે કેટલીક વાતો અહીં રજૂ કરુ છું. આ વાતો એટલે ભાતના ચાર દાણા. એ જો સીઝેલા નક્કી થાય તો ઘરની સ્ત્રીની જેમ બાકીના તમામ દાણા માટે (તત્ત્વજ્ઞાન) આંખ મીંચીને બોલી દેવું કે તે બધું એકદમ બરોબર છે. તેમાં મને ક્યાંય કાચું કપાયાની કે અસત્યતાની લગીરે શંકા નથી.

આધ્યાત્મિક જગતમાં से एवं भंते - આપ જે કહો છો તે મને બિલકુલ માન્ય છે - એવી શ્રદ્ધા જ તારણહાર છે. અહીં વાતે વાતે How ? Why ? ન ચાલે. એવું માનસ ધરાવતા માણસે વિજ્ઞાનની પ્રયોગશાળાએ જવું. ત્યાં તેને જબરી સફળતા મળે. ચાલો ત્યારે, હવે કેટલાક વિજ્ઞાનનાં અન્વેષણો જણાવું કે જેના દ્વારા પરમાત્મા મહાવીરદેવ સો ટકાના સાચા 'સર્વજ્ઞ' સાબિત

થયા છે . જે સર્વજ્ઞ સાબિત થાય તે વીતરાગ તો હોય જ; કેમ કે વીતરાગ બન્યા વિના સર્વજ્ઞ બની શકાતું નથી.

જે વીતરાગ + સર્વજ્ઞ તે સત્યવાદી.

જે સત્યવાદી તે ત્રિલોકગુરુ ભગવાન.

(૧) જે વખતે તમામ દાર્શનિકોએ એક અવાજે કહ્યું હતું કે પાણી, પાણીના મૂળભૂત પરમાણુઓમાંથી બને છે... જે પીવાના, કપડા ધોવાના વગેરે... કામોમાં આવે છે.

એ જ વખતે પ્રભુ મહાવીરે કહ્યું કે, "પાણી એ વાયુમાંથી બને છે."

વિજ્ઞાને પણ આ જ વાત $H_2O$ સમીકરણમાં કરી છે કે બે ભાગ હાઇડ્રોજન વાયુ અને એક ભાગ ઑક્સિજન વાયુમાંથી પાણી બને છે.

(૨) પરમાત્માએ કહ્યું કે, 'પૃથ્વી, જળ, અગ્નિ, વાયુમાં પણ જીવ છે. કીડી વગેરેમાં જીવ માનનારા ધર્મો છે. પૃથ્વી આદિ ચારમાં જીવતત્ત્વ હોવાની વાત માત્ર પરમાત્માએ કરી છે.

સાબરકાંઠામાં એક ગામ છે, જેનાં ઘર-ઘરની પૃથ્વીમાંથી પથ્થર ઊગીને બહાર આવ્યા કરે છે. તે લોકોને વારંવાર તે પથ્થરો કાપવા પડે છે.

અમેરિકન 'ટાઇમ' મેગેઝિનમાં the earth that grows નામનો લેખ આવેલ, જેમાં ડુંગરના અંદરના ભાગમાંથી બહાર કાઢેલાં ઢેફાને વારંવાર પાણી પીવડાવતાં તે દૈનંદિન મોટુ થતું હતું.

(૩) પરમાત્માએ વનસ્પતિના વિવિધ દસ ભાગોમાં - દરેકમાં - સ્વતંત્ર જીવ હોવાની વાત કરી છે. મૂળ બીજમાં જે જીવ છે તે વૃક્ષ બનતા તેના દરેક ભાગમાં વ્યાપતો જાય છે પણ તેની સાથે તે દરેક થડ, ડાળી, પાંદડા, પુષ્પ, ફુલ, ફળ વગેરેમાં પોતપોતાનો સ્વતન્ત્ર જીવ હોય છે. દા.ત., પાંદડુ તોડાય ત્યારે મૂળ જીવ પાંદડામાંથી હટી જઈને ડાળીમાં ખેંચાઈ જાય અને તોડેલા પાંદડામાં તેનો સમગ્ર જીવ અકબંધ રહે. પછી સમય જતાં એ જીવને પોષણ ન મળે એટલે પાંદડું પીળું બની જાય; નિર્જીવ થઈ જાય.

'વનસ્પતિમાં જીવ છે.' એ વાત કાંઈ જગદીશચંદ્ર બોઝની શોધ નથી. આ વાત તો જૈન ધર્મનું જબરદસ્ત ગૌરવ છે. 'હા. વીરે કહ્યું તેથી મજા ન આવી પણ બોઝે કહ્યું એટલે સૌનાં મોં મલકાઈ ગયાં ! ખેર...

'વનસ્પતિમાં જીવ છે ! એ સત્યની અસર પ્રભુ વીરના સમકાલીન ગણિતશાસ્ત્રી પાયથાગોરસ ઉપર ખૂબ થઈ હતી. એક વાર તે પોતાના વતનમાં

એથેન્સ(ગ્રીસ દેશ)માં ફરતો હતો ત્યારે કલિંગરની લારી પાસે આવ્યો. સહુની જેમ તેણે એક કલિંગર હાથમાં લીધું. લારીના માલિકે તે કાપીને જોવા માટે છરી આપી. જેવો છરીનો ઘા મારવા ગયો તેવો જ ધ્રૂજી ગયો. છરી પડી ગઈ. નિકટના લોકોને તેણે કહ્યું કે, "આ કલિંગરમાં જીવ છે તે મરી જાત. જો તે જ આપણા ગ્રીસ દેશનો રાજા બનત તો રાજાનું ખૂન કર્યાનું પાપ મને લાગત."

જગદીશચન્દ્રે બકરાં, ઘેટાં, ગાય વગેરેમાં જીવતત્ત્વ કહેતાં બર્નાડ શોએ માંસાહાર છોડી દીધો હતો. પણ જ્યારે બોઝે વનસ્પતિમાં ય જીવ હોવાની વાત કરી ત્યારે તેમને બહુ મૂંઝવણ થઈ. બોઝ પાસે જઈને તેણે કહ્યું, "મારા માટે કશુંક તો ખાવાનું બાકી રાખો. મારે હવે ખાવું શું ?"

બોઝે જીવોના સારા-નરસા તરંગોને પકડતું યન્ત્ર બનાવ્યું હતું. તેણે એક ખંડમાં વનસ્પતિવાળા છ કુંડા મૂક્યા, છ માણસોને વારાફરતી - એક - એકને પ્રવેશ કરાવ્યો. તેમાંના ચોથા નંબરના માણસ દ્વારા તેમણે ચોથા નંબરના કૂંડાના છોડને હાથેથી મસળાવી નાંખ્યો.

ફરીથી તે છ માણસોને મોકલ્યા. જ્યારે ચોથા નંબરનો માણસ પસાર થયો ત્યારે તમામ કૂંડાઓની વનસ્પતિના છોડમાંથી ભયની ધ્રુજારીઓ છૂટવા લાગી, જે પેલા યન્ત્રે પકડી લીધી.

આ ઉપરથી બોઝે સાબિત કર્યું કે જેનામાં ભયસંજ્ઞા છે તેનામાં જીવ તત્ત્વ છે.

પોટેશ્યમ સાઈનાઇડ નામના કાતિલ ઝેરનું દ્રાવણ જે છોડ ઉપર નંખાય તે તરત કાળો મેંશ પડી જાય. આ દ્વારા બોઝે વનસ્પતિમાં 'મૃત્યુ'ની સાબિતી કરી. જ્યાં મોત છે ત્યાં જીવ છે એ વાત નક્કી થઈ.

આચારાંગસૂત્રમાં જૈન સાધુને અકુતોભય કહ્યા છે. જેનાથી કોઈને ભય નહિ તે જૈન સાધુ અકુતોભય કહેવાય.

લીલાછમ મેદાનની વચ્ચોવચ્ચ અવરજવર દ્વારા રાહદારી લોકોએ કોરી-કટ કેડી પાડી દીધી હોય તેની ઉપરથી જૈન સાધુઓ પસાર થાય ત્યારે બે ય બાજુના ઘાસમાં જે તરંગો ઊછળે તે હર્ષના હોય. જ્યારે ખાટકી પસાર થાય ત્યારે તેના દેહની ક્રૂર ઊર્જાના સ્પર્શથી ભયના તરંગો ધડાધડ ઉછળવા લાગી જાય.

મનુષ્યમાં ય આવું બને છે. જ્યાં જીવ હોય ત્યાં સર્વત્ર આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ(મૂર્છા)ની સંજ્ઞા હોય જ.

એક બાઈને જેલની સાત દિવસની સજા થઈ હતી. ચાર દિવસ બાદ તેને જેલના વડાએ કહ્યું કે, 'તેની સજા ફાંસીમાં ફેરવવામાં આવી છે.'' આ બાઈ એટલી બધી ગભરાઈ ગઈ કે ન પૂછો વાત. એવી જ હાલતમાં તેની પાસે પાંચ કેદીઓને જમાડવા માટેની રસોઈ તૈયાર કરાવાઈ. જે કેદીઓએ તે રસોઈ ખાધી તે બધાને પુષ્કળ ઝાડા-ઊલટી થયા. અહીં સ્પષ્ટ દેખાય છે કે જ્યાં જીવ છે ત્યાં સંજ્ઞા છે. જ્યાં સંજ્ઞા છે ત્યાં ઊર્જા છે. ઊર્જા પ્રમાણે કંપનના તરંગો શરીરમાં ઊઠતા રહે છે.

(૪) જીવમાત્રમાં આહાર, ભય, મૈથુન અને પરિગ્રહની સંજ્ઞા પ્રભુએ જણાવી છે. જૈન શાસ્ત્રોમાં કાચા પારાના કૂવાની વાત આવે છે. જો સોળ શણગાર સજેલી જુવાન, સોહામણી કન્યા મોંમાં પાન ચાવીને તેની પીચકારી તે કાચા પારા ઉપર ફેંકે તો તે પારો તેની મૈથુનસંજ્ઞા ઉત્તેજિત થતાં તે છોકરીને ભેટવા માટે ઉછળે.

પપૈયામાં પણ મૈથુનસંજ્ઞા છે. માદા પપૈયાના સંયોગ વિના નર પપૈયાના ઝાડ ઉપર ફળ આવતું હોતું નથી.

માંસાહારી વનસ્પતિઓ પણ કર્ટીસ, કાનબીય, હુકર, ડાર્વિન વગેરેએ શોધી કાઢી છે જેમનાં માત્ર નામો અહીં જણાવું છું ડ્રસેરા. સૂર્યશિશિર, ડાઈવાનિયા, પીંગીફુલા, ભેરી, માલકાઝાઝી વગેરે...(આ અંગેનું વિશેષ જાણકારી માટેનું મારું પુસ્તક 'વિજ્ઞાન અને ધર્મ'- ૧૪મું' પ્રકરણ જોવું.)

જે જીવ પૂર્વભવે મનુષ્ય હતો. ધનવાન હતો. તેણે ધરતીમાં ધન દાટ્યું હતું. મરીને વનસ્પતિની વેલ બનીને તે ત્યાં જ છવાય અને ધનની મૂર્ચ્છા પોષે.

સૂક્ષ્મનિગોદથી માંડીને મનુષ્ય, દેવ, નારકાદિ ગતિના જીવોનું વર્ણન કરીને - તેમના કુલ ૫૬૩ ભેદો જણાવીને પ્રભુએ કમાલ કરી છે. તેમણે જે રીતે જે જીવમાં જેટલી ઇન્દ્રિયો કહી તે જ પ્રમાણે આજે જોવા મળે છે. આમાં ક્યાંય કશો ફરક મળતો નથી. કેવી અકાટ્ય સત્યવાદિતા.

આથી જ સિદ્ધસેન દિવાકરસૂરિજીએ એક શ્લોકમાં કહ્યું છે કે, ''હે પ્રભો ! તમે જીવોના પ્રકાર કહ્યા, તેના વિભાગો પાડ્યા એ કોઈ કરી શક્યું નથી. આ માર્ગ આપે જ ખેડ્યો છે. આ વિભાગીકરણ જ સાબિત કરી આપે છે કે આપ નિશ્ચિતપણે સર્વજ્ઞ હતા. તે સિવાય આટલી સૂક્ષ્મ વાત આપ કરી શકો નહિ. આપની સર્વજ્ઞતાની પરીક્ષા અમે આ એકમાત્ર વસ્તુથી કરી છે. આપના જેવા ભગવંત અમને મળ્યા તે બદલ અમે 'ઉત્સવ' જેવી સ્થિતિનો

અનુભવ કરીએ છીએ.

य एव षड्जीवनिकायविस्तरः ।
परैरनालीढपथस्त्वदीयः ।
अनेन सर्वज्ञपरीक्षणक्षमाः
त्वयि प्रसादोदयसोत्सवाः स्थिताः ॥

(૫) પ્રાણીઓ અને વનસ્પતિઓમાં જીવ છે એમ કહીને કરુણાના સાગર પ્રભુએ સર્વ જીવોને 'અભય' આપવાનો ઉપદેશ આપ્યો છે. આ રીતે પર્યાવરણની (કુદરતની) સર્વ રીતે રક્ષા કરવાનું જણાવ્યું છે.

હા, પ્રાણીઓ અને વનસ્પતિની રક્ષા ન કરાય અને તેનું મોત નીપજાવાય તો માત્ર તે જ બધા મરવાના નથી; પણ તેની ઉપર જ જેમનું જીવન અવલંબે છે તે આખી માનવજાતનું મોત થવાનું છે.

પશુઓ પોતાના છાણ-મૂત્ર દ્વારા ચિક્કાર ઊર્જા પેદા કરીને માનવજાતને જીવતી રાખે છે. ધરતીમાં નિતનવો કસ ઉત્પન્ન કરે છે. તેના દૂધની વાત તો દૂર રહી પરંતુ તેના છાણ-મૂત્ર પણ અતીવ ઉપયોગી છે. તેમાં ય ફર્ટિલાઇઝર, જંતુનાશક દવાઓ વગેરે દ્વારા જ્યારે લાખો હેક્ટર જમીનના કસનો ખાત્મો બોલાવી દીધો છે ત્યારે તો આ છાણ-મૂત્ર તો કાચું સોનું છે; તેથી ય વિશેષ છે.

હવે વનસ્પતિની વાત કરું. પ્રાણીમાત્રના શ્વાસમાંથી નીકળતા ઝેરસ્વરૂપ કાર્બન ડાયોક્સાઇડને તે ખાઈ જાય છે. તેને ઓક્સિજનરૂપ અમૃતમાં ટ્રાન્સફર કરીને સર્વત્ર આકાશમાં ફેંકે છે. જેનાથી જીવમાત્ર જીવી શકે છે.

વનસ્પતિનાં જંગલો વરસાદને ખેંચી લાવે છે. ધરતીમાં ચારે બાજુ પ્રસરેલા વૃક્ષોના અડાબીડ મૂળિયાઓ ધરતીમાં ઊતરેલા વરસાદી પાણીને સમુદ્ર તરફ જતું રોકી રાખીને જબરદસ્ત જળ ભંડાર તૈયાર કરે છે. જેનાથી કૂવા, તળાવ, વાવ વગેરેના પાણીના તળ ઊંચાં ને ઊંચાં રાખીને માનવજાતને ખૂબ રાહતરૂપ બને છે.

જો પશુરક્ષા, વનરક્ષા, જલરક્ષા અને ભૂરક્ષા કરવાની પરમાત્માની વાતને બરોબર સ્વીકારાય તો માનવજાતને જે દુઃખો જોવાનો વારો આવ્યો છે તે ન આવે. આ ચારની સાઇકલ પૂર્વે સતત ચાલતી રહેતી. આથી માનવજાત સ્વાવલંબી બની રહેતી.

પરાવલંબન એ મોટામાં મોટું દુઃખ છે. આજે ભારતીય પ્રજાને સંપૂર્ણપણે પરાવલંબી બનાવાઈ છે.

યન્ત્રવાદ, શિક્ષણવાદ, લોકશાહી, બિનસાંપ્રદાયિકતા, એકતા, સમાનતા વગેરે તત્ત્વો ભારતીય પ્રજાના ગળે ફાંસલારૂપ પુરવાર થયાં છે. આમાંથી ઊગરવું હોય તો આ બધું છોડીને પ્રજાને સ્વાવલંબી બનાવતા પર્યાવરણની સંપૂર્ણપણે રક્ષા કરવી જોઈએ. બકરીનો કાન પણ કોઈ ન આંબળો, વૃક્ષનું પાંદડું પણ કોઈ ન તોડો; નદીના નીરને દુષિત ન કરો. વાયુને પ્રદુષિત ન કરો. આ બધી વાત જો સ્વીકારાશે તો ભારતીય પ્રજા પૂર્વવત્ આબાદ બનશે. તેનામાં ગુણોનું આધાન થશે, દોષોનો નિકાલ થશે.

પરમાત્મા મહાવીરદેવ પર્યાવરણવિચારના પરમ પિતા હતા. ઉદ્ગાતા હતા. આજે પણ તેમના શ્રમણો પર્યાવરણમય જીવન જીવે છે. પર્યાવરણને દુષિત કરીને કોઈ પણ વસ્તુનો ઉપભોગ તેઓ કટ્ટરપણે કરતા નથી.

વહી જતા નદીના નીરમાં કાચલી નાંખીને પાણી ઉઠાવતા નથી.

ગમે તેટલી ભૂખ લાગે તો ય જાંબુ કે બોરનાં ફળ તોડીને તેઓ ખાતા નથી. પંખાની પાંખો ફેરવીને તેઓ કૃત્રિમ પવન ઉત્પન્ન કરતા નથી. પૂંઠાથી પણ વીઝણો કરતા નથી. અગ્નિ પેટાવતા નથી. હળ ફેરવતા નથી. વનસ્પતિને વાવતા નથી, તોડતા પણ નથી.

જૈન શ્રમણનું બીજું નામ પર્યાવરણ (કુદરત) છે. જે અઢાર વરણ (મોચી, દરજી વગેરે) વિના ગૃહસ્થને એક દિ' ન ચાલે તે 'અઢારે ય વિના આ શ્રમણ આખું જીવન પસાર કરે.

પર્યાવરણના પરમ પિતા મહાવીરદેવ છે.

વિજ્ઞાનની દુનિયાને હવે આ વાત બરોબર સમજાઈ છે. પણ તેઓ મોડા પડ્યા છે. વાત વણસી ગઈ છે. હવે તો કુદરતના જુદા જુદા ઘટકો- ધરતી, જંગલ, નદી - વગેરે ઉપરનો જુલ્મી અત્યાચાર માનવજાતને કડકમાં કડક સજા કરીને જ જંપશે.

નદીઓ કેટલી બધી પ્રદૂષિત થઈ ચૂકી છે ? પ્રદૂષણો કેટલા બધા પ્રકારના નવા જીવજંતુઓ પેદા કરી રહ્યા છે ? અરે, ઓઝોનમાં ગાબડું પડ્યું છે અને હિમાલય ઓગળવા લાગ્યો છે ! એઈડ્સ ઝપાટાબંધ ફેલાઈ ગયો છે, 'જેમાં કરોડો લોકો મોતના ખપ્પરમાં હોમાવા લાગ્યા છે.

હવે એક વાર તો બધું સાફ થઈને જ રહેશે. હા, એ પછી પુનઃ સૂર્યોદય થાય ખરો. રાખમાંથી પુનઃ ફીનીક્સ પંખી ઊડવા લાગે ખરું. કશું અશક્ય તો નથી જ, પરંતુ આ બધું 'માણસ' નહિ કરે. માનવજાતનું જે

કર્મ હશે તે કરશે.

(૬) પરમાત્માએ કહ્યું છે કે, "પાંચમાં આરા પછી છઠ્ઠો આરો આવશે. આ સમયમાં ધર્મમાત્ર નામશેષ થશે. પ્રજા માંસાહારી બનશે. આકાશમાંથી આગ ઝરવા લાગશે. (ઓઝોનનું પડ તૂટશે માટે જ ને ?) એ આગથી પ્રજા ત્રાહિમામ્ પોકારી જશે. ગંગા, સિન્ધુ વગેરે મહાકાય નદીઓની નીચે કોતરો બનાવીને લોકો ઠંડક પામવા માટે તેમાં રહેવા લાગશે. સૃષ્ટિ ઉપર ઘાસનું એકાદ પણ લીલું તણખલું શોધ્યું નહિ જડે."

અત્યારે પાંચમો આરો ચાલે છે. તેનાં કુલ ૨૧ હજાર વર્ષ છે. તેમાંથી ૨૫૨૪ વર્ષ પૂરાં થયાં. ૧૮ાા હજાર વર્ષ બાદ ૨૧ હજાર વર્ષનો છઠ્ઠો આરો શરૂ થશે.

એનું જે વર્ણન પરમાત્માએ કર્યું છે તે જ હૂબહૂ વર્ણન હેઝન નામના વૈજ્ઞાનિકે કર્યું છે. તેનો તે અંગેનો લેખ 'ટાઈમ' મૅગેઝિનમાં આવ્યો હતો. લેખનું સમાપન કરતાં હેઝને કહ્યું છે કે, "જો કે હું પુનર્જન્મમાં માનતો નથી. પણ જો તે હોય તો મારી ઈશ્વરને પ્રાર્થના છે કે તે સમયમાં મને આ ધરતી ઉપર જન્મ ન આપે."

હેઝને પૃથ્વીમાં રહેલા મેગ્નેટિક ફોર્સને નજરમાં રાખીને આ વાત કરી છે. તે કહે છે કે આ ફોર્સ સૂર્યની ગરમીને વધુ પડતી વહેતી અટકાવી રાખે છે, પણ જ્યારે તે નબળો પડે છે ત્યારે સૂર્યમાંથી લાવારસની જેમ આગ ફેંકાવા લાગે છે. પૂર્વે લાખો વર્ષ પૂર્વે આમ બન્યું હતું. હવે કેટલાક હજારો વર્ષ બાદ આવી ઘટના ફરી બનશે."

પરમાત્મા મહાવીરદેવ 'સર્વજ્ઞ' હતા એ વાત આ નિરૂપણ દ્વારા કેટલી સચોટ રીતે સાબિત થઈ જાય છે ? અબજો રૂપિયાનાં સાધનો વસાવીને ૫-૧૫ પેઢીઓની પ્રજાને સંશોધનમાં ડુબાડી દઈને જે સિદ્ધિ (તે ય શંકિત) વૈજ્ઞાનિકો મેળવે તે વાત પરમાત્મા પોતાના ગૌતમ વગેરે શિષ્યોને વાતો કરતાં કરતાં કહી દે તો તેમાં તેમની સર્વજ્ઞતા વિના બીજું કોણ કારણ હોઈ શકે ?

(૭) પ્રભુએ રાત્રિભોજનનો અને કંદમૂળનો ત્યાગ કરવાની જે વાત કરી છે તેમાં મુખ્ય કારણ અતિ વધુ જીવહિંસા છે. પ્રભુ સર્વ જીવોને અભયદાન કરવાના પ્રરૂપક હતાં. સૂર્ય આથમ્યા પછી તરત - જે જીવસૃષ્ટિ સૂર્યના તાપને સહન નહિ થતાં - ખૂણેખાંચરે પડી રહેતી તે તમામ ઊડવા લાગે. જે માણસ રાતે જમવા બેસે તેના ભાણામાં અસંખ્ય જીવો પડે. તે બધાને તે માણસ જીવતા જ ખાઈ જાય.

પ્રભુ કહે છે, "ભલા ! દિવસમાં-સૂર્ય તાપમાં જમી લેવામાં તને શું વાંધો છે ? શા માટે તું રાતે જમીને આવી ઘોર હિંસા-નિર્દોષ જીવોની - કરે છે ? શું કરવા તારા પેટને તેમનું કબ્રસ્તાન બનાવે છે ? આવાં ક્રૂર પરિણામોને લીધે તારે નારકમાં જવું પડશે."

રાત્રિભોજનમાં જેમ ઘોર હિંસા છે તેમ તેમાં કામવાસનાની તીવ્ર ઉત્તેજના પણ રહેલી છે. સામાન્યતઃ એવો વૈદ્યકીય નિયમ છે કે પેટ ભરીને ખાધા પછી ઓછામાં ઓછા ચાર કલાક ઊંઘવું ન જોઈએ. ચાર કલાકમાં મહદ અંશે ખોરાકનું પાચન થઈ જાય એટલે ખાલી પેટે સુવાય. ભરેલા પેટે સુવાથી કામવાસના એકદમ ઉત્તેજિત થાય.

રાતે ૯-૧૦ વાગે જેઓ જમે તે ૧૧ વાગે સૂએ તો તેમના દ્વારા પુષ્કળ કામસેવનની અને પુષ્કળ વીર્યનાશની ઘટના બનતી રહે. આમાં તેઓ પુષ્કળ શક્તિ ગુમાવીને અકાળે ઘરડા બની જાય. માનવજીવન આ રીતે બરબાદ કરવા માટે મેળવાયું નથી.

અંધકારને કારણે જીવસૃષ્ટિની વૃદ્ધિ થવાનો નિયમ જેમ રાત્રિભોજનનો નિષેધ કરે છે. તેમ કંદમૂળ-સેવનનો પણ નિષેધ કરે છે. કંદમૂળ ગણાતા બટાટા વગેરે જમીનમાં થાય છે. ત્યાં સૂર્યપ્રકાશ કદી પહોંચતો નથી. આથી પુષ્કળ અંધકારની સ્થિતિમાં તે બટાટા વગેરેમાં અનંતા જીવોની ઉત્પત્તિ થઈ જાય છે. આટલી મોટી હિંસા કરીને પેટ ભરવાની વાતમાં પ્રભુની સંમતિ નથી. તે કહે છે કે જે કરવું જ પડે તે શી રીતે ઓછામાં ઓછી હિંસાથી કે સાવ અહિંસાથી (સાધુ થઈને) ચલાવી શકે (જયણા) તેનો વિચાર કરો.

જો ધરતી ઉપર પાકીને પડી ગયેલાં બોર ખાવાથી જ ભૂખ મટાડી શકાતી હોય તો શા માંટે ઝાડ ઉપર રહેલાં બોર તોડવાં ? બોરવાળી ડાળી કે થડ કાપવા ?

પરમાત્માની આ વાતને વૈજ્ઞાનિકોએ આ રીતે કહી છે કે, 'જ્યાં સૂર્યપ્રકાશ નથી ત્યાં પુષ્કળ જંતુ હોય છે. Where there is darkness, there are germs. યાદ રાખો કે ફ્લડ લાઈટને પણ સૂક્ષ્મ જંતુઓ ગણકારતા નથી. લાઈટના પ્રકાશમાં રાત્રિભોજન કરવામાં હિંસા નથી એવું કદી માનવું નહિ. હીરાના પાણીનું માપ સૂર્યપ્રકાશમાં જ કરાય છે, ફ્લડ લાઈટમાં નહિ.

(૮) પ્રભુએ કહ્યું કે આપણો જે જંબુદ્વીપ છે તેના આકાશમાં બે સૂર્ય ફરે છે અને બે ચન્દ્ર ફરે છે. તેઓ વારાફરતી - એકાંતર દિવસે, રાતે -

આકાશમાં ગતિ કરે છે. આજના દેખાએલા સૂર્ય કે ચન્દ્ર પરમ દિવસે દેખાય છે."

ક્ષેત્ર સમાસ ભણેલી નાનકડી બેબલી પણ આ વાત ધડાધડ બોલી દે છે.

વૈજ્ઞાનિકો આ વાતમાં સંમત ન હતા. તેમણે આકાશમાં એક જ સૂર્ય, એક જ ચન્દ્રની વાત સેંકડો વર્ષોથી કહ્યે રાખી છે.

આ વાતની સામે મહાસંયમી, અતિશય વિદ્વાન, અસાધારણ પ્રતિભાસંપન્ન એવા સ્વર્ગસ્થ પૂજ્યપાદ પંન્યાસજી અભયસાગરજી મ. સાહેબે વિજ્ઞાનના વિષયમાં ઠોસ અભ્યાસ કરીને અમેરિકાની 'નાસા' નામની વૈજ્ઞાનિક સંસ્થાને જણાવ્યું હતું કે, "તમે તપાસ કરો. આકાશમાં નિશ્ચિતપણે બે સૂર્ય અને બે ચન્દ્ર છે. તમે તમારાં વિરાટ દૂરબીનો દ્વારા આજના અને કાલના સૂર્ય વગેરેના ફોટા લો. તે બે સૂર્યો જુદા હોવાનાં નિશાનો તમને નક્કી મળી આવશે."

નાસાએ આ દિશામાં ડગ માંડ્યાં. સંશોધનના અન્તે ખબર પડી છે કે "સાચે જ સૂર્ય અને ચન્દ્ર બે બે છે." આ સંસ્થાઓએ તે જૈન સાધુને પોતાની પુષ્કળ ડિગ્રીઓ આપી હતી ! નિઃસ્પૃહી મહાત્માને ડિગ્રીનો લેપ થોડો થાય !

(૯) "પૃથ્વી સ્થિર છે અને તે ગોળ તો છે જ પરંતુ દડા જેવી ગોળ નથી, થાળી જેવી ગોળ છે." આ વાત પરમાત્મા મહાવીરદેવે કરી છે.

વૈજ્ઞાનિકોની માન્યતા જુદી છે. આ અંગે વિસ્તારથી મેં 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તકમાં જણાવ્યું છે. અહીં એટલું જ કહીશ કે હવે યુરોપના દેશોમાં પણ પ્રભુની માન્યતાને સમર્થન આપતી સંસ્થાઓ ઊભી થવા લાગી છે. સાંભળ્યા મુજબ 'ઇન્ટરનેટ' માં પણ આ લોકોએ પોતાના વિચારોને સંગૃહીત કર્યા છે.

જ્યારે સેંકડો કીલોમીટર લાંબી સુએઝ કેનાલ ખોદવાનો કોન્ટ્રાક્ટ આપવામાં આવેલ ત્યારે, "પૃથ્વી દડા જેવી ગોળ હોવાથી કેનાલ નહિ બની શકે" તેવી માન્યતાવાળા ઈજનેરોએ તે કોન્ટ્રાક્ટ લીધો ન હતો. પરંતુ એક ઇજનેરે પૃથ્વીને થાળી જેવી સપાટ કલ્પીને પ્લાન કર્યો. તે પ્રમાણે કેનાલ તૈયાર થઈ. કશો ય વાંધો ન આવ્યો. આ અંગેની માહિતી મારા 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તકમાં વિગતથી આપી છે.

સબૂર ! પૂર્વે જ મેં જણાવ્યું છે કે વૈજ્ઞાનિકોની માન્યતા મેળવવા દ્વારા પરમાત્મા મહાવીરદેવના પ્રરૂપેલા પદાર્થોને સાચા ઠરાવવાનો આ પ્રયત્ન ચણોઠીથી સોનાને મૂલવવા જેવો છે. બાકી વૈજ્ઞાનિકોના વિજ્ઞાન સાથે ધર્મના તત્ત્વજ્ઞાનનો મેળ મળવો મુશ્કેલ છે.

વિજ્ઞાનના મૂળમાં જડ તત્ત્વ : પરમાણુ વગેરે છે.

ધર્મના મૂળમાં આત્મા છે. વિજ્ઞાન, આત્માને સંપૂર્ણપણે જ્યાં સુધી કબૂલે નહિ ત્યાં સુધી ધર્મના તત્ત્વજ્ઞાન સાથે મેળ પડે નહિ. પાયાનો આ મતભેદ સતત સર્વત્ર નડ્યા કરે.

કદાચ તમામ વૈજ્ઞાનિકો પૃથ્વીને ફરતી અને દડા જેવી માને તો ય અમે પરમાત્મા મહાવીરદેવની સર્વજ્ઞતામાં પૂર્ણ વિશ્વાસ ધરાવનારા જૈનો તે વાત માની શકીશું નહિ. કેમ કે તે વાતો પ્રભુ વીરના નિરૂપણથી વિરુદ્ધ જાય છે. અમને દૃઢ વિશ્વાસ છે કે એક આવતી કાલ એવી ઊગશે જ્યારે તમામ વૈજ્ઞાનિકો પૃથ્વી અંગેની તેમની માન્યતામાં ફેરફાર કરશે.

એવાં તેમનાં ઘણાં બધાં સંશોધનો છે જે પાછળથી 'જૂઠા' સાબિત થયા છે અથવા જેમાં 'ભૂલો' જાહેર કરાઈ છે.

ગમે તેમ તો ય વૈજ્ઞાનિકો સંસારી છે. સાચા દિલના સંશોધનમાં ય તેમની બુદ્ધિ મર્યાદિત હોવાથી - ભૂલ નીકળે. પરમાત્મા તો સર્વજ્ઞ હતા. તેમના વિધાનમાં નાનકડી પણ ભૂલ નીકળવાને કોઈ અવકાશ નથી.

સર જેમ્સ જીન્સ જેવા મોટા વૈજ્ઞાનિકે તમામ વૈજ્ઞાનિકોને ઉદ્દેશીને સરસ વાત કરી હતી કે, "આપણાં શોધાયેલાં સત્યોને પરમ સત્ય તરીકે જાહેર કરવાની ભૂલ કદી કરશો નહિ. કેટલીકવાર તો એ સત્યો સો વર્ષ બાદ સાવ હાસ્યાસ્પદ (melting point) ઉપર આવી ગયાં છે. એટલે આપણે આવા દુ:સાહસો કરવાનું સદંતર બંધ કરી દેવું જોઈએ.

ઉલ્કા, ગુરુત્વાકર્ષણ વગેરે બાબતોમાં વૈજ્ઞાનિકોને ફેરવિચારો કરવા પડયા છે.

પ્રયોગો દ્વારા થતું સંશોધન નિશ્ચિતપણે ભૂલવાળું નીકળવાનો સંભવ રહે છે.

યોગદશા દ્વારા પ્રાપ્ત કરેલા નિચોડમાં ક્યારે પણ ભૂલ નીકળવાનો કોઈ અવકાશ રહેતો નથી.

(૧૦) પરમાણુવાદની પાયાની બધી વાત પરમાત્માએ જણાવેલ છે. 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તકમાં આ અંગે મેં વિસ્તારથી જણાવ્યું છે. એટલે અહીં માત્ર નિર્દેશ કરુ છું. આટલી બધી સૂક્ષ્મ વાતો વિસ્તારથી પરમાત્માએ કહી હોય તો તે સર્વજ્ઞતા વિના શી રીતે શક્ય બને ? અરે, "જે આંખેથી (યન્ત્ર દ્વારા) દેખી શકાય તે પરમ-અણુ (પરમાણુ) ન કહેવાય. તેના તો હજી અનંત વખત ટુકડાના ટુકડાના ટુકડાઓ થતા રહે. આવી વાત દેવાધિદેવે કરી છે. અદ્યતન વૈજ્ઞાનિકોએ તો એક સૂક્ષ્મ ટુકડાને યન્ત્રથી દેખીને તેને

પરમાણુ જાહેર કરી દીધો. પણ પાછળથી તેના ૫ ટુકડા થયા અને ન્યુટ્રોન પ્રોટોન અને પ્રોજીટન દેખાયા એટલે પોતાની ભૂલ સુધારવી પડી કે તે છેલ્લો અવિભાજ્ય અંશ ન હતો. આથી તેને પરમાણુ કહી શકાય નહિ.

વંદન... વંદન... સર્વથા સત્યવાદી, સર્વજ્ઞ પરમાત્મા મહાવીરદેવને !

(૧૧) આઇન્સ્ટાઇનનો સાપેક્ષવાદ એ કોઈ તેની નૂતન શોધ નથી. પરમાત્માનું આખું ય તત્ત્વજ્ઞાન સાપેક્ષવાદ દ્વારા જ- એ ચશ્માંથી જ -દેખાડયું છે. પ્રભુએ તેને અનેકાન્તવાદ અથવા સ્યાદ્વાદ કહ્યો છે. સકળ સંઘર્ષોનો અને વૈમનસ્યોનો તેને નિવારક કહ્યો છે.

(૧૨) પ્રભુએ બ્રહ્મચર્યના પાલનને અતિશય જરૂરી ગણાવ્યું છે. વીર્યમાં પ્રચંડ રોગપ્રતિકારશક્તિ છે. વીર્યનું બીજું નામ ઉત્સાહ કહ્યું છે. જેનામાં ઉત્સાહ છે તે જ ધર્મમાં આગળ વધી શકે અને અન્તે મોક્ષ પામી શકે. વીર્યરક્ષાથી દેહ મજબૂત રહે છે. તેથી ખૂબ કષ્ટોને સહન કરીને કર્મક્ષય કરી શકાય છે. વીર્યવાન આત્માને એંસી ટકા રોગો થતા નથી.

આજના વિજ્ઞાને આ વાતોની ખૂબ હાંસી ઉડાવી છે.

પણ એઇડ્ઝ ફેલાતાં તેમને આ વાત સાચી જણાઈ છે. હવે તો બહેનોને અંતરાય-પાલન કરવાની વાતમાં ય વિજ્ઞાન આગ્રહી બન્યું છે. તે નહિ પાળનારને એઇડ્ઝ થવાની વધુ શક્યતા જણાવી છે.

(૧૩) મહિનાના દસ દિવસો - દર ત્રીજો દિવસ : બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ - દરેક સુદમાં અને વદમાં - ને પ્રભુએ ફળો વગેરે નહિ ખાવાનું કહ્યું છે તે હવે એકદમ વૈજ્ઞાનિક સાબિત થયું છે. તેઓ કહે છે કે આ દિવસોમાં ચંદ્રની ગતિ એવી બને છે જેમાં જો પાણીપ્રચુર વસ્તુઓ (ફળો) ખવાય તો વ્યક્તિનું મંગજ 'ટેન્શન'માં રહે, તે અસ્વસ્થ બને.

(૧૪) પરમાત્માએ જેને સર્વત્ર વ્યાપી એવું ગતિ સહાયક દ્રવ્ય ધર્માસ્તિકાય કહ્યું છે તેને વૈજ્ઞાનિકોએ 'ઈથર' નામથી સ્વીકારી લીધું છે.

સર્વજ્ઞતા વિના અપરિગ્રહી પ્રભુએ આ બધું કેવી રીતે જાણી લીધું હશે ? ન હતી કોઈ વેધશાળા; ન પાસે હતી કોઈ પ્રયોગશાળા... છતાં આ બધું શી રીતે કહ્યું ? સર્વજ્ઞતાની પ્રાપ્તિ સિવાય આ શક્ય જ નહોતું.

(૧૫) લોકાકાશ અને અલોકાકાશ એવા બે ભેદ બતાવીને પરમાત્માએ કહ્યું કે, જે "અલોક-આકાશ છે તે લોક-આકાશ કરતાં અનંતગુણ છે. ત્યાં જીવ કે જડનું અસ્તિત્વ માત્ર નથી."

આ વાત, આ જ શબ્દોમાં આઈન્સ્ટાઈને કરી છે.

(૧૬) પાંચ પ્રકારના જ્ઞાનમાં 'વિભંગજ્ઞાન' પ્રભુએ બતાવ્યું છે. વર્તમાનકાળમાં તે હોઈ શકે તેમ પણ કહ્યું છે. આ વિભંગજ્ઞાન પિટર હરકોસ, જિન ડિક્સનમાં જોવા મળ્યું છે. પરમાત્માની વાત કેટલી સાચી નીકળી !

(૧૭) પ્રભુએ કહ્યું છે કે, "જીવ જ્યાં સુધી કર્મક્ષય કરીને મોક્ષ ન પામે; શિવ ન બને ત્યાં સુધી ચાર ગતિના સંસારમાં તેને અનન્તી વાર જન્મ મરણ કરવા પડે. તેના અનન્તા પૂર્વજન્મો થઈ ગયા. અને હજી ઘણા બધા પુનર્જન્મ થશે."

આ વાતને વશીકરણ વિદ્યામાં પારગામી બનેલા એલેક્ઝાંડર કેનોને 'પાવર વિધીન' નામના પુસ્તકમાં સાચી ઠરાવી છે. તેણે સેંકડો માણસો ઉપર વશીકરણ કરીને તેમના પૂર્વજન્મો તેમની બેહોશ અવસ્થામાં બોલાવ્યા છે. તેની કહેવાયેલી માહિતીઓની તપાસ કરતાં તે બધી માહિતી અક્ષરશઃ સાચી પડી છે.

કેનોને કહ્યું છે કે, "આત્મા અને તેના પૂર્વજન્મ અને પુનર્જન્મની પૂર્વના ઋષિઓએ જે વાત કરી છે તે તદ્દન સાચી છે. તેમણે કમાલ કરી છે. વળી તેમણે સુખ-દુઃખના કારણ તરીકે પૂર્વજન્મના કર્મોને જણાવીને તો હદ કરી નાંખી છે. ઈશ્વરને જગત્કર્તા કહેવામાં ઘણી બાધાઓ આવે છે. આને બદલે કર્મને જ જગત્કર્તા કહેવું જોઈએ."

તેણે કહ્યું છે કે, "ગુનેગારને સજા કરવાનો કોઈ અર્થ નથી. ખરેખર તો તેના અપરાધ કરવાના પૂર્વજન્મોમાં પડેલા સંસ્કારોને જ સાફ કરવા જોઈએ. પૂર્વના ઋષિઓએ આ વાત ખૂબ સચોટ રીતે કરી છે."

એલેક્ઝાંડર કેનોને તે પુસ્તકમાં પૂર્વદેશના ઋષિઓને ખૂબ ગૌરવભર્યા શબ્દોમાં નવાજ્યા છે.

કેવા દેવાધિદેવ પરમાત્મા મહાવીર ! આ બધી વાતોને તો તેમણે ખૂબ ઊંડાણથી અને વિસ્તારથી વિશ્વના લોકોને સરળ ભાષામાં જણાવી છે.

જૈનદર્શન આત્માના પૂર્વજન્મો અને પુનર્જન્મોમાં કેટલું સચોટપણે માને છે તે બતાવું.

ભગવાન મહાવીરદેવના સત્યાવીસ ભવ, પૃથ્વીચન્દ્ર અને ગુણસાગરનો એકવીસ ભવનો સંબંધ, ભગવાન ઋષભદેવના તેર ભવ, ભગવાન પાર્શ્વનાથના દસ ભવ વગેરે કહ્યા છે.

'હિન્દુ' શબ્દની વ્યાખ્યા છે કે, "એક ભવમાંથી બીજા ભવમાં હેંડવાનું છે (हिण्ड् धातु) એવું જે માને તે 'હિન્દુ' કહેવાય. આવી માન્યતાને સચોટ રીતે ધરાવનારા જૈન ધર્મના અનુયાયીઓ નિશ્ચિતપણે હિન્દુ છે. (માઈનોરિટીના નામે તેમને હિન્દુ મટાડી શકાય નહિ.)

જેઓ પુનર્જન્મને માનતા નથી તેવી વિશ્વની પ્રજાઓ - ક્રિશ્ચયન, મુસ્લિમો અને બૌદ્ધો- આ વ્યાખ્યા પ્રમાણે હિન્દુ કહેવાય નહિ.

(૧૮) જ્યારે સર્વ ભારતીય દર્શનો એકમતે એ વાત કરતા હતા કે, "શબ્દ એ આકાશનો ગુણ હોવાથી- આકાશ નથી પકડાતું માટે તેનો ગુણ શબ્દ પકડી શકાય તેવી વસ્તુ નથી." ત્યારે મહાવીરદેવે સ્પષ્ટ કહેલ કે અકાર વગેરે તમામ અક્ષરો, શબ્દો વગેરે પુદ્ગલ (સ્વતંત્ર જડ પદાર્થ) હોવાથી તે પકડી શકાય તેવા છે. (अकारादि: पौद्गलिको वर्ण:)

અજૈન દાર્શનિક વિદ્વાન પંડિતે આ વાક્ય વાંચ્યું ત્યારે તેમને પરમાત્મા મહાવીરદેવ માટે બેહદ માન ઉત્પન્ન થયું. તેમણે મહાવીરદેવને નિશ્ચિતપણે સર્વજ્ઞ કહ્યા.

આજે તો વિજ્ઞાને શબ્દને ક્યાં નથી પકડ્યો ? રેડિયો, ટેલિફોન, ટેલિવિઝન, સેટેલાઈટ, ઈન્ટરનેટ, રેકોર્ડીંગ વગેરે ઢગલાબંધ સ્થળે શબ્દને એક સેકંડની પણ અંદર પકડ્યો છે. પ્રભુએ કહ્યું છે કે, "જોરથી બોલાયેલો શબ્દ એક સમયમાં (એક સેકંડમાં તો અસંખ્ય સમય પસાર થાય) બ્રહ્માંડના છેડે પહોંચી શકે છે." આ વાત પણ કેટલી સાચી ઠરી છે ? કેટલી ઝડપથી શબ્દ ક્યાંનો ક્યાયં પહોંચી જાય છે !

(૧૯) પ્રભુએ કહ્યું છે કે દરેક પદાર્થમાંથી રશ્મિ (ora) છૂટે છે તે પકડી શકાય' છે. આજે ફોટોગ્રાફી વગેરેમાં આ વાત તદ્દન સાચી ઠરી છે. શરીરમાંથી છૂટતી 'ઓરા' જ કેમેરા વગેરેમાં પકડાઈ જાય છે.

જ્યાં સ્ત્રી બેઠી હોય ત્યાં ૪૮ મિનિટ સુધી પુરુષે ન બેસવું, કેમ કે તેટલા સમય સુધી તે સ્ત્રીના દેહમાંથી છૂટીને પડેલી 'ઓરા' ત્યાં જ રહે છે. હા, વ્યકિતની ગેરહાજરીમાં પણ તે સ્થળે ફોટો લેવાય તો વ્યક્તિની છેલ્લી કાયિક સ્થિતિનો ફોટો આવી જાય છે. જો બેઠેલી સ્ત્રી કામુકી હોય તો તેની 'ઓરા'માં કામુકતા રહે છે. તેથી ત્યાં પુરુષે અડતાલીસ મિનિટ સુધી બેસવાનું હોતું નથી. અન્યથા કામુકતાની અસર તેના ચિત્ત ઉપર થવાની પૂરી શક્યતા રહે છે. ભગવાન શ્રી મહાવીરદેવ કેવા જબરા સર્વજ્ઞ હશે.

આવી હજારો વાતો તેમણે શિષ્યોને વાતવાતમાં કહી છે.

કોઈ એવો સવાલ કરી શકે કે જો મહાવીરદેવ આટલું બધું જાણતા હતા તો પ્રજાને તેમણે અણુશક્તિ, ટેલિફોન, કોમ્પ્યૂટર, વિમાન, મશીનો વગેરે પ્રેક્ટિકલી કેમ ન બતાવ્યાં ? આનો ઉત્તર એ છે કે તેઓ એ વાત પણ જાણતા હતા કે આ બધી વસ્તુઓનો ઉપભોગ આત્માના અહિતમાં થવાનો છે. વિશ્વના સંહારમાં, દોષોના સંવર્ધનમાં થવાનો છે.

'જે પોષતું તે મારતું' એ ન્યાય હાલ બરોબર ચાલતો દેખાય છે. વિશ્વના લોકોને અનેક આશ્ચર્યજનક સુવિધાઓ આપનાર વિજ્ઞાને અણુબૉંબ વગેરે બનાવીને વિશ્વને ભયાવહ સ્થિતિમાં મૂકી દીધું છે. એવું લાગે છે કે વિશ્વ ધીક્તી ધરા ઉપર ઊભું છે. ગમે તે પળે ધડાકો થશે અને થોડાક કલાકોમાં વિશ્વનો સંહાર થઈ જશે.

એક વાનર દંપતી જંગલમાં ઝાડ ઉપર બેઠું હતું. અચાનક લશ્કરી ગણવેશમાં સજ્જ સૈનિકો, માર્ચ કરતાં આવતા હતા. તેમની ગંભીર મુખાકૃતિ જોઈને વાંદરી બી ગઈ. વાનરે કહ્યું, "જરાય ડરીશ નહિ. આ માણસ-જાત છે. એ પોતાના જાતભાઈઓને જ હણતી હોય છે. ક્યાંક કોકને મારવા જતી હશે. તારે- મારે ડરવાની કોઈ જરૂર નથી."

થોડી વાર પછી વાનર ફરી બોલવા લાગ્યો. તેણે કહ્યું, "એક દિવસ એવો આવશે જ્યારે માનવજાત પરસ્પર લડી મરીને તેનો સર્વનાશ કરશે. એ વખતે મારે અને તારે મળીને નવી સંતતિ પેદા કરવાની છે. જેમાંથી ક્રમશઃ લાખો-કરોડોની સંખ્યામાં પુનઃ માનવજાત ધરતી ઉપર ઉભરશે."

ડાર્વિનના સિદ્ધાંતને નજરમાં રાખીને કહેવાયેલા આ રૂપકમાં કેટલું બધું કહેવાઈ ગયું છે !

ગાંધીજીને કોકે પૂછ્યું, "બાપુ ! તમે યન્ત્રવાદ જેનો પ્રાણ છે તેવા વિજ્ઞાનનાં વખાણ કેમ કરતા નથી ?"

જવાબ મળ્યો, 'એ એવો ફણિધર સાપ છે જેના માથે મહામૂલો મણિ છે પણ તેની દાઢમાં હલાહલ ઝેર ભર્યું છે ! ભલા... હું શી રીતે તેના વખાણ કરું !

દેવાધિદેવે જે પદાર્થો જગતને આપ્યા છે તેમાં સૌથી મુખ્ય ત્રણ પદાર્થ છે. આત્મા, કર્મ અને મોક્ષ. આ deta છે. "આ છે કે નહિ ?" તેની ચર્ચાને કોઈ સ્થાન નથી. એ તો સાગરને ફૂટપટ્ટીથી માપવા જેવી બાલિશ બીના કહેવાય.

વાત એટલી જ વિચારવાની છે કે જો આત્મા વગેરે પદાર્થો છે તો હવે આપણે શું કરવાનું ? પરલોકમાં સદ્‌ગતિ મળે અને છેવટે પરમલોકે મુક્તિ મળે તે માટે આપણે શું પુરુષાર્થ કરવાનો ?

શ્રમણ ભગવાન મહાવીર વીતરાગ હતા, સર્વજ્ઞ હતા એટલે જ વાતવાતમાં જગતના ગૂઢ પદાર્થો જણાવી શક્યા.

જગતમાં સૌથી વધુ વૈજ્ઞાનિક અને સૌથી વધુ વ્યવહારુ ધર્મ (The Most scientific and the most practicle religion of world) ક્યો ? એ વિષય ઉપર ઇન્ડોનેશિયામાં દાયકા પૂર્વે સેમીનાર યોજાયો હતો. તેમાં જૈન ધર્મને સૌથી વધુ વૈજ્ઞાનિક અને વ્યવહારુ જાહેર કરાયો હતો.

બર્નાર્ડ શૉએ કહ્યું હતું કે, "જો પુનર્જન્મ જેવું કાંઈ હોય તો મને જૈન કોમમાં જન્મ લેવાનું ખૂબ ગમશે."

હરિસત્ય ભટ્ટાચાર્ય જૈનદર્શનના પદાર્થોને સાંગોપાંગ સુંદર જાણીને એટલા પ્રભાવિત થયા હતા કે તેમણે શેષ જીવન જૈન ધર્મના સિદ્ધાંતો ઉપર ચિંતન-લેખન કરવામાં વીતાવ્યું હતું.

હરિભદ્ર પુરોહિત ! એક વખત જૈન ધર્મના સૌથી વધુ કટ્ટર દ્વેષી ! જ્યારે જૈનાચાર્ય બન્યા, સાંગોપાંગ શાસ્ત્રાભ્યાસ કર્યો, ત્યારે એક દી તેમના મોંમાંથી શબ્દો નીકળી ગયા, "જો આ જિનાગમો મને મળ્યા ન હોત તો પરલોકે દુર્ગતિઓમાં હું કેવો ટીચાતો-કુટાતો રહેત ? દુષમાકાળના દોષોથી કેવો ખતમ થઈ જાત ? અનાથ એવા મારું શું થાત ?"

ઇન્દ્રભૂતિ વગેરે જૈન ધર્મના કટ્ટર દ્વેષી બ્રાહ્મણો મહાવીરદેવ સાથે તર્ક-ચર્ચા કરતા કેવા ચિત પડી ગયા ! કેવા બાળકની જેમ શરણાગત બની ગયા ! પોતાને જ સર્વજ્ઞ માનતા તે લોકો પ્રભુના દાસ બની ગયા !

વધુ તો શું વાત કરું ? મજ્ઝિમનિકાય નામના ત્રિપિટકમાં ગૌતમ બુદ્ધે પોતાના શિષ્ય આનંદને કહ્યું છે કે, "હે આનંદ ! પેલા જે જ્ઞાતપુત્ર (મહાવીરદેવ) છે તે હું અત્યારે શું કરું છું ? ચાલું છુ ? બેઠો છું ? ખાઉ છું ? તે બધું દૂર રહીને જાણે છે. કેમ કે તે સર્વજ્ઞ છે. હે આનંદ ! પાણી, વનસ્પતિ વગેરેમાં કેટલા: જન્તુ છે તેનું પણ તેમને સંપૂર્ણ જ્ઞાન છે પરન્તુ આધ્યાત્મિક વિકાસ કરવામાં તે જ્ઞાનનું કોઈ મહત્ત્વ નથી એવો મારો ખ્યાલ છે." (कीटसंख्यापरिज्ञानं क्व नः उपयुज्यते)

પંડિત ધનપાલ કવિ, જૈન ધર્મ પ્રત્યે હલાહલ ધિક્કાર વરસાવતા હતા.

પરંતુ જ્યારે તેમણે જૈન ધર્મનું સૂક્ષ્મતમ જ્ઞાન જાણ્યું, અનુભવ્યું. ત્યારે તે છક્કડ ખાઈ ગયા. તે જૈન બન્યા. અરે ! પરમશ્રાવક બન્યા. તેમણે લખેલી ઋષભ પંચાશિકામાં જણાવ્યું છે કે, ''હે દેવાધિદેવ પરમાત્મા આદિનાથ ! આપની સેવા-પૂજા, અર્ચના કરતાં મારા મોહનીય કર્મનો સમૂલ ઉચ્છેદ થશે એ વાતે તો હું ખૂબ ખુશ છું. પણ પછી મારે ભગવાન થવાનું છે અને ત્યાં હું તારાં ચરણોમાં આળોટી શકીશ નહિ. ચામર લઈને તારી સામે નૃત્ય પણ કરી શકીશ નહિ. તારા ચરણોમાં મારું માથું મૂકી શકીશ નહિ. એવી બધી વાતો સાંભળીને તો હું ત્રાસી ગયો છું. ના... મારે નથી જોઈતી તે મુક્તિ જ્યાં તારી ભક્તિ સદા માટે બંધ પડી જવાની હોય !''

ગૂર્જરેશ્વર કુમારપાળ એક વખતના કટ્ટર મહાદેવભક્ત અને માંસપ્રિય ! જ્યારે કલિકાલ સર્વજ્ઞ ભગવંતની દેશનાની જાદુઈ લાકડી ફરી કે બની ગયા પરમ શ્રાવક.

પછી તો તે રોજ પ્રાર્થના કરતાં પ્રભુને કહેતા, ''હે નાથ ! મને તારા શાસનનું ભિખારીપણું (સાધુપણું) આપ. મારું અઢાર દેશના સામ્રાજ્યનું માલિકીપણું તું પાછું લઈ લે.'' (तव शासनस्य भिक्षुत्वं देहि मे परमेश्वर!) વંદન, વીરને ! વીરના પરમભક્તોને ! વીરના શાસનને ! વીરની સર્વજ્ઞતાને !

■ ■ ■

# [3]
# (૧) આત્મા છે, (૨) તે નિત્ય છે

એક વાત નક્કી થઈ કે, પરમાત્મા મહાવીરદેવ વીતરાગ-સર્વજ્ઞ હતા માટે સત્યવાદી હતા. તે કદી જૂઠું બોલે નહિ.

એટલે હવે તેમણે જે વાતો કરી છે તે તમામ - એક પણ અપવાદ વિના - આંખ મીંચીને કશી ચર્ચા કર્યા વગર, પૂરી શ્રદ્ધાથી સ્વીકારી જ લેવાની.

આનું નામ સમ્યગ્દર્શન.

અહીં સો વાત હોય તો તે તમામ વાત ઉપર શ્રદ્ધા હોય. એકમાં અશ્રદ્ધા એટલે સમ્યગ્દર્શન ગાયબ. મિથ્યાત્વનું આગમન.

આ પરીક્ષામાં સોમાંથી નવ્વાણું માર્ક્સ લાવનારો વિદ્યાર્થી નાપાસ ગણાય છે.

મુખ્ય ત્રણ પદાર્થો ઉપર પરમાત્માની બધી વાતો ઊભી રહે છે.

આત્મા, કર્મ અને મોક્ષ. આત્માનો કર્મો સાથે સંયોગ = સંસાર. આત્માનો કર્મોથી વિયોગ = મોક્ષ.

આ દરેકના બે પ્રકાર પડવાથી કુલ છ પ્રકાર થાય. તેને ષટ્સ્થાન કહેવાય છે. તે આ રીતે.

૧. આત્મા (એ સ્વતંત્ર તત્ત્વ) છે.

૨. આત્મા (પરિણામી) નિત્ય છે: અનાદિ અનંત છે.

૩. તે કર્મનો કર્તા છે. (કર્મો બાંધે છે.)

૪. તે કર્મનો ભોક્તા છે. (કર્મો ભોગવે છે.)

૫. મોક્ષ છે. (સર્વથા રાગ, દ્વેષથી છુટકારો.)

૬. મોક્ષનો ઉપાય છે; (તે ઉપાય એટલે ચારિત્રધર્મ.)

આ છ વાતોમાંથી વિવિધ વાતનો ઇન્કાર કરનારા દર્શનો છે.

૧. આત્મા નથી. : ચાર્વાક મત.

૨. આત્મા નિત્ય નથી; ક્ષણિક છે. બૌદ્ધ મત.

૩.૪. આત્મા કર્મનો કર્તા, ભોક્તા નથી. : સાંખ્ય મત. અને બૌદ્ધ મત.

૫. આત્માનો મોક્ષ નથી. : યાજ્ઞિક મત.

૬. મોક્ષ છે પણ મોક્ષનો ઉપાય નથી. : માંડલિક મત.

આપણે દરેક સ્થાન ઉપર વિચાર કરીએ.

**(૧) આત્મા છે :**

આત્મા એ નામનો ચેતનાસ્વરૂપ એક સ્વતન્ત્ર પદાર્થ છે. ના... ચાર્વાકના કહેવા મુજબ તે દેહસ્વરૂપ નથી. દેહથી જુદો છે. હા, દેહમાં વ્યાપેલો હોય છે ખરો; પણ તે પોતે દેહસ્વરૂપ નથી. તેનું પોતાનું આગવું, અલગ અસ્તિત્વ છે.

હું છું.

મારું શરીર છે.

અહીં મનથી આત્માનું પ્રત્યક્ષ થતું દેખાય છે. 'હું' એ દેહ નથી. દેહ એનો છે. એનો એટલે કોનો ? એ કોણ છે ? જે એમ કહે છે કે આ શરીર મારું છે. અરે, મારું એટલે કોનું ? તેનો જવાબ એ છે કે આત્માનું.... આત્મા કહે છે કે મારું ઘર છે તેમ મારું શરીર છે. જેમ મારુ ઘર એ મારાથી જુદું છે તેમ મારું શરીર એ પણ મારાથી જુદું છે.

આ રીતે આત્માનું માનસ- મનથી- પ્રત્યક્ષ થાય છે.

ના....આંખેથી પ્રત્યક્ષ થતું નથી. પણ બધી વાતોનું કાંઈ માત્ર આંખેથી જ પ્રત્યક્ષ કરવાનો આગ્રહ ન રખાય. વાયુનું સ્પર્શથી પ્રત્યક્ષ થાય છે, આંખેથી ક્યારે પણ નહિ. વળી હાલતાં પાંદડાં જોઈને વાયુનું અનુમાન પણ કરી શકાય છે.

જે આંખેથી દેખાય તે જ માનવું એવો આગ્રહ હોય તો દૂધમાં ઘી, પોતાનામાં બુદ્ધિ, માથામાં દુઃખાવો (વેદના), પવન, અરણિકાષ્ઠમાં અગ્નિ, વિશ્વના રેડિયો કેન્દ્રમાંથી છૂટેલા - રૂમમાં આવી ગયેલા - શબ્દો, પૃથ્વીનું ભ્રમણ (વૈજ્ઞાનિકોની માન્યતા પ્રમાણે) ક્યાં દેખાય છે ? છતાં જો દૂધ ઉપર પ્રયોગ કરાય તો તેમાં રહેલું ઘી અવશ્ય દેખાય છે. જો રેડિઓ ચાલુ કરાય તો તરત તે મીટરના શબ્દો પકડાઈને કાનને પ્રત્યક્ષ થાય છે.

પરીક્ષામાં ડિસ્ટિંકશન માર્ક્સ લાવનાર વિદ્યાર્થીના મગજમાં (!) બુદ્ધિ છે એનું અનુમાન થાય છે.

મુખ ઉપરની પીડા જોઈને આત્મામાં અનુભવાતી વેદનાનું અનુમાન થાય છે.

પ્લેઈનની ગતિ ઉપરથી તેમાં બેઠેલા - બિલકુલ નહિ દેખાતાં - પાઇલોટનું અનુમાન થાય છે.

જેમ વાદળોની ગર્જનાથી આવી રહેલા વરસાદનું અનુપાન થાય છે તેમ શરીરમાં રહેલા આત્માનું અનુમાન થાય છે.

એક જીવતા માણસને અને બીજા મડદાને બાજુબાજુમાં સુવાડી દો. પછી તે બેમાં કયો ફરક જણાય છે ? તે પકડો. બન્નેમાં શરીરનાં તમામ

અંગો અને ઉપાંગો સ્પષ્ટ રીતે દેખાય છે. તો પછી એક તદ્દન નિશ્ચેષ્ટ છે અને બીજું હાલે છે, શ્વાસ લે છે, આંખો મટમટાવે છે તેવું કેમ ? એવી કોઈ એક ચીજ છે કે જે એકના દેહમાં છે અને બીજાના દેહમાં નથી.

કોઈ તે વસ્તુને શક્તિ કહો, કોઈ વાયુ કહો, કોઈ વિદ્યુત કહો. અમે તેને આત્મા કહીએ છીએ. જે દેહમાં તે છે તે દેહમાં ક્રિયા જણાય છે. જે દેહમાં તે નથી તે દેહ મડદું દેખાય છે.

રમણ મહર્ષિ જ્યારે બાર વર્ષનો વેંકટ હતો ત્યારની આ વાત છે. ઘરની પરસાળમાં તે રમતો હતો. ઘરમાં આવવા-જવાનો તે એક જ રસ્તો હતો. એકાએક ૨૦-૨૫ માણસો (ડાઘુઓ) ધીરે ધીરે આવ્યા. વેંકટે તેમને પૂછ્યું, "કેમ આવ્યા છો ?"

જવાબ મળ્યો, "તારા બાપા ગયા."

વેંકટે કહ્યું, "બાપા અંદર જ છે. બહાર નીકળ્યા નથી તો ક્યાંથી ગયા ? આ એક જ જવાનો રસ્તો છે."

ડાઘુઓની સાથે વેંકટ ઘરમાં ગયો. ગાદલા ઉપર બાપા ચત્તાપાટ સૂતા હતા. તે જોઈને તે બોલ્યો, "આ રહ્યા બાપા. બાપા ક્યાં ગયા છે ?"

વેંકટના બાળસુલભ અજ્ઞાનથી ડાઘુઓ ડઘાઈ ગયા.

હવે વેંકટે બાપાની તરફ નજર ચોંટાડી. એકીટશે જોયા જ કર્યું. મનથી સવાલો કર્યા. મનથી જવાબો મળ્યા. છેલ્લે એણે નિર્ણય કર્યો કે બાપા હોવા છતાં 'બાપા ગયા.' એવું જે કહેવાઈ રહ્યું છે તેનો અર્થ એ થાય કે શરીરનાં તમામ અંગો અને ઉપાંગોથી અતિરિક્ત એવી કોઈ વસ્તુ શરીરમાં હતી જે જતી રહેવાથી આમ કહેવાઈ રહ્યું છે."

આં રીતે વેંકટે 'આત્મા' સ્વીકાર્યો. રમણ મહર્ષિ બનવા તરફ ધસી જતાં વેંકટરામનું એ દિશામાં આ પ્રથમ સોપાન બની ગયું.

આવું જ રામચન્દ્રજી માટે બન્યું. લક્ષ્મણ મૃત્યુ પામ્યા. તોય તેને જીવતો માનીને, તેના મડદાને છ માસ સુધી ખભે ઊંચકીને ફર્યા.

રામની સાન એક દેવ ઠેકાણે લાવ્યો. તેણે બીજું મડદું ખભે લીધું. રામની પાસે ગયો. રામે તેના મડદાને મડદું કહેતાં તે દેવે લક્ષ્મણના દેહને પણ મડદું કહ્યું. પછી દેવે તે બન્નેની બધી વાતે સરખામણી કરી બતાડીને કહ્યું કે, "જો મારી પાસેનું મડદું એ મડદું જ હોય તો તેવું ને તેવું લક્ષ્મણનું શરીર મડદું કેમ ન હોય ?"

રામે તે વાત કબૂલી લીધી. લક્ષ્મણના મડદાનો અગ્નિસંસ્કાર કર્યો.

"હરિલાલ ઘરમાં છે ?"

એવા સવાલના જવાબમાં જો એમ કહેવાય કે "ના...હરલિલ ઘરમાં નથી." તો તરત જ એ વાત સાબિત થઈ જાય કે હરિલાલ બહાર ક્યાંક છે તો ખરો જ."

"આત્મા પથ્થરમાં છે ?" એવા સવાલના જવાબમાં એમ કહેવાય કે, "આત્મા પત્થરમાં નથી." એટલે તરત "આત્મા બીજે ક્યાંક તો છે જ." એ વાત સાબિત થઈ જ જાય.

આમ માનસ પ્રત્યક્ષથી અને અનુમાનથી આત્માનું અસ્તિત્વ આપણે જોયું. આગમ-પ્રમાણ તો સુતરાં હાજરાહજૂર છે. શાસ્ત્રોએ તો ઠેર ઠેર આત્માના સ્વતન્ત્ર અસ્તિત્વનો સ્વીકાર કર્યો છે.

હવે સવાલ થાય કે શરીરમાં કયા ઠેકાણે આત્મા છે ? કોઈ કહે છે કે, "તે હૃદયમાં છે". કોઈ કહે છે, "તે મગજમાં છે." કોઈ કહે છે કે, "તે, નાભિમાં છે."

વસ્તુતઃ આત્મા દેહમાં લગભગ સર્વત્ર વ્યાપ્ત છે. જ્યાં ટાંચણી મારવાથી દુઃખની લાગણી થાય ત્યાં સર્વત્ર આત્મા છે. પાકેલા નખના ઉપરના ભાગમાં, વાળના ઉપરના ભાગમાં, મોં વગેરેના બખોલમાં આત્મા નથી કેમકે ત્યાં નીલ-કટર, કાતર, ટાંચણી લાગતાં કશું દુઃખ થતું નથી. હા. કાચા નખમાં, વાળના મૂળમાં, તાળવામાં આત્મા છે કેમકે ત્યાં દુઃખની લાગણી થાય છે.

આ આત્મા આખા શરીરમાં વ્યાપેલો 'એક' જ છે. આથી જ પગમાં કાંટો વાગે કે તરત મગજમાં સમાચાર પહોંચે છે; હાથ તરત પગ તરફ ધસે છે. કાંટો કાઢવાનો યત્ન કરવા લાગે છે.

મોંમા તીખું મરચું મુકાય અને આંખોમાંથી પાણી ટપકવા માંડે, જીભ સીસકારા કરે. એ ત્યારે જ બને કે તે બધી જગાએ એક જ આત્મા વ્યાપેલો હોય.

દરેક આત્મા સ્વતન્ત્ર છે. દરેક આત્માને પોતાનું વ્યક્તિગત શરીર (સાધારણ સિવાય - તેમાં તો અનંતા આત્માઓ વચ્ચે એક જ શરીર હોય છે.) હોય છે. એ શરીરમાં સર્વત્ર તે વ્યાપક છે. ના. સામાન્યતઃ શરીરની બહારના આકાશમાં તે ક્યાંય નથી. (સમુદ્ઘાત, ઉત્તરવૈક્રિય, આહારક શરીર બાબતમાં તો બહાર પણ તે વ્યાપે છે.) આથી જ શરીરની બહારના ખુલ્લા આકાશમાં કોઈ છરી ફેરવે તો આત્મા ચીસ પાડતો નથી. કેમકે તે છરી

તેને અડી જ હોતી નથી.

બ્રહ્માંડમાં અનંતાનંત (આઠમાં અનંતે) આત્માઓ છે. તે બધા પોતપોતાની રીતે સ્વતન્ત્ર છે. તેમને તેમનું શરીર છે. પોતાના શરીરની સુખદુઃખની લાગણીને જ તે આત્મા વેદે છે. બીજાના દેહની લાગણીઓ તેને થતી નથી.

કીડીમાં કીડી જેવડો અને હાથીમાં હાથી જેવડો આત્મા બને છે. 'તે સમગ્ર બ્રહ્માંડમાં (ચૌદ રાજલોકમાં) વ્યાપી શકવાને સમર્થ છે. (કેવલિ સમુદ્ઘાત વખતે.)

આત્મા કહો કે જીવ કહો કે શિવ કહો, બધું એક જ છે. એમાં એમ કહી શકાય કે જે આત્મા કર્મથી યુક્ત છે તે જીવ છે અથવા આત્મા છે. જે આત્મા કર્મથી મુક્ત છે તે શિવ છે અથવા સિદ્ધ છે.

જ્યારે આત્મા દેહ છોડે છે કે તરત- એક, બે, કે ત્રણ સમયમાં જ - પોતાને જ્યાં જન્મ લેવાનો છે ત્યાં પહોંચી જાય છે. (આંખના એક પલકારામાં અસંખ્ય સમય જાય છે તેમાંના એકાદ - બે સમય લેવા.)

જો આત્મા માનવ કે તિર્યંચ (પશુ, પંખી, વનસ્પતિ)માં હોય તો તે ત્યાંથી છૂટીને ચારેય - તમામ - ગતિઓમાં : માનવમાં, તિર્યંચમાં, દેવમાં કે નરકમાં જઈ શકે.

જો આત્મા દેવ કે નારકના ખોળિયામાંથી છૂટ્યો હોય તો તે માત્ર માનવ કે તિર્યંચની ગતિમાં જઈ શકે. એટલે કે દેવ મરીને તરત દેવ કે નારક ન જ થઈ શકે. નારક મરીને તરત જ દેવ કે નારક ન થઈ શકે.

હા. માનવનો આત્મા જો ઉત્કૃષ્ટ સાધના કરીને સર્વકર્મનો ક્ષય કરે તો તે પાંચમી મોક્ષ નામની ગતિમાં જઈ શકે. અહીં પહોંચ્યા બાદ તે આત્મા કદી ક્યાંય જન્મ પામતો નથી. તે અજરામર સ્વરૂપ પ્રાપ્ત કરે છે.

દેવ, માનવ અને નારકના દેહમાં પાંચે ય ઇન્દ્રિયો વ્યક્ત હોય. જ્યારે તિર્યંચમાં એક હોય; બે હોય, પાંચે ય હોઈ શકે.

દેવમાં ઉત્પન્ન થતો આત્મા ફૂલની શય્યામાં પ્રવેશીને જુવાનજોધ સ્વરૂપે આળસ મરડીને બેઠો થઈ જાય છે. ત્યાં ગર્ભાવસ્થા હોતી નથી. બાલ્યકાળ પણ હોતો નથી.

નારકમાં કુંભી (ઘાસલેટની ગરણી જેવી)માં જીવ પડે છે. પરમાધામી દેવો તે માંસપિંડને તેમાંથી ખેંચીને બહાર કાઢે છે. આ જ તેનો જન્મ....કારમી ચિચિયારીઓની સાથે તેનું જીવન શરૂ થઈ જાય છે.

તિર્યંચમાં જન્મ થવાની વિવિધ પ્રક્રિયાઓ હોય છે.

**(૨) આત્મા નિત્ય છે :**

આત્મા દેહથી ભિન્ન 'સ્વતન્ત્ર' છે તેમ તે દેહની જેમ અનિત્ય નથી પરન્તુ નિત્ય છે.

નિત્ય એટલે અવિનાશી. આત્માની ક્યારેય ય ઉત્પત્તિ થઈ નથી અને તેનો ક્યારે ય નાશ થવાનો નથી. આમ તે અનાદિ અનંત છે.

**પૂર્વજન્મ અને પુનર્જન્મ :** જેને મૃત્યુ કહેવામાં આવે છે તે આત્માનો દેહ સાથેનો થતો વિયોગ માત્ર છે. એમાં કોઈ આત્મા મરતો નથી. આ વિયોગને જ 'મોત' તરીકે ગણવામાં આવે છે.

ખરેખર તો મડદાંને બાળતાં પહેલાં જ આત્મા ક્યારનો દેહ છોડી દે છે. આથી જ તે નિત્ય છે એ વાત સાબિત થાય છે. આત્મા પોતાની સાથે પરલોકમાં પોતે બાંધેલાં શુભાશુભ કર્મોને લઈ જાય છે. તે ટાઈમ બોમ્બ છે. જે સમયે જે ફૂટે તે સમયે તેવા તેવા સુખદુઃખને આત્મા ભોગવે.

આત્મા નિત્ય (પરિણામી નિત્ય) છે એટલે જ તે પરલોકગમન કરે છે, નવા નવા જન્મ અને નવા નવા ખોળિયાં ધારણ કર્યા કરે છે.

આ વાતની સાબિતી એલેકઝાંડર કેનોને વશીકરણના પ્રયોગો કરીને આપી છે.

વળી પૂર્વભવોનું જેમને જાતિસ્મરણ થાય છે તે આત્માઓ ધડાધડ પૂર્વભવોની બધી વાત કરે છે. આ વાત પણ આત્માની નિત્યતાની ગવાહી પૂરે છે.

વળી ભાદરણના સ્વામી કૃષ્ણાનંદજી વગેરેએ પરલોક(દેવલોક)માં રહેલા આત્માઓ સાથે કલાકો સુધી વાર્તાલાપો કર્યા છે. (જુઓ મારું પુસ્તક-'વિજ્ઞાન અને ધર્મ') તેથી પણ આત્માની નિત્યતા સાબિત થાય છે.

અરે, એવા એક વાર્તાલાપમાં તો તે દેવાંત્માએ પોતાના પૂર્વના નારકના ભવનું ભયાનક વર્ણન પણ કર્યું છે. આથી તો નારકની દુનિયાની પણ સિદ્ધિ થાય છે. એ દેવ એક ભવમાં 'પીર' હતો એવું તેણે જણાવ્યું હતું ને તેની પૂર્વભવીય ઉર્દૂ ભાષામાં જ બધું બોલ્યો હતો.

**સંસ્કારોથી પૂર્વજન્મસિદ્ધિ :** કેનોને પૂર્વજન્મોના 'સંસ્કાર' અંગે વિગતથી વાતો કરી છે. તેણે કહ્યું છે કે, "વારંવાર 'રીપીટ' થતો વિચાર તે સંસ્કાર બની જાય છે. પાણીમાં સાકરની જેમ તે આત્માની અંદર એકરસ બની જાય છે. આ સંસ્કાર જન્મોજન્મમાં જાગ્રત થયા કરે છે અને તેની રૂએ જીવ સારાં-નરસાં કાર્યો કરે છે.

જૈન ધર્મમાં આ વાત પાયામાં જ શીખવાડાય છે. તે અંગેનાં કથાનકોમાં ચંડકૌશિક સાપનો ક્રોધનો સંસ્કાર ઉત્તરોત્તર કેવો વ્યાપક અને ઊંડો બનતો ગયો ? તે વાત વિસ્તારથી કરાય છે.

પેલી દિયરમાં આસક્ત બનેલી ભાભી ! દિયર સાધુ થઈ જતાં તેની આસક્તિનો સંસ્કાર દબાયો. તે જીવ પછીના ભવોમાં કૂતરી, વાંદરી, ભૂતડી થઈ. દરેક ભવે પેલા દિયર સાધુની તરફ દોડી; અને નિષ્ફળતા મળતાં તરફડીને મરી.

પૂર્વભવમાં સાપ હોવાના કારણે જેનામાં ભૂખનો સંસ્કાર ગાઢ બન્યો હતો તે સંસ્કાર કૂરગડુ મુનિ તરીકેના માનવભવમાં એકદમ જાગ્રત થયો. તે મુનિને સવારના પહોરમાં જ ખાવા જોઈતું હતું. સંવત્સરી પર્વમાંય તે તપ કરી શકતા નહિ.

સંસ્કારોનું જોર, તીર્થભૂમિમાં, મુનિવેશમાં, જપ કરતાં ય જોવા મળે છે તે જ બતાવે છે કે જીવને પૂર્વભવો હોવા જોઈએ. જ્યાં તેણે ખરાબ સંસ્કારો પાડ્યા હોય; જે હવે કેડો મૂકતા ન હોય.

જન્મેલા બાળકને માતાનું સ્તન્યપાન કોણ શીખવે છે ? કિશોરવય થતાંની સાથે કામવાસના કોણ જાગ્રત કરે છે ?

પિતાએ દીકરી ત્રૈલોક્યસુંદરીને જન્મથી જ પુરુષજાતથી સાવ વેગળી રાખી; તેવાં કામુક નિમિત્તોથી દૂર રાખી. ભોંયરામાં જ તેના જન્મથી સોળ વર્ષ રાખી તો ય તે અત્યન્ત કામુકી બની. આમાં પૂર્વભવના પડેલા સંસ્કારોના જાગરણ સિવાય બીજું કોણ કારણ છે ?

ગોશાલકે કરેલી ગુરુદ્રોહની પ્રવૃત્તિની પાછળ ઈશ્વર તરીકેના ભવમાં પડેલા ગુરુદ્રોહના સંસ્કારો કારણભૂત હતા.

ચંડકૌશિક સાપનો ક્રોધ પૂર્વના બે ભવના સંસ્કારોનું ફળ હતું.

દેવ-દેવીના ભવમાં જેણે તીવ્રતાથી કામ સેવ્યો હોય તે પછીના ભવમાં માનવ થઈને મુનિવેશ ધારણ કરે તો ય પેલો કામ-સંસ્કાર જાગ્રત થઈને તેને પછાડે.

કમઠ અને અગ્નિશર્માનો વૈરાનુબંધ ભવોભવ સુધી ચાલ્યો. રૂપસેન-સુનંદાનો કામાનુબંધ ભવોભવ દારુણ બનો રહ્યો.

જેનું નામનિશાન ન મળે; નિમિત્ત ન મળે છતાં જે જોવા મળે તેમાં પૂર્વભવના સંસ્કારો જ કામ કરતા હોય છે. આથી જ પૂર્વભવની સાબિતી થાય છે.

આ રીતે આત્માના પૂર્વજન્મો સાબિત થયા.

**ના. પ્રથમ જન્મ નથી.** : હવે સવાલ થાય કે આત્માના પૂર્વજન્મોમાં પ્રથમ જન્મ કયો ? દરેક જીવનો સૌથી પહેલો ભવ કયો ?

આનો જવાબ એ છે કે ત્રણ ચીજો એવી છે જેની કોઈ 'આદિ' (શરૂઆત) નથી: આત્મા, સૃષ્ટિ અને આત્મા-કર્મનો સંબંધ.

આત્મા પૂર્વે હતો; હતો; હતો. એની ઉત્પત્તિ નથી પછી તેનો પહેલો ભવ - પ્રથમ જન્મ ક્યાંથી મળે ?

સવાલ : "કેવળજ્ઞાનીઓને તો બધું જ્ઞાન હોય તો તેમને આત્માનો પહેલો ભવ જણાય કે નહિ ?"

અરે ભલા ! પહેલો ભવ હોય તો જરૂર તેમને જણાય. પણ પહેલો ભવ હોય જ નહિ તો શી રીતે જણાય ?

ગધેડાને શીંગડું હોય જ નહિ તો શું કેવલીને ગધેડાના માથે શીંગડું દેખાય ખરું ? જો ન દેખાય તો શું કેવલી ભગવંત, કેવલી મટી જાય ?

અરે ! જેને ગધેડાના માથે શીંગડું દેખાય એ તો મૂરખ કહેવાય. જે હોય જ નહિ તે શી રીતે દેખાય ?

બંગડીમાં આરંભનું સ્પોટ હોય જ નહિ તો શી રીતે દેખાય ?

દરેક વસ્તુનો આરંભ હોવો જ જોઈએ તેવો આગ્રહ રખાય નહિ.

જીવના ભવનો આરંભ (પ્રથમભવ) છે નહિ તો શી રીતે જણાય ?

આ અંગે વધુ વિસ્તારથી વિચારણા ઈશ્વરકર્તૃત્વવિચાર વખતે કરાશે. હાલ તો વાત એટલી જ છે કે દરેક જીવ અનાદિ છે અને અનંત છે. અર્થાત્ તેનો આરંભ (ઉત્પત્તિ) છે નહિ અને તેનો અંત (નાશ) પણ નથી.

જેમ બાપાનો આરંભ ન મળે. એટલે કે આપણા સૌથી પહેલા બાપા મળે નહિ. જેને તમે પહેલા બાપા કહેશો તો તરત સવાલ ઉઠાવાશે કે તે બાપાને શું પૂર્વે બાપા ન હતા ? બાપા વિનાના બાપા કોઈ હોય ? બા વિનાની બા કદી હોય ?

પણ એક વાત ખરી કે પહેલા બાપા ન મળે પરન્તુ છેલ્લા બાપા મળી શકે ખરા. જે બાપાના સંતાનોને કોઈ સંતાન ન થાય (તેમના વાંઝિયાપણાથી કે તેમના મરી જવાથી કે તેમણે દીક્ષા લેવાથી) તે સંતાનોના બાપા એ છેલ્લા બાપા બની જાય.

આ રીતે જીવના સંસારની આદિ ન જડે પણ જે જીવ મોક્ષ પામે

તે જીવના સંસારનો અન્ત આવી જાય ખરો.

આ વાત સમજવા માટે બી પહેલું કે વૃક્ષ પહેલું ? મરઘી પહેલી કે ઈંડુ પહેલું ? એ સવાલો પણ ઊભા કરી શકાય. આમાં ક્યાંય 'આદિ' જડે નહિ.

આમ જીવની આદિ હોતી નથી. હા...એ વાત ખરી કે જીવનું આદિ સ્થાન હોય છે ખરું. એ સ્થાનમાં દરેક જીવ અનાદિ કાળથી રહ્યો છે. ત્યાં તેણે અનંતાનંત ભવો કર્યા છે. એ સ્થાનનું નામ છે અવ્યવહારરાશિની સૂક્ષ્મ નિગોદ. (એક પ્રકારની વનસ્પતિ.) તીર્થંકરદેવ બનનારા જીવો પણ સૌ પ્રથમ આ સ્થાનમાં અનંતાનંત કાળ સુધી રહ્યા છે.

ટૂંકમાં એટલી વાત નક્કી થઈ કે જીવના અનંતા પૂર્વજન્મો છે; પણ પ્રથમ જન્મ નથી.

ભલે પ્રથમ જન્મ નથી; પરન્તુ અનંત જન્મોનું પ્રથમ સ્થાન છે ખરું.

ઘરના દરેક વડીલોએ પોતાના સંતાનોને ગળથુથીમાં આ ત્રણ 'અનાદિ' બરોબર સમજાવી દેવા જોઈએ.

**ત્રણ અનાદિ છે :**

જીવ અનાદિ છે.

સૃષ્ટિ અનાદિ છે.

જીવ-કર્મનો સંબંધ અનાદિ છે.

જીવને કે સૃષ્ટિને કોઈએ ઉત્પન્ન કરેલ નથી કે જેથી તેમની 'આદિ' માનવી પડે.

બેશક, જીવ સાથે સંયોગ પામેલાં તે તે કર્મોનો જીવથી વિયોગ થાય છે ખરો; પરન્તુ અન્ય કર્મો જીવંને ચોંટેલા હોવાથી કર્મનો પ્રવાહ તો જીવ સાથે સતત સંયુક્ત હોય જ છે. જ્યારે સર્વ કર્મોનો જીવથી વિયોગ થઈ જાય ત્યારે "જીવ મોક્ષ પામ્યો" એમ કહેવાય.

આમ આપણે બે વાત નક્કી કરી કે આત્મા સ્વતન્ત્ર તત્વ છે અને તે નિત્ય (અનાદિ અનંત) છે. અર્થાત્ આત્મા અનિત્ય એવા દેહસ્વરૂપ નથી. નાસ્તિક લોકો દેહને જ આત્મા માને છે. આમ કહીને તેઓ આત્માનું સ્વતન્ત્ર તત્ત્વ માનવાનો અને તેને નિત્ય માનવાનો ઇન્કાર કરે છે. તેઓ કહે છે કે, "પંચભૂતમાંથી આત્મા ઉત્પન્ન થયો છે અને પંચભૂતમાં વિલીન થઈ જાય છે. આગળ પાછળ પૂર્વજન્મ અને પુનર્જન્મ જેવું કશું નથી. પાણીમાંથી પરપોટો

ઉત્પન્ન થાય છે અને તે પરપોટો પાણીમાં જ વિલીન થઈ જાય છે.

નાસ્તિકો એ વાત જરૂર માને છે કે દરેક મનુષ્યે મરી જવાનું છે. પણ તેઓ આસ્તિકની જેમ એ વાત હરગિજ માનતા નથી કે એ મર્યા બાદ કર્મો પ્રમાણે ક્યાંક જન્મ લેવાનો છે. આસ્તિક, નાસ્તિક વચ્ચે આ પાયાનો ભેદ છે.

જે લોકો દેહને જ આત્મા માની લે છે તેઓ પુનર્જન્મને, પરલોકને, ત્યાં લઈ જતાં કર્મોને માનતા નથી. અરે ! તે બધાનાં મૂળમાં જે 'આત્મા' છે તેનો જ સ્વીકાર કરતા નથી. તેમનું કહેવું એ છે કે, "દેખાય તે જ માનવું. આત્મા, કર્મ, પુણ્ય, પાપ, સ્વર્ગ, મોક્ષ વગેરે આંખેથી દેખાતા નથી માટે તે બધાનું અસ્તિત્વ માનવું નહિ.

આ લોકો જે બોલે છે તે બીજી બાબતમાં પાળતાં નથી.

એમ તો ધરતી ફરતી ક્યાં દેખાય છે ?

દાદાના દાદાને કોણે દેખ્યા છે ? આકાશમાં પડેલા આકાશવાણીથી છૂટેલા શબ્દોના ઢેરના ઢેરને કોણે દેખ્યો છે ?

દૂધમાં ઘી, મગજમાં બુદ્ધિ, વાતો વાયુ કોણે દેખ્યો છે ? આમ છતાં આ બધું માનવું છે અને આત્મા વગેરેને માનવા નથી. આની પાછળ ખરું કારણ સાવ બીજું છે. આત્મા, પુણ્ય, પાપ, નરક વગેરે જો સ્વીકારાય તો ભોગો ભોગવવામાં મોટું નિયન્ત્રણ લાવી દેવું પડે. આ વાત ભોગના રસિયાઓને પરવડે તેમ નથી. એટલે જ તેઓ આત્મા વગેરેને, 'નથી દેખાતા' એ વાત આગળ કરીને ઇન્કારી દે છે.

ખેર... પોતાની સામે ત્રાટક કરીને છાપરે બેઠેલો બિલાડો; - ઉંદર આંખ મીંચી દે; અને પછી કહે કે, "બિલાડો દેખાતો નથી; માટે છે જ નહિ" તો કેટલો મૂર્ખ ગણાય ? શું બિલાડો ઉંદરનો શિકાર પળ બે પળમાં કર્યા વિના રહેશે ખરો ?

જ્ઞાનીઓ કહે છે કે એક વાર ધારી લો (તુષ્યતુ દુર્જનન્યાયેન) કે પરલોક, નરક વગેરે કશું નથી. તો ય સદાચારનું જીવન જીવવામાં નાસ્તિકોને વાંધો શું છે ? પરલોક માટે નહિ પણ આલોકમાં ય સદાચારો ખૂબ ઉપયોગી છે. એનાથી આરોગ્ય મળે; યશ વધે, સુખ વધે, સંતોષ રહે. આ કેટલા મોટા આલોકના જ લાભો છે ? હવે જો પરલોક હશે તો સદાચારી જીવન જીવનારાને પુણ્યબંધ થતાં તે ઉદયમાં આવતાં પરલોકમાં ય લીલાલહેર થવાની છે. આમ ઉભયલોક સુંદર બની જશે.

**૩. આત્મા દેહથી ભિન્ન છે.** :

આત્મા એ દેહથી અલગ વસ્તુ છે ! આ વાત ભારે કર્મી જીવ સ્વીકારવા માટે તૈયાર થતો નથી. આવું ભેદજ્ઞાન કરોડો ભવો પછી પણ થવું મુશ્કેલ છે. દેહ અને આત્મા એક જ વસ્તુ છે એવું બે વચ્ચેનું અભેદજ્ઞાન એ અવિવેક છે; એ જ સુલભ છે.

**દેહાધ્યાસ ખૂબ ભયંકર :** આ અભેદજ્ઞાનવાળો જીવ બહિરાત્મા કહેવાય. ભેદજ્ઞાનવાળો જીવ અન્તરાત્મા કહેવાય. અને આત્માને સાધના કરીને કર્મમુક્ત કરતો જીવ પરમાત્મા કહેવાય.

દેહને જ આત્મા માનનારા જીવો દેહનાં ભોગસુખોમાં પાગલ બની જાય. પાંચ ઇન્દ્રિયોના લાલનપાલનમાંથી કદી ઊંચા ન આવે. દેહને ખવડાવે, પીવડાવે, ઊંઘાડે, રમાડે.

વાસવદત્તા રાજનર્તકી હતી. તે દેહમાં પાગલ હતી. પણ છેવટે દેહના પાલન, પોષણના અતિરેકમાં તેને રક્તપિત્ત થયું. તેનું જીવન બરબાદ થઈ ગયું.

દેહનું સુખ દીર્ઘકાળ - સેંકડો વર્ષ-સુધી ભોગવવા માટે વડોદરાનરેશ તે જમાનામાં રોજ સવાસો રૂ.નું ઇંજેક્ષન લેતા હતા. પણ મુરાદ તો બર ન આવી કિન્તુ મરતી વખતે દેહમાંથી એટલી બધી ભયાનક દુર્ગંધ આવતી હતી કે મહારાણી ચિમનાબાઈ તેમની પથારી પાસે ઊભાં રહી શકતાં ન હતા.

બ્રિટનના ડલેસ - કે જેમણે ભારતીય લોકોને (હિન્દુ-મુસ્લિમોને) પરસ્પર લડાવી દઈને ખતમ કરી નાંખવાની ઝુંબેશ ઉપાડી હતી તેને કેન્સર થયું. તેણે ૧ લાખ ડૉલરનું ઇનામ જાહેર કર્યું. પણ કેન્સરને કોઈ મટાડી શક્યું નહિ. તે રિબાઈને મર્યો.

ગાલની ઉપર જુવાન વયમાં જ કરચલી પડેલી જોઈને રૂપસુંદરી મંનરો મેરોલીનને આઘાત લાગ્યો. તેણે આપઘાત કરી લીધો.

શારીરિક સુખશીલતામાં રગદોળાયેલા કંડરિકમુનિ, સુમંગલ આચાર્ય, મંગુ આચાર્ય, રાજા યયાતિ, અરણિક મુનિ વગેરે કેટલાય આત્માઓના જીવન બરબાદ થઈ ગયા.

જેમને દેહની વિનાશિતાનું ભાન થયું તે મહારાજા દશરથ અને ચક્રવર્તી સનત્ સંયમના માર્ગે ચાલ્યા. સુલસ ચેતી ગયો.

રમણ મહર્ષિ, રામકૃષ્ણ પરમહંસ વગેરેને આત્માથી દેહ ભિન્ન છે એ ભાન થવાથી કેન્સર જેવા રોગની જીવલેણ પીડા વચ્ચેય તેઓ હસતા હતા.

રમણે કહ્યું છે કે દેહ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન થવું એ જ આત્મસાક્ષાત્કાર છે.

જ્ઞાનીઓ કહે છે કે પહેલાં જગતના બિહામણા (દેખાવમાં જ સોહામણા) સ્વરૂપનો સાક્ષાત્કાર કરીને તમારા મગજમાંથી જગતને બહાર ફેંકી દો. આમ થશે તો જ ઈશ્વરમાં લીન બની જશો. ઈશ્વર-સાક્ષાત્કાર થશે. એ આયનો છે. એમાં તમને તમારી કાતિલ જાત દેખાશે. દોષોના કાળા ડીબાંગ ડાઘ દેખાશે. તમારો આત્મા ઇન્સાન કે મહાન નથી પણ શેતાન કે હેવાન છે એવું સ્પષ્ટ જણાશે. આનું નામ આત્મસાક્ષાત્કાર છે.

**ત્રણ ગુંજનો :** પૂર્વના કાળમાં ભારતીય પ્રજામાં જે મોટા પ્રમાણમાં સદાચારો જોરમાં હતા તેના કારણમાં ત્રણ વાતોનું ગુંજન હતું. (૧) પરલોકે ક્યાં જન્મ લેવો ? (૨) પરમાત્માની ભક્તિ. (૩) પરમપદનું લક્ષ.

બ્રાહ્મણ પંડિતોના ઘરે પાળેલા પોપટો પણ આત્માની ઉપર ચર્ચા કરતા હતા. પંડિત મંડનમિશ્રને મળવા આવેલા અન્ય પંડિતે ગ્રામજનોને પૂછ્યું કે, "પંડિત મંડનમિશ્રનું ઘર ક્યાં છે ?"

જવાબ મળ્યો કે જે ઘરની પરસાળમાં રહેલા પિંજરોના પોપટો અને વિદ્યાર્થીઓ આત્માની ચર્ચા કરતા હોય તે ઘરને તમારે મંડન મિશ્રનું ઘર સમજવું.

આ વાત જે શ્લોકમાં કરી છે તે આ પ્રમાણે છે :

स्वतः प्रमाणं, परतः प्रमाणं
किराङ्गना यत्र गिरो गिरन्ति ।
शिष्योपशिष्यैरुपगीयमानं
अवेहि तन्मण्डनमिश्रधाम ।

આત્મા, મોક્ષ, બ્રહ્માણ્ડ વગેરે વિષયો ઉપર્ જબરદસ્ત સેમીનારો રાજાઓ યોજતા. તેમાં વાદ ગોઠવતા; પ્રશ્નોત્તરી કરાવતા. મોટાં ઈનામો પણ આપતા.

એક વાર જનકરાજાએ હજાર પંડિત બ્રાહ્મણોને ભેગા કર્યા. વાદનું આયોજન કર્યું. જે વાદમાં ઉત્તમ દેખાવ કરે તેને એક હજાર હૃષ્ટપુષ્ટ ગાયો - જેમના શીંગડા સોનાથી મઢેલાં હોય; જેમની કાંધે બહુમૂલ્ય રેશમી કાપડ મુકાયું હોય તેવી - ભેટ આપવાની જાહેરાત કરી.

જુદા જુદા વિષયો ઉપર વાદ ચાલ્યો. કલાકો સુધી ભારે રમઝટ બોલાઈ. બ્રાહ્મણ શ્રેષ્ઠ તરીકે યાજ્ઞવલ્ક્ય જાહેર થતાં એક હજાર ગાયોની ભેટ રાજાએ જાહેર કરી.

યાજ્ઞવલ્કયે પોતાના શિષ્યોને જણાવ્યું કે તેઓ બધી ગાયોને ઘરભણી વાળી દે.

પણ તે જ ક્ષણે ગાર્ગી નામની એક પંડિતાએ "સબૂર !" કહીને ગાયોને વળાવાતી રોકી. તેણે કહ્યું કે, "યાજ્ઞવલ્ક્ય પંડિત વાદમાં મને જીતે પછી જ બ્રાહ્મણશ્રેષ્ઠ તરીકે જાહેર થાય.

વાદ ચાલ્યો. યાજ્ઞવલ્ક્ય જ દિગ્ગજ પંડિત તરીકે ઊપસવા લાગ્યા એટલે અકળાયેલી ગાર્ગીએ બ્રહ્માંડના એવા કૂટ પ્રશ્નો (માથુ ફોડવા માટે જ ફેંકાતા બમ્પર દડાઓ જેવા) પૂછવાનું શરૂ કર્યું. જેનો જવાબ સર્વજ્ઞપુરુષ સિવાય કોઈ આપી ન શકે.

યાજ્ઞવલ્કયના મનમાં ખ્યાલ આવી ગયો કે હારતી ગાર્ગી હવે ભૂંરાટી બની છે. હવે વાદ એ વાદ નથી રહ્યો; વિવાદ; અને કદાચ વિતંડા બન્યો છે. આ ખૂબ અનુચિત થતું હતું એટલે યાજ્ઞવલ્ક્ય ઋષિએ ગાર્ગીને કહ્યું, "ઓ ગાર્ગી ! બ્રહ્માંડના કૂટ પ્રશ્નો ન પૂછ, આનાથી તું જ મૂંઝાઈ જઈશ. તારું માથું ભ્રમિત થઈ જશે."

गार्गि । माऽतिप्राक्षीः मूर्धा ते व्यपद्येत ।

(આ આર્ષવાક્ય હોવાથી તેમાં વ્યાકરણના નિયમો જોવાય નહિ.)

ગાર્ગી એકદમ સમજી ગઈ. સાવ શાન્ત પડી ગઈ. પંડિતશ્રેષ્ઠની ક્ષમા માંગી. એક હજાર ગાયો પંડિતશ્રેષ્ઠને પ્રાપ્ત થઈ.

ભારતીય પ્રજા અર્થ અને કામ અંગેના પુરુષાર્થમાં સ્વાવલંબી હતી. સંતુષ્ટ હતી. આથી તે તત્ત્વચર્ચા કરતી હતી. અરે ! મુસ્લિમ બાદશાહ અકબર પણ રાજસભામાં હિન્દુ પંડિતોની સાથે તત્ત્વચર્ચા કરવાનો સમય ફાળવતો. સૂરદાસ વગેરેના ભજનોની પંક્તિઓ ઉપર મોટી ચર્ચા છેડતો. તેમાં તેને અતિશય આનંદ થતો.

આ દેશની પ્રજા પોતાના આત્માનું કેમ કલ્યાણ (શ્રેય) થાય ? તેની ચિંતા કરતી, પર-આત્માઓને પ્રેમ કરતી (પ્રેય) અને પરમાત્માનું ધ્યાન કરતી. (ધ્યેય).

શ્રેય, પ્રેય અને ધ્યેય એટલે 'હું'નું શ્રેય કરવાનું, 'તું'ને પ્રેય ગણવાનો અને 'તે'ને 'ધ્યેય' બનાવવાનો.

આમ થાય એટલે 'હું'નો અહંકાર જાય; 'તું' પ્રત્યેનો ધિક્કાર જાય અને 'તે' પ્રત્યે ખૂબ સત્કાર જાગે. આ રીતે માનવજીવન ધન્ય બની જાય.

આ ત્રણેય વાતોના ગુંજન ખતમ થવા લાગ્યા છે. ખાસ કરીને શ્રીમંતોમાંથી; શિક્ષિતો(બુદ્ધિજીવીઓ)માંથી અને શહેરીઓમાંથી. (પુષ્કળ કુસંગના અને કુનિમિત્તોના ઘેરાવાના કારણે.)

**આત્માનાં બે સ્વરૂપ જીવ અને શિવ :**

કર્મથી યુક્ત આત્મા જીવ કહેવાય. કર્મથી મુક્ત આત્મા શિવ કહેવાય.

જીવ એ આત્માનું નકલી સ્વરૂપ છે. શિવ એ આત્માનું અસલી સ્વરૂપ છે. અસલમાં આત્મા શિવ છે. એટલે કે કર્મ; રાગદ્વેષાદિ દોષોથી મુક્ત છે. તે અજર, અમર છે. અજન્મા છે. તે અચ્છેદ્ય, અદાહ્ય, અભેદ્ય છે. તે સચ્ચિદાનંદ સ્વરૂપ છે.

પણ તેનામાં રાગદ્વેષની પરિણતિઓ ઉત્પન્ન થયા કરતી હોવાથી તે શિવસ્વરૂપ ગુમાવીને જીવના નકલી સ્વરૂપમાં આવ્યો છે. તેથી તેનો પૂર્વોક્ત અસલી સ્વભાવ દબાઈ ગયો છે. હવે તે રાગી, દ્વેષી, મોહી, જન્મ લેનારો, ઘરડો થનારો, મરણ પામનારો બન્યો છે. આ તેનું નકલી સ્વરૂપ એ તેનું જીવ સ્વરૂપ છે. અનાદિકાળથી તે આવું નકલી સ્વરૂપ ધારણ કરીને રહેલો હોવાથી વ્યવહારમાં આ જ તેનું અસલી સ્વરૂપ બની ગયું છે.

જ્ઞાનીઓએ બે પ્રકારના સામાન્ય કહ્યા છે. ઊર્ધ્વતાસામાન્ય અને તિર્યક્ સામાન્ય.

ઊર્ધ્વતા સામાન્યથી ઊર્ધ્વમાં રહેલા અનંતા શિવ (સિદ્ધ ભગવંતો) સાથે શિવસ્વરૂપે આપણો આત્મા અભેદસ્વરૂપ છે. જ્યારે તિર્યક્ સામાન્યથી આપણી તીરછા - ચારે બાજુ - રહેલા કર્મયુક્ત જીવોની સાથે આપણું જે જીવ સ્વરૂપ છે તેનો અભેદ સાધવાનો છે.

આમ સર્વ જીવો (સર્વ જીવ અને સર્વ શિવ) સાથે આપણા આત્માનો અભેદ સાધી શકાય.

"હું શિવ છું. હું જીવ છું."

હું શિવ છું शिवोऽहं शिवोऽहं એવું ધ્યાન ધરવાથી આત્માના વિશુદ્ધ સ્વરૂપની ખુમારી પ્રગટે છે. એ ખુમારીનો લાભ એ મળે કે આત્મા કોઈ ખોટું કામ કરવા હરગિજ તૈયાર ન થાય.

અબજપતિના દીકરાને ધૂળિયા છોકરાં સાથે રમતો જોઈને મા તેને ત્યાંથી ઉઠાવી લઈને ખખડાવતી કહે છે, "તને ખબર છે કે તું કોણ છે? તું આ છોકરા જેવો ભિખારી નથી, તું તો અબજપતિ છે. તારાથી આ લોકોની સાથે ધૂળમાં રમાય જ નહિ, એમની સાથે દોસ્તી કરાય જ નહિ."

પોતાને શિવસ્વરૂપ જોતો આત્મા આવો જ વિચાર કરે કે, "હું શિવ છું. મારાથી રાગાદિ દોષોનું સેવન થાય નહિ. મોહરાજની ગુલામી કરાય

નહિ. હું તો ખૂબ મહાન છું. ભગવાન છું.''

આનંદઘનજી મહારાજ આવા પોતાના શિવસ્વરૂપનું ધ્યાન ધરીને ભારે ખુમારીમાં આવતા. તે કહેતા કે, ''મારી આ ખુમારીનો પારો ક્યારે ય નીચો ઊતરતો નથી.''

ઊતરે ન કબહુ ખુમારી.

તે પોતાને શિવસ્વરૂપ કલ્પીને પોતાને જ નમસ્કાર કરતા.

અહો, અહો, 'હું મને નમું, મને નમું'

સમાધિયુક્ત અવસ્થાના પોતાના ફોટાને રામકૃષ્ણ વારંવાર નમસ્કાર કરતા અને ભક્તોને કહેતા કે, ''ફોટામાં રહેલા શિવને હું જીવ નમસ્કાર કરું છું.''

જનકવિદેહી આ જ ભાવથી પોતાના દેહને નમસ્કાર કરતા.

ભલા, ખુમારીની તો વાત જ જુદી છે. ખુમારીઓ જાતજાતની હોય છે.

વિદ્વત્તાની ખુમારી, ખાનદાનીની ખુમારી, આબરૂદારની ખુમારી, સતીત્વની ખુમારી, શુદ્ધિની ખુમારી, ખુરશીની ખુમારી, સંપત્તિની ખુમારી, આરોગ્યની ખુમારી વગેરે...

તેમાં ટોચ કક્ષાની અને શ્રેષ્ઠ પ્રકારની ખુમારી તે પોતાના શિવસ્વરૂપની ખુમારી છે. આ ખુમારીની રાઈ જેના મગજમાં ભરાય તે આત્મા પાપ કરી શકે નહિ. એ કહેતો ફરે, ''પાપ મારા સ્વભાવમાં નથી. પાપ હું કરી શકું નહિ.

આવા આત્માઓ ''શાસ્ત્રોએ પાપ કરવાની ના પાડી છે. પાપના વિપાકો બહુ ભયંકર હોય છે, પાપ કરીએ તો પકડાઈ જતાં આબરૂ જાય માટે પાપ ન કરાય.'' - એવું કદી વિચારતા નથી. તેમની એક જ વાત હોય છે. પાપ કરવું એ અમારા સ્વભાવમાં જ નથી.

હવે આપણે વિશેષ ઊંડાણમાં જઈએ. આત્માનું જે શિવસ્વરૂપ છે એ આપણે સ્વાત્મામાં વિચારવું. અને જે જીવસ્વરૂપ છે તે પરાત્માઓમાં વિચારવું. તે આ રીતે : કોઈ બીજો આત્મા કાંઈ પણ ભૂલ કરી બેસે તો એમ વિચારવું કે અંતે તો એ જીવ છે; કર્મથી યુક્ત છે. કર્મની તમાચ પડે તો ભૂલ કરી બેસે એમાં કાંઈ વાંધો નહિ. હું પણ કર્મયુક્ત જીવ જ છું ને ? અમે બે ય સરખા છીએ. કાચના ઘરમાં રહેલો હું શી રીતે ઓલા- કાચના ઘરમાં રહેલા જીવને પથ્થર મારું ? અમે બન્ને સમાન છીએ. બન્ને ભૂલો કરનારા છીએ પછી એની ભૂલો ઉપર મારાથી ઠપકો શી રીતે દેવાય ? આ છે વ્યવહારનયની દૃષ્ટિ. પણ બીજાની ભૂલોને આ રીતે ક્ષમા આપનારા આપણે, આપણી ભૂલોને ક્ષમા આપવી ન જોઈએ. આપણે પોતાના શિવ સ્વરૂપનો

વિચાર કરવો. તે આ રીતે :

હું શિવ છું, મારાથી ભૂલ કરાય જ નહિ. મારું જીવન ભગવાન જેવું જ પવિત્ર હોય : સાવ નિર્દોષ હોય.

આ નિશ્ચયનયની દૃષ્ટિ છે.ટૂંકમાં પોતાની જાત ઉપર નિશ્ચયનય લગાડવો. બીજાની ઉપર વ્યવહારનય લગાડવો.

વેદાંતમાં આ જગતને સ્વપ્નોપમ કહ્યું છે. આવું જીવન સ્વપ્નતુલ્ય છે. જે કાંઈ ઘટનાઓ જીવનમાં બને છે તે બધી સ્વપ્નમાં બનતી જતી ઘટના છે. આવું જગત મિથ્યા છે. સ્વપ્નમાં ખાધેલી સુખડી જેટલું જ મિથ્યા છે.

બધું બોગસ છે.

બધું સ્વપ્ન છે.

બધું નાટક ચાલે છે.

નાટકમાં રાજાનો વેશ પહેરીને વટ મારતો નટ ! નાટક પૂરું થયું કે રાજા મરી ગયો ! વટ પતી ગયો. કદાચ પ્રેક્ષકોએ પીધેલી બીડીના ઠૂંઠા સળગાવીને મવાલીના રૂપમાં બેઠો બેઠો પીતો હોય.

સ્વપ્નાનો અને નાટકનો રાજા ! બે ય બોગસ.

આપણું સમગ્ર જીવન સ્વપ્નની સિરિયલ છે. નાટકનો સ્વાંગ છે. આંખ ઊઘડતા રાત્રિનું સ્વપ્ન વિખરાઈ જાય છે.

આંખ મિંચાતા જીવન-સ્વપ્ન વિલાઈ જાય છે.

રંગમંચ ઉપર રાજાપાઠમાં રહેલો નટ પૂરેપૂરો સભાન છે કે તે અસલમાં રાજા નથી. તે નાટક કંપનીનો પાંચસો રૂપિયાનો પગારદાર નોકરથી વધારે કાંઈ નથી.

આવી સભાનતા જીવને હોવી જોઈએ. બધાં પ્રકારના રાજાપાઠ, બાપાપાઠ, શેઠપાઠ, શ્રીમંતપાઠમાં તેને એ વાતની પાકી સભાનતા રહેવી જોઈએ કે તે કર્મરાજાનો ગુલામ છે. તેની મહેરબાનીમાં જ આ જીવરૂપી ગધેડો પહેલવાન છે. તેની આંખના ખૂણિયામાં જો ક્રોધની લાલાશ આવી તો આ ગધેડો બોસની ગોળીઓની બોછારમાં વીંધાઈ જતો શેખ મુજીબુર રહેમાન છે.

દરેક આત્માએ પોતઃના જીવસ્વરૂપનું અને તેની કર્મરાજની ગુલામીનું ભાન સતત કરવું. ના..તે શિવસ્વરૂપ હોવા છતાં તે ન વિચારવું. કેમકે તેનાથી મિથ્યાભિમાન જાગવાની પૂરી શક્યતા છે. મહાપાપી જીવ પોતાને સચ્ચિદાનંદસ્વરૂપ કહે તે બરોબર નથી.

શેતાન પોતાને ભગવાન તરીકે જુએ તે બરોબર નથી.

મહાસાત્ત્વિક આત્માઓ પોતાને પૂર્ણસ્વરૂપે નિહાળે તે વાત બરોબર છે. આપણા જેવા નબળા આત્માઓએ પોતાને શૂન્યસ્વરૂપે જ નીહાળવા જોઈએ.

જ્યારે પોતાનું જીવન ઘણા બધા દોષોથી ખદબદી રહેલું દેખાય છે ત્યારે પોતાને પૂર્ણ(શિવ)સ્વરૂપે જોવું એ જરા ય બરાબર નથી. આમાં તો દંભ અને અહંકાર વકરી જશે. આ વાત રમણ મહર્ષિએ પણ કરીને લાલબત્તી ધરી છે.

જ્યારે હું (જીવ) 'શૂન્ય' જ છું તો શા માટે 'પૂર્ણ'નું ધ્યાન ધરવું ? જ્યારે હું 'ઝીરો' જ છું ત્યારે શા માટે જાતને 'હીરો' માનવી ?

શિવસ્વરૂપનું ધ્યાન કાચા પારા જેવું છે. જેને પચે તે જ તે ધ્યાન કરે.

ના...शिवोऽहं शिवोऽहं ન કરો

जीवोऽहं जीवोऽहं કરો

બોલો, અધમાધમ અધિકો પતિત, મુજ સમ અવર ન કોઈ...

"બોલો, મુજ સરીખા મેવાસીને પ્રભુ! જો તું તારે

તારક તો જાણું ખરો, જૂઠું બિરુદ શું ધારે ?"

બોલો, "મને બચાવો, બચાવો.. દોષોના હુમલાઓથી હું બરબાદ થઈ ગયો છું."

આપણા જીવસ્વરૂપના કામ, ક્રોધાદિ દોષો આપણે ધારીએ છીએ તેવા મામૂલી નથી.. તે ખૂબ વિરાટ છે, ભયાનક છે, તેમને અણુ જેટલા માનવાની ભૂલ ન કરો કેમકે તે મેરુ જેટલા છે.

હાથી પોતાનું મોં તળાવના સ્થિર પાણીમાં પ્રતિબિંબિત થયેલું જોઈને ગભરાઈ જાય છે. આપણો ભૂતકાળ એટલો બધો બિહામણો હશે કે તે તરફ જોતાં ચીસ નીકળી જાય.

ભૂતકાળરૂપી કબાટમાં કેટલા ય ભયંકર દોષોના હાડપિંજરો ભરેલા પડ્યા છે !

યુધિષ્ઠિરે અંતિમ દિવસોમાં પોતાના દ્વારા થયેલી સત્તાભૂખ, યુદ્ધસંહાર વગેરે ભૂલો ઉપર અઘોર પશ્ચાત્તાપ કર્યો હતો.

લક્ષ્મણ પ્રત્યેના સ્નેહરાગને કાતિલ સ્વરૂપે જોઈને રામ (તદ્‌ભવમોક્ષગામી) પોતાને અભવી માનતા હતા.

બહુ મોટા ધર્માત્મા વસ્તુપાળે અંતસમયમાં કહ્યું હતું કે, "હું જિન-ધર્મને પામીને ય માનવભવ હારી ગયો છું."

જીવસ્વરૂપે પોતાની જાતની અધમતાઓ જોવી અને એ રીતે દોષોને ધિક્કારીને ઉચ્ચ કક્ષા પ્રાપ્ત કરવી. આટલું થાય પછી પોતાના શિવસ્વરૂપનું ધ્યાન કરવું.

કેમકે અંતે તો આ ધ્યાન જ સ્વ-પર સર્વનું કલ્યાણકારી છે. આ સિવાય જાતના દોષો અને જગતનાં દુઃખો દૂર થાય તેમ નથી.

અરિહંત પરમાત્માની સાથે - પોતાને 'અરિહંત' સ્વરૂપે જોઈને અભેદપ્રણિધાન થાય ત્યારે જ સમયે સમયે અનંત દોષોનું દહન થાય અને અઢળક પુણ્યનો બંધ થાય. આવા પુણ્યબંધથી જ દેવોનું આ ધરતી ઉપર અવતરણ થાય.

ભારતીય પ્રજાની જીવાદોરી સમી જે મોક્ષલક્ષી ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિ છે અને જે જૈન ધર્મ, જૈન સંઘ છે તે બધા હાલ ભયમાં છે. તેમની ઉપર પશ્ચિમની જીવનશૈલીનો ઝંઝાવાત ત્રાટક્યો છે.

આના કરતાં ય વિશેષ વાત તો એ છે કે સમ્યગ્દૃષ્ટિ દેવોનું આગમન તેમની ઈચ્છા હોવા છતાં - મલિન દેવોના પ્રચંડ સંખ્યાબળને લીધે -સ્થગિત થયું છે. જ્યાં પાંચ મકાર (મદ્ય, માનુની, માછલી, મુદ્રા અને માંસ)નો ઉપભોગ વધુ હોય ત્યાં તેઓ તુષ્ટ હોય; ત્યાં તેમના દ્વારા સમૃદ્ધિની રેલમછેલ (જુઓ, યુરોપના અને મધ્યપૂર્વના દેશો) હોય. ધર્મનિષ્ઠ ભારતીય પ્રજા ઉપર તેઓ ખફા હોય. એમની ઉપર સમ્યગ્દૃષ્ટિ દેવો તુષ્ટ થાય પણ તેઓ ધરતી ઉપર અવતરણ કરી જ ન શકે. તે રીતે સમસ્ત ગગન મલિન દેવ-દેવતાઓથી ખીચોખીચ ભરેલું છે.

આ ગગનમાં જો ક્યાંય ગાબડું પડાય તો તેમાંથી નીકળીને સમ્યગ્દૃષ્ટિ દેવો ધરતી ઉપર આવી શકે.

આવું ગાબડું પાડવાની શક્તિ પરમાત્મ-તત્ત્વ (શિવ) સાથેના અભેદ પ્રણિધાનમાં છે. પોતામાં જ પરમાત્મા છે. પોતે જ પરમાત્મા છે, એટલે પોતામાં જ ભાવ અરિહંત સમજીને તેમાં ઉપયોગ મૂકીને- સ્વયં આગમથી ભાવ અરિહંત બનવું જોઈએ. આવા અભેદ પ્રણિધાનની પાપકર્મક્ષયમાં અને પુણ્યકર્મના બંધમાં અચિન્ત્ય શક્તિ છે. આના વિના દૈવી તત્ત્વોનું અવતરણ શક્ય નથી. એ વિના તીર્થરક્ષા વગેરે વિકટ પ્રશ્નોના ઉકેલ લગભગ અસંભવિત છે.

હેમચન્દ્રસૂરિજી મ.સાહેબ, માનદેવસૂરિજી મ.સાહેબ વગેરેને દેવોનું

સાન્નિધ્ય હતું. તેથી જ તેઓ ધર્મરક્ષાના કાર્યો કરી શક્યા હતા. આજે આ વાતની ઊણપથી જૈન સંઘને પુષ્કળ મુસીબતો પડવા લાગી છે. (આ કાર્ય યતિ-સંસ્થા કરતી, સરસ પરિણામો લાવતી... આજે એ સંસ્થા મૃતપ્રાયઃ સ્થિતિમાં છે.) મને તો જૈન સંઘની સંપત્તિનું ભાવિ અંધકારમય જણાય છે.

તપથી કર્મક્ષય થાય. ભક્તિથી દોષક્ષય થાય. પણ અરિહંતનું પ્રણિધાન તો સહુના મૂળમાં જે છે તે કુસંસ્કારોનો મૂળથી ક્ષય કરી નાંખે.

એક વાત ધ્યાનમાં રાખવી કે અસલી સ્વરૂપ(શિવસ્વરૂપ)નું ધ્યાન ધરતાં પહેલાં પોતાના જીવસ્વરૂપ(કર્મયુક્તતા)નું ચિંતન કરવું. અને તે પ્રમાણે પહેલાં જીવન વ્યવસ્થિત કરવું. આ વ્યવહારનયની સ્થિતિ છે. તેમાં નિષ્ણાત બન્યા વિના શિવસ્વરૂપના ધ્યાનની શુદ્ધનિશ્ચયનયની દૃષ્ટિનું જીવન જીવવામાં ઘણું જોખમ છે. જ્ઞાનીઓ કહે છે કે, "પહેલાં વ્યવહાર-નિષ્ણાત બનવું. પછી જ નિશ્ચયનયમાં જવું. જો તેમ ન કરો તો તળાવને તરવામાં અસમર્થ માણસ સાગરને તરવા જવાનું જીવલેણ દુઃસાહસ કરનારો કહેવાય.

(१) व्यवहारं विनिश्चित्य, ततः शुद्धनयाश्रितः ।

(२) कासारतरणाशक्तः सागरं सः तितीर्षति ॥

મારી સહુ સાધકોને સલાહ છે કે, "તમે આ બન્ને નયમાં ક્રમશઃ નિષ્ણાત બનો. માત્ર વ્યવહારનયમાં અટકી ન પડો, કેમકે શિવસ્વરૂપના ધ્યાનથી પ્રચંડ પુણ્યવૃદ્ધિની આ કાળમાં ખૂબ જરૂર છે.

જો ભવાયો નકલી સિંહ કે નકલી સતીનું રૂપ પણ 'અસલી' જેવું ભજવી શકે અને પૂંછડું મરડનાર રાજકુંવરને ઊભો ને ઊભો ચીરી નાંખે કે સતીના સ્વાંગમાં સાચેસાચ સળગી મરે તો અસલમાં જે આપણો આત્મા શિવસ્વરૂપ છે તેનું ધ્યાન શા માટે ન ધરવું ? તે દ્વારા શા માટે આત્મશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ હાંસલ ન કરવી ?

જો શ્રમણસંસ્થા 'ધૂમધામે, ધમાધમ ચલી' - ન્યાયનો ત્યાગ કરીને જ્ઞાન અને ધ્યાન તરફ વિશેષ વળે તો જૈન ધર્મનું ભાવિ સૂર્યની જેમ ચમકતું થઈ જાય. અંધકારમય બનવાની કલ્પનાના ચૂરેચૂરા થઈ જાય.

જૈન તત્ત્વજ્ઞાનના જે છ સ્થાનો છે તેમાંનાં પહેલા બે - આત્મા સ્વતંત્ર તત્ત્વ છે અને તે નિત્ય છે - આપણે વિચાર્યા.

હવે ત્રીજું અને ચોથું સ્થાન - આત્મા કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે - તે વિચારીએ.

**આત્મા**
**(૩) કર્મનો કર્તા છે.**
**(૪) કર્મનો ભોક્તા છે.**

## [૩]
## જીવ કર્મનો કર્તા છે.

આકાશમાં સર્વત્ર, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ રજકણો ઠાંસી-ઠાંસીને ભરેલી છે. આ વિવિધ રજકણોનાં જથ્થાઓને વર્ગણા કહેવાય છે. કુલ ત્રેવીસ વર્ગણા છે. દરેક વર્ગણાના રજકણોના જે સ્કંધો બને છે તે ઉત્તરોત્તર વધુ ને વધુ સૂક્ષ્મ હોય છે. આમાં જે સોળમી વર્ગણા છે તેનું નામ કાર્મણ વર્ગણા છે. આ વર્ગણાના સ્કંધો અને તેની સૂક્ષ્મ અને જડ રજકણો એ 'કર્મ' બનવા માટેનો કાચો માલ કહેવાય. આ વર્ગણાનો જે કાચો માલ છે. તેમાંથી પાકા માલરૂપે કર્મ જ બને છે. કપાસના કાચા માલમાંથી કાપડ બને છે તેમ આપણે માત્ર સોળમા નંબરની કાર્મણ વર્ગણાને જ નજરમાં લેવાની છે.

જ્યારે પણ જીવ રાગ-દ્વેષાદિના અધ્યવસાયો સેવે છે ત્યારે તે કાર્મણ વર્ગણાના સ્કંધો ચોંટે છે.

લોહચુંબકમાં રહેલું ચુંબકીયત્વ જે રીતે લોખંડને ખેંચે છે તેવું આત્મામાં પડેલું રાગાદિની પરિણતિનું ચુંબકીયત્વ તે સ્કંધોને ખેંચે છે. અર્થાત્ તે સ્કંધો આત્માને ચોંટી જાય છે. આ રીતે ચોંટેલા સ્કંધોને 'કર્મ' એવું નામ આપવામાં આવે છે. (રાગાદિ પરિણતિનો સર્વથા નાશ કરીને વીતરાગ બનેલા આત્માઓને પણ મન-વચન-કાયાના શુભયોગથી કાર્મણ સ્કંધો ચોંટે છે. તે કર્મનું નામ માત્ર શાતાવેદનીય હોય છે.)

'કર્મ' તૈયાર થવામાં ચાર કારણો હોય છે. મિથ્યાત્વ, અવિરતિ, કષાય (પ્રશસ્ત અને અપ્રશસ્ત), યોગ (શુભ અને અશુભ).

જો આ ચારને આત્મારૂપી તળાવમાં કર્મોનો પ્રવેશ કરવા દેવાના બાકોરા ગણીએ તો આ ચાર ઉત્તરોત્તર નાનાં નાનાં થતાં જતાં બાકોરા છે. મિથ્યાત્વથી સૌથી વધુ કર્મબંધ આત્મા કરે છે.

જે કર્મ બને છે તે સ્કંધોને દ્રવ્યકર્મ કહેવાય છે. જેના કારણે તે સ્કંધો જીવને ચોંટે છે તે રાગાદિ પરિણતિઓને ભાવકર્મ કહેવાય છે.

આત્માના અસંખ્ય પ્રદેશો છે. તેમાં આઠ રૂચક પ્રદેશ (મનુષ્યના દેહમાં

નાભિના સ્થાને તે આવેલાં છે.) સર્વદા શુદ્ધ હોય છે. તેને કદી કર્મ ચોંટતું નથી. આ સિવાયના તમામ (અસંખ્ય) પ્રદેશો ઉપર અનન્તી કાર્મણ વર્ગણાઓ ચોંટેલી હોય છે.

કર્મનો (કાર્મણ વર્ગણાના સ્કંધોનો) સ્વભાવ આત્માને ચોંટવાનો છે. તો આત્માનો સ્વભાવ તેને ખેંચવાનો છે. જેમ જેમ આત્માનો સ્વભાવ મંદ પડતો જાય તેમ તેમ કર્મોને ખેંચવવાનું ઘટતું જાય.

આત્મા મિથ્યાત્વને ત્યાગે એટલે ઘણો બધો કર્મબંધ ઘટી જાય. પછી અવિરતિ ત્યાગે એટલે કર્મબંધમાં ઔર વધુ ઘટાડો થાય. આમ ઉત્તરોત્તર સમજવું.

જે કર્મ બંધાય છે તે બંધના ચાર પ્રકાર છે. પ્રકૃતિબંધ સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ.

આત્માને મનાદિના યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય. કષાયથી સ્થિતિબંધ અને રસબંધ થાય.

કર્મ ચોંટે કે તરત તેની પ્રકૃતિ નક્કી થાય. તેની આત્મા ઉપર ટકવાની સ્થિતિ નક્કી થાય. રસ અને પ્રદેશ પણ નક્કી થાય.

દા.ત. કોઈ માણસને આખી રાત માંકડ કરડ્યા. સવારે ભાગતા માંકડને તેણે જોયો. એટલો બધો ક્રોધ આવ્યો કે તેણે તે માંકડને પીસી નાંખીને મારી નાંખ્યો.

હવે આ વખતે જે કર્મબંધ થયો તે કર્મબંધને ધારો કે જીવંતતા મળી. આપણે તેને પૂછીએ કે જીવને ચોંટીને તું કઈ પ્રકૃતિ વગેરે બનેલ છે ? તે જવાબ આપે છે કે બીજાને હણતી વખતે હું ચોટ્યું છું માટે મારી પ્રકૃતિ (સ્વભાવ) અશાતાવેદનીય બની છે. જ્યારે મારો ઉદયકાળ આવશે ત્યારે આ આત્માને હું કેન્સરની ગાંઠ આપીને અશાતા આપીશ. એવો નિયમ છે કે તમે જે આપો તે પામો. મોત આપીને મોત પામો, સુખ દઈને સુખ પામો.

"હવે મારી સ્થિતિબંધની વાત કરું. અમુક સમય સુધી હું આ જીવને કશું નહિ કરું. કોઈ અશાતા નહિ આપું. પણ એ સમય પૂરો થયા બાદ હું તેને રાડ પડાવી દઈશ. આમ મારી સ્થિતિના બે વિભાગ પડશે. પહેલો વિભાગ તે અબાધાકાળ અને બીજો વિભાગ તે વિપાકકાળ (શાન્તિ કાળ અને પરચો દેખાડવાનો કાળ). ધારો કે મારો સ્થિતિબંધ વીસ વર્ષનો છે તો તેમાંના આઠ વર્ષ મારો અબાધાકાળ રહેશે. અને બાર વર્ષ વિપાકકાળ બનશે. હા, આઠ વર્ષમાં તે આત્મા પોતાનું વર્તમાન ખોળિયું ત્યાગવા રૂપે મૃત્યુ પામશે

તો હું તેના પછીના ભવમાં મારો પ્રભાવ બતાડીશ. ત્યાં તેને બાર વર્ષ સુધી રાડારાડ કરાવી દઈશ. અમે કર્મ એટલે ટાઈમ - બૉમ્બ. અમારો જે આપોઆપ નક્કી થયેલો સમય હોય તે જ સમયે અમે ફૂટીએ : અમારો પ્રભાવ બતાડીએ.

## અબાધાકાળ

હવે એક આશ્વાસનરૂપ વાત કરું કે જો જીવ અબાધાકાળ દરમ્યાન ધર્મ કરવા સ્વરૂપ પ્રતિક્રિયા કરે તો અમારામાં જાતજાતના ફેરફારો થઈ જાય ખરા. અમે પાપકર્મરૂપે  હોઈએ તો પુણ્યકર્મરૂપ બની જઈએ. (સંક્રમકરણ) અમારી સ્થિતિ ઓછીવત્તી થઈ શકે; એમ અમારામાં પડેલો રસ પણ ઓછોવત્તો થઈ શકે. અરે ! અમે સાવ ઊખડી જઈને .(ક્ષય) પાછા આકાશમાં ચાલી જઈએ. જો એમ થાય તો 'અશાતા' દેવાની વાત કાયમ માટે બંધ થઈ જાય.

બાંધેલાં પાપકર્મોનો ક્ષય ધર્મ કરવાથી થાય અને બાધેલાં પુણ્યકર્મોનો ક્ષય પાપો કરવાથી થાય; તેમ થતાં તેમનાં ફળો મળવાનું રદ થાય.

અબાધાકાળ એ ગોલ્ડન પિરિયડ છે. તેમાં બગડેલી બાજીને સુધારવાની અવ્વલ શક્તિ છે. આખું ને આખું કર્મ (સંક્રમણકરણ દ્વારા) ઊંધું થઈ જાય. શાતા એ અશાતા બની જાય; અશાતા એ શાતા બની જાય; એ કેટલી જબરી વાત કહેવાય?' એમ ન થાય તો અશાતાની જે તીવ્રતા (રસ) હોય તે તૂટી જાય : કેન્સર કરનાર કર્મ મેલેરિયા લાવીને પતાવટ કરે એ ય કેટલી જબરી વાત છે !

આ ભવમાં અને પૂર્વભવોમાં હિસાબ વિનાની ભૂલો કરીને જે અશુભ કર્મો બાંધ્યા તેમને અબાધાકાળના સમયમાં સાનુકૂળ રીતે ઊંધાં ચત્તા કરી દઈને બાજીને સુલટાવી નાંખવાની વાત ખરેખર અદ્‌ભુત છે.

સંસાર ત્યાગીને સાધુ થવાનું કારણ આ જ છે કે જેટલા અશુભ કર્મો છે તેમના અબાધાકાળમાં તેમને મૃતપ્રાયઃ કરી દેવા. તેના કટુ ફળો ભોગવવામાંથી મુક્તિ મેળવી લેવી.

જો કટુફળ સ્વરૂપે ત્રાટકનારાં દુઃખો જરાક પણ સહન થઈ શકે તેવાં નથી તો તે દુઃખોનાં વાવાઝોડાં લાવનારાં કર્મો તેમના અબાધાકાળમાં હતપ્રભ શા માટે ન કરી દેવા ?

જ્યાં સુધી જે તે કર્મ ઉદયમાં (વિપાકકાળમાં) આવે નહિ ત્યાં સુધી તે કર્મને તપ વગેરેના શૌર્યથી ખતમ જ કરી નાંખવું જોઈએ. ઉદયમાં આવી ગયેલા કર્મોને સમાધિથી ભોગવી લેવું જ પડે. તે વખતે અસમાધિ (આર્ત્તધ્યાનાદિ)

થાય તો વળી નવા ચીકણા કર્મો બંધાય. ટૂંકમાં અનુદયવાળા કર્મોને શૌર્યથી ખતમ કરો; ઉદયગત કર્મોને સમાધિથી સહન કરો. પરમાત્મા મહાવીરદેવે પચ્ચીસમા ભવમાં લાખથી વધુ વર્ષ સુધી માસખમણને પારણે માસખમણના તપનું પ્રચંડ શૌર્ય ધારણ કરીને ચિક્કાર કર્મોનો ખાત્મો બોલાવ્યો હતો.

મગધપતિ શ્રેણિકે કારાવાસમાં પડેલા કાતિલ દુઃખોને સમાધિથી સહન કર્યાં હતાં.

ફરી એ વાત યાદ કરીએ કે આત્મા સાથે બંધાતા કર્મમાં જે સ્થિતિ-બંધ થાય છે. તેમાં અબાધાકાળ + વિપાકકાળ એ રીતનો કુલ સ્થિતિબંધ થાય છે. દા.ત. ૨૦ વર્ષનો સ્થિતિબંધ થયો તો ૮ + ૧૨ = ૨૦ એમ સમજવું. અબાધાકાળના આઠ વર્ષમાં એ કર્મમાં આઠ કરણોના ઝપાટા લાગે. ના... જે નિકાચિત કર્મ હોય છે તેની ઉપર એક પણ ઝપાટો (કરણ) લાગી શકતો નથી. તેને તો જે રીતે બાંધ્યુ; તે રીતે જ જરા ય ફેરફાર વિના ભોગવવું જ પડે. હા, જીવ જો ક્ષપકશ્રેણીમાં ચડી જાય તો અપૂર્વકરણ (આઠમા) ગુણસ્થાનના ધ્યાનરૂપી તપ દ્વારા તે નિકાચિત કર્મ ભોગવ્યા વિના નાશ પામી જાય ખરું. આ સિવાય માસખમણને પારણે માસખમણ આખી જિંદગી કરાય તો ય નિકાચિત કર્મોનો નાશ થઈ શકતો નથી.

આવા નિકાચિત કર્મો દર લાખે બે પાંચ જ હોય છે. એટલે તે સિવાયના કર્મોમાં તો તેમના અબાધાકાળ દરમ્યાન જબરદસ્ત ફટકાઓ મારી શકાય, તેમને ખતમ પણ કરી શકાય.

ફળ ભોગવ્યા વિના કર્મક્ષય થાય જ નહિ એ ગીતામાં કૃષ્ણે કરેલી વાત નિકાચિત કર્મો પૂરતી સમજવી. (અથવા પ્રદેશોદયની અપેક્ષાએ સમજવી.)

જૈનધર્મનું કર્મનું તત્ત્વજ્ઞાન એ બાબત નથી શીખવતું કે, "જે કર્મો ઉદયમાં આવે તે ભોગવવા જ પડે." આ તો રાંડીરાંડ કે ડોશીઓનો નિરાશાભર્યો કર્મવાદ છે. જૈનદર્શનનો કર્મવાદ તો પુરુષાર્થવાદમાં પરિણમે છે. તે કહે છે કે કર્મોના અબાધાકાળ દરમ્યાન તમે જો પ્રતિક્રિયા કરો (અશુભ કર્મોને ખતમ કરવાની પ્રતિક્રિયા તપ, પ્રાયશ્ચિત્ત વગેરે ધર્મો છે.) તો તે બાંધેલાં કર્મો પોતાનો વિપાક (પરચો) બતાડ્યા વિના જ ખતમ થાય : એટલે કે આકાશમાં પાછાં જતાં રહે.

**ભાગ્ય ફરે નિયતિ નહિ :**

એક વાત યાદ રાખો કે, નિયતિ ફરતી નથી; ભાગ્ય (કર્મ) ફરી શકે છે. સખ્ત ગરમીમાં ઊભા રહેલા માણસને દુઃખ પડે; તેને અશાતા વેદનીય

કર્મ ઉદયમાં આવે છે. પણ જો તે છાંયડામાં જતા રહેવાનો પુરુષાર્થ કરે તો તરત તેને શાતા વેદનીય કર્મ (ઉદીરણાકરણ દ્વારા) ઉદયમાં આવી જાય અને તે સુખની અનુભૂતિ કરે.

પરમાત્મભક્તિ, નમસ્કારમંત્ર વગેરેનો જાપ, ગુરુસેવા વગેરે દ્વારા બેલેન્સમાં ક્યાંય દૂર પડેલા કર્મો ઉદીરણાકરણ દ્વારા ખેંચાઈને ઉદયમાં આવી જાય અને સુખ, શાતા, આનંદ આપે. પેલું અશુભ કર્મ બાજુએ હટી જાય.

અહીં સ્પષ્ટ દેખાય છે કે કર્મોના ઉદયોને પુરુષાર્થ દ્વારા ફેરવી શકાય છે.

વળી એક વાત કહું ! તમારે વાંચવાનો ચાર નંબર છે. તેનાં ચશ્મા જો તમે આંખે ના ચડાવો તો તમારાથી કશું વાંચી શકાતું નથી. આવી સ્થિતિ ચક્ષુદર્શનાવરણીય કર્મના ઉદયથી થઈ. હવે તમારી વાંચવાની ઈચ્છા થઈ તેથી તમે આંખ ઉપર ચશ્માં લગાડવાનો પુરુષાર્થ કર્યો. ને ઝટ તમે વાંચતા થઈ ગયા. આ વખતે એ થયું કે તમારા તે પુરુષાર્થથી ચક્ષુદર્શનાવરણીય કર્મ હટી ગયું. તેનો તમે ક્ષય કર્યો.

આ વાત બતાડે છે કે કર્મોના ઉદયોને (ભાગ્યને) ફેરવવાની આપણામાં પૂરી તાકાત છે.

પરમાત્મા મહાવીરદેવ જ્યારે ગર્ભમાં હતા ત્યારે તેમણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને બે કર્મોની સ્થિતિ જોઈ. (૧) પોતાનું ચારિત્ર મોહનીયકર્મ. (૨) માતપિતાનું આયુષ્યકર્મ. આ બે ય કર્મો નિમિત્ત મળે તો તૂટી જાય (સોપક્રમ) તેવાં હતાં. એટલે જો પ્રભુ દીક્ષા લેવા માટે પુરુષાર્થ કરે તો પોતાનું ચારિત્ર મોહનીય કર્મ તૂટી જાય અને તેથી તરત દીક્ષા થાય. આ રીતે દીક્ષા થતાં માતા-પિતાને સખત આઘાત લાગે અને તેથી તેમનું આયુષ્યકર્મ પણ તૂટી જાય. એમ થતાં તેમનું મૃત્યુ થાય.

પોતાની દીક્ષાના નિમિત્તથી માતાપિતાનું મરણ થઈ જાય તે વાત વિશ્વવત્સલ પ્રભુને માન્ય ન હતી. આથી તેમણે અભિગ્રહ કર્યો કે ગુરુજનો જીવતા હોય ત્યાં સુધી દીક્ષાની વાત કરવી નહિ.

આ બતાડે છે કે ભાગ્ય(કર્મ)ને ફેરવી શકાય છે. ના... નિયતિને બદલી શકાતી નથી. પ્રભુની નિયતિ પહેલેથી જ નિશ્ચિત હતી કે તે માતા-પિતાના જીવનકાળ દરમ્યાન દીક્ષા લઈ શકવાના નથી.

કર્મોના રૂપરંગ, સ્થિતિ, રસ, ક્ષય વગેરેની ઊથલપાથલ કરવાની પ્રક્રિયા અબાધાકાળમાં બને છે એટલે દરેક આત્માએ પોતે કરી નાંખેલા કાળા કામથી

બાંધી દીધેલાં કર્મોને ખતમ કરી નાંખવા માટે જ્યાં સુધી તે ઉદયમાં આવ્યા નથી; જ્યાં સુધી તેમનો અબાધાકાળ ચાલે છે ત્યાં સુધીમાં તપ, જપ, પ્રાયશ્ચિત્ત, ધ્યાન, સ્વાધ્યાય, ભક્તિ વગેરે દ્વારા તેમને ખતમ જ કરી નાંખવા જોઈએ. જેથી સંભવિત કેન્સર વગેરે રોગો, ઉપાધિઓ, નારક વગેરે દુર્ગતિઓનું નિવારણ થઈ જાય.

વાહ... કેવો હાશકારો થઈ જાય ! કેવી મજા પડી જાય !

આમાં ય જે કર્મો છટકી ગયા (ભવિતવ્યતાને કારણે) તે ઉદયમાં આવી જાય. તે વખતે તેમને સમાધિથી ભોગવ્યે જ છૂટકો. પરમાત્મા મહાવીરદેવના પચ્ચીસમા ભવની કર્મો સાથે થયેલી ઝપાઝપીમાં જે નિકાચિત અને તીવ્ર અનિકાચિત કર્મો છટક્યાં (ક્ષય ન પામ્યા) તે બધા સત્યાવીસમા ભવે સાધનાકાળમાં ઉદયમાં આવ્યાં. અરે ! ભગવાન બની ગયા પછી જે અસંભવિત હતું તે ય બન્યું. પરમાત્માને લાગટ છ માસ સુધી અશાતા વેદનીય(અઘાતી કર્મ)નો ઉદય થયો, લોહીના ઝાડા લગાતાર ચાલ્યા.

ખેર ! અબાધાકાળ એ ગોલ્ડન પિરિયડ તો ખરો જ. એમાં જબરદસ્ત પુરુષાર્થ કરાય તો ઘણાં બધાં કર્મોનો ખાત્મો બોલાવી શકાય.

**રસ બંધ :**

આપણે પ્રકૃતિબંધ અને સ્થિતિબંધ જોયા. હવે રસબંધ જોઈએ. કષાય કે યોગના કારણે કાર્મણ સ્કંધો જીવને જ્યારે ચોંટે ત્યારે જેમ પ્રકૃતિબંધ અને સ્થિતિબંધ થાય તેમ રસબંધ પણ થાય.

રસ એટલે ચીકાશ.

રસ એટલે તીવ્રતા.

પ્રકૃતિબંધ વગેરે ચાર બંધોમાં રસબંધનું મહત્ત્વ સૌથી વધુ છે.

કર્મની પ્રકૃતિ (આઠ) ગમે તે નક્કી થાય... બહુ વાંધો નહિ.

કર્મની સ્થિતિ ગમે તેટલી (એક અન્તર્મુહૂર્તથી માંડીને તેત્રીસ સાગરોપમ સુધી) બંધાય... બહુ વાંધો નહિ.

પણ રસ જો તીવ્ર થઈ જાય (પાપકર્મોમાં) તો મુસીબતનો પાર નહિ. એકઠાણીઓ, બે ઠાણીઓ, ત્રણ ઠાણીઓ અને ચાર ઠાણીઓ એમ ચાર પ્રકારના - વધુ ને વધુ તીવ્ર બનતા - રસો હોય છે.

મનનાં પરિણામ ઉપર આ રસબંધ થાય. જેમ કે પાપકર્મ કરતાં જો બહુ રસ ન હોય - વેઠ જેવું થતું હોય - તો તે કર્મમાં એક ઠાણીઓ જ

- બહુ મામૂલી-રસ પડે... પછી જેમ જેમ પાપકર્મમાં રસ વધતો જાય તેમ તેમ બે ઠાણીઓ વગેરે રસ પડે. એમાં જો પાપકર્મમાં અતિ મજા પડી જાય તો ચાર ઠાણીઓ રસબંધ થાય. આ કર્મ 'નિકાચિત' બને; જેની પરિસ્થિતિમાં અબાધાકાળ દરમ્યાન કોઈ પણ ધર્મ પુરુષાર્થ લગીરે ફેરફાર કરી શકે નહિ. કર્મોમાં જેવો રસ રેડાયો હોય તે રીતે આત્માને તે ચોંટે.

**સ્પૃષ્ટ વગેરે ચાર બંધ**

આપણે દૃષ્ટાંતથી જોઈએ. લોખંડના ચાર ટુકડા લો અને લોખંડની ચાર સળી લો.

(૧) પહેલા ટુકડાને સળી અડાડી ઊભા રહો.

(૨) બીજા ટુકડા સાથે સળીને દોરીથી બાંધી દો.

(૩) ત્રીજા ટુકડામાં સળીને હથોડી મારીને ફિટ કરો.

(૪) ચોથા ટુકડાને અને સળીને લુહારની ભઠ્ઠીમાં ઓગાળી નંખાય. એ બંનેને એકરસ કરી દેવાય.

આમાં પહેલી સળીને ટુકડાથી છૂટી કરવી એ રમતવાત છે. હાથ ખેંચા કે સળી છૂટી પડી જાય.

બીજામાં દોરી છોડવા જેટલી થોડી વાર લાગે.

ત્રીજામાં કાનસ લગાવીને હથોડી ઠોકીને સળીને છૂટી કરવા માટે ઠીક ઠીક યત્ન કરવો પડે.

ચોથામાં તો સળી છૂટી પડી શકે જ નહિ.

આ ચારને સ્પૃષ્ટ, બદ્ધ, નિધત્ત અને નિકાચિત કહેવામાં આવે છે.

ધારો કે સાસરે ગયેલી કન્યા પાસે એની સાસુ બટાટા સમારવાની હઠ પકડે છે. પેલી કન્યા અત્યન્ત ધર્મનિષ્ઠ છે એટલે આ કામ કરવા તૈયાર નથી, પણ હવે છૂટકો ય નથી. એટલે તે આંખમાં વહી જતાં આંસુ સાથે બટાટા સમારે છે.

અહીં બટાટા સમારવાનું કાર્ય કરે છે એટલે તેને પાપકર્મ જ બંધાશે પરંતુ તે એવું હશે કે જેને છૂટી જતાં જરા ય વાર નહિ લાગે. કામ પતાવીને એ દેરાસરે જશે અને પ્રભુદર્શન કરતાં પોતાના પાપ બદલ રડી પડશે એ જ વખતે પેલું કર્મ ખરી જશે.

પણ જો બીજી કન્યા આ જ કાર્ય કરતી વખતે રડતી નહિ હોય અને કર્તવ્ય સમજીને આ કામ કરશે તો તેને તે કર્મ કર્યા બદલ પ્રાયશ્ચિત્ત કરવું

પડે. હા, પછી એ કર્મ છૂટી જાય ખરું.

ત્રીજી કન્યા પ્રેમથી આ કામ કરશે તો આ કર્મને છોડાવવા માટે તેને મોટું પ્રાયશ્ચિત્ત કરવું પડશે.

ચોથી કન્યા એમ કહે કે "બટાટા સમારવા જ જોઈએ. ભારે મસ્તીથી ખાવા જોઈએ. નહિ ખાવાની વાત કરતો ધર્મ હંબક છે" વગેરે...

આ કન્યાને ચોંટેલું પાપકર્મ કોઈ રીતે છૂટે જ નહિ. દુર્ગતિનું દુઃખ ભોગવીને જ છૂટે એવું નિકાચિત બની જાય.

આ વાતનો સાર એ છે કે બને તો પાપકર્મ કરવું નહિ. કરવું જ પડે તો તેમાં રસ રેડવો નહિ. રસથી થાય તો ય તેની પ્રશંસા તો કરવી જ નહિ. એથી જ નિકાચિત કર્મબંધ થાય.

**ઉગ્ર કર્મો :**

કેટલાક તો તીવ્ર રસને લીધે એવા ઉગ્રકર્મો બંધાય છે કે જે એકદમ જલ્દી ઉદયમાં આવી જાય.

આમ ઉગ્ર અને નિકાચિત પ્રકારના અશુભ કર્મબંધ તો જરા ય સારા નહિ.

સનત ચક્રીએ રૂપનો ગર્વ કરતી વખતે ઉગ્ર કર્મ બાંધ્યું. થોડાક સમયમાં જ ઉદયમાં આવી ગયું. સોળ મહારોગોથી દેહ ઘેરાઈ ગયો.

ભયંકર કપટ સાથે ભાઈચંદે ચુનીભાઈનું ઝવેરાત ચોર્યું. પોતે ચોરી નથી કરી તે બદલ એકના એક દીકરાના સોગંદ ખાધા. ઉગ્ર કર્મબંધ થયો. તે જ રાતે દીકરો મરી ગયો.

ભારે રસથી જંતુનાશક દવાનો ધંધો કરતા બાપે એવું ઉગ્ર કર્મ બાંધ્યુ કે તેનાં છ અને આઠ વર્ષનાં લાડકા બાળકોને કેન્સર થયું. બન્ને મરી ગયા.

હવે શુભ કર્મોની ઉગ્રતા બતાડું.

મોતીશા શેઠ ધર્માત્મા હતાં. એક ગાયને છોડાવવા જતાં કસાઈને લાઠી મારવી પડી. તેમાં તે મરી ગયો. નોકરનો વાંક પોતાને માથે લેતાં કોર્ટે શેઠને ફાંસીની સજા કરી.

સજાના દિવસે શેઠે અતિશય ભાવપૂર્વક જિનેશ્વરદેવની પૂજા કરી. તેના પરિણામે ફાંસીના માંચડે શેઠને ચડાવી દીધા કે તરત માંચડો તૂટી ગયો. સજા રદ થઈ.

ફરી વાર આ બધું થયું. મહારાણી વિક્ટોરિયાએ આવા મહાન શેઠને સજામાંથી મુક્તિ આપી દીધી.

બીજું દૃષ્ટાંત આપું.

એમનું નામ પ્રવીણભાઈ. એ જમાનામાં એક જ દિવસમાં વીસ લાખ રૂપિયા ખોઈ નાંખતા મોરથૂથુ ઘોળીને તૈયાર કર્યું. ભાઈએ કદી કોઈ ધરમ કરેલો નહિ. પણ આજે છેલ્લો દિવસ હોવાથી - જનમના જૈન હોવાથી - પ્રભુભક્તિ કરવાનું મન થયું. દેરાસરે પૂજા કરવા ગયા. પૂરા પાંચ કલાક તન્મય બની ગયા. પ્રચંડ ઉગ્ર પુણ્ય બંધાયું. રાત પડતાં તેજીનો જબરદસ્ત પવન વાયો. બાજી સુલટાઈ ગઈ.

હજી એક દૃષ્ટાંત આપું.

એક વાર જે માણસે ખૂન કર્યું હતું તે માણસ પોલીસને પૈસા ખવડાવીને સજામાંથી ઊગરી ગયો પણ કોક બીજાએ ખૂન કર્યું ત્યારે પોલીસે આ માણસને પકડીને કોર્ટમાં રજૂ કરી દીધો. તેને ફાંસીની સજા થઈ ગઈ.

ભીમા કુંડલિયાએ અતિ ઉલ્લાસથી સાત પૈસા- પૂરી સંપત્તિ- જિનાલયના જીર્ણોદ્ધારમાં લખાવ્યા. પછી તે ઘરે ગયો. ઉગ્ર પુણ્યથી પત્નીનો અત્યંત ઝઘડાખોર સ્વભાવ સાવ પલટાઈ ગયો અને ગાયનો ખૂંટ નીકળી જતાં લાખો સોનામહોરનો ચરુ જડ્યો.

સામાન્ય રીતે કોઈ પણ બાંધેલું કર્મ સો વર્ષ પૂર્વે ઉદયમાં ન આવે, પરન્તુ ઉગ્રકર્મ તો તત્કાળ ઉદયમાં આવી જાય.

**નિકાચિત કર્મો**

અશુભ કર્મોના બંધ, ઉગ્રકર્મબંધ અને નિકાચિત કર્મબંધ બહુ ખતરનાક હોય છે.

એક સેકંડ પૂર્વે કશું ન હતું. એકાએક જમાલિને મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય થઈ ગયો. આનું નામ નિકાચિત કર્મ. એ તપ, જપથી જાય નહિ અને એનો સમય થતાંની સાથે એ ઉદયમાં આવ્યા વિના રહે નહિ.

પરમાત્મા મહાવીરદેવે મરીચિના ત્રીજા ભવમાં અહંકાર કરીને જે નિકાચિત નીચગોત્રકર્મ બાંધ્યું તે લગભગ તો ભોગવાઈ ગયું પણ તેના ૮૨ દિવસ બાકી રહી ગયા.

સત્યાવીસમો - તીર્થંકર તરીકેનો ભવ આવી ગયો. પેલા કર્મ તેમને ત્યાંય ન છોડ્યા. દેવાનંદાના ગર્ભમાં બ્યાસી દિવસ ઠોકી દીધા. આટલી પણ માફી કર્મરાજાએ આપી નહિ.

એ જ રીતે કાનમાં ખીલા, લોહીના ઝાડા વગેરે પ્રસંગો નિકાચિત કર્મોદયે બનીને જ રહ્યા.

શ્રેણિકે નારકનું આયુષ્ય નિકાચિત કર્યું. પ્રભુવીર પણ તેમને ઉગારી શક્યા નહિ. સગર્ભા હરણીને પેટે તીર મારીને એક સાથે બે જીવોને ખતમ

કર્યા બદલ શ્રેણિકે એટલી બધી તીવ્ર ખુશાલી માણી કે તે વખતે જ તેનો નારકનો આયુબંધ નિકાચિત થઈ ગયો. પૂર્વના બ્રાહ્મણના ભવે તરબુચની છાલ અખંડપણે ઉતારીને તેની ભારેથી ભારે પ્રશંસા કરીને ખંધક મુનિના જીવે નિકાચિત પાપ બાંધતા ખંધક મુનિના ભવે દેહની ચામડી ઉતરડાઈ.

રસબંધના આ પ્રકરણનો સાર એ છે કે પાપ કરવું જ પડે તો રસથી તો નહિ જ કરવું. ધર્મમાં શેઠિયા બનવું, ખૂબ રસથી ધર્મ કરવો. પાપમાં વેઠિયા બનવું. સાવ ઉદાસીનપણે જ પાપ કરવું.

તન્દુલીઆ મત્સ્ય માત્ર ૪૮ મિનિટના આયુષ્યમાં હિંસાના વિચારોનું પાપ અતિરસથી કર્યું તો તે સાતમી નારકમાં ગયો.

અશુભ કર્મો કરતાં તીવ્ર રસ આવે એટલે નિશ્ચિતપણે દુર્ગતિ થાય.

અનન્તાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન - એમ ચાર પ્રકારના રાગાદિના રસ હોય છે. તેમાં અનન્તાનુબન્ધીના ઘરનો અતિતીવ્ર રસ (પાપપ્રશંસારૂપ) જ જીવને દુર્ગતિમાં ધકેલવાને સમર્થ છે. બાકીના રસો સાથે પાપ કરનાર જીવની દુર્ગતિ થવાની શક્યતા હોતી નથી.

જે નિષ્ઠુર પરિણામ હોય છે કે જેમાં પાપની પ્રશંસા હોય છે તે અનન્તાનુબન્ધીના ઘરના રસથી જ શક્ય છે. જે આત્મા પાપો વારંવાર કરે છે પણ તેમાં રસ બહુ ઓછો છે; ઊલટો ધ્રુજારો છે તે આત્મા નિયમથી સમ્યગ્દૃષ્ટિ કહેવાય. પાપો કરવા છતાં તેની દુર્ગતિ તો ન જ થાય પણ તે વૈમાનિક દેવલોકનો ઉચ્ચ કક્ષાનો દેવ જ થાય.

નિષ્ઠુર પરિણામવાળા જીવને ભોગસુખ અત્યન્ત મીઠું લાગે. તેના કારણે સુખ ભોગવતી વખતે તેની ખૂબ પ્રશંસા કરે. આવી પ્રશંસા એ જ મિથ્યાત્વશલ્ય નામનું અઢારમું પાપ છે. આ પાપ જેની સાથે જોડાય તે જ હિંસા વગેરે સત્તર પાપોથી જીવની દુર્ગતિ થાય.

જેમને પોતાનાથી થતાં પાપકર્મમાં અતિ તીવ્ર રસ હતો તે બધાં - મમ્મણ શેઠ, બ્રહ્મદત્ત ચક્રવર્તી, સુભૂમ ચક્રવર્તી, કંડરિક મુનિ, તન્દુલીઓ મત્સ્ય, રાજગૃહી નગરીના બે ભિખારીઓ, વિનયરત્ન વગેરે સાતમી નારકે ગયા. કોણિક, કુરુમતી વગેરે છઠ્ઠી નારકે ગયા.

સુમંગલ આચાર્ય મ્લેચ્છ દેશમાં માંસાહારી રાજકુમાર થયા. મંગુ આચાર્ય ગટરનું ભૂત થયા. નયશીલસૂરિ ઝેરી સાપ થયા.

બધી વાતનો બોધ એ છે કે પાપકર્મ કરતાં વેઠ ઉતારવી : રસ રેડવો નહિ.

ધર્મકાર્ય કરતાં ખૂબ ઉલ્લાસ રાખવો. ખૂબ રસ રેડવો.

અબાધાકાળનો બોધ અને રસબંધનો બોધ કર્મના તત્ત્વજ્ઞાનમાં સૌથી મહત્ત્વનો બોધ કહી શકાય.

આ બે બોધનો સમન્વય કરીએ તો એક વાક્યમાં એમ કહી શકાય કે જૂના પાપોને તેમના અબાધાકાળમાં શુદ્ધ પ્રાયશ્ચિત્ત અને જોરદાર તપથી ખતમ કરી નાંખો અને નવા પાપોમાં રસ બિલકુલ રેડો નહિ.

જો પાપો કરતાં તીવ્ર દુઃખ હોય તે પછી જોરદાર પશ્ચાત્તાપ હોય તો એ પાપકર્મ પાપાનુબંધી બનતા નથી. નિરનુબંધ બની જાય. આ બહુ મોટી વાત કહેવાય. અનુબંધ-વિચારમાં આપણે વિગતથી વિચારીશું.

ધર્મમાં તીવ્ર રસ પડે અને પાપમાં જો ઓછામાં ઓછો રસ (એક ઠાણીઓ) પડે તો રસવાળા ધર્મની તાકાત એટલી બધી હોય છે કે તે પેલા પાપોને ફટકારી દે. આકાશમાં તે કર્મોને પાછા વાળી દે.

સામાન્યતઃ પાપવૃત્તિઓ ધર્મભાવનો નાશ કરે છે, પરન્તુ તે સામાન્ય પ્રકારના રસવાળા ધર્મનો નાશ કરે છે; જો ધર્મમાં રસ જોરદાર થઈ જાય તો ધર્મને અનુકૂળ પાપકર્મો બની જાય છે. એટલે કે પાપકર્મોની સાથે એટલો બધો પશ્ચાત્તાપ, જાગૃતિ જોડાય છે કે તેથી ધર્મનું બળ વધી જાય છે.

ધર્મઘાતક પાપો, ધર્મસાધક બનવા લાગે છે.

દીવો સામાન્ય રીતે ટમટમતો હોય તો તેને પવનનો ઝપાટો જરૂર હોલવી નાંખે. પરંતુ જો દીવો આકાશને આંબતી જ્વાળાઓ બની જાય તો પેલો પવન તે જ્વાળાઓને વધારવામાં સહાયક બની જાય.

પ્રજાજન તરીકેના નહેરુને બ્રિટિશ સરકાર જેલમાં પૂરતી હતી પણ જ્યારે તે વડાપ્રધાન બન્યા ત્યારે બ્રિટનમાં પ્રવેશ કરતી વખતે રેડકાર્પેટથી તેમનું તેણે સન્માન કર્યું હતું.

અધ્યાત્મસારમાં એક શ્લોકમાં આ વાત મહોપાધ્યાયજીએ કરી છે.

धर्मशक्तिं न हन्त्यत्र, भोगयोगो बलीयसीं ।
हन्ति दीपापहो वायु र्ज्वलन्तं न दवानलम् ॥

## એકના કર્મની બીજા ઉપર અસર

ધર્મ - રસવાળો ધર્મ - એની તો બહુ મોટી તાકાત છે. એના કારકને તો એ લાભ કરે જ; પરન્તુ બીજાઓને પણ એ લાભ કરે.

ઘરમાં એક માણસ ધર્મી હોય તો તેની પુણ્યરેખાથી ઘરના બધા માણસો

સુખી રહે. ઘરમાં જો સુલક્ષણી વહુનાં પગલાં થાય કે સુલક્ષણી બેબીનો જન્મ થાય અને જો ઘરની પરિસ્થિતિમાં સાનુકૂળ પરિવર્તન આવી જાય તો ઘરના લોકો બોલતા હોય છે કે, "અમારે ઘેર વહુ કે દીકરી નથી આવી, સાક્ષાત લક્ષ્મીદેવી પધાર્યા છે."

જો રાજા પુણ્યવાન હોય તો તેના પુણ્યોદયમાં આખી પ્રજા સુખી થાય. આથી જ પાપિણી માતા કૈકેયીના સંતાન તરીકે પોતાને પાપી માનતા ભરતે વશિષ્ઠ ઋષિને કહ્યું હતું કે, "મને પાપીને અયોધ્યાની ગાદી ઉપર બેસાડશો તો આખી અયોધ્યા નગરી ઉપર સમુદ્રો ફરી વળશે. તેનાં લાખો લોકો ડૂબી જશે. (રસા રસાતલ જાઈ હી તબ હી) માટે આપે કોઈ ધર્મિષ્ઠ માણસને રાજા બનાવવો જોઈએ. (ચાહીઅ ધરમસીલ નરનાહુ.)

એક ડૉક્ટરની યશરેખા જોરદાર હોય તો તેના દર્દીઓના રોગ ધૂળ આપે તો ય દૂર થાય છે. લોકોમાં એવું બોલાય છે કે, "ભાઈ ! મુંબઈ કે અમેરિકા બહુ મોટા ડિગ્રીધારી ડૉક્ટરો પાસે જવાની કોઈ જરૂર નથી. આપણા ગામનો R.M.P. ડૉક્ટર જબરી યશરેખા ધરાવે છે. તમે તેની દવા લો. તરત બધું મટી જશે.

આવા જે પ્રસંગો બને છે તેમાં કર્મનું તત્ત્વજ્ઞાન આ રીતે સમાધાન આપે છે. તે કહે છે કે, "એક વ્યક્તિનું ધર્મજનિત પુણ્યકર્મ ઉદયમાં આવે એટલે તેની અસર બીજા પાપકર્મોના ઉદયવાળા જીવો ઉપર પડે. દરેક જીવ પાસે બેલેન્સ (સત્તા)માં પુણ્યકર્મ પડેલું જ હોય છે, પણ તેનો ઉદય મોડેથી થવાનો હોય. પેલી વ્યક્તિનો પુણ્યોદય આ પાપકર્મી વ્યક્તિના સત્તામાં પડેલા પુણ્યકર્મને ઉદીરણાકરણ દ્વારા તરત ઉદયમાં લાવી દે અને તેમનો પુણ્યોદય તેમને લાભ આપે. આમ એકના પુણ્યોદયે બીજાઓનો પુણ્યોદય થાય.

ક્યારેક એકના પાપોદયે બીજાઓનો પાપોદય પણ થઈ શકે. ઘરના બધા બરબાદ થાય. એક મુખ્ય માણસના વ્યભિચારાદિ દોષોના સેવનમાં આખા ઘરનો પાપોદય થાય.

એક સત્ય ઘટના જણાવું.

ગંગા નદીની સહેલગાહે પચાસ પ્રવાસીઓ હોડીમાં નીકળ્યા. અધવચમાં હોડી વમળમાં ફસડાઈ. બે કલાક સુધી સતત વમળમાં ચક્કર ચક્કર ઘૂમ્યા કરે પણ લાખ પ્રયત્ને ય બહાર ન નીકળે. કોક ધર્મી માણસે બધાને એક ટુચકો કરવાની પ્રેરણા કરી. તેણે કહ્યું કે, "આપણામાં કોઈ પાપી માણસને

કારણે હોડી વમળમાં ફસાઈ છે. જો તેને દૂર કરાય તો હોડી હેમખેમ બહાર નીકળી જાય."

આ માટે દૂરથી આવતી ખાલી હોડીને નજીકમાં અટકાવવામાં આવી. બે હોડી વચ્ચે પાટિયું ગોઠવવામાં આવ્યું. વારાફરતી એકએક માણસને તે હોડીમાં મોકલાતો રહ્યો; અને જોયું કે હોડી વમળમાંથી બહાર નીકળે છે કે નહિ ? આમ ઓગણચાલીસ માણસોની હેરાફેરી થઈ. જ્યારે ચાલીસમાં માણસને હોડીમાં રવાના કરાયો ત્યારે - તરત જ - વમળમાં હોડી ડૂબી ગઈ. તે સિવાયના તમામ માણસોની જળસમાધિ થઈ. આનો અર્થ એ થયો કે તે માણસ પુણ્યવાન્ હતો. તેના પુણ્યોદયે સહુને જીવતા રહેવાનો પુણ્યોદય પ્રાપ્ત થયો હતો. વમળમાં ફસાયેલી હોડી ડૂબી જતી ન હતી. પણ જેવો તે દૂર કરાયો કે તમામના પાપોદય જાગ્રત થઈ ગયા. તે તમામ ડૂબી ગયા !

પ્રવર નામના ભિખારીએ જોરદાર ત્યાગધર્મ સેવ્યો. ભિખારી મટીને કરોડપતિ થયો તો ય તે ધર્મ ન છોડ્યો. એથી એણે પ્રચંડ પુણ્ય બાંધ્યું. એક વાર એ મરી ગયો. તેનો જે નગરની સ્ત્રીના ગર્ભમાં પ્રવેશ થયો તે નગરનો એવો ગ્રહચાર હતો કે બારવર્ષી દુકાળ નિશ્ચિત પડે. એથી હજારો માણસો અને ઢોરો મૃત્યુ પામે. આ આખો દુકાળ પ્રવરના જીવના ગર્ભપ્રવેશથી નિર્મૂળ થઈ ગયો. તે જ ક્ષણે બારે ખાંગે મેઘ તૂટી પડ્યો. સહુ સુખી થઈ ગયા.

અહીં એ વાત જોવા મળે છે કે પ્રવરનાં પુણ્યોદયને લીધે હજારો આત્માઓના સત્તામાં પડેલાં પુણ્યકર્મોનો ઉદીરણાકરણ દ્વારા ઉદય થઈ ગયો. પોતાના પુણ્યોદયે પોતે-તમામ-સુખી થઈ ગયા.

તારક તીર્થંકરદેવ જ્યાં ઉપસ્થિત હોય તેની ચારે બાજુના સવાસો માઈલોમાં તમામ રોગીના રોગ જાય. તારકે પરમાત્માનો પ્રચંડ પુણ્યોદય બધાનો (નિકાચિત કર્મો સિવાય) પુણ્યોદય કરી દે. આમાં ઉદીરણા નામનું કરણ કામ કરે છે. તે દૂરકાલીન કર્મોને નિકટકાલીન બનાવે છે. વીસ વર્ષે પાકનારી વીમાની પોલિસી - વ્યક્તિનું પાંચમા વર્ષે મોત થતાં - તરત પાકી જાય છે તેમ.

કૃષ્ણ વાસુદેવના પુત્ર ઢંઢણ મુનિ બન્યા હતા. ગમે તેવા શ્રીમંત રાજાના તે દીકરા હતા પરંતુ પોતે પૂર્વભવમાં બાંધેલું લાભાન્તરાય કર્મ તેમને ખૂબ સતાવતું હતું. તેમને સ્વલબ્ધિનાં નિર્દોષ ગોચરી-પાણી મળતાં ન હતાં. એટલું જ નહિ પરન્તુ તેમની સાથે - સંઘાટક તરીકે - જે સાધુ ગોચરી માટે આવતા

તેમને પણ ગોચરી-પાણી મળતાં ન હતાં. ઢંઢણ મુનિનું તે કર્મ તે સાધુઓના લાભાન્તરાય કર્મનો ઉદય કરી દેતું હતું.

વજ્રસ્વામીજી દસપૂર્વધર મહાત્મા હતા. પણ તેમને એક બાબતમાં કર્મની બહુ વિચિત્ર સ્થિતિ હતી કે તેમની સાથે જે રહે તેના આયુષ્યને ઉપક્રમ લાગી જતો હતો.

**પ્રદેશ બંધ :**

પ્રદેશ એટલે કાર્મણ વર્ગણાના સ્કંધો. તે અમુક પ્રમાણમાં આત્મા સાથે બંધાય તેને પ્રદેશબંધ કહેવાય. આ પ્રદેશબંધનું રસબંધ વગેરે જેવું ખાસ કોઈ મહત્ત્વ નથી.

આપણે પ્રકૃતિબંધ અંગેનો સવિસ્તર વિચાર અષ્ટ-કર્મના ચિત્રપટના પ્રકરણમાં કરવાના છીએ. એ સિવાયના ત્રણ - સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ જોયા.

જ્ઞાનીઓએ સૂંઠના લાડુ ઉપર આ ચારે ય બંધોને સમજાવ્યા છે.

(૧) સૂંઠના લાડુની **પ્રકૃતિ** વાયુ હરવાની છે.

(૨) સૂંઠના લાડુની **સ્થિતિ** (ધારો કે) એક મહિનાની છે.

(૩) સૂંઠના લાડુનો **રસ** (સ્વાદ) તીખો છે.

(૪) સૂંઠના લાડુનો **પ્રદેશ** (કદ) બસો ગ્રામ છે.

આવું ગોળના લાડુ વગેરે માટે પણ કહી શકાય.

માંકડને મારી નાંખતા જે કર્મ બંધાયું તેમાં આ પ્રમાણે વિચારી શકાય.

તે કર્મની **પ્રકૃતિ** (વેદનીય : અશાતાવેદનીય) છે.

તે કર્મની **સ્થિતિ** ધારો કે સો વર્ષની છે. (તેમાં ૪૦ વર્ષ અબાધાકાળ + ૬૦ વર્ષ વિપાકકાળ)

તે કર્મનો **રસ** (ત્રણ ઠાણીઓ) તીવ્ર છે.

તે કર્મના **પ્રદેશ** (સ્કંધો) અનંત છે.

## ૪. જીવ કર્મનો ભોક્તા છે

જે જીવ કર્મને બાંધે છે તે જ જીવ તે કર્મોને ભોગવે છે.

ના. એવું નથી કે એક માણસ પેટ ભરીને જમે અને બીજો માણસ સંડાસ જાય. જે જમે તે જ સંડાસ જાય.

દરેક કર્મ બાંધ્યા પછી, તેનો અબાધાકાળ પસાર થયા બાદ તેનો વિપાકોદય થાય. જો અબાધાકાળમાં જ તે કર્મ ક્ષીણ થઈ જાય તો ય તેનો પ્રદેશોદય

તો થાય જ. આમ દરેકે - દરેક કર્મ ઉદયમાં તો આવે જ. આપણે વિપાકોદયની વાત કરવી છે.

આપણે જે કર્મો બાંધીએ તેમના અબાધાકાળમાં જે કાંઈ ફેરફારો (આઠ કરણો દ્વારા સ્થિતિ કે રસમાં ઘટાડો કે વધારો, મૂળમાંથી જ કર્મના સ્વરૂપનો પલટો વગેરે) થાય તે પછી તેનો વિપાકોદય થાય.

સામાન્ય રીતે કર્મોનો વિપાકોદય થતાં ઠીક ઠીક વાર લાગે છે. આજે ધર્મ કર્યો (કે પાપ કર્યું). એથી આજે જ પુણ્યકર્મ બંધાઈ જાય પણ તેના ઉદયથી જે સુખ મળવાનું છે તે આજે તો શું ? આ ભવમાં ય ન મળે. આવતા ભવોમાં મળે. આવું જ પાપકર્મોના બંધમાં સમજવું. એમાં ય જે પુણ્ય કે પાપ - વેઠ કરીને - કરેલ હોય તેનું ફળ મળતું નથી. નિરસ રીતે ધર્મ કર્યો હોય તો તેનું ફળ 'ફેઈલ' થાય છે. એ ધર્મ કર્યા બાદ પાપો કર્યાં અને નરકમાં જવાનું થયું. તે પછીની ગતિમાં તે કરેલા ધર્મનું ફળ સુખ મળતું નથી. કેમકે તે વેઠપૂર્વક કર્યો છે અને પાપો કરીને ભાંગી નાંખ્યો છે માટે તે ભાંગી ગયેલા માટીના ઘડા જેવો છે. તેના જે 'ઠીકરાં' થયાં તેનું ફળ કશું ન આવે : બે પૈસા ય ન મળે.

પણ જો ખૂબ જ ભાવપૂર્વક - સાચો - ધર્મ કર્યો હોય અને પછી જીવ પાપો કરી બેઠો હોય તો જો તેને પાપોના ફળરૂપે દુર્ગતિમાં જવાનું થાય તો ય તે પછીના ભવોમાં તેને તે ધર્મનું ફળ ધર્મપ્રાપ્તિ કે સુખપ્રાપ્તિ અવશ્ય મળે. કેમકે ભાવપૂર્વક કરેલો ધર્મ એ સોનાનો ઘડો છે. ભલે પાપો કરવાથી તે ભાંગી ગયો. પણ ભાંગેલા સોનાના તો પૂરા રૂપિયા મળે. પાપકર્મોના વિપાકરૂપે દુર્ગતિ મળે અને પછીના ભવોમાં સુખ વગેરે મળે.

ગોશાલકે ઘોર પાપો કર્યાં, તીવ્ર રસથી કર્યાં. પણ છેલ્લે ઘોર પશ્ચાત્તાપ કર્યો. તે જ વખતે આયુષ્યકર્મનો બંધ પડ્યો એટલે તરત તો મરીને બારમા દેવલોકે ગયો પણ તે પછી અનંતા ભવો સુધી પેલા પાપકર્મના ફળરૂપે કાતિલ દુઃખો ભોગવવાં જ પડશે. આથી ઊંધું શ્રેણિકમાં થયું. શિકારના તીવ્રરસવાળું પાપ કરતાં નારકનું આયુષ્ય નિકાચિત થઈ ગયું. તેથી નરકમાં જવું પડ્યું. પણ શ્રેણિકે જૈનધર્મ પામીને એવી પ્રભુભક્તિ કરી કે તીર્થંકર-નામકર્મ બાંધ્યું. જેથી નારક બાદ તે પદ્મનાભસ્વામી નામના તીર્થંકર બનશે. ટૂંકમાં મારે એ કહેવું છે કે તીવ્ર રસવાળા પુણ્ય, પાપ - પાછળથી પણ ઉદયમાં આવે. જ્યારે વેઠવાળા પુણ્ય-પાપ 'ફેઈલ' થઈ જાય. તેનું કોઈ ફળ - સુખ કે દુઃખ તીવ્રતાથી મળતું નથી.

## કર્મના વિપાકો

બાંધેલાં કર્મો એ ટાઇમ-બૉમ્બ છે. તે ફૂટે એટલે તેમનો વિપાકકાળ શરૂ થયેલો કહેવાય. જે જીવ કર્મનો કર્તા છે તેણે જ તે કર્મો ભોગવવાં પડે છે.

પુણ્યકર્મે સુખ મળે; સદ્ગતિ મળે.

પાપકર્મે દુઃખ મળે; દુર્ગતિ મળે.

અશુભ કર્મોના વિપાકો ક્યારેક તો અતિ કાતિલ હોય છે. તે જાણવાથી જીવ પાપકર્મો બાંધતા ધ્રૂજી ઊઠે.

(૧) કેટલાક જીવો એ માટે પાપો ન કરે કે તેમાં પકડાઈ જવાય તો આબરૂ જવાનો ભય લાગે.

(૨) કેટલાક જીવો એટલા માટે પાપો ન કરે કે તેના વિપાકમાં ભયાનક દુઃખો સહેવાં પડે.

(૩) કેટલાક જીવો (વિશિષ્ટ કક્ષાના) એટલા માટે પાપકર્મો ન કરે કે તેમ કરવાથી જિનાજ્ઞાનો ભંગ થાય છે.

(૪) કેટલાક જીવો એટલા માટે પાપકર્મો ન કરે કે તેમ કરવાનું તેમના સ્વભાવમાં જ ન હોય.

અહીં આપણે કર્મના વિપાકોને જાણીને પાપભીરુ, પાપાકરણની સ્થિતિમાં અવાય તે માટે વિચારણા કરીએ.

પાપો કરવાથી માનવની હલકી કક્ષાની દુઃખમય ગતિ મળે; તિર્યંચની પરાધીનતાની ત્રાસભરી જિંદગી મળે; નારકની કાતિલ પીડાઓ ભરેલી દુર્ગતિ મળે. અરે ! ક્યારેક તો દેવની ગતિ પણ વાસનાઓની તીવ્ર પીડાઓવાળી બને ત્યારે એ સદ્ગતિ પણ દુર્ગતિ જેવી બની જાય છે. દેવ કે દેવીમાંના એકનો વિરહ થવાનાં ૬ માસ બાકી રહે ત્યારે તે બેનું યુગલ એટલું બધું ઝૂરવા લાગે કે જોનારાની છાતી બંધ પડી જાય.

સીતાનું આખું ગૃહસ્થજીવન દુઃખમય પસાર થયું. જન્મ વખતે જ ભાઈ ગુમાવ્યો. લગ્નજીવનમાં વનવાસ, અપહરણ, શીલ ઉપર આરોપનાં દુઃખો ત્રાટક્યા. આથી જ અંતે રામને તરછોડીને તેણે સંયમમાર્ગ સ્વીકારી લીધો.

અંજનાસુંદરીને લગ્નની પહેલી રાતથી જ બાવીસ વર્ષનો પતિવિરહ થયો.

ભાવિ તીર્થંકરના જીવ શ્રેણિકને છેલ્લા સમયમાં-બુઢાપામાં-દીકરા કોણિકે જેલમાં પૂરીને તે રોજ હંટરના સો વાર ફટકા મારતો. મૃત્યુ પછી પણ શ્રેણિકને ચોર્યાસી હજાર વર્ષનું નારકનું આયુષ્ય ત્રાટક્યું.

પાંડવોને તેરમા વર્ષના વનવાસમાં તો દુઃખની પરાકાષ્ઠા આવી. અર્જુન જેવા મહાપરાક્રમી માણસને 'હીજડા'ના વેશમાં રહેવું પડ્યું.

લલિતાંગ દેવની પત્ની દેવી સ્વયંપ્રભાએ દૈવી સુખોના તીવ્ર ભોગવટામાં બધું પુણ્ય ખતમ કર્યું. એટલે ત્યાંથી નીકળ્યા બાદ ભિખારીના કુટુંબમાં સાતમી દીકરી તરીકેનો જન્મ થયો. તે સહુને અપ્રિય થઈ પડી. આપઘાત કરવા સુધી તેને જવું પડ્યું.

વિકાર ભરેલી નજરે પરદેશી રાજકુમાર તરફ નજર કર્યાના પાપ ઉપર માયાનું પાપ કરવા જતાં રુક્મિ સાધ્વીએ એક લાખ ભવનો સંસાર વધારી દીધો. એ જ રીતે લક્ષ્મણા સાધ્વીએ અસંખ્ય વર્ષોનો સંસાર વધારી મૂક્યો.

ક્યાંકથી કામલક્ષ્મીનું જીવન વાંચી જજો. અત્યંત દુઃખમય અને અત્યંત દોષમય જીવનનો તે ભોગ બની ગઈ હતી. લૂંટીને અઢળક સંપત્તિ વગેરેનો માલિક બનેલો મહંમદ ગિઝની છેલ્લાં વર્ષોમાં તેના વિયોગની કલ્પનાથી પાગલ બની ગયો હતો. તેની વાચા હણાઈ ગઈ હતી.

મહારાણા પ્રતાપ એક વાર સાવ ભિખારી બની ગયો હતો. કોઈ ભિખારીએ ભીખમાં મેળવેલો રોટલો તેણે માંગ્યો હતો પણ તે ય બાજપક્ષી આંચકી ગયું હતું. દીકરીને પીવા માટે આપેલું દૂધ બિલાડી ઝાપટી ગઈ હતી. તે વખતે તે રડી પડ્યો હતો. તેણે અકબરને પોતાની શરણાગતિનો પત્ર લખ્યો હતો.

અબજો ડૉલરનો સ્વામી હેન્રી સ્ટ્રોંગરૂમસ્વરૂપ તિજોરીમાં પ્રવેશ્યો. રૂમનું દ્વાર આપમેળે બંધ થઈ ગયું. ચાવી બહાર રહી ગઈ. ચાર-છ કલાકે કામ પતી જતાં બૂમો પાડી. કોઈએ બારણું ખોલ્યું નહિ. પાણીની ભયંકર તરસમાં તરફડીને મરી ગયો. તેણે ચિઠ્ઠીમાં લખ્યું, "જો કોઈ અડધો ગ્લાસ પાણી મને પાય તો આ સંપત્તિનો અડધો ભાગ બક્ષિસમાં આપી દઉં."

ઔરંગઝેબે પિતા શાહજહાંને જેલમાં પૂરીને ખૂબ પરેશાન કરેલ. પાણી કે દૂધ પીવા માટે અને શૌચકાર્ય માટે એક પુરાણું તુંબડું આપેલું. તે ય ફૂટી ગયું. બીજું માંગ્યું ત્યારે બે હથેળી ભેગી કરીને કામ ચલાવવાનું કહ્યું. ગાળો દીધી. બીજું તુંબડું ન જ આપ્યું. તે જેલમાંથી ભાગી ન જાય તે માટે બહુ ઊંચો કોટ બનાવેલ. તેની ફરતી પાણીની અને આગની બે ખાઈઓ બનાવેલ. તેની ફરતી ખાઈમાં ભૂખ્યા ચાર સિંહોને સતત દોડતા રાખેલ.

પેલા કવિએ મોગલ બાદશાહોની પાછલી દશા જોઈને સાચું ગાયું છે.

"સગાં દીઠાં મેં શાહઆલમનાં ભીખ માંગતાં શેરીએ."

શેઠ સુદર્શન, મહાસતી સીતા અને અંજના ઉપર કેવા ભયાનક આળ ચડ્યાં હતાં.

જ્યારે પુણ્ય પરવારી જાય છે અને પાપકર્મોના ઉદય થાય છે ત્યારે મહાસત્ત્વશાળી જીવો પણ સાવ ઢીલા ઘેંસ બની જાય છે. પોક મૂકીને રડે છે.

પેલા ફણિધર અને મણિધર નાગ ! જ્યારે તેના મણિની ચોરી થાય છે ત્યારે તેના ભયંકર આઘાતમાં માથું પછાડી-પછાડીને મરણ પામે છે.

ઓલી જુવાનજોધ બાઈનો પતિ, તેના જન્મદિવસે જ પત્નીના હાથે કોફી પીને પાર્ટી શરૂ કરતાં જ ઢળી પડ્યો !

ઓલી ૨૧ વર્ષની દીકરી ! બે વાર વિધવા થઈ ગઈ ! હાય ! આ તે કેવા કર્મના વિપાક ? ભલા, પાપકર્મ શું કે પુણ્યકર્મ શું ?

એક છે લોઢાની બેડી ! બીજું છે સોનાની બેડી !

ભલા ! સોનાની પણ બેડી તો ખરી જ ને ?

માટે જ જ્ઞાનીઓ કહે છે કે, પાપકર્મનો ક્ષય કરો. પુણ્યકર્મનો પણ ક્ષય કરો. મોક્ષ જ પામો.

નારક સારી ગતિ નથી; તો સ્વર્ગ પણ સારું નથી.

ઝૂંપડાં કે ગરીબી સારાં નથી, તો બંગલા કે શ્રીમંતાઈ પણ સારાં નથી.

હજી પુણ્ય સારું ખરું પણ તે પુણ્યાનુબંધી હોવું જોઈએ. કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી મહારાજ, સ્થૂલિભદ્ર, શાલિભદ્ર, પૃથ્વીચન્દ્ર, ગુણસાગર, ભરતચક્રી, જંબૂકુમાર, વગેરે પુણ્યાનુબંધી પુણ્યના સ્વામીઓ હતા !

જે દૈવી ચન્દ્રહાસ તલવાર પામવા માટે શંબૂકે બાર વર્ષની સાધના કરી અને તો ય તે ન મળી અને મોત ભેટી ગયું તે તલવાર એક જ ઊંચો કૂદકો મારીને લક્ષ્મણે હાથવગી કરી દીધી.

જે શંકરને સાધવા માટે પાણિનીને ૩૬ વર્ષનું તપ કરવું પડ્યું. તે પછી વ્યાકરણની રચના શક્ય બની તે કામ કરવા હેમચન્દ્રસૂરિજીને ઊંઘમાં જ મા સરસ્વતીએ વરદાન આપી દીધું. એક જ મહિનાની ઉંમરના બાળ દશરથનો રાજ્યાભિષેક થયો છે !

લલ્લિગ, જગત શેઠ, ચક્રવર્તીઓ વગેરે પાસે કેવી અઢળક સંપત્તિ હતી ? તેઓ કેટલા પુણ્યવાન્ હતા ! પરંતુ આમાં જેમના પુણ્ય પુણ્યાનુબંધી હતા

તે જ દુર્ગતિમાં જતાં બચ્યા છે, બાકીના તો દોષપૂર્ણ જીવન જીવીને દુર્ગતિઓની ખાઈમાં એવા ફેંકાયા છે કે હાડકું ય હાથમાં ન આવે !

## ભમ્યાનું ભાન અને ભમવાનો ભય

જ્ઞાનીઓ કહે છે કે, "જે આત્માને એ વાતનું સતત ભાન નથી કે હું ક્યાંકથી ભમતો ભમતો આવ્યો છું અને હજી મારે ભમવાનું છે. હાય ! મારું શું થશે ?"

આવા ભાન અને ભય વિનાનો આત્મા ગમે તેટલો ધર્મ કરશે તો ય તે ધર્મમાં નિષ્ણાત તો નહિ જ થાય."

આપણો આત્મા અનંતા ભવોથી ચાર ગતિમાં ભમતો ભમતો અહીં - આ ખોળિયામાં-આવ્યો છે. આ વાત જો બરોબર બેસી જાય તો આગળ - વધીને એ વિચારવું કે એ અનંતા ભવોમાં એવું કોઈ ભોગસુખ નથી કે આપણા જીવે ઘણી બધી વાર ભોગવ્યું ન હોય.

આ વાત ઉપર પરમાત્મા આદિનાથ ભગવંતે અઠ્ઠાણું પુત્રોને આપેલી દેશનામાં સુંદર ટુચકો કહ્યો છે. તેમણે નીચે પ્રમાણે વાત કરી હતી.

કોઈ માણસને સ્વપ્ન આવ્યું. તેમાં તેને ખૂબ ભયંકર તરસ લાગી. એથી પહેલાં તે આખી ગંગા અને સિન્ધુ નદીઓ પી ગયો. પછી ક્રમશઃ અન્ય નદીઓ, તમામ તળાવો, વાવો અને છેલ્લે ઘરઘરના તમામ ઘડાઓનાં પાણી પણ પી ગયો. હાય ! તો ય તરસ તો લેશ પણ ઘટી નહિ. પછી તેની નજર તળાવનાં ભીના કાદવિયાં ઢેફાં તરફ ગઈ. તેણે વિચાર્યું કે, "જો આ ઢેફાં ચૂસી લઉં તો મારી તરસ છીપી જાય ખરી."

પરમાત્માએ હવે સવાલ કર્યો કે શું તેની આ કલ્પના સાચી છે ? ગંગા, સિન્ધુ આદિથી પણ જે તરસ ન છીપી તે તરસ ઢેફાં ચૂસવાથી કદી છીપે ખરી ?

આ રીતે જે આપણા જીવે અનંતા કાળમાં ઘણા બધા દૈવી વગેરે સુખો, ઘણી બધી વાર ભોગવ્યાં તો ય તૃપ્તિ થઈ નથી તો આ માનવભવના તુચ્છ ભોગ-સુખો ભોગવવાથી તૃપ્તિ થઈ જશે ખરી ? ના. જરા ય નહિ."

આત્માએ આ વાત સતત વિચારવી જોઈએ. આ માટે 'ભમ્યાનું ભાન' સતત કરવું જોઈએ. આમ થાય તો સંભવ છે કે આત્મા આ ભવમાં ભોગસુખો દ્વારા તૃપ્તિ પામવાની કલ્પનાને ત્યાગી દે.

પણ જો તેમાં તે નિષ્ફળ જાય તો તેણે આ બીજી વાત - ભમવાનો ભય - વિચારવી જોઈએ. તે એ રીતે કે જો હું ભોગસુખોમાં તૃપ્ત થવા યત્ન કરીશ : તેમાં આસક્ત થઈશ તો મારે લાખો ભવ સુધી દુર્ગતિમાં ભમવું પડશે. હાય ! શે મારાથી એ દુઃખો સહાશે ?"

આવી વિચારણાથી ભોગસુખોનો ત્યાગ કરવાનું બળ આવી જાય ખરું.

આ ભાન અને ભયનું યુગલ આત્માને પાપથી ખૂબ પાછો પાડવા સમર્થ છે.

જેને પોતાના ભાવિ લાખો ભયાનક ભવો દેખાવા લાગે તે શી રીતે પાપ કરવા તૈયાર થાય ?

જનકવિદેહીએ શુકદેવને આ જ વાત કરી હતી કે, "બેટા ! જો તૈલપાત્રમાંથી એક ટીપું ધરતી ઉપર પડે તો તને ફાંસીની સજા થાય એવા ભાનથી તેં તારી બે ય બાજુએ રહેલી ઉત્કૃષ્ટ ભોગસામગ્રી તરફ નજર સુધ્ધાં ન કરી તો મને મારા અનંતા ફાંસીનાં માંચડા દેખાતા હોય તો હું શી રીતે સ્ત્રી વગેરેમાં આસક્ત થવાનાં કાળાં પાપ કરી શકું ?"

આ વાત સાંભળીને રાજા જનક પ્રત્યેની શુકદેવની શંકા નિર્મૂળ થઈ ગઈ. તેમના પ્રત્યે બહુમાન પેદા થયું.

પોતાની આઠ રૂપરાણીઓમાં આસક્ત, રાજા ગોપીચંદને જોઈને રાજમાતા રોજ રડતી. એક દી તેણે દીકરાને કહ્યું, "બેટા ! તારો બાપ અલમસ્ત કાયા ધરાવતો હતો પણ એક દી મસાણમાં જઈને સૂઈ ગયો. બેટા ! તારે ય પરલોકે જવાનું છે. તારી આ કારમી આસક્તિ તને પશુઓના કેવા કેવા અવતાર આપશે ?

તેજી તોખારને તો ટકોરો જ બસ થઈ પડે. ગોપીચંદે તે જ ક્ષણે ભગવા વાઘાં સજ્યાં. તે હવે સંત ગોપીચંદ બની ગયા.

પિતાની સાતમી નારકમાં જવાની વાત જાણી ચૂકેલા સુલસે તેમની મરણ સમયની જે અતિભયાનક વેદના જોઈ તેનાથી તે એટલો બધો ડરી ગયો કે તેણે દુર્ગતિકારક પિતાનો કસાઈ તરીકેનો ધંધો પિતાના મૃત્યુ બાદ સદંતર ત્યાગી દીધો.

જ્ઞાનીઓએ પંચવર્ષીય સરપંચની નાનકડી કથા દ્વારા એ વાત સમજાવી છે કે, "દરેક માનવે પોતે આ ભવ એવી રીતે જીવવો કે જેથી તેનો પરભવ બગડે નહિ."

પેન્સિલ છોલવી હોય તો એવી રીતે ચપ્પુથી છોલવી કે આંગળી કપાઈ જાય નહિ.

પરભવમાં દુર્ગતિઓની પરંપરા ચાલે તે રીતે આ ભવમાં ભોગસુખો - આસક્ત બનીને-ભોગવાય નહિ. ભલે કદાચ સંસાર ત્યાગીને દીક્ષા ન લેવાય, પરંતુ સંસારમાં રહીને અનાસક્તિનું જીવન તો જીવવું જ જોઈએ. પરભવને બગાડવાનું કામ પરપદાર્થનો માત્ર ભોગવટો નથી પરંતુ તેમાં થતી આસક્તિ છે.

સંસારમાં રહો પણ રમો તો નહિ જ.

પાણીમાં હોડી : વાંધો નહિ

હોડીમાં પાણી : હાય ! હોડી ડૂબી જ જાય.

સંસારમાં તન : વાંધો નહિ.

પણ સંસારમાં મન (આસક્તિ) : જરા ય ન ચાલે.

પેલો કસાઈ પાડાને રોજ લીલા જવ ખવડાવતો. ગાયને માત્ર સૂકું ઘાસ દેતો. વાછરડીએ ગાયને આ ભેદની ફરિયાદ કરી. ગાયે કહ્યું, "આપણે એ લીલા જવ ખાવા નથી. જે એ ખાશે એ એક દી ભારે મુસીબતમાં મુકાશે. એની કતલ થશે."

એક દી ઘરે મહેમાનો આવતાં એમ જ થયું : પાડો કપાઈ ગયો !

આ દૃષ્ટાંત દઈને ઉત્તરાધ્યયનકાર શીખ આપે છે કે પાડાની જેમ ભોગો ખૂબ ભોગવતા રહેવાનો ધંધો બંધ કરો. દુર્ગતિમાં પરેશાન થઈ જશો.

શરીરમાં થયેલા બગડેલા લોહીને દૂર કરવા માટે તે જગાએ વૈદ્ય જળો મૂકે. તે જળો બધું ખરાબ લોહી પીએ અને એકદમ તગડી-જાડી થાય. પછી વૈદ્ય તેને જોરથી દબાવીને નિચોવી નાંખે ! એ વખતે એ જળોને દારુણ દુઃખ થાય. પણ જ્યાં ફરી તેને લોહી પીવા દેવાય કે તે બધું દુઃખ ક્યાં ય વીસરી જાય.

આત્માની દશા પણ આવી જ છે ને ? ભોગસુખે પાગલ બનેલો તે બધાં પૂર્વભવીય અને આગામી - ભવીય દુઃખોને સાવ ભૂલી નથી જતો ?

મધના ટીપાના ચસકામાં ચારે બાજુના દુઃખોને જીવ કેવો ભૂલી જાય છે ?

યક્ષરાજને યુધિષ્ઠિરે કહ્યું હતું કે, "રોજ સેંકડો માણસો યમસદન ભેગા થતા જોવા મળે છે છતાં તે જોનારાઓને એ વિચાર આવતો નથી કે મારે પણ એક દી યમસદન ભેગા થવાનું છે. એ વખતે આ ભોગસુખોનો સંપૂર્ણ ત્યાગ એકસાથે કરી દેવાનો છે !

સઘળાં કુટુંબીજનોના દેખતાં જમડો સ્વજનને ઘસડીને ઉપાડી જવાનો છે : કોઈ કાકલૂદી ચાલવાની નથી !

જો આવાં સત્યો આપણી નજરમાં તરવરતાં રહે તો ભોગસુખોથી વિરાગ થવાનું જરા ય મુશ્કેલ ન બને.

## પરલોકદૃષ્ટિ : પાપ ધ્રૂજારો

અશુભ કર્મોના વિપાકોની ભયાનકતા ઉપર વિચાર થયો.

આ ઉપરથી એ વાત નક્કી થાય છે કે જેમ આત્મા કર્મને બાંધે છે તેમ તેને ભોગવે પણ છે.

આ ઉપરથી એ વાત નક્કી થઈ કે આપણે મરીને ક્યાંક જન્મ લેવાનો છે, જ્યાં બાંધેલાં કર્મો ભોગવવાનાં છે. આમ જો પરલોક છે તો દરેક આત્માએ એની તરફ નજર સતત રાખવી જોઈએ. એ તરફ આંખો મીંચવાથી એના અસ્તિત્વનો ઈન્કાર થઈ શકે તેમ નથી. નાસ્તિક તે છે જે માત્ર મરણને માને છે. આસ્તિક તે છે જે મરણ પછી થનારા જન્મને પણ માને છે.

આપણે પૂર્વે ક્યાંક જન્મેલા, જીવેલા અને મરી ગયેલા.

હવે આ ભવમાં આપણે જન્મી ગયા છીએ. જીવી રહ્યા છીએ અને નિશ્ચિતપણે મરી જવાના છીએ.

ફરી પાછો જે જન્મ થશે તે આપણાં બાંધેલાં કર્મો પ્રમાણે થશે. જૈનો ઈશ્વરને જગત્કર્તા માનતા નથી એટલે આપણને મળનારા જન્મનો તે નિર્ણાયક નથી. તે વચ્ચે આવતા જ નથી.

આપણે ક્યાં જન્મ લેવો ? તે આપણા હાથની વાત છે. ગજસુકુમાલને મોક્ષે જવું હતું તો તે ખચિત મોક્ષે ગયા.

અવંતી સુકુમાલને દેવલોકના નલિનીગુલ્મવિમાનમાં જન્મ લેવો હતો તો તેમ જ થયું.

જિનશાસનને પામ્યા પછી આ કોઈ મોટી વાત રહેતી નથી.

જેઓ ધર્મમય જીવન જીવે છે. તેઓ સામાન્યતઃ (અવળી પરિણતી વખતે જ આયુષ્યકર્મનો બંધ પડે તો મોટા રૂસ્તમ જેવો ધર્મી પણ નારકમાં ય જતો રહે) દુર્ગતિમાં ન જાય. તેમને તો જિનશાસનયુક્ત સદ્ગતિની પ્રાપ્તિ થાય.

જેઓ પાપમય જીવન જીવે છે : અથવા ધર્મી છતાં જેમના દોષો (સ્વભાવગત) કાતિલ છે. તેઓ સામાન્યતઃ દુર્ગતિમાં જાય. તેમને કોઈ ઉગારી શકે નહિ.

ગમે તેમ હોય, સારી જગાએ - સદ્ગતિમાં જન્મ લેવો એ આપણા હાથની વાત છે. આપણે ચેલેંજ સાથે (ધર્મમય જીવન જીવીને) પરમાત્માને કહી શકીએ કે, "ઓ પરમાત્મા મહાવીરદેવ ! આપે કહ્યું છે કે આ કાળમાં, આ ભરતક્ષેત્રમાંથી કોઈ પણ આત્માનો મોક્ષ શક્ય નથી." તો હું એ વાત પણ ભેગાભેગી કરી દઉં કે મારી દુર્ગતિ પણ શક્ય નથી. હું નિશ્ચિતપણે સદ્ગતિમાં જઈશ.

જેની રાગદ્વેષની પરિણતિ પાતળી (સંજ્વલનના ઘરની) પડી ગઈ હોય એ આત્માની દુર્ગતિ થઈ શકતી નથી.

મૃત્યુ થતાંની સાથે સંસારના બધા વિકરાળ પ્રશ્નો (કૅન્સરની ગાંઠ થવા સુધીના) આપણા માટે મરી જવાના છે. માટે જ તેમની ઝાઝી ચિન્તા કરવી ન જોઈએ. પરંતુ મૃત્યુ પછીના જન્મસ્થાનનો પ્રશ્ન તો કુહાડાની જેમ ખડો થઈ જવાનો છે.

આપણા એક હજાર પ્રશ્નો હોય તો, તેમાં સૌથી ગંભીર પ્રશ્ન એક જ છે કે, "મારો પરલોકે જન્મ ક્યાં થશે ? હું દુર્ગતિમાં તો નહિ ધકેલાઈ જાઉં ને ? હાય ! જો તિર્યંચ ગતિમાં જાઉં તો કદાચ અનંતકાળે-માંડ-માનવભવ ફરી પામું. ના, ના. આ મને જરા ય પોષાય તેમ નથી.

બહુ કમનસીબીની વાત છે કે વર્તમાનકાલીન પ્રશ્નોમાં ગૂંચવાયેલા આત્માને એ વાતનો ભય જ થતો નથી કે પોતાને મર્યા પછી ક્યાં જન્મ લેવો છે ? બધું ફના થઈ જવા દો, પણ દુર્ગતિમાં તો ન જ જવું જોઈએ : સદ્ગતિ અવશ્ય પ્રાપ્ત થવી જોઈએ. વારંવાર જિનશાસનયુક્ત સદ્ગતિ મળશે પછી જ મુક્તિ મળવાની શક્યતા છે.

એકાદ પણ ભૂંડનો ભવ મળે તે સમજુ આત્માને પરવડે તેમ નથી. પાંચ જ મિનિટ માટે પણ તે ભવ સહાય તેમ નથી : જ્યાં બધો ધરમ તો જાય પણ બધાં સુખો પણ જાય, આવા જન્મો શી રીતે લઈ શકાય ?

આપણી નજર પરમલોક સુધી ભલે કદાચ ન પહોંચે પણ પરલોક સુધી તો પહોંચવી જ જોઈએ.

સમજદાર આત્માઓએ ત્રણ સ્થળેથી નજર ઉઠાવી લઈને દૂર ખેંચી જવી જોઈએ.

(૧) આલોકમાંથી પરલોકમાં ખેંચી જાઓ.

(૨) દેહ ઉપરથી આત્મા સુધી ખેંચી જાઓ.

(૩) સ્વાર્થભાવમાંથી પરાર્થભાવમાં ખેંચી જાઓ.

આત્માને પોતાના પરલોકની ચિંતા તો હોવી જ જોઈએ; પરંતુ પોતાના આશ્રિતો-ભક્તો, શિષ્યો કે સંતાનો-ના પરલોકની પણ ચિન્તા હોવી જોઈએ. તેઓ પણ દુર્ગતિમાં ચાલી જાય તેવું જીવન જો જીવતા હોય તો અત્યન્ત આઘાત લાગવો જોઈએ.

ક્ષીરકદંબક પાઠકને જ્યારે ખબર પડી કે, પોતાનો દીકરો નારકે જવાનો છે ત્યારે તેને આઘાત લાગ્યો. તેણે સંસાર ત્યાગીને ભગવા પહેરી લીધા.

મહામાત્ય ચાણક્યના પિતાનું નામ ચણક હતું. બાળ ચાણક્યનો એક દાંત જે રીતે દાઢમાંથી વધી રહ્યો હતો તે જોઈને કોકે કહ્યું, "આ છોકરો ભવિષ્યમાં મહાન્ રાજા થશે." આ વાક્ય સાંભળતાંની સાથે પિતા ચણકે કાનસથી તે દાંત ઘસી નાંખ્યો. પછી પૂછ્યું, "બોલો હવે મારો દીકરો શું થશે ?"

જવાબ મળ્યો, "કોઈ રાજાનો મહામાત્ય." પછી ચણકને પૂછવામાં આવ્યું કે તેમણે શા માટે દાંત ઘસી નાંખ્યો ?

ચણકે કહ્યું, "રાજેશ્વરી તે નરકેશ્વરી. રાજા થાય એ નરકે જાય. મને એ મંજૂર નથી !"

પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત રાજવીનો દીકરો રાજકુમાર મણિરથ સાતે ય વ્યસનોથી ચકચૂર હતો. એના આઘાતથી રાજા ખૂબ ઉદ્વિગ્ન રહેતા. પણ જ્યારે તેમણે દેવાધિદેવને મણિરથની ગતિ વિશે પ્રશ્ન પૂછ્યો ત્યારે પ્રભુએ કહ્યું, "મણિરથ આ જ ભવે મોક્ષમાં જશે. તેના જીવનપરિવર્તનને હવે પળોની જ વાર છે." આ સાંભળીને પિતાએ હાશકારો અનુભવ્યો હતો.

વડોદરાના ધર્માત્માનો દીકરો નવમા ધોરણ સુધી પિતાની સાથે ભાવથી અષ્ટપ્રકારી પૂજા કરતો. પણ મેકોલે શિક્ષણની ઝેરી અસર થઈ. દસમા ધોરણમાં આવતાં જ એક દી તેણે પિતાની સાથે પૂજા કરવા જવાની ના તો પાડી પણ સાથે એમ કહ્યું કે, "મને મંદિરમાં પથરો બેઠેલો દેખાય છે. હું એની પૂજા નહિ કરું."

આ શબ્દો બાપ માટે જીવલેણ નીવડ્યા. છ માસમાં જ આઘાતથી મૃત્યુ થઈ ગયું. બાપાનું મનોમન એક જ રટણ ચાલ્યા કર્યું, "શું મારા જતાં ઘરમાંથી ધર્મ પણ સદંતર જતો રહેશે ?"

જે જગતની સૌથી વહાલી ચીજ ગણાય છે તેની દુર્ગતિ થવાની કલ્પનાથી જ વડીલો ધ્રૂજી ઊઠવા જોઈએ. એવું એક પણ વલણ કે વર્તન ન હોવું

જોઈએ જેની વિપરીત અસર સંતાનો ઉપર પડે.

ચાંપરાજવાળો બહારવટિયો જ્યારે ત્રણ-ચાર વર્ષનો હતો ત્યારે તેના દેખતાં જ તેના બાપે તેની બાને ગાલ ઉપર લાડથી માત્ર ટપલી મારી. બાને ખબર પડી ગઈ કે દીકરો તે ચેષ્ટા ભાળી ગયો છે. "હાય! હવે આ બાળકમાં કેવા ખરાબ સંસ્કાર પડશે ?" એ વિચારે અને આઘાતે તે જીભ કચરવા લાગી. રાત થતામાં જીભ કચરી નાંખી મોત ભેટી લીધું !

પોતાના સંતાનોની જિંદગી તેમનો બાપ બરબાદ ન કરી બેસે તે માટે ગંગાએ શાન્તનુ નામના રાજકુમાર સાથે લગ્ન કરતાં શરત માન્ય કરાવી હતી કે તે જે આજ્ઞા કરે (અલબત્ત સંતાનોના સંસ્કરણના વિષયમાં) તે તેણે માન્ય રાખવી.

આ શરતનો ભંગ થયો. ગંગાની ના ઉપર શાન્તનુ શિકાર કરવા ગયો કે તરત ગંગા પોતાના દીકરા ગાંગેયને લઈને પિયરભેગી થઈ ગઈ !

મયણાસુંદરીને તેની માતા અને તેના પાઠક અત્યંત સંસ્કારી હતાં તો કેવી સરસ - સંસ્કારસંપન્ન - તૈયાર કરી હતી. તેની બહેન સુરસુંદરીમાં આથી ઊંધું થયું કેમકે મા અને પાઠક અત્યંત વિચિત્ર હતાં.

જેની પરલોક તરફ સતત દૃષ્ટિ રહેતી હોય તે આત્મા પાપથી ધ્રૂજતો હોય. બનતા સુધી તે પાપ કરે નહિ, છતાં જે પાપો થાય તેમાં તે કરતી વખતે પણ ધ્રૂજારી અનુભવતો હોય, પાપ કર્યા પછી માથું પછાડીને રડતો હોય. એવા આત્માને કેસરીઆ, કઢાયા દૂધ પીવડાવવાથી તો તેનું લોહી થવાનું તો દૂર રહ્યું પણ દેહમાં રહેલા લોહીનું તીવ્ર પશ્ચાત્તાપની અસરમાં પાણી થઈ જાય.

ધર્મી માણસના અંતરંગ લક્ષણમાં પાંચ ગુણો ષોડશક પ્રકરણમાં જણાવેલ છે: ઔદાર્ય, દાક્ષિણ્ય, પાપનફરત, નિર્મળ તત્ત્વજ્ઞાન અને લોકપ્રિયત્વ.

આમાં સૌથી મહત્ત્વનો ગુણ પાપધિક્કાર છે. જેને પાપો પ્રત્યે તિરસ્કાર નથી તે સદ્‌ગૃહસ્થ નથી, સમ્યગ્દૃષ્ટિ નથી, શ્રાવક કે સાધુ પણ નથી.

જેના મનનાં પરિણામો નિષ્ઠુર થયાં હોય તે આત્મામાં પાપો પ્રત્યે નફરત કદી ન થાય. કોમળ પરિણામમાં જ ધર્મ છે.

ભૂલો તો કોની ન થાય ? •

જેની ભૂલ જ ન થાય તે તો ભગવાન કહેવાય. આજે કોણ ભગવાન છે ? માણસ તો ભૂલ કરે જ.

ભલે... પણ ભૂલ થયા બાદ તેનો પુષ્કળ ઘોર પશ્ચાત્તાપ તો હોવો

જ જોઈએ. જો તે ન હોય તો પાપ તો ચાના ડાઘ જેવું છે. એમાં વિલંબ થાય તો એ ડાઘ નીકળે જ નહિ.

હરિભદ્રસૂરિજીને બૌદ્ધ સાધુઓ ઉપર કેવો ભયાનક ક્રોધ આવી ગયો ? પણ તે પછી પશ્ચાત્તાપ પણ કેવો જબરો ફાટી નીકળ્યો ?

સોમચન્દ્ર પંડિત જે રૂપવતી રાજકુમારીને ભણાવતા હતા તેના તરફ એક દી નજર બગડી. ભેટવા માટે બે હાથ પહોળા કર્યા પણ તરત રાજકુમારીએ તેમને ચેતવ્યા. પંડિતજીને ભાન આવી ગયું. શાસ્ત્રજ્ઞોને પ્રાયશ્ચિત્ત પૂછ્યું. જવાબ મળ્યો કે તેના બે હાથ કાપી નાંખવા જોઈએ અને આંખો ફોડી નાંખવી પડે.

પંડિતજીએ જંગલમાં વસવાટ કર્યો. ત્યાં આ પ્રાયશ્ચિત્ત જાતે કર્યું.

કુમારગિરિ પંડિતને આવું જ બન્યું. જોધપુરનરેશની રાજકુમારીને ભણાવતાં વિકાર જાગ્યો. રાજકુમારીને આલિંગવા ગયા. રાજકુમારી નાસી ગઈ. કુમારગિરિને પોતાના દોષ બદલ ખૂબ આઘાત લાગ્યો. ધસમસતી નદીમાં જલશરણ લઈને જિંદગીનો અંત આણી દીધો.

રાજકુમારોએ પરદેશી વહાણ લૂંટ્યું. પિતા યોગરાજને આઘાત લાગતાં તેમણે અગ્નિસ્નાન કર્યું.

પત્નીએ ભૂખમરો ટાળવા માટે પંડિત પતિને ચોરી કરવા જવાની ફરજ પાડી. તે ત્રણ ઠેકાણે ગયો; પણ ચોરીનું પાપ કરતાં ધ્રૂજી ગયો. છેવટે ખાલી હાથે ઘરે પાછો આવ્યો.

ગૃહસ્થ જીવનમાં એક વાર પરસ્ત્રીગમનના પાપ ઉપર તે માણસ રોજ રડતો રહ્યો. એંસી વર્ષની ઉંમર થઈ ત્યારેય એ ઘા દૂઝતો હતો. કોઈ યુવક-મંડળે યોજેલી ધર્મસભામાં પ્રમુખપદે પરાણે બેસાડી દીધા. ભાષણમાં કહ્યું, "મેં અતિ ઘોર પાપ જુવાન વયે કર્યું છે.' માટે આ પદને હું લાયક નથી." આટલું કહીને એ હીબકાં ભરીને રડતાં સ્ટેઈજ ઊતરીને ઘર ભણી રવાના થઈ ગયા.

પતિ બહારગામ હતો. તેની સંમતિ મળી શકી નહિ. બાદશાહ અકબરના અતિ આગ્રહને વશ થઈને તાના અને રીરી નામની બે બહેનોએ મેઘમલ્હાર રાગ ગાયો તો ખરો. વરસાદ પણ વરસ્યો. આ રીતે પરપુરુષને રીઝવવાનું પાપ કર્યું તેના આઘાતમાં બન્ને બહેનોએ એકબીજાનાં પેટમાં કટારી ખોસી દઈને જીવનનો અંત આણી દીધો.

વલ્લરાજ નામના પિતા-રાજા-ની ગેરહાજરીમાં, મિત્ર સાથે ઝરૂખે રાજકુમાર બેઠો બેઠો વાત કરતો હતો. રસ્તા ઉપરથી રૂપાળી બે વિપ્ર કન્યાઓ

પસાર થતી હતી. તેમને જોઈને રાજકુમારને પાંચ સેકંડ માટે વિકાર જાગ્યો. મિત્રને તે વાત કરતાંની સાથે જ રસ્તા ઉપર ઝંપલાવી દીધું. તરફડીને તે મૃત્યુ પામ્યો. તે બહેનોને આ વાતની ખબર પડી. પોતાનું રૂપ નિમિત્ત બન્યાનું જાણીને તેમણે પણ તે જ રાતે આત્મહત્યા કરી નાંખી !

કરેલા પાપ ઉપર અઈમુત્તા મુનિનો અને ગોશાલકનો પશ્ચાત્તાપ કેટલો કાતિલ હતો ?

પિતા-મુનિને ખબર પડી કે દીકરો-બાળસાધુ પાણીની તરસથી રિબાઈ રહ્યો છે. મોહદશાથી તેને નદીનું કાચું પાણી પીવાની પ્રેરણા કરી. પણ એ બાળમુનિ ધનશર્માએ તેમની વાત ધરાર ઇન્કારી અને મોતને મીઠું કર્યું.

તેમણે પિતામુનિને કહ્યું, "તમને આવું કહેતાં શરમ નથી આવતી ? સાધુથી કાચું પાણી પીવાય જ નહિ."

પેલો વિદ્યાધર સત્યકી ! નિકાચિત પાપકર્મના ઉદયે એની કામવાસના એકદમ ભડકી ગઈ હતી.

અદૃશ્ય થવાની વિદ્યાનો ઉપયોગ કરીને રોજ રાતે તે કોઈ નારીનું શીલ ચૂંથતો. પણ તે પછી તે કલાકો સુધી ધ્રુસકે રડતો. એક વાર તે પકડાઈ ગયો. વિદ્યાધરોએ પરમાત્મા મહાવીરદેવને તે બધી વાત કરી. પ્રભુએ કહ્યું, "તે અંતરથી અતિશય રડે છે; ઝૂરે છે; માથું પછાડે છે. જે પાપ કરવા છતાં તેને ખૂબ ધિક્કારે છે તેને પાપી કહી શકાય નહિ."

પરમાત્માની આ વાત સાંભળીને સત્યકીને જાનથી મારી નાંખવાનો વિચાર વિદ્યાધરોએ માંડી વાળ્યો.

સ્થાવર અને જંગમ તીર્થોને દરિયે ડુબાડી દેવાના નિષ્ફળ પ્રયત્નનું પાપ કરનારો રાવણ પરમાત્માની પાસે રડ્યો હતો. પોતાના અનેક પાપો બદલ તે ગૃહમંદિરમાં રાતે આરતી ઉતારીને માથું ધરતી ઉપર મૂકીને ખૂબ રડતો હતો.

પેલો નાનકડો છોકરો. ઘરમાં ચોરી-જારીનું પાપ કરીને એવો રડવા લાગ્યો કે લાગટ બાર વર્ષ સુધી તે રડતો રહ્યો. સહુની પાસે પાપની માફી માંગતો રહ્યો. એનાથી તેને આમર્ષ(સ્પર્શ)લબ્ધિ ઉત્પન્ન થઈ. પછી જે રોગીઓ તેને અડતા તે તમામ રોગમુક્ત બની જતા.

દ્રૌપદીના વસ્ત્રાહરણ વખતે મૂંગા રહેવાનું જે પાપ ભીષ્મપિતામહે કર્યું તે તેમના જીવનના છેલ્લા મહિનાઓમાં સતત ડંખતું રહ્યું.

એક ઠેકાણે અંગ્રેજીમાં કહ્યું છે કે, "માણસ પાપમાં પડી જવા માત્રથી પાપી બની જતો નથી; જો તે ઘોર પશ્ચાત્તાપ સાથે પાછો ઊભો થઈ જાય તો તેને પાપી કહી શકાય નહિ."

આપણા પ્રાચીન સમયમાં ધર્મ પ્રત્યેનો આદર અને પાપો પ્રત્યે સૂગ બહુ જોરમાં હતાં. તે વખતે શેઠના ઘરનું ચણતર કરવા સજ્જ બનેલો કડિયો પાયાની પહેલી ઈંટ પોતે ન મૂકતો; કેમકે તેથી તે ઘરનું બધું પાપ તેને ચોંટે; તેવી માન્યતા હતી.

રોજ બધાની પથારી કરતી બા, પરણીને ઘરે આવેલા દીકરાની અને વહુની પહેલી રાતની પથારી ન કરતી. તેમ કરે તો બધી રાતનાં પાપ તેને ચોંટે તેવી માન્યતા હતી.

મરવા પૂર્વે દાદીમા, પોતે ઘરમાં ખરીદીને લાવેલા તમામ શસ્ત્રો–ચપ્પુ, છરી, ખાંડણી, દસ્તો, ઘંટી વગેરે-નું જાતે વિસર્જન કરી દેતી. જો તેમ ન કરે તો તેના મર્યા પછી પણ તેનાં પાપ તેને પરલોકે ચોંટે તેવી માન્યતા હતી.

અલ્હાબાદના મ્યુઝિયમમાં એવી કોઈ ધાતુની રકાબી છે જેમાં વિષયુક્ત અન્ન મુકાતાં તે તડતડતડ અવાજ કરવા લાગી જાય. આપણું હૈયું આ રકાબી જેવું હોવું જોઈએ. જેમાં પાપનો પ્રવેશ થતાં જ તે તડતડતડ કરતું રડવા લાગી જાય.

પાપ પ્રત્યેનો ધિક્કાર એ એક જ પાપનાશનું અમોઘ શસ્ત્ર છે. આ સિવાયનો કોઈ પણ મન્ત્રજાપ કે કોઈ પણ અનુષ્ઠાન પાપવાસનાનો નાશ કરવાને અસમર્થ છે.

કામ, ક્રોધાદિ દોષો આત્માના ઘરના માલિકો ક્યારે ય ન હતા. આત્માએ જ તેમને સ્વઘરમાં મહેમાન તરીકે બોલાવેલા. પરંતુ તેમને રોજ માલ-મલીદાં મળતાં તે દાદા બની બેઠા. ઘરના માલિક બની ગયા. જો હવે તેમને રીતસર ધિક્કારવામાં આવે તો ઘરમાંથી ભાગ્યે જ છૂટકો થાય.

ઑસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર લીલી ડેનિસને કોઈએ તેની ભરપૂર વિકેટો લેવાની જ્વલંત સફળતાનું રહસ્ય પૂછતાં તેણે કહ્યું કે, "જ્યારે હું દડો નાંખવા માટે દોડું છું ત્યારે સતત બેટ્સમેનને ધિક્કારતો મનમાં બોલું છું. "જા... જા... નીકળ. આઉટ થા. પેવેલિયન ભેગો થા. મારી આ ધિક્કારવૃત્તિ જ બેટ્સમેનને ઝટ આઉટ કરી દે છે."

ધિક્કારનું સૂત્ર પાપોના નાશ માટે એકદમ અમોઘ છે અને અનન્ય છે.

## કર્મોના સુખી અને ધર્મી ઉપર હુમલા

કેટલાંક કર્મો (અશાતા વેદનીયાદિ) સુખી ઉપર હુમલો કરીને તે આત્માને સુખભ્રષ્ટ કરીને દુ:ખી કરે છે.

કેટલાંક કર્મો (મોહનીય કર્મ વગેરે) ધર્મી ઉપર હુમલો કરીને તેને ધર્મભ્રષ્ટ કરીને પાપી કરી નાંખે છે.

શ્રેણિક કેટલો સુખી રાજા હતો ? એકાએક કોણિક દ્વારા તે જેલભેગો થયો. અત્યંત દુ:ખી કરાયો ?

બ્રહ્મદત્ત ચક્રવર્તી કેટલો સુખી રાજા હતો ? તેની આંખો ફૂટી. સોળ વર્ષ સુધી અતિ દુ:ખી રહ્યો અને મરીને સાતમી નારકે ચીસો પાડતો રહ્યો. તેની પટ્ટરાણી કુરુમતી છઠ્ઠી નારક ભેગી થઈ. બે પતિ-પત્ની એકબીજાનું નામ લઈને વિરહની તીવ્ર યાતનાઓ ભોગવે છે.

દેવી સ્વયંપ્રભાની તો કર્મોએ હાલત ખરાબ કરી નાંખી.

સીતા, અંજના, પાંડવો વગેરેનાં દુ:ખોની શી વાત કરું ?

કર્મો ધર્મીને ધર્મભ્રષ્ટ કરીને પાપી કરે છે. સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ, નંદિષેણ, સુકુમાલિકા, રહનેમિ, રાવણ વગેરે આ વિધાનના સાક્ષીઓ છે.

જે રાવણે સામેથી આવેલી રાજા કુબેરની પટ્ટરાણી ઉપરંભાને પાછી કાઢી તેવો શીલપ્રેમી રાવણ સામે ચાલીને સીતા પાછળ પાગલ થયો, બદનામ થયો અને બરબાદ થયો.

જમાલિ ધર્મભ્રષ્ટ થયો. તેણે પરમાત્માની સામે બળવો કર્યો. ભવભ્રમણ વધારી મૂક્યું.

નંદિષેણ અહંકારનો શિકાર બનીને સાધુત્વ હારી ગયા !

અજ્જા સાધ્વી નાનકડી વાતે ધર્મભ્રષ્ટ થઈને અનંતસંસારી થયાં.

જેની પાસે કર્મનું તત્ત્વજ્ઞાન છે એ જ આત્માઓ દુ:ખી કે પાપી બનતાં અટકે છે. દુ:ખમાં ય તેઓ દુ:ખી ન થાય. પેલા બે રત્નકંકણના દૃષ્ટાંતમાં આવતી બે દીકરાની માની જેમ.

પાપસામગ્રી વચ્ચે પણ તેઓ પાપી ન થાય. ઓલી સીતાની જેમ.

આથી જ કર્મોનું તત્ત્વજ્ઞાન મેળવવું ખૂબ જરૂરી છે.

## અનુબંધ - વિચાર

જેમ કર્મોનો બંધ થાય છે, તેમ કર્મોનો અનુબંધ પણ તૈયાર થાય છે.

પુણ્યબંધથી સુખ મળે.

પાપબંધથી દુ:ખ મળે.

પુણ્યાનુબંધથી ગુણ મળે.

પાપાનુબંધથી દોષ મળે.

જેટલું મહત્ત્વ સુખ-દુ:ખનું નથી એટલું મહત્ત્વ જીવનમાં ગુણ-દોષોનું છે.

સુખ ન મળે તો કાંઈ નહિ, ગુણો તો મળવા જ જોઈએ.

ધનવાન, શક્તિવાન, ભલે ન બનાય પણ ગુણવાન તો બનવુ જ જોઈએ.

દુ:ખ ન જાય તો કાંઈ નહિ પણ દોષો તો જવા જ જોઈએ.

કેન્સર ભલે ન મટે પણ કામ, ક્રોધાદિ દોષો તો મટવા જ જોઈએ. સુખનો ચાહ ગુણો ઉપર જવો જોઈએ.

દુ:ખનો દાહ દોષો ઉપર જવો જોઈએ. સુખના રાગીના બદલે ગુણોના રાગી અને દુ:ખના દ્વેષીને બદલે દોષોના દ્વેષી બનવું જોઈએ.

જેટલું સુખ સારું છે તેથી વધુ ગુણો સારા છે.

જેટલું દુ:ખ ખરાબ છે તેથી વધુ દોષો ખરાબ છે.

દુ:ખો આ ભવ બરબાદ કરતા હોય છે; દોષો ભવોભવ બરબાદ કરતા હોય છે.

મરતાંની સાથે દુ:ખો મરે છે, પણ દોષો તો ભવોભવ જીવતા રહે છે.

આથી જ્ઞાનીઓ કહે છે કે સુખ-દુ:ખ દેતા બંધની ચિંતા કરવા કરતાં ગુણ-દોષ દેતા અનુબંધની વિશેષ ચિન્તા કરો. પુણ્યના બંધથી બંગલો મળે પણ જો તે પુણ્યબંધ સાથે પાપાનુબંધ જોડાયેલો હોય તો ભયંકર ક્રોધ પ્રાપ્ત થાય, જેનાથી પત્નીને મારપીટ કરાય.

એવા બંગલા શું કરવાના જેમાં ક્રોધાદિ દોષોની જ્વાળાઓ સળગ્યા કરતી હોય.

પાપબંધે ઝૂંપડું મળે પણ જો તેમાં પુણ્યાનુબંધ જોડાયેલો હોય તો તે આત્મામાં સહિષ્ણુતા, સ્નેહભાવ, કરુણા વગેરે ગુણોનો બાગ ઉત્પન્ન થાય.

ઓલા બંગલા કરતાં આ ઝૂંપડાં જ સારાં કહેવાય.

કોઈ સંસારી ધનવાન્ (સુખવાન્) બનવાનો કે કોઈ સાધુ શક્તિમાન્ (વિદ્વાન્) બનવાનો વિચાર નહિ કરતાં સહુ ગુણવાન્ બનવાનો વિચાર કરો.

સોક્રેટીસને ધનવાનોએ આ વાતે ઝેર અપાવ્યું કે તે કહેતો ફરતો હતો કે ધનવાન મહાન નથી, ગુણવાન મહાન છે.

આપણું જીવન ગુણોનો બાગ હોવું જોઈએ. દોષોનો ઉકરડો કદાપિ નહિ

આત્મા ખૂબ ધનવાન હોય પણ અતિ કંજૂસ હોય તો શા કામનો ?

સ્ત્રી ખૂબ રૂપાળી હોય પરંતુ કુલટા હોય તો શા કામની ?

સાધુ ખૂબ વિદ્વાન હોય, પરંતુ ક્રોધી હોય તો શા કામનો ?

ગુણવાન બનવા માટે બંધ નહિ; અનુબંધની જ ચિંતા કરવી પડે.

તગડા પાપના અનુબંધોને નબળા પાડવા પડે અને નબળા પુણ્યાનુબંધોને સબળા બનાવવા પડે.

જ્ઞાનીઓ કહે છે કે માનવજીવન જો સફળ કરવું હોય તો એક કામ તો ખાસ કરી લેવું જોઈએ કે પુણ્યના નબળા અનુબંધોને તગડા કરી દેવા અને પાપના તગડા અનુબંધોને સાવ નબળા પાડી દેવા.

જ્યાં – ધર્મ કરતાં કે અધર્મ સેવતાં – ચિત્ત ખૂબ ભળે છે. ત્યાં અનુબંધ તગડો થાય છે. જ્યાં ચિત્ત ભળતું નથી; વેઠ ઉતારે છે ત્યાં અનુબંધ નબળો પડે છે.

કમનસીબે આત્માએ પાપમાં ચિત્તને એકરસ કર્યું; તેથી પાપનો અનુબંધ કાયમ તગડો – વધુ ને વધુ તગડો – બનતો રહ્યો અને ધર્મમાં વેઠ ઉતારી એટલે પુણ્યનો અનુબંધ સદા નબળો જ રહ્યો.

હવે જો પાપના અનુબંધોને નબળા પાડવા હોય તો તેનો ઉપાય છે. અરિહંત પરમાત્માનું ભાવભર્યું શરણ લેવાપૂર્વક પોતાનાં દુષ્કૃતોની ભારે પશ્ચાત્તાપ સાથે – તિરસ્કાર સાથે – નિંદા કરવી.

જો પુણ્યના અનુબંધોને તગડા બનાવવા હોય તો અરિહંત પરમાત્માના શરણપૂર્વક જગતના જીવોના સુકૃતોની ખૂબ ખૂબ અને વારંવાર અનુમોદના (યથાયોગ્ય પ્રશંસા) કરવી.

પંચસૂત્રકારે પ્રથમ પંચસૂત્રમાં આ ઉપાયો બતાડ્યાં છે.

જો આ રીતે પાપાનુબંધોને તોડવામાં ન આવે તો આત્માની પુષ્કળ અધોગતિ થાય.

## સ્વદોષદર્શન : પરગુણદર્શન

આ વાત વિગતથી જણાવું.

સૂક્ષ્મ રીતે જોતાં આપણાં મહાદોષો છે; મિથ્યાત્વ, અવિરતિ વગેરે.

સ્થૂલ દૃષ્ટિએ આપણા મહાદોષો છે : કામ, ક્રોધ, સ્વાર્થ અને અહંકાર. આ બધા ઉત્તરોત્તર વધુ ખતરનાક હોવાથી સૌથી વધુ ખતરનાક દોષ અહંકારને ગણી શકાય.

સર્વ દોષોનો જે રાજા છે તેનું નામ પરદોષદર્શન અને સ્વગુણદર્શન છે. આ બે દોષોની ઉત્પત્તિ અહંકારમાંથી થતી હોવાથી તે અતિ ભયાનક દોષ ગણાય. આત્મામાં દોષદર્શન તો હોવું જ જોઈએ. પણ તે સ્વદોષોનું દર્શન. પરદોષોનું તો કદાપિ નહિ. આત્મામાં ગુણદર્શન તો હોવું જ જોઈએ પણ તે પરગુણદર્શન. સ્વગુણદર્શન તો કદાપિ નહિ.

તમે બીજામાં જે જુઓ તે તમારામાં પ્રવેશે. દોષો જુઓ તો દોષો પ્રવેશે. ગુણો જુઓ તો ગુણો પ્રવેશે.

બગીચામાં ગુલાબ છે, ઉકરડો પણ છે. ઉકરડે ચાંચ મારે તે કાગડો છે.

ગુલાબની મહેફિલ માણે તે બુલબુલ છે. આપણે પરદોષમાં ચાંચ મારીને શા માટે કાગડા બનવું ? બુલબુલ જ કેમ નહિ બનવું ?

કૃષ્ણ વાસુદેવે સડીને ગંધાઈ ગયેલી કૂતરીના કલેવરમાં ચમકતી શ્વેત દંતપંક્તિઓ જ જોઈ હતી અને તેની પ્રશંસા કરી હતી.

પરોપજીવી નામની વનસ્પતિ છે. તેના નામ પ્રમાણે તેનો ગુણ છે. તે પોતે આકાશમાં ઊંચે પહોંચી શકતી નથી પણ તેને આકાશી પોષક તત્ત્વો તો જોઈએ જ છે એટલે તે આકાશને આંબેલા વિરાટ ઊંચાઈનાં વૃક્ષોના ધરતીમાં રહેલા મૂળને વીંટળાઈ જાય છે. એ મૂળમાં આવતાં આકાશી તત્ત્વોને એ ચૂસી લઈને પોતાનું કામ પતાવી દે છે.

આપણે વિરાટકાય ગુણવાન્ પુરુષોના ગુણોને વળગી પડીએ (તેમાં પાગલ બનીએ) તો તે ગુણો આપણામાં સોંસરા ઊતરી જાય.

એકાદ ગુણના સ્વામી બનવું એ ય બહુ કઠિન વાત છે. કેમકે અનાદિ કાળના અનંત ભવોના પરિભ્રમણમાં આ જીવે મોટા ભાગે દોષોનું ખૂબ રસથી સેવન કર્યું છે. એનાંમાં ગુણ હોય જ ક્યાંથી ?

એક સ્થળે કહ્યું છે કે જો તમને કોઈ જીવમાં કોઈ ગુણની સુંદર ખિલવટ જોવા મળે તો તમે તેને માનવજાતનું મોટું આશ્ચર્ય માનજો.

સંસ્કૃતમાં એક શ્લોક છે. તેના છેલ્લા ચરણમાં કહ્યું છે કે, એકાદ પણ સાચો ગુણવિકાસ સઘળા દોષોનો નાશ કરે છે. કેવડો કર્કશ છે, જંગલી છે; તેમાં સર્પનો વાસ છે; તેને ફળ બેસતું નથી. આ બધા માઈનસની સામે તેનો એક મોટો પ્લસ છે કે તે સુગંધીદાર છે. આ ગુણને કારણે સહુ તેને ઘરમાં રાખે છે.

આ રીતે દોષોને ખતમ કરવા માટેની જે સાધના છે : જે સાધના

મહામુનિઓએ અને તારક તીર્થંકર દેવોએ કરી છે તેનો અંશ પણ કરવાનું આપણું કોઈ સામર્થ્ય નથી.

પ્રભુવીરની સાડા બાર વર્ષની ઘોર સાધના આપણે સાડા બાર સેકંડ માટે પણ કરી શકીએ તેમ નથી.

હવે જો આપણે સમજણના ઘરમાં આ ભવમાં – ગુરુસંગના પ્રભાવે – આવ્યા હોઈએ અને આપણી એવી ભાવના હોય કે મારે મારાં દુષ્કૃતો(પાપકર્મો અને પાપવાસનાઓ)ને ખતમ કરવાં છે; અને મારે ગુણોનો ભંડાર બનવું છે તો એક જ સરળમાં સરળ રસ્તો છે કે આપણે સ્વદુષ્કૃતોની ગર્હા કરીએ પરસુકૃતોની (ગુણોની) ભારોભાર અનુમોદના કરીએ.

પહેલાં દુષ્કૃતો પ્રત્યે તિરસ્કાર.

પહેલાં પરસુકૃતોની પ્રશંસા.

તિરસ્કાર વિનાના દુષ્કૃતત્યાગ ઝાઝા ટકે નહિ.

પ્રશંસા વિનાનું સુકૃતોનું સેવન ઝાઝું ટકે નહિ, કેમકે ત્યાં અહંકાર હોય છે. જે બધું દૂધ ઢોળી નાંખ્યા વિના રહેતો નથી.

દોષોના રાજા (king of vicies) પરદોષદર્શન છે. સ્વગુણદર્શન છે. આ બે એક સિક્કાની બે બાજુની જેમ સદા સાથે રહે છે.

ગુણોનો રાજા સ્વદોષદર્શન છે. પરગુણદર્શન છે. આ બે ગુણોને પોતાના જીવનમાં સૌથી પ્રથમ આત્મસાત્ કરવા જોઈએ. તેમ કરવા માટે અહંકારને ખતમ કરવો જોઈએ.

ચરણદાસ કવિએ કહ્યું છે કે, "તમે તમારા નિંદકોને ખૂબ ચાહજો. પ્રભુ પાસે પ્રાર્થના કરજો કે (૧) તેઓ સદા નિરોગી રહે, (૨) દીર્ઘાયુ બને, (૩) તેમનો ધંધો ખૂબ સારો ચાલે.

કેમકે આમ થશે તો જ તેઓ તમારા દોષોની નિંદા કરવાનું કામ સારી રીતે કરી શકશે. તમારા ક્યા ક્યા દોષો છે ? તેનું ભાન તેઓ જ તમને કરાવશે. આમ, તેઓ તમારા ખૂબ ખૂબ ઉપકારી બને છે.

જો આપણને સ્વદોષદર્શન કરતાં આવડે; જો આપણે અણુ જેટલા દોષોને મેરુ જેટલા કરીને તેમને જોઈએ તો આપણો માનવભવ કે મુનિજીવન આબાદ બની જાય. આવી આત્મસ્થિતિ તેને જ પ્રાપ્ત થઈ શકે જે લઘુકર્મી આત્મા હોય. ભારેકર્મી જીવોમાં અભિમાન ટન જેટલું હોય જ. તેથી તેમનામાં આ સ્થિતિ ઉદ્‌ભવી શકે નહિ.

જેઓ સ્વદોષદર્શન કરે તેઓ અવશ્ય પરદોષદર્શન ન કરે.

જેઓ પરગુણદર્શન કરે તેઓ સ્વગુણદર્શન કદી ન કરે.જો આમાં ગરબડ હોય તો સમજી લેવું કે તેમનું સ્વદોષદર્શન અને પરગુણદર્શન આભાસી છે : ભ્રાન્ત છે. તેમનામાં અભિમાન પડેલું છે; જેણે આ ભ્રાન્તિ સર્જી છે.

સ્વદોષદ્રષ્ટા જીવો તો ખોબલે ખોબલે રડતા હોય. દર વર્ષે તળાવ જેટલાં આંસુ ઊભરાતાં હોય.

એ આત્માઓની કોઈ પ્રશંસા કરે તો તેમને જરા ય ગમે નહિ. તેનાથી ભાગતા ફરે.

મૂળદાસ ભગત ગુણોનો ભંડાર હતા. એમનામાં કોઈ દોષ ન હતો. આથી તે ગ્રામજનોની ખૂબ પ્રશંસા પામતા. લોકો તેમને ઝૂકીઝૂકીને વંદન કરતા. આ સ્થિતિ તેમના માટે અસહ્ય થઈ પડી. આવી ભરપૂર પ્રશંસામાં તેમને પોતાના પતનની સંભાવના જણાઈ. આથી એક વખત તેમણે ટુચકો કર્યો.

કોઈ કુલટા સ્ત્રીના ગર્ભમાં ૭-૮ માસનું સંતાન હોવાથી તેનું પેટ મોટું થયું હતું. મૂળદાસ ભગતે તેને કહ્યું કે, "તું સહુને રાડો પાડીને એ વાત કર કે તારા પેટના સંતાનનો બાપ મૂળદાસ ભગત છે.

પેલી બાઈએ તેવું જૂઠાણું ચલાવવાની અને ભગવાન જેવા નિર્વિકાર ભગતને બદનામ કરવાની ધરાર ના પાડી દીધી. પણ ભગતે તે વાતનો એટલો બધો આગ્રહ સેવ્યો કે છેવટે તેને ઝૂકવું પડ્યું. તેણે લોકોમાં તે રીતે વાત ફેલાવી.

લોકો વીફર્યા. રાતે ભજનમાં બેસવાને બદલે ભગતનો બરાબર ઊધડો લીધો. ભગતને સવાલ કર્યો કે, "પેલી બાઈની વાત સાચી છે ?" ભગતે કહ્યું. "હા, બાઈને જૂઠું બોલવાનું કોઈ પ્રયોજન નથી."

અને... ભગતને ધડાધડ લાકડીઓ ફટકારાઈ. ગડદાપાટું થઈ. ખૂબ માર્યા, મારતાં મારતાં જ કુટિરમાંથી બહાર કાઢ્યા. લોહીલુહાણ કરી નાંખ્યા.

મનમાં - ખૂબ પોરસાતા ભગતે જંગલની વાટ પકડી, એમના આનંદનો કોઈ સુમાર ન હતો. કેમકે હવે તેમની પ્રશંસા કોઈ કરવાનું ન હતું.

બે વર્ષ બાદ બાઈએ લોકોને સાચી વાત કરતાં લોકો ખૂબ પસ્તાયા. જંગલમાં સદા પ્રભુભજન કરતાં અને ફળો ખાઈને જીવતા ભગત પાસે જઈને માફી માંગી. ચોધાર આંસુએ સહુ રડયા.

આવું જ સંત ભર્તૃહરિ અને સંત ગોપીચંદે એક વાર કર્યું. હજારો લોકોનાં દર્શન-વંદન માટે ઊભરાતાં ટોળાંથી છૂટવા માટે કોઈ ડોશીએ ચરણે

મૂકેલા જાડા-લઠ્ઠ રોટલા ઉપર બન્ને જણે તરાપ મારી. મારામારી ઉપર આવી ગયા. લોહીલુહાણ થયા. રોટલો ધૂળ ભેગો થઈ ગયો.

લોકોએ આવું જોયું. તેઓ બોલી ઊઠ્યા, આવા હોય રાજર્ષિઓ ? ધિક્કાર છે તેમને કે રોટલા ખાતર લોહીલુહાણ થાય. સાલાઓ, તનના ભિખારી થયા પણ મનના ય ભિખારી થયા. ઘેબર વગેરે મીઠાઈઓ અને સફરજન વગેરે ફળોના ઢગલા પડ્યા હતા તો ય ભિખારીઓ રોટલા ઉપર તૂટી પડ્યા. બાઝી પડ્યા. હટ્ટ...

અને... બીજા દી'થી કોઈ ચકલું પણ ફરકતું બંધ થયું. બે સંતો ખૂબ હસ્યા. દાવ સફળ થવા બદલ. હવે હરિભક્તિ બરોબર થશે તેવા વિશ્વાસ બદલ.

મહારાષ્ટ્રના ગાડગે મહારાજે નાસિકની સ્કૂલના પટાંગણમાં ઊભા કરાયેલા પોતાના ફુલસાઇઝ બાવલાને કડિયાળી ડાંગથી ટુકડેટુકડા કરી નાંખ્યું હતું. ટેબલ ઉપર વેચવા માટે મૂકેલા પોતાના બે હજાર રંગીન ફોટાઓને જાતે જ પંચવટીમાં જલશરણ કરી દીધા હતા.

મોટા ગજાના ગુણીજનોને પોતાના ગુણોની પ્રશંસા જરા ય ગમતી હોતી નથી. અને નાનકડા પણ દુષ્કૃત ઉપર તેઓ સતત રડતા રહે છે.

ચક્રવર્તી ભરતને પોતાના અવિરતિના દોષ બદલ ખૂબ ધિક્કાર રહેતો. તે પોતે ક્યાંક દુર્ગતિમાં ચાલી ન જાય એટલે તેમણે ચોર્યાસી હજાર આત્મરક્ષકો રાખ્યા હતા; જેઓ ભરતને રોજ ચેતવતા કે, "તમે ભલે છ ખંડના સામ્રાજ્યને જીતી લીધું હોય પણ યાદ રાખજો કે તમને મોહરાજાએ જીતી લીધા છે. તમારી ચોટલી તેણે બરોબર પકડી લીધી છે."

રામને લક્ષ્મણ ઉપર અતિશય રાગ હતો. આ દોષને તેમણે મેરુ જેવડો જોયો હતો એટલે તેથી તે પોતાને 'અભંવી' માનતા હતા.

આ મહાત્માઓનું સ્વદોષદર્શન કેટલું બધું કાતિલ હતું ?

જેનામાં સ્વદોષદર્શન છે તેને ત્રણ મોટા ગુણોની પ્રાપ્તિ થાય છે. (૧) સરળતા, (૨) પાપનો તીવ્ર પશ્ચાત્તાપ, (૩) ગુરુની હિતશિક્ષા કે કઠોરવાણી તરફ અતિશય આદર.

સહુએ બીજાના દોષો જોવાનું બંધ કરવું જોઈએ. દરેક વાતને Let go કરવી જોઈએ. જો કોઈની ભૂલ વગેરેને પકડી ન રખાય; જતી કરાય; માફી દેવાય તો કોઈ સંઘર્ષ જ રહે નહિ. અંગ્રેજીમાં કહ્યું છે કે, If I let go, struggle ends.

જે કાચના ઘરમાં બેઠો છે તેનાથી બીજાના કાચના ઘર ઉપર પથ્થર ફેંકાય નહિ. કુલટા સ્ત્રીને પથ્થરોથી મારી નાંખવા ભેગા થયેલા લોકોના ટોળાને ઈસુ ખ્રિસ્તે કહ્યું હતું કે, "જેણે જીવનમાં કદી કોઈ પાપ ન કર્યું હોય તે ઊભો રહે. ઘરમાંથી કુલટા નીકળે કે તેની ઉપર પથ્થરોનો મારો ચલાવે, બાકીના બધા ચાલ્યા જાય."

એક પણ માણસ ઊભો રહી શક્યો નહિ. જેટલું ખરાબ પરદોષદર્શન એટલું જ ખરાબ સ્વગુણદર્શન.

આપપ્રશંસા અને પરનિન્દા દ્વારા જીવનમાં કરાતા બધા ધર્મો, મેળવાતા બધા ગુણો સાફ થઈ જાય છે.

પેલી વેશ્યા સ્વદોષ ઉપર ખૂબ રડતી હતી. એની સામેના મંદિરના પ્રભુભક્તો ભજન કરવા બદલ આપપ્રશંસા ખૂબ કરતા અને વેશ્યાની ચિક્કાર નિંદા કરતા. એવું કહેવાય છે કે જ્યારે સ્વર્ગેથી વિમાન ઊતર્યું ત્યારે ભક્તોના આશ્ચર્ય વચ્ચે તે વેશ્યાના ઘરે આવીને થોભ્યું. વેશ્યાને સ્વર્ગમાં લઈ ગયું.

ધર્મદત્તમુનિના જીવનમાં અહિંસા-ગુણ આત્મસાત્ થવાના કારણે તેમની પાસે જે હિંસક પશુઓ અને માનવો આવતાં તે બધા અહિંસક બની જતા. તેમના સંસારી પિતાએ આ વાત સાંભળી. પુત્ર-મુનિની પાસે દોડી આવ્યા. તેમની સિદ્ધિની ભરપેટ પ્રશંસા કરી.

તે વખતે આપબડાશમાં અત્યંત ખૂંપી ગયેલા મુનિએ પિતાને કહ્યું, "હજી તમે મારી સિદ્ધિઓનું માત્ર બિન્દુ જેટલું જ જાણ્યું છે. મારા મોંએ તો હું શી રીતે મારી પ્રશંસા કરું, પણ સામે બેઠેલા મારા શિષ્ય પાસે જઈને બેસો. એ તમને મારી સિદ્ધિના પ્રભાવની બધી વાત કરશે. તમે આશ્ચર્યમુગ્ધ બની જશો."

જ્ઞાનીઓ કહે છે કે આ મુનિ આપપ્રશંસા (સ્વગુણદર્શન)ના કારણે જન્માંતરે સ્ત્રીવેદ પામ્યા. પછી દુર્ગતિઓમાં બરબાદ થયા.

સ્વપ્રશંસા અને પરનિંદા કેટલા ભયંકર દોષો છે ? તે ઉપર રામાયણનો પ્રસંગ કહું.

અર્જુનને પ્રતિજ્ઞા હતી કે પોતાના ગાંડીવ ધનુષ્યની કોઈ નિંદા કરે તો તેને મારી નાંખવો.

એકદા યુધિષ્ઠિરે મજાકમાં ગાંડીવની ઠેકડી ઉડાવી, અર્જુન ધૂંઆફૂંઆ થયો. પણ મોટા ભાઈ યુધિષ્ઠિરને શી રીતે મારી નંખાય ? તો પ્રતિજ્ઞાભંગ

પણ શી રીતે થાય ?

તેણે નારદની સલાહ માંગી. નારદે કહ્યું કે "યુધિષ્ઠિર પાસે જા. અને તેની (જુગાર વગેરે બાબતો ઉપર) ભરપેટ નિંદા કર. પછી જો; તેનું શું થાય છે ?"

અર્જુને તેમ કર્યું. તે વખતે યુધિષ્ઠિરને એટલો બધો આઘાત લાગ્યો કે તે દિવસો સુધી ખાઈ-પી શક્યો નહિ, ઊંઘ્યો નહિ. સતત મનમાં કણસતો રહ્યો.

અર્જુનથી મોટાભાઈની આ ભયંકર દુર્દશા જોવાઈ નહિ. તેણે નારદને વાત કરી. નારદે કહ્યું, "તેં, યુધિષ્ઠિરને જીવતો મારી નાંખીને તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે. હવે મજા કર."

અર્જુને કહ્યું કે પ્રતિજ્ઞા તો પૂરી થઈ પણ મોટાભાઈની આવી ભયાનક દશા કરવાને લીધે મને ખૂબ આઘાત લાગ્યો છે. હું મરી જવા માગું છું.

નારદે કહ્યું, "તું ભાટ-ચારણોને બોલાવ, તારી સિદ્ધિઓની ભરપૂર પ્રશંસા કરાવ, તારો હેલો ગવડાવ, તે વખતે જો તારું શું થાય છે."

બીજે દી અર્જુને તેમ કર્યું. આપપ્રશંસા સાંભળીને તે ખૂબ ફુલાયો. અભિમાનથી બાવડા ઊંચા કરીને કૂદવા લાગ્યો. પણ છેલ્લે તેને તે બદલ ખૂબ પશ્ચાત્તાપ પણ થયો.

તે નારદને મળ્યો, નારદે કહ્યું, તારી આપપ્રશંસાથી ફુલાઈને તેં તારું મોત કર્યું. તું જીવતો મરી ગયો. હવે તારે ઝેર ખાઈને મરવાની કોઈ જરૂર નથી."

રામાયણનો આ પ્રસંગ બે વાત કરે છે.

(૧) બીજાની નિંદા કરીને તમે બીજાને જીવતો મારો છો.

(૨) પોતાની પ્રશંસા કરીને તમે જાતને જીવતી મારો છો.

## મહાદોષ : અહંકાર

મેં પહેલાં કહ્યું છે કે, પરદોષદર્શન અને સ્વગુણદર્શનનો ઉત્પાદક દોષ છે અભિમાન.

આ દોષ તમને બધા ક્ષેત્રો માટે અપાત્ર બનાવે છે.

આ દોષ એવો ડાયાબીટિસ છે જેની હાજરીમાં એક પણ રોગ-કામ, ક્રોધાદિ મટતો નથી. આ એવી - વાસણની દીવાલોને લાગેલી - ખટાશ છે, જેના કારણે તેમાં ભરેલું ગુણોનું દૂધ ફાટી ગયા વિના રહેતું નથી.

અહંકાર ન દોષનાશ થવા દે; ન ગુણસંભવ ટકવા દે.

જ્યારે મોટો ભાઈ નિવૃત્તિનાથ પોતાનો ગુપ્ત મંત્ર નાના ભાઈ જ્ઞાનેશ્વરને આપવા ગયો ત્યારે તે અંગેની તેની પાત્રતા જાણવા માટે તેને પ્રશ્ન કર્યો, "कस्त्वम् ?" તું કોણ છે ?

નાના ભાઈએ જવાબ આપ્યો, "प्रारब्धमश्नन् अभिमानशून्यः - મારા નસીબ પર જીવતો અભિમાનથી શૂન્ય છું."

આમાં પોતાની અભિમાનશૂન્યતા સાંભળીને નિવૃત્તિનાથે તેને તરત મંત્રદાન કર્યું.

જે અભિમાનશૂન્ય તે જ પાત્ર: તે જ ઈન્સાન; તે જ મહાન્.

દાદૂ નામના કવિએ કહ્યું છે કે, જ્યારે અહંકાર (આપા) મટે ત્યારે જ હરિ મળે (ભક્તિ), વિકારો છૂટે (શુદ્ધિ) સર્વ જીવો ઉપર હેત થવા લાગે (મૈત્રી)

આપા મિટૈ હરિ કો મિલૈ, તનમન તજે વિકાર;
નિર્વૈરી સભી જીવ કા, દાદૂ ! યહ મત સાર.

એક સ્થાને કહ્યું છે કે, હરિ તો આ રહ્યા. અહીં જ છે. જરાય દૂર નથી. પણ આડો પડ્યો છે અહંકાર. હવે શે હરિ મળે ?

જુગ જુગ વીત્યા રે, પંથ કાપતાં રે,
તો ય હરિ ના મળ્યા રે લગાર ;
પ્રભુજી છે પાસે રે, જરી નથી વેગળા રે ;
આડો પડ્યો છેં, એંકાર...

એક દી ધસમસતા વંટોળિયાને મન થયું કે, "હું વાયુને પ્રત્યક્ષ જોઉં." તે ધરતી ઉપર ચારે બાજુ ફર્યો. દોડ્યો. નદી, નાળા, પથરા, વૃક્ષો - તમામ-ને સવાલ કર્યો "વાયુ ક્યાં છે ? મારે જોવો છે ?" .

છેલ્લે, તાડનું ઝાડ બહુ ઉંચું છે એટલે ઊંચેથી તેણે ક્યાંક દેખ્યો હશે, એમ માનીને તેને સવાલ કર્યો, "વાયુ ક્યાં છે ? મારે જોવો છે."

હસતાં હસતાં ઝાડના થડે કહ્યું, "તું પોતે જ વાયુ છે. આંટી કાઢી નાંખ એટલે તરત દેખાશે."

આંટી એટલે અહંકાર.

એક કવિએ તદ્દન સાચું કહ્યું છે.

અહં રે અહં, તું જા ને મરી,
પછી મારામાં બાકી રહે તે હરિ.

અભિમાન જવાથી પરદોષદર્શન અને સ્વગુણદર્શન નામના દોષોના સૈન્યના બે રાજાઓ મરે એટલે છત્રભંગ થાય. તેમ થતાં બાકીના તમામ દોષોના સૈન્યમાં નાસભાગ થાય.

જો તમે આ દોષોને જડમૂળથી ઉખેડવા માંગતા હો, જો તમે ગુણોના રાજા - સ્વદોષદર્શન અને પરગુણદર્શન - નો તમારા હૃદયના સિંહાસને અભિષેક કરવા માંગતા હો તો દોષોના જન્મદાતા પાપાનુબંધોને નબળા પાડી દો. ગુણોના જનેતા પુણ્યાનુબંધોને તગડા કરી દો.

## છ પદાર્થોની કાતિલ વિરાધના

શી રીતે પાપાનુબંધો તૈયાર થતા હશે ? તગડા બનતા હશે ? તે અંગે હવે વિગતથી વાત કરું.

અનંતા કાળના આપણા ભૂતકાળમાં આપણે છમાંથી કોઈ પણ એકાદ, બે વગેરે પદાર્થોની કાતિલ વિરાધના - હાંસી, મશ્કરી, આશાતના, અવિધિ વગેરે-કરેલી છે. એટલું જ નહિ પણ તેનું વારંવાર સેવન કરીને તેને 'સંસ્કાર' બનાવી દીધા છે. તેનું ક્યારે ય પ્રાયશ્ચિત્ત ન કરવાની કાતિલ ભૂલ કરી બેઠા છીએ. પ્રાયશ્ચિત્ત કે પશ્ચાત્તાપ લગીરે ન થાય તેમાં આત્માનાં નિષ્ઠુર પરિણામો કારણ છે. નિષ્ઠુર પરિણતિનું બીજું નામ મિથ્યાત્વ છે. ધર્મ પામવામાં તો કોમળ પરિણતિ હોવી જોઈએ.

છ પદાર્થો છે; તત્ત્વત્રયી અને રત્નત્રયી.

પૂરી નિષ્ઠુરતા હોય અને વારંવાર તે દોષ સેવાતો હોય, તેનો લેશ પણ પશ્ચાત્તાપ ન હોય ત્યારે તે દોષ આત્માનો સંસ્કાર બની જાય છે.

છૂટો પડેલો ખડીસાકરનો ગાંગડો પાણીમાં નાંખી દેતાં જે રીતે પાણીના ટીપે-ટીપામાં એકરસ બને છે; જે રીતે કાપડના તાકામાં મૂકેલી કસ્તૂરી કે ડુંગળીની વાસ કાપડના તાણા-તાણામાં એકાકાર બને છે તે રીતે આત્માના અસંખ્યપ્રદેશોમાં- વારંવારનો વિચાર-સંસ્કાર બનીને વ્યાપી જાય છે.

## અનુબંધ એટલે સંસ્કાર

આ સંસ્કાર એ જ અનુબંધ.

અશુભ સંસ્કાર એ પાપાનુબંધ.

શુભ સંસ્કાર એ પુણ્યાનુબંધ.

વિરાધનાઓ એ ભૂતડીઓ છે તો વિરાધનાઓમાંથી તૈયાર થયેલો

વિરાધકભાવનો સંસ્કાર એ મોટો વેતાળ છે. આ વેતાળ જેને ચોંટ્યો તેનું આવી બન્યું. જીવને પછાડી-પછાડીને એની પાસે પાપો કરાવે. એ સાધુવેષમાં હોય, તીર્થભૂમિમાં હોય, નવકારમંત્રના જપમાં હોય - બધે - આ વેતાળ એ જીવને ચોંટીને એને શેતાન બનાવી દે. એની પાસે નીચમાં નીચ કામ કરાવે, વિચાર કરાવે, શબ્દો બોલાવે. એને પોતાને પણ ખબર ન પડે : આશ્ચર્ય થાય કે આ બધું શી રીતે થઈ રહ્યું છે ?

વેતાળનું વશીકરણ થયું એટલે એ જીવને એનું મન ના પાડે : પાછું પડે તો ય કુકર્મ કર્યે જ છુટકો થાય.

અર્જુને ગીતામાં કૃષ્ણને સવાલ કર્યો છે કે હે કૃષ્ણ (વાર્ષ્ણેય!) કોના વડે પ્રેરાયેલો આ આત્મા આનંદથી પાપ કરતો હશે? એની ઈચ્છા નથી છતાં એને પાપની વૃત્તિ કે પ્રવૃત્તિમાં કોણ ધક્કો મારીને ફેંકતો હશે?

अथ केन प्रयुक्तोऽयं पुरुषः पापं चरति सादरः ।
अनिच्छन्नपि वार्ष्णेय ! बलादिव नियोजितः ॥

શ્રીકૃષ્ણએ જવાબ આપ્યો :-

कामोऽयं, क्रोधोऽयम्

એ કામ, ક્રોધ વગેરે છે. કામ અને ક્રોધનો અર્થ કામના કે ક્રોધના સંસ્કારો એવો કરવો. કુસંસ્કાર એટલે વિરાધકભાવ : વિરાધકભાવોનો પાપાનુબંધ.

સુસંસ્કાર એટલે આરાધકભાવ : આરાધકભાવોનો પુણ્યાનુબંધ.

એલેક્ઝાંડર કેનોને 'પાવર વિધીન' નામના પુસ્તકના સોળમા પ્રકરણમાં પૂર્વભવના સંસ્કારોની વાત સરસ રીતે સમજાવી છે.

દિયરના કામરાગમાં પડેલી ભાભીનો તે સંસ્કાર એવો જોરદાર તૈયાર થયો કે પછીના ભવોમાં તે કૂતરી, વાંદરી અને વ્યન્તરી થઈ ત્યાં પણ મુનિ બનેલા દિયરને જોતાં જ ઊછળી પડ્યો હતો.

કામના એ વિરાધકભાવે તેના અનેક ભવોમાં ધોબીપછાડો આપી.

જેને માનવભવમાં કામવાસના ખૂબ સતાવતી હોય તેને માટે હું એવી કલ્પના કરું કે એ આત્માએ પૂર્વના દેવ કે દેવીના ભવમાં તે સંસ્કાર ચક્કાજામ કર્યા હશે. અથવા ચોવીસે ય કલાક કામી રહેતું (એથી જ તેની અધાર ગરમ હોય છે.) કબૂતર અનેક ભવોમાં થયું હશે.

જીવ પપૈયાનું ઝાડ બને છે ત્યારે ય જ્યાં સુધી તેને માદા સાથે સંબંધ

થતો નથી ત્યાં સુધી તેની ઉપર ફળ બેસતું નથી.

નવયુવતીને જોઈને કાચો પારો કૂવામાંથી ઊછળીને તેને ભેટવા કોશીશ કરે છે. આ બધામાં તે તે જીવોના પૂર્વભવીય કામસંસ્કારોના પાપાનુબંધો કારણભૂત હોય છે.

પૂર્વના ભવમાં સાપ હોવાથી ભૂખનો સંસ્કાર તીવ્ર બન્યો એટલે પછીના કુરગડુ મુનિના ભવમાં તે એકદમ સતેજ બન્યો.

પૂર્વભવના મુનિવેશમાં ક્રોધના અધ્યવસાયને જીવંત રાખીને મોત થયું તો તાપસ અને દૃષ્ટિવિષ સાપના ભવમાં તે ક્રોધ વધુ ને વધુ જીવિત બનતો ગયો.

જેના સંસ્કારો જીવતા રહી જાય અને જેનું મોત થાય તે આત્માના ભાવિ ભવોમાં તે સંસ્કારો વૃદ્ધિગત બનતા જાય. તેવા જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવ તેમને મળે જેમાં તે સંસ્કારો વધુ ને વધુ જીવંત બનતા રહે.

ગમે તેટલો દયાળુ સાધુ હોય પણ જો તેને નિયતિની વિષમતાને લીધે બિલાડીનું ખોળિયું મળે તો કીડીને પણ બચાવતો જીવ સેંકડો ઉંદરોને મારી નાંખે અને કબૂતરોને ફાડી નાંખે. આમાં ખોળિયું (ભવ) જ મુખ્ય કારણ છે.

આથી જ સમગ્ર જીવનની પ્રત્યેક પળ 'શુભ' પસાર કરવી ઘટે. જો આયુષ્યકર્મનો બંધ પડવાની પળમાં કંઈક ગરબડ થઈ તો મુસીબતનો પાર ન રહે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સામે તો ઝીંક લઈ શકે. પણ 'ભવ' (ખોળિયું) સામે ઝીંક લેવાનું કામ બહુ મુશ્કેલ છે : લગભગ અસંભવિત છે. એટલે જ દુર્ગતિ ન થઈ જાય તે માટે દરેક આત્માએ ખૂબ સાવધાની રાખવી જોઈએ.

વર્તમાનકાળ એ હુંડા અવસર્પિણી કાળ છે. અહીં નિમિત્તો અને સંગત અત્યંત ખરાબ છે. આવા કાળમાં જન્મ થવો એ બહુ આનંદની વાત નથી. સામાન્યતઃ એમ કહી શકાય કે પાપાનુબંધી એવા પુણ્યના ઉદયે જ આ કાળમાં માનવ ભવની પ્રાપ્તિ થાય. અહિં મુનિજીવન સફળ થવાની શક્યતાઓ પણ બહુ પાતળી છે.

હાલમાં અચ્છા અચ્છા સજ્જનોના, સન્નારીઓના કે સાધુ-સાધ્વીજીનાં જીવનમાં કાયિક, વાચિક કે માનસિક એકદમ ખરાબ ગણાય તેવી ઊથલપાથલો (દોષોનું સેવન) જોવા-સાંભળવા મળે છે તે કોઈ નવાઈની વાત નથી. લગભગ બધા આત્માઓ પાપાનુબંધોનો શિકાર બનવાથી વિષમ સ્થિતિમાં સહજ રીતે મુકાઈ-ફેંકાઈ જતા હોય છે.

એક રાજાને કોઈ પંડિતે કહ્યું કે, "જો જન્મથી જ કાળજી કરાય તો ઉત્તમોત્તમ કક્ષાના મહાનુભાવોની ભેટ માનવજાતને મળે." આ માટે પંડિતે ૫૦ સંતાનોને જન્મતઃ એવા એકાંત સ્થળે મૂકવાની વાત કરી જ્યાં એક પણ પ્રકારનું દૂષણ ન હોય, કુસંગ ન હોય, કુનિમિત્ત ન હોય.

રાજાએ તે બધી વાતનો અમલ કર્યો.

જે જગા પસંદ કરી ત્યાં ચારે બાજુ ઊંચી દીવાલનો કોટ કરાવ્યો.

બાળકો દસ વર્ષનાં થયાં એટલે તેમનું ઉત્તમ સંસ્કરણ જાણવા માટે રાજા અને સેંકડો નાગરિકો કિલ્લાના પ્રવેશદ્વારે જઈને ઊભા રહ્યાં. પંડિતે એક વાત એવી સમજાવી હતી કે ઉચ્ચ કક્ષાના આત્માઓ જ માનવભવ જેવો મૂલ્યવાન ભવ પામે છે, પણ કુસંગ વગેરેથી તે આત્માઓ બગડીને અધમકક્ષાના બને છે.

દસ વર્ષમાં તો તે પચાસ બાળકોને કોઈ કુસંગ વગેરે થવા દેવાયાં ન હતાં એટલે પ્રેક્ષકો એવું માનતા હતા કે કિલ્લામાંથી બહાર નીકળતા તમામ બાળકોનું વર્તન, વાણી, વલણ-બધું ય - અતિ ઉચ્ચ પ્રકારનાં હશે.

પણ આ ધારણા સાવ ખોટી નીકળી. કૂતરાની જેમ લડતાં, ક્રોધથી બૂમો પાડતાં, અસભ્ય વર્તન કરતાં, પાગલની જેવું વર્તન કરતાં બધા બાળકો બહાર આવ્યા.

રાજા અને ઓલો પંડિત સ્તબ્ધ થઈ ગયા. આમ કેમ થયું ? તે ન સમજાયું.

કોક વાર એ નગરમાં જ્ઞાની પુરુષ પધાર્યા. તેમની સામે આ વાત રાજાએ રજૂ કરી. જ્ઞાની પુરુષે કહ્યું, "તમારી કલ્પના ખોટી છે. અત્યારના અતિ વિષમ કાળમાં તો ખૂબ-ખરાબ સંસ્કાર(પાપાનુબંધ)વાળા જીવો જ માનવભવ પામતા હોય છે. એટલે જે તમે જોયું છે તે જ બરોબર છે. ભલે તમે કોઈ અશુભ નિમિત્ત ન આપ્યું કે કુસંગ ન થવા દીધો. પરંતુ પૂર્વ-જન્મોના કુસંસ્કારો તો તેમનામાં જન્મજાત હતા જ; તેની રૂએ તમને તે પચાસ સંતાનોમાં ભરપૂર દોષો જોવા મળ્યા છે."

ત્યારથી પંડિતે આ વાતનો સ્વીકાર કરીને પોતાની ધારણાને સુધારી.

સારા કે નરસા સંસ્કારો તો ક્યારેક સેંકડો વર્ષ પછી પણ જાગરણ પામતા હોય છે. વૈયાવચ્ચી નંદિષેણના જીવનમાં મરતી વખતે જે કામસંસ્કાર જાગ્યો હતો તે ઘણા બધા સેંકડો વર્ષ પૂર્વનો હતો.

દ્રૌપદી પૂર્વભવમાં એક વાર નાગશ્રી નામની બ્રાહ્મણની પત્ની હતી. તે ભવમાં તેણે ચારિત્રપદ અને ગુરુતત્ત્વની ઘોર વિરાધના - કડવી ઝેર થયેલી તુંબડીનું શાક વહોરાવીને - કરી હતી. પ્રાયશ્ચિત્ત કે પશ્ચાત્તાપ વિના મરવાથી તેનો તે વિરાધકભાવનો વેતાળ એકદમ ભયાનક બની ગયો હતો. આ પાપાનુબંધના કારણે તેને દુર્ગતિના પુષ્કળ ભવો કરવા પડ્યા. ત્યારબાદ સુકુમાલિકા તરીકેના મનુષ્યભવમાં ફરી તેણે ગુરુદ્રોહ અને ચારિત્રધર્મની તીવ્ર વિરાધના કરી. વળી પાછો તેનો આત્મા સંસારમાં રખડ્યો.

પછી દ્રૌપદી થઈ. મહાસતી તરીકેના જીવનમાં સ્વયંવર વખતે રાધાવેધ સાધેલા અર્જુનને વરમાળા પહેરાવતાં તેને - પૂર્વે પોતે કરેલા નિયાણાનો પાપાનુબંધ ભડકી જતાં-યુધિષ્ઠિર વગેરે ચાર ભાઈઓ ઉપર કામ જાગ્રત થયો. મનથી વિચાર્યું કે, "માત્ર અર્જુન જ શા માટે ? આ ચારે ય મારા પતિ કેમ ન થાય ?" આ વખતે દ્રૌપદીની કાયિક સ્થિતિ પણ વિષમ બની હતી.

આર્દ્રકુમારના ભવમાં ય પાપાનુબંધ બરોબર ત્રાટક્યો હતો. સામયિક નામના મુનિના ભવમાં તેને પોતાની સંસારીપણે પત્ની-સાધ્વી ઉપર જે કામવાસના જાગી. તેમાં જે રીતે તરફડ્યા અને તેનું પ્રાયશ્ચિત્ત પણ ન કર્યું તેનાથી કાતિલ પાપાનુબંધ તૈયાર થઈ ગયો. એણે આ આત્માને અનાર્યભૂમિમાં જન્મ તો આપ્યો પરંતુ આર્દ્રકુમાર તરીકેના મુનિ-જીવનમાં પતન કર્યું. ઘરવાસમાં ય મોહાઈ પડ્યો.

હવે પાપાનુબંધ કેવી રીતે તૂટી શકે તે બતાડું.

ભવદેવ તરીકેના નાગિલાના પતિરૂપ ભવમાં સાધુવેશ શરમથી લીધા બાદ તે આત્માએ સંસારી પત્ની નાગિલાને બાર વર્ષ સુધી તીવ્રપણે જપ્યા કરી. આમાં કાતિલ પાપાનુબંધી પાપકર્મનો નિકાચિત કર્મબંધ કર્યો.

બાર વર્ષ પછીના બીજા બાર વર્ષમાં નાગિલા જ તેના સાનુકૂળ પરિવર્તનમાં નિમિત્ત બની. તે આત્માને સાચો મુનિ બનાવ્યો. આ બાર વર્ષમાં, પૂર્વીય બાર વર્ષમાં સેવેલા કાતિલ કામદોષ ઉપર તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. આ પશ્ચાત્તાપના પ્રભાવે તેનો પાપાનુબંધ તૂટી ગયો. પણ સબૂર ! તેનો પાપબંધ તો નિકાચિત હતો એટલે તે તો ન જ તૂટ્યો.

પણ પછીના શિવકુમાર તરીકેના ભવમાં દીક્ષા લેવાની ભાવનાને મા-બાપે સખ્તાઈથી અવરોધી. બાર વર્ષ સુધી છઠ્ઠના પારણે આંબિલ કરીને દીક્ષામાં

અંતરાય કરતો ચારિત્ર મોહનીયકર્મનો નિકાચિત પાપબંધ પણ તોડ્યો. હા, એ ભવે તો વગર દીક્ષાએ મરણ થયું પરંતુ હવે પાપાનુબંધ અને પાપબંધ બેય તૂટી ગયાથી લાઇન ક્લીયર થઈ ગઈ હતી.

પછીના ભવમાં એ આત્મા જંબૂકુમાર બન્યો. બાર વર્ષ સુધી નાગિલાના નામનો સતત જાપ કરનાર આત્માને હવે કામવાસનાનું નામનિશાન રહ્યું ન હતું.

દીક્ષા લેવાની ભાવના થઈ, પણ મોહદશાથી મા-બાપે એકવાર આઠ રૂપરમણીઓ સાથે લગ્ન કરીને દીક્ષા લેવાની સંમતિ આપી. લગ્ન લેવાયાં. પહેલી જ રાતે ધર્મરાજ (જંબૂ) અને મોહરાજ (આઠ કન્યાઓ) વચ્ચે ઘોર સંગ્રામ થયો. લલનાઓએ દીક્ષાની ભાવના તોડી પાડવામાં કશી કચાશ ન રાખી; પણ નિષ્ફળ ગઈ. ધર્મરાજનો વિજય થયો. વળતે દી ૫૦૦ ચોર, નવના અઢાર મા-બાપ સાથે કુલ ૫૨૭ આત્માઓનો દીક્ષાનો વરઘોડો નીકળ્યો.

અપૂર્વ સાધના કરીને આ આત્મા એ જ ભવે પરમાત્મપદ પામ્યો.

આ પ્રસંગ કાનમાં એક વાત કરી જાય છે કે નિકાચિત કર્મબંધના અનુબંધો તોડી શકાય છે.

પરમાત્મા મહાવીરદેવે રાજાના ભવમાં નોકરના કાનમાં સીસાનો રસ ભારે ક્રૂરતાથી રેડીને નિકાચિત એવું પાપાનુબંધી પાપકર્મ બાંધ્યું. સાધના દ્વારા તેમણે પાપાનુબંધ તોડી નાંખ્યો એટલે જ જ્યારે નિકાચિત પાપકર્મ-અંતિમભવે - ઉદયમાં આવ્યું ત્યારે પૂર્ણ સમતા રહી. જો વચ્ચે પાપાનુબંધ તૂટ્યો ન હોત તો તે કારમી અસમાધિ કરાવ્યા વિના રહેત નહિ.

સંગમ રબારીએ તપસ્વી મુનિને અત્યંત ભાવપૂર્વક ખીર વહોરાવીને જે નિકાચિત પુણ્યકર્મ બાંધ્યું; તેમાં તે આત્મા પુણ્યના બંધથી 'શાલિભદ્ર' બન્યો અને પુણ્યના અનુબંધથી અઢળક સમૃદ્ધિમાં આળોટવાને બદલે અનાસક્ત બન્યો; સાધુ બન્યો; અનશન કર્યું. સર્વાર્થસિદ્ધ વિમાનમાં વીતરાગપ્રાયઃ દેવ થયો.

આવી છે બંધ-અનુબંધની જોડલી ! આવી રમે છે તે સંતાકૂકડી !

હવે એક કામ કરો. તગડા પાપાનુબંધોને જલદીમાં જલદી નબળા કરો અને નબળા એવા પુણ્યાનુબંધોને તગડા કરો. આ માટે રોજ ત્રણવાર આ પ્રમાણે સંકલ્પ કરો.

**સંકલ્પ :**

(૧) મારા વિરાધકભાવોના તમામ અનુબંધો તૂટી જાઓ.

(૨) મારી ઉપર જિનેશ્વર ભગવાનની આજ્ઞાઓનું સામ્રાજ્ય પ્રવર્તો.
(૩) મને જલદીમાં જલદી સાચું સાધુપણું પ્રાપ્ત થાઓ.

**અથવા**

સમય મળે ત્યારે ''અરિહંત.. અરિહંત... અરિહંત.. અરિહંત'' મનમાં જપો. તે વખતે અરિહંતમાં એકાકાર થાઓ. આ છે સુકૃતાનુમોદના. આથી પુણ્યના અનુબંધો તગડા થશે.

ક્યારેક 'મિચ્છા મિ દુક્કડં.., મિચ્છા મિ દુક્કડં' સતત બોલતા રહો. મનમાં કહો કે, ''હું મારાં સકળ પાપોની માફી માંગું છું. મેં આ ભવમાં અને ભવોભવમાં ઘણાં ગંભીર દોષો સેવ્યા છે. હું અંતઃકરણથી માફી માંગું છું. વારંવાર માફી માંગું છું.......''

## ઈશ્વરકર્તૃત્વવિચાર

જૈનદર્શનનો કર્મવિચાર કરાય ત્યારે ઈશ્વરકર્તૃત્વવિચાર કરવો જ પડે; કેમકે, જ્યાં અજૈનો 'ઈશ્વર'ને મૂકે છે ત્યાં જૈનો 'કર્મ'ને મૂકે છે.

અજૈન દાર્શનિકોની કલ્પનામાં ઈશ્વરનું જગત્કર્તૃત્વ એટલા માટે ઊભું થયું કે તેમને એ વાત ન સમજાઈ કે સૃષ્ટિનાં સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી, દરિયો વગેરેને બનાવનાર કોણ ? કોક તો હોવું જ જોઈએ. વળી કોઈ ગરીબ, કોઈ શ્રીમંત, કોઈ ભણેલો, કોઈ અભણ, કોઈ પશુ, કોઈ માનવ... આ બધા ભેદ કોણ કરે છે ?

જેમ ગુનો કરનાર માણસ પોતાની જાતે જેલમાં જતો નથી. ન્યાયાધીશ તેને જેલમાં ધકેલે છે તેમ નારક વગેરેમાં, ગુનેગાર જીવને ધકેલનાર કોઈક તો જોઈએ ને ? હા..... તેનું નામ ઈશ્વર.

આની સામે જૈન દાર્શનિકો કહે છે કે આ રીતે જગત્કર્તા તરીકે ઈશ્વર નામના સ્વતન્ત્ર તત્ત્વની કલ્પના કરવા પાછળ ઘણા બધા વિકટ પ્રશ્નો ઊભા થાય છે, જેમના સમાધાનભર્યા જવાબો જડતા નથી.

તારક તીર્થંકરદેવોએ પોતાના સર્વજ્ઞત્વના જ્ઞાનપ્રકાશમાં જે જોયું છે તે એ છે કે આ કર્તૃત્વ કર્મની પાસે છે.

અલબત્ત કર્મો જડ છે તે શી રીતે કોઈ ગુનેગાર જીવને દુર્ગતિગમન વગેરેની સજા કરે ? તેવો સવાલ ઉપસ્થિત થશે પરંતુ જડની પણ અચિન્ત્ય શક્તિ છે. આજના વિજ્ઞાનયુગમાં તો આ વાત સાબિત કરવી પડે તેમ નથી. ટેલિફોન, કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, રોબોટ, સ્વયંસંચાલિત મશીનરીઓ વગેરે જડ છતાં મગજ કામ ન કરે તેવાં કાર્યો કેટલી બધી ઝડપથી કરી દે છે ?

તો પછી જડ એવા કાર્મણ સ્કંધો કામ કેમ ન કરે ? વળી એ સ્કંધોની પાછળ 'આત્મા' નામનું ચેતનતત્ત્વ તો જોડાયેલું છે જ. આપણે આપણા સહુના આત્માને જ જગત્કર્તા (કર્મોના દ્વારા) ઈશ્વર કેમ ન માનવો ? કેટલાંક કર્મો સામૂહિક રીતે કાર્યાન્વિત બને છે. ઘણા બધા આત્માઓના શુભ કે અશુભ કર્મો એકસાથે ઉદયમાં આવે ત્યારે વાવાઝોડું, દુકાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ વગેરે થાય.

બાકી સૂર્ય, ચન્દ્ર, પૃથ્વી વગેરે જે કુદરતના પદાર્થો છે તે તો તેમની એવી લોકસ્થિતિને આભારી છે. તેના માટે 'ઈશ્વર'ને કલ્પવાની જરૂર નથી. એટલે કે બ્રહ્મા સૃષ્ટિને ઉત્પન્ન કરે છે, વિષ્ણુ તેને સ્થિર રાખે છે; શંકર તેનો નાશ (પ્રલય દ્વારા) કરે છે. ના...આવું ત્રિમૂર્તિસ્વરૂપ ઈશ્વરતત્ત્વ માનવાની કોઈ જરૂર નથી. પદાર્થમાત્રના ઉત્પાદ (બ્રહ્મા), વ્યય (મહેશ) અને ધ્રૌવ્ય (વિષ્ણુ) ધર્મો છે. તેમની રીતે જ તે કામ કરતા રહે છે.

વળી દરેક વસ્તુનો પોતાનો આગવો સ્વભાવ હોય છે. કાંટામાં જે તીક્ષ્ણતા છે; વાયુ જેમ તીરછો ગતિ કરે છે; અગ્નિ જેમ ઊંચો જાય છે; આ બધાનાં પોતપોતાના તેવા તેવા સ્વભાવો છે. એ કાંઈ ઉત્પન્ન કરવા પડતા નથી. સ્વભાવ એટલે સ્વભાવ. એની સામે કોઈ પ્રશ્ન થઈ શકે નહિ.

વળી જગદુત્પત્તિ છે જ નહિ. તે હંમેશ હતું અને હંમેશ રહેશે.

સૂર્ય ગરમી ફેંકે તેથી દરિયા વગેરેનાં પાણી ગરમ થાય; વરાળ બને; તેનાં વાદળો થાય. તે અથડાય એટલે તેનો વરસાદ થાય. આ બધી પ્રક્રિયા વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થાય છે. આમાં ક્યાંય ઈશ્વરની કલ્પનાની જરૂર પડતી નથી.

આંખ સામે દેખાય છે કે ઘડો કુંભારે કર્યો છે, શિક્ષકે વિદ્યાર્થીને ભણાવ્યો છે, રિક્ષાચાલકે કોઈ માણસ સાથે રિક્ષા ભટકાવી છે. અહીં ઈશ્વરનું પ્રેરકત્વ માનવાની જરૂર જ આવતી નથી.

જે મોટી વાતો છે; સૂર્યના ઉદય અને અસ્ત થવા; અમાસની રાત્રે ચન્દ્રનું આકાશમાં ન દેખાવું; અગ્નિ ગરમ લાગવો; દરિયો વિરાટ હોવો; વગેરે.... એ બધી લોકસ્થિતિ છે. આમાં ઈશ્વરને પ્રેરક માનવાની જરૂર રહેતી નથી.

હવે આ વાત રહી; કોઈ ગરીબ કેમ છે ? કોઈ ભિખારી કેમ છે ? કોઈ સ્ત્રી કેમ છે ? કોઈ પુરુષ કેમ છે ? કોઈ રોગથી કેમ રિબાય છે ? કોઈ નિરોગી કેમ છે ? આની પાછળ તે તે જીવોનાં જાતજાતનાં કર્મો કારણ

છે. સર્વજ્ઞોએ તે પ્રમાણે જોયું છે.

જો અહીં ઈશ્વરને વચમાં લવાય અને તેનું કર્તૃત્વ જણાવાય તો એક સવાલ ઊભો થાય કે તે ઈશ્વર સર્વશક્તિમાન હોય અને દયાનો સાગર હોય તો શા માટે તે કોઈ પણ આત્માને ગરીબ, રોગી, પશુ, નારક વગેરે બનાવે ? બધાને બધી રીતે સુખી જ કેમ ન બનાવે ?

આના જવાબમાં ઈશ્વરકર્તૃત્વવાદીઓ કહે છે કે તે તે જીવના તેવાં તેવાં કર્મો પ્રમાણે ઈશ્વરને વર્તવું પડે છે.

જે પૂર્વભવનો અપરાધી હોય તેને આ ભવે ગરીબ બનાવે, પશુ કે નારક પણ બનાવે. જે પૂર્વભવનો ધર્મી હોય તેને તેનાં સત્કર્મોને કારણે શ્રીમંત વગેરે બનાવે.

અહીં સવાલ થાય છે કે શું ઈશ્વરને પણ જીવોનાં કર્મોની સામે નજર રાખવી પડે છે ? શું તે આ રીતે કર્મોને પરાધીન છે ? શું અંતે પણ કર્મોને તો માનવાં જ પડે છે ? તો પછી ઈશ્વરને 'કર્તા' તરીકે વચ્ચે લાવ્યા વિના જ એ વાત શા માટે ન કરવી કે જીવનાં પોતપોતાનાં કર્મો પ્રમાણે જીવ ગરીબ કે શ્રીમંત બને છે. માનવ કે પશુ બને છે. કર્મો જડ હોવા છતાં તેમનામાં અચિન્ત્ય શક્તિ (કોમ્પ્યુટર, રોબોટ, સ્વયંસંચાલિત યંત્રો વગેરેની જેમ) છે. તે ટાઈમબોમ્બની જેમ નિશ્ચિત ટાઈમે ફૂટે છે અને પોતાના વિપાક બતાડે છે.

વળી, આ કર્મો જડ છે પણ તે જેની સાથે જોડાયેલાં છે તે આત્મા તો ચેતન છે. તેના વિના જડ કર્મો કશું કરી શકતાં નથી. જેમ વિમાન, મોટર કે ટ્રેઈન જડ છે પણ તેમના દોડવામાં, ઊભા રહેવામાં - તેમની પાછળ રહેલો ચાલક (પાઈલોટ વગેરે) કારણભૂત છે તેમ કર્મોની પાછળ આપણો આત્મા રહેલો છે.

આત્મા કર્મો દ્વારા ગરીબ, શ્રીમંત, માણસ, પશુ વગેરે અવસ્થાઓ ઉત્પન્ન કરે છે.

આ આત્માને જ જગત્કર્તા એવો ઈશ્વર માનવો જોઈએ.

સ્વતંત્ર ઈશ્વરને કર્તા માનવામાં કેટલા બધા પ્રશ્નો આવે છે ? તે જોઈએ.

સવાલ : જો ઈશ્વરે આત્માઓને ઉત્પન્ન કર્યા તો તે શા માટે ઉત્પન્ન કર્યા ?

જવાબ : તે અનંત કાળથી સાવ 'એકલો' પડી રહીને કંટાળી ગયેલો એટલે તેને મન થયું "एगोऽहं बहु स्याम्" આથી તેણે પોતાના આત્મામાંથી

અનંત અંશો બહાર કાઢ્યા. એમને સૃષ્ટિ ઉત્પન્ન કરીને તેમાં છૂટા મૂક્યા.'' આની સામે આશ્ચર્ય એ વાતનું થાય છે કે ઈશ્વરને કંટાળો, ઉત્સુકતા વગેરે હોઈ શકે ખરાં ? છતાં એ બધું માની લેવાય તો નવો સવાલ થાય કે તેણે અનંતા જીવો ઉત્પન્ન કર્યા તે બધા ઉત્પત્તિની ક્ષણે શુદ્ધ હતા કે અશુદ્ધ ?

જો શુદ્ધ હોય તો તે જ ક્ષણે તેઓ મોક્ષભેગા કેમ થઈ ન ગયા ?

જો એમ કહેવાય કે ઈશ્વરે તેમને કર્મો ચોંટાડવા સાથે અશુદ્ધ ઉત્પન્ન કર્યા તો આ ખૂબ આશ્ચર્યની વાત છે કે જીવોને કર્મો ચોંટાડીને સંસારમાં મૂક્યા તેથી તે જીવો પશુ, નારક, ગરીબ, રોગી વગેરે - કર્મો પ્રમાણે થઈને કેટલા બધા હેરાન થયા ?

મહાદયાળુ ઈશ્વરે આવું શા માટે કર્યું ?

ચાલો, એ પણ વાત સ્વીકારી લઈને આગળ સવાલ કરું કે જીવોને તો ઈશ્વરે ઉત્પન્ન કર્યા પણ ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? શું બીજા ઈશ્વરે ? તો તે બીજા ઈશ્વરને કોણે ઉત્પન્ન કર્યો ? શું ત્રીજા ઈશ્વરે ? આમ વિચારતાં તો અનંતા ઈશ્વરો થાય. આમ અનવસ્થા દોષ આવે. અને જો લાખમા, કરોડમા કે અબજમા નંબરના ઈશ્વરને કોઈએ ઉત્પન્ન કર્યો નથી; એ અનાદિકાળથી છે એમ કહેવાય તો તરત સવાલ થાય કે આમ કરવા કરતાં દરેક જીવને જ અનાદિ - અનુત્પન્ન - શા માટે ન માનવો ? ઈશ્વરનું કર્તૃત્વ માનવાનું ગૌરવ શા માટે કરવું ?

એટલે આટલાં તારણો નિશ્ચિત થાય છે.

(૧) જીવને કે જગતને કોઈ ઉત્પન્ન કરતું નથી. તે અનાદિકાળથી છે.

(૨) ઉત્પત્તિકારક તરીકે ઈશ્વરને માનવાની જરૂર નથી. ઈશ્વર જગત બનાવતા નથી; પણ જગતનું વિનાશી વગેરે સ્વરૂપ છે તે બતાડે છે અને તે રીતે જીવોને તેનાથી વિરક્ત બનાવે છે.

(૩) અંતે પણ ઈશ્વરને જીવોના કર્મ સામે જોવું પડે છે માટે કર્મોનું જ કર્તૃત્વ ગણવું જોઈએ. ઈશ્વરને કર્તૃત્વ સોંપવું ન જોઈએ. તેમ થતાં ઈશ્વર પર તિરસ્કાર થાય. ચાર દીકરી ઉપર એક બાબો જન્મે અને તે લાડકો દીકરો આઠ વર્ષની ઉંમરે એક્સિડંટ થતાં મરી જાય તો તેને ઈશ્વરે મારી નાંખ્યો! જેવી ઈશ્વરની ઇચ્છા : આવું પ્રતિપાદન કરવામાં પશ્ચિમની ભોગરસની ઝેરી હવામાં ઊછરતી નવી પેઢીને તો ઈશ્વર પ્રત્યે અત્યંત ધિક્કાર થઈ જાય.

જો યુદ્ધો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, મરણ, ગરીબી, બેકારી, પશુત્વ વગેરે

ઈશ્વર ઊભાં કરતાં હોય તો તેમના પ્રત્યે જરા ય શ્રદ્ધા કે સ્નેહ ન રહે. ઊલટો ધિક્કાર ઊભો થાય.

અહીં સવાલ થાય કે જો ઈશ્વર દયાનો સાગર હોય અને પાછો સર્વશક્તિમાન હોય તો શા માટે કોઈને મોત વગેરે આપે ? જો એમ કહેવાય કે, "તે જીવે દુષ્ટ કર્મો બાંધ્યાં હોવાથી તેને મોત વગેરે ઈશ્વરે દેવાં પડે છે." તો સવાલ થાય કે ઈશ્વર સર્વશક્તિમાન પણ છે, તો તે પોતાની શક્તિથી તે જીવોનાં દુષ્ટ કર્મોનો નાશ કેમ કરી ન દે ? જેથી મોત વગેરેની સંભાવના જ ન રહે." મહાદયાળુ પરમાત્મા બીજાના મોત વગેરે કરે ? અરે ! આપણા જેવો સામાન્ય સજ્જન પણ કોઈના દુ:ખને ઇચ્છતો નથી.

અઠ્ઠાવીસ વર્ષની, સતી સાવિત્રી જેવી પત્નીએ; વહાલા પતિની જન્મદિવસની ઉજવણીની પાર્ટીનો આરંભ કરતાં જ પતિ ગુમાવ્યો : તેના મોંએ પત્નીએ કોફીનો ગ્લાસ અડાડ્યો કે તે જ ક્ષણે પતિ હાર્ટફેઇલ થયો. પતિ અત્યંત માનવતા પ્રેમી હતો, પત્ની અત્યંત પતિવ્રતા હતી છતાં આમ કેમ થયું ? તેના હિન્દુ સંસ્કાર પ્રમાણે તેણે માન્યું કે, ઈશ્વરે તેના પતિનો જીવ લીધો છે, આથી તે ઈશ્વર પ્રત્યે અતિશય ક્રોધે ભરાઈ. છ માસ સુધી તે લવારો કરતી રહી, "Dam with God!" આવો તે કેવો ક્રૂર ઈશ્વર ! મારા જુવાન પતિને ઉઠાવી લેતાં એને દયા કે શરમ ન આવી? કોઈ બુઢિયા પતિને કેમ ન ઉપાડ્યો ?" આ બાઈ સહુને આવા સવાલો કરતી ગાંડપણ જેવી દશામાં સરકી ગઈ.

એક વાર કોઈ જૈન બહેન તેને મારી પાસે લાવ્યા. મેં જૈન ધર્મનું ઈશ્વર અને કર્મ અંગેનું સ્વરૂપ સમજાવ્યું. તેને ખૂબ સમાધાન મળ્યું. તેણે જાણ્યું કે, "તે બધું કર્મથી બન્યું છે.'આમાં ઈશ્વર ક્યાંય વચ્ચે આવ્યા નથી." ત્યારે તેને ઈશ્વર પ્રત્યે પુન: આસ્થા પ્રગટ થઈ.

ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે કે "ધર્મદ્વેષી દુષ્ટ લોકોનો સંહાર કરવા માટે હું વખતોવખત ધરતી ઉપર આવીને જન્મ લઈશ. મારા ભક્તોની ભીડ ભાંગવા માટે હું આવતો રહીશ."

આ વિધાન એટલા માટે જૈન દાર્શનિકોને માન્ય નથી કે આમાં ઈશ્વરમાં રાગ અને દ્વેષ જોવા મળે છે. ઈશ્વર તો સર્વથા વીતરાગ હોય. જો સંસારી જીવની જેમ તેમને ય રાગ, દ્વેષ થતાં હોય છતાં તે ઈશ્વર કહેવાતા હોય તો આપણે બધા ઈશ્વર શા માટે નહિ ?

ઈશ્વરને કોઈ મિત્ર નહિ, કોઈ શત્રુ નહિ. કોઈની ઉપર રીઝવાનું નહિ તો કોઈની ઉપર રીસાવાનું પણ નહિ. એ મોક્ષે પહોંચ્યા છે. તેમના સત્, ચિત્ અને આનંદસ્વરૂપ પ્રગટ્યાં છે. તેમાં જ તે રમમાણ હોય. તેના જ ભોક્તા હોય. તેમને જન્મ લેવાનું કોઈ કારણ ન હોય.

જૈનો અવતારવાદને સ્વીકારતા નથી.

## જૈન દર્શનમાં ઈશ્વરનું સ્વરૂપ

હવે જૈન દાર્શનિકો 'ઈશ્વર'ને કેવા સ્વરૂપમાં માને છે તે જણાવું.

જૈનો 'ઈશ્વર' તત્ત્વને અત્યંત દૃઢતાથી સ્વીકારે છે. કમનસીબી છે કે અજૈન લોકો જૈનોને નાસ્તિક દર્શનમાં ગણે છે. તેઓ કહે છે કે, "જૈનો ઈશ્વરને માનતા નથી માટે નાસ્તિક છે."

ભલા ! અમે તો ઈશ્વરને એટલા વધુ માન્યા છે કે અમે, તેના લાખો મંદિરો બનાવ્યાં છે; જેમાં અબજોથી વધુ સંપત્તિ લગાડી છે. અમારા આ કાળના ચોવીસ તીર્થંકરો એ 'ઈશ્વર' નથી તો બીજું કોણ છે ?

શંકરાચાર્યજી જેવાએ પણ આવી ગેરસમજનો ભોગ બનીને જૈનોને નાસ્તિક કહ્યા હતા.

વાત એ છે કે જૈનો ઈશ્વરને બરોબર માને છે. તેમના બે પ્રકાર છેઃ અરિહંત અને સિદ્ધ.

પહેલા સદેહ મુક્ત છે. બીજા વિદેહમુક્ત છે. દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણીના કાળમાં ૨૪-૨૪ તીર્થંકરો થાય છે. તેઓ જન્મથી ભગવાન હોતા નથી. પરંતુ જીવનકાળમાં સાધના કરીને ઘાતીકર્મોનો ક્ષય કરીને 'તીર્થંકર' બને છે. વર્ધમાનકુમારે ત્રીસ વર્ષે ગૃહત્યાગ કર્યો. બેંતાલીસ વર્ષની વયે વીતરાગ બન્યા, કૈવલ્ય પામ્યા. બોંતેર વર્ષના આયુષ્યકાળમાં જગતના જીવોને આત્મા, કર્મ, જગત, સંયમધર્મની સાધના અને મોક્ષમાર્ગ બતાવ્યા. એમણે ઉપદેશેલા માર્ગે ચાલીને જેમણે કર્મક્ષય કર્યો તે આત્માઓ પરમાત્મા બન્યા. સિદ્ધ ભગવાન બન્યા. ભગવાન મહાવીરદેવ વગેરે તમામ તીર્થંકરો પણ આયુષ્ય પૂર્ણ થતાં સિદ્ધ ભગવાન : વિદેહમુક્ત બને છે.

જૈનમતે કોઈ પણ આત્મા પરમાત્મા બની શકે છે; સાધના દ્વારા સર્વકર્મક્ષય કરીને. રામ પરમાત્મા બની ચૂક્યા છે.

કૃષ્ણ આવતી ચોવીશીના બારમા નંબરના અમમ નામે તીર્થંકર બનવાના છે. આજથી જ તેમની મૂર્તિઓની 'ઈશ્વર' તરીકે પૂજા મંદિરોમાં (હઠીસિંગના

દેરાસરમાં, વડોદરાના એક જિનમંદિરમાં) થાય છે.

જે આત્મા રાગ, દ્વેષને સર્વથા અને સર્વદા ખતમ કરે તે પરમાત્મા ગણાય. ભલે પછી તેમનું નામ મહાવીર હોય, રામ, કૃષ્ણ કે બુદ્ધ હોય. જૈનો વ્યક્તિપૂજામાં માનતા નથી. તેઓ ગુણપૂજક છે. જે મન્ત્રાધિરાજ ગણાય છે તે નવકારમંત્રનાં પાંચ પદોમાં પાંચ પરમેષ્ઠીઓના નામ છે. તેમાં ક્યાં ય આદિનાથ, મહાવીરસ્વામીજી, હેમચંદ્રાચાર્ય વગેરે નામોલ્લેખ નથી. પાંચે ય પરમેષ્ઠીઓના મુખ્ય ગુણોના ઉલ્લેખ દ્વારા તે ગુણી આત્માઓને નમસ્કાર કરવામાં આવ્યા છે.

પરમાત્મા મહાવીરદેવના પરમ-પરમ ભક્ત મગધપતિ શ્રેણિક, હિંસાના દોષથી હાલ નારકમાં છે. પણ આવતી ચોવીસીમાં તે પ્રથમ તીર્થંકર પદ્મનાભ-સ્વામી બનવાના છે. ખુદ પરમાત્મા મહાવીરદેવનો આત્મા સાતમી અને ચોથી નારકમાં ગયો હતો. પણ છેવટે પરમાત્મા મહાવીરદેવ બન્યો છે.

અજૈનો કહે છે કે, "અમારા કૃષ્ણ ભગવાનને પાંચ હજાર વર્ષ થયા છે." જૈનો કહે છે કે 'અમારા કૃષ્ણને ચોર્યાસી હજાર વર્ષ થયાં છે. સમયનો આ ચોખ્ખો ભેદ બે વ્યક્તિઓમાં ભેદ પાડે છે."

ચાલો, મૂળ વાતે આવીએ.

જૈન દાર્શનિકો કહે છે કે ઈશ્વર જગતને બતાડે છે, બનાવતા નથી.

જગત દેખીતું સોહામણું છે. પણ અસલમાં બિહામણું છે. ભગવાન તેનું બિહામણું સ્વરૂપ બતાડે છે. એમ કરીને જગતના પદાર્થો - સ્ત્રી, ધન, કુટુંબ, દેહ વગેરે-થી જીવોને વિરક્ત બનાવે છે. તેમના પ્રત્યેની રાગદશાને લીધે મોટો કર્મબંધ થાય છે. તે કર્મો ઉદયમાં આવીને જીવને પારાવાર દુઃખ અને દુર્ગતિ આપે છે. જેણે આ અસાર સંસારમાંથી સદા માટે મુક્તિ લેવી હોય : અજન્મા, અમર, અરુજ બનવું હોય તેમણે સંસારથી વિરક્ત થઈને સાધના કરવી જોઈએ. સર્વ દોષોથી અને સર્વ દુઃખોથી સર્વથા અને સર્વદા છુટકારો પામવો જોઈએ. જે આત્મા આવી સિદ્ધિ પ્રાપ્ત કરે તે આત્મા તત્ક્ષણ સાત રાજલોકના છેડે આવેલી સિદ્ધશિલામાં ઊર્ધ્વગતિથી પહોંચે છે. તે સિદ્ધ ભગવાન બને છે. અનંત આનંદની અનુભૂતિ સદાને માટે કરે છે. તે ક્યારે ય ફરી જન્મ લેતા નથી. જન્મનું મૂળ રાગ છે. તે જ તેમનો ખતમ થયો છે પછી જન્મ ક્યાંથી લેવાનો રહે ?

તીર્થંકરદેવોની આ વાણીના પ્રભાવથી કરોડો - અનંતા - આત્માઓ

સંસાર ત્યાગીને, સાધના કરીને સિદ્ધ ભગવાન થયા.

આ જ ભગવાનનો આપણી ઉપર સીમાતીત ઉપકાર કે તેમણે આપણને જગતનો સાક્ષાત્કાર કરાવ્યો.

આ ઉપકારની રૂએ જૈનો ઈશ્વરને ખૂબ ચાહે છે; ખૂબ પૂજે છે. તેમનું ધ્યાન ધરે છે. તેમનાં મંદિરો બનાવીને તેમાં તેમની મૂર્તિઓ પધરાવે છે. તેની પાછળ અબજો રૂપિયા ખર્ચે છે.

કેટલાક વધુ સત્ત્વશાળી જીવો સંસાર ત્યાગીને દીક્ષા લે છે. સ્વકલ્યાણ કરવા સાથે પરમાત્માનો માર્ગ બતાડવા સર્વત્ર ઘૂમે છે. જૈનધર્મનો પ્રચાર કરે છે. જેઓ રાગ, દ્વેષને ભૂંડા માને છે. જેઓ 'વીતરાગ' બનવાના અભિલાષુક બન્યા છે; જેઓ વીતરાગને પૂજે છે; તે બધા જૈન છે; પછી ગમે તે જ્ઞાતિના હોય કે ગમે તે કોમના હોય; જન્મથી ગમે તે ધર્મ પાળતા હોય.

ઉપકારીના ઉપકારોનું વિવિધ રીતોથી સ્મરણ કે પૂજન કરવું, તેમની આજ્ઞાઓનું પાલન કરવું એ કૃતજ્ઞતા નામનો ગુણ છે. દયા કરતાં પણ એ ચડિયાતો ગુણ છે. તેમાં નમસ્કારભાવ હોવાથી અહંકારના ચૂરા થાય છે.

જ્યાં અહંકારના ચૂરા થાય છે તે પ્રાયશ્ચિત્ત જેવો કોઈ ધર્મ નથી. અને કૃતજ્ઞતા જેવો કોઈ ગુણ નથી.

આટલું જાણ્યા પછી કોઈ એવું કહેવાની ભૂલ નહિ કરે કે જૈનો ઈશ્વરને માનતા નથી.

હા... જૈનો, અજૈનોની જેમ ઈશ્વરને જગત્કર્તા માનતા નથી જ. એમાં ય બીજી રીતે તો જગત્કર્તા પણ માને જ છે, જે વાત આપણે આગળ ઉપર કરશું; પણ જે રીતે ઉત્પાદક, વિધ્વંસક વગેરે સ્વરૂપે તેમને જગત્કર્તા માને છે તે સ્વરૂપે નથી માનતા. તેઓ 'કર્મ'ના માધ્યમ દ્વારા બધા પ્રશ્નો ઉકેલી દે છે એટલે, તથા જગત્કર્તા માનવામાં તેમની ઉપરની શ્રદ્ધા, ભક્તિ, પ્રીતિ વગેરે ખતમ થવાની પૂરી શક્યતા છે માટે ઈશ્વરને જગત્કર્તા માનતા નથી.

કેટલાક જૈનધર્મ પાળતા લોકો પોતાની અણસમજના કારણે ઈશ્વરને કોઈ પણ રીતે જગત્કર્તા માનવાની ધરાર ના પાડે છે એ તેમની ગંભીર ભૂલ છે. આમ કરવાથી તેઓમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિમાં સાવ લુખ્ખાશ આવી છે. તેમનું ઊંચી કક્ષાનું તત્ત્વજ્ઞાન તેમને નુકસાન કરે છે. ભગવાન વીતરાગ છે. રીસાતા નથી પણ ભક્તો ભક્તિ કરે તો ય રીઝાતાં ય નથી. તે તો મોક્ષે જઈને બેઠા છે. આપણને મદદ કરવા શ્રીકૃષ્ણની જેમ ક્યારે ય પ્રત્યક્ષ

કે પરોક્ષ રીતે આવવાના નથી. આપણાં દુઃખોને દુર કરવાની ઇચ્છા કદી ન કરે; આપણને સુખી કરવાનો પણ તે યત્ન ન કરે... વગેરે.."

સંસારી જીવોને તો સંસારની સુખપ્રાપ્તિ અને દુઃખમુક્તિ - બે ય - જોઈએ. જો મહાવીર ભગવાન કશું ન કરે તો તેમને ભજવાથી શો લાભ ? આવા વિચારથી જ ઘણા બધા જૈનો - ભગવાનની પૂજા કરે તો ય - ઘંટાકર્ણ, ભૈરવ વગેરે દેવ-દેવતાઓની, પૂજા ભક્તિ કરવા લાગ્યા છે. સાંઈબાબા અને મીરા દાતાર પણ તેમના માટે ઉપાસ્ય બન્યા છે. કેમકે તે બધા ભગવાન નથી. તે તો રાગાદિવાળા છે. તે ભક્ત ઉપર રીઝે છે. ભક્તોની ભીડ ભાંગે છે. આથી ભગવાન કરતાં ય આ દેવ-દેવતાઓ તેમને વધુ પસંદ પડ્યા છે.

જે જૈનોની આ સમજ છે તે સાવ ગેરસમજ છે. તેઓ આવી ગેરસમજથી સાવ પંથ ભૂલ્યા છે. ભગવાનનો દ્રોહ કરનારા બન્યા છે.

તીર્થંકર પરમાત્માની કેવી તાકાત છે ? તે કેવી રીતે દુઃખીઓનાં દુઃખ અને દોષીઓના દોષ દૂર કરે છે ? તે વિગતથી સમજાવું.

તીર્થંકર પરમાત્માનો પ્રભાવ જ એવો છે કે જે તેમનું સ્મરણ, ભજન, કીર્તન, ધ્યાન કરે તેનો બેડો પાર થઈ જાય. તેને મોક્ષ મળે; ન મળે ત્યાં સુધી સંસારનાં ઉત્કૃષ્ટ સુખો મળે; તે પણ અનાસક્તિપૂર્વક.

આ તેમનો સ્વભાવ છે. હવે જો ધ્યાનાદિ કરવાથી જ ભક્તને ઇષ્ટ મળી જતું હોય તો તે દેવાની શી જરૂર ? જો દુઃખનિવૃત્તિ આપોઆપ થતી હોય તો તે કરવાની શી જરૂર ?

જે બાવો દુવા દઈને જ બીજા રોગને દૂર કરી શકતો હોય તો તે શા માટે દવા આપે ? પડીકાં બાંધે ?

અરિહંત પરમાત્માનો સ્વભાવ જ એવો છે કે તેની સેવા કરનાર આપમેળે ઇષ્ટ પ્રાપ્ત કરી લે. જે ગાળો દે તેનું અહિત જ થાય.

ના.. અરિહંત આમાંથી કશું ન કરે. પણ તેવું થયા વિના ન રહે. આમાં જે પ્રક્રિયા બને છે તે આ રીતે છે.

પરમાત્માની ઉપાસના કરવાથી પુણ્યકર્મનો બંધ થાય છે. વિરાધના કરવાથી પાપકર્મનો બંધ થાય છે. આ કર્મો ઉદયમાં આવે એટલે તે જીવને આપોઆપ સુખ કે દુઃખ પ્રાપ્ત થાય છે. આમ જે થાય તેમાં એમ જ કહેવાય કે ભગવાને મને સુખી કર્યો. ના. એવું પણ ન કહેવાય કે ભગવાને મને દુઃખી કર્યો. સૂર્યના પ્રકાશને લીધે કાંટો કાઢ્યો તો એમ જરૂર કહેવાય કે

સૂર્યપ્રકાશે મારો કાંટો કાઢી આપ્યો. પણ સૂર્યપ્રકાશમાં જ કાંટો વાગી જાય તો એમ ન કહેવાય કે સૂર્યપ્રકાશે મને કાંટો વગાડ્યો.

અરિહંતદેવ સુખી કરે. સુખમાં તેમનો ઉપકાર મનાય. દુ:ખમાં તો પોતાની જાતની જ નબળાઈ કહેવી પડે.

હવે પરમાત્મા વીતરાગ હોવા છતાં બીજાને સુખી કરે છે એ વાત બરોબર બેસી જાય છે. હા... તેમનો તેવો સ્વભાવ છે; માટે.

સૂર્યનો સ્વભાવ છે કે તેનો ઉદય થતાં જ લોકોની જડતા દૂર થઈ જાય છે. જડતા દૂર કરવાની ઈચ્છા પણ સૂર્યને કરવી પડતી નથી. એના સ્વભાવથી જ કામ પતી જાય છે.

અગ્નિનો સ્વભાવ જ એ છે કે તેની પાસે આવેલાની ટાઢ તે ઉડાડી મૂકે. અગ્નિને એવી ઈચ્છા થતી નથી કે હું શરણે આવેલાની ટાઢ ઉડાડું.

હોડીનો સ્વભાવ જ એવો છે કે તેના શરણે આવેલાને તે નદીપાર કરી આપે. ના.. 'હું એને નદીપાર કરું' તેવી તેને કાંઈ ઈચ્છા કરવી પડતી નથી.

હા. એ વાત નક્કી છે કે હોડી તેને જ નદીપાર કરી આપે છે જે તેના શરણે આવેલો છે. જે ડૂબે છે અને જેને હોડીના શરણે જવું જ નથી; જાતે જ તરવા માંગે છે તેને હોડી પણ તારી શકતી નથી.

ભગવાન પણ જે તરવા માંગે તેને જ તારે, આ વાત શ્રીકૃષ્ણે અર્જુનને કહી છે કે, "તું મારા શરણે આવ. તારાં બધાં પાપોથી - મારી ભક્તિ કરવા દ્વારા - છૂટી જઈશ. (मन्मना भव, मद्याजी, मद्भक्त:मां नमस्कुरु, अहं त्वां मोक्षयिष्यामि सर्वपापेभ्य:) સાંભળ્યું છે કે જ્યારે દ્રૌપદીનું વસ્ત્રાહરણ શરૂ થયું હતું ત્યારે જ્યાં સુધી તેણીએ ભીષ્મ, પાંડવો, દાંતનું શરણ લીધું પણ કૃષ્ણનું શરણ ન લીધું ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેની સંહાયે ન ગયા. પણ જ્યારે તેણીએ તેમના શરણની રાડ પાડી કે તરત શ્રીકૃષ્ણ મદદમાં આવી ગયા.

અરિહંત પરમાત્માની પણ આ જ વાત છે. શરત છે; શરણ સ્વીકારવાની. શરણ ન સ્વીકારે તો કશું સારું ન થાય.

રોટલી કહે છે, "હું લોહી બનાવું, પણ એક શરત કે મને બરાબર ચાવવી પડશે."

લાકડી કહે છે, " હું તને ઊભો રાખું. પણ એક શરત છે કે તારે મને પકડી રાખવી પડશે."

તાપણું કહે છે કે, "હું તારી ટાઢ ઉડાડું. પણ શરત છે કે તારે મારી

નજીકમાં બેસવું પડે."

અહીં બધે શરત છે...

અરિહંત પણ દુઃખ દુર કરે, સુખી કરે.. શરત પાળવી પડે કે તેનું શરણ લેવું પડે.

હવે સવાલ થાંય કે રોટલીએ શરીરમાં લોહી કર્યું; કે ચાવવાથી લોહી થયું ? ન ચાવત તો લોહી થાત ?

જવાબ એ છે કે ચાવવા દ્વારા જ લોહી થયું છે છતાં એમ જ બોલાય છે કે રોટલીથી મારામાં લોહી ભરાયું. લાકડીથી હું ચાલી શકું છું (પકડવાથી ચાલું છું એમ બોલાતું નથી.)

આ જ રીતે અરિહંતની ભક્તિ કરવાથી બંધાયેલા પુણ્યનો ઉદય થવાથી માણસ સુખી થયો છે પણ વ્યવહારમાં તો એમ જ કહેવાય કે મને અરિહંત ભગવંતે સુખી કર્યો.

ભગવાનની આ અચિન્ત્ય શક્તિ છે; કે વીતરાગ હોવા છતાં જે તેનું ધ્યાન ધરે તેને મોક્ષ આપે. તે ન મળે તો સ્વર્ગાદિની સદ્‌ગતિ આપ્યા જ કરે. તે જીવને દુઃખ ન જ આપે.

**वीतरागोऽप्ययं देवो ।ध्यायमानो मुमुक्षुभिः ॥**
**स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥**

પંચસૂત્રમાં કહ્યું છે કે, આ ભગવાનની એવી અચિન્ત્ય શક્તિ છે કે તે વીતરાગ હોવા છતાં સરાગ દેવ-દેવતાની જેમ સુખ આપે છે, દુઃખ કાપે છે. એ આપવા કાપવાની ઇચ્છા કે પ્રયત્ન તેને જરા ય કરવા પડતાં નથી. એનો એવો આપવા-કાપવાનો સ્વભાવ છે.

**अचिंतसत्तीजुत्ता हि ते भगवंतो वीयरागा ॥**

બાઇબલમાં બે વાક્યો છે, આનો સાચો અર્થ જૈન દાર્શનિકો જ કરી શકે.

Ask and it shall be given.

Knock and it shall be given.

દુકાનદાર પાસે જઈને વસ્તુ માંગો... તે તરત જ તમને મળી જશે. તમને આપવાની કવાયત દુકાનદારને કરવી નહિ પડે.

બંધ બારણે બાઘાની જેમ ઊભા ન રહો. 'ક્યારે ખૂલશે ?' તેની ચિન્તા પણ ન કરો. ખખડાવો... કે તરત ખૂલી જશે. કોઈને બારણું અંદરથી ખોલવાની જરૂર નહિ પડે.

તમે ભગવાનની ભક્તિ કરો અને તરત તમને સુખ મળી જશે. તમારું દુઃખ કપાઈ જશે. તે માટે ભગવાનને કશું જ કરવું નહિ પડે.

આટલું સમજ્યા પછી અજૈનોની જેમ જૈનો પણ ઈશ્વરમાં કર્તૃત્વનો આ રીતે - વ્યવહારનયથી - સ્વીકાર કરી શકશે; અને બોલી શકશે;

(૧) જીવ ! તું શીદને ચિંતા કરે,
હરિને કરવું હોય તે કરે;
જે ગમ્યું દેવ જગદીશને
તેહ તણો ખરખરો ફોક કરવો.
तित्थयरा ! मे पसीयन्तु ।
હે ભગવંતો ! મારી ઉપર કૃપા કરો.
Oh God ! Save me.
તું હી ત્રાતા, તું હી વિધાતા, તું જગ તારણહાર..
તુમ નામે ભવપારા !
"તું જ અમારા સ્વર્ગ-નરકનો દાતા છે."
દરિસણ દુર્લભ, સુલભ, કૃપા થકી....
Let God do : ભગવાનને જે કરવું હોય તે કરે.

હવે જો અરિહંત ભગવાન જ 'બધું' કરે છે તો જૈનોએ પણ - ગમે તે રીતે - (ના નિરુપચરિતનયથી નહિ.) ઈશ્વરનું સુખદુઃખમાં કર્તૃત્વ સ્વીકાર્યું તો હવે તેનામાં જૈનોને રસ જાગવો જોઈએ.

જ્યાં સ્વાર્થ સધાતો દેખાય ત્યાં રસ જાગે... પછી ત્યાં ધ્યાન ચોંટે. તન્મય થવાય.

જો અરિહંત, અરિહંત, અરિહંત બોલવાથી (નામનિક્ષેપો), જો અરિહંતની મૂર્તિનું ધ્યાન ધરતાં સાચા અરિહંત સાથેનું અનુસંધાન થવાથી (સ્થાપનાનિક્ષેપો), જો તેમના જીવન-પ્રસંગોનું ધ્યાન કરવાથી (દ્રવ્યનિક્ષેપો), જો ધ્યાનથી અરિહંતમય બનીને 'અરિહંત' બની જવાથી (ભાવનિક્ષેપો), અશુભ કર્મક્ષય થઈને દુઃખનાશ અને દોષનાશ થતો હોય, અને શુભ કર્મનો બંધ થઈને અનાસક્ત સુખની જબ્બર પ્રાપ્તિ થતી હોય તો "તે બધું મને ભગવાને આપ્યું." એવું સ્પષ્ટ રીતે કેમ ન કહેવાય ? આ રીતે ઈશ્વરકર્તૃત્વ જૈનોએ શા માટે અસંદિગ્ધ રીતે ન સ્વીકારવું જોઈએ ? અજૈનોથી ઈશ્વરકર્તૃત્વ જે રીતે સ્વીકૃત બન્યું છે તેમાં ઘણી આપત્તિઓ આવે છે. આમાં એમાંની એક પણ આપત્તિ ઊભી

રહેતી નથી.

દુઃખોથી કે દોષોની સતામણીથી ધ્રૂજી ઊઠીને આપણે તેના નાશ માટે અરિહંત-મા પાસે ધસી જવું જોઈએ. તેમાં એકાકાર બની જવું જોઈએ. દુઃખ કે દોષની તીવ્રતાના બેક-ગ્રાઉન્ડ વિના અરિહંત સાથે તન્મય થવું લગભગ અસંભવિત છે.

અઘોરી બાવાથી બી ગયેલો બાબો તેની માને કેવો છાતીસરસો ચોંટી પડે છે ? તો હવે સહુ બોલો : જૈનો અને અજૈનો! કે : "હે વીતરાગ સ્વરૂપ ઈશ્વર ! અમે અકામ અને અનન્યભાવે તારી ભક્તિ કરશું. તારે અમારા માટે (પુણ્યબંધ દ્વારા અને પાપકર્મક્ષય દ્વારા) જે કરવું હોય તે કરજે. તારે સુખ કે દુઃખ જે દેવાં હોય તે દેજે. બધું તું કરનાર છે માટે તે ગયેલા સુખને અને આવેલાં દુઃખને - મહેમાન સમજીને અમારી લાખ લાખ સલામ છે."

આ વાત રવીન્દ્રનાથ ટાગોરે કહી છે;

Salute the life "સુખ" that goes;

Salute the life "દુઃખ" that comes

because they come from Thee. (ઈશ્વર કે કર્મ)

બસ, હવે તો એક જ વાત કે જે આવે તે બધું જ બરોબર છે.

તે ઈશ્વરે મોકલ્યું છે. (કર્મબંધ દ્વારા)

તે કર્મે આવ્યું છે.

તે નિયતિએ દીધું છે.

આમાં કોઈ ફેરફારની ઈચ્છા નથી.

Everything is in order. જુઓ, કેવો સરસ રીતે ઈશ્વરકર્તૃત્વવાદનો સ્વીકાર થયો ! સમન્વય થયો ! કેવું સુંદર કાર્ય થયું. !

હવે ઈશ્વરભક્તિથી પુણ્યોદય થઈને સુખ આવી પડે તો સૂક્ષ્મદૃષ્ટિથી કહો કે પુણ્યોદયે આવ્યું. સૂક્ષ્મદૃષ્ટિથી અવશ્ય કહો કે પ્રભુએ મોકલ્યું.

ભગવાનની ભક્તિનું મુખ્ય કાર્ય પાપકર્મો અને પાપવાસનાઓનો ક્ષય કરવાનું છે. પણ તેની સાથે આડ-પેદાશ (by-product) તરીકે તે ભક્તિ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો વિપુલ બંધ કરીને જ રહે છે. આમ પાપશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિના બે કામ થાય છે.

શુદ્ધિથી સ્વને મુખ્ય લાભ થાય તો પુણ્યથી - પોતાના કારણે બીજા

અનેકોને (પુણ્યની ઉદીરણા થઈને) પુણ્યોદય થતાં તે બધાને ખૂબ લાભ થાય.

માટે જ શુદ્ધિ આપણે રાખવાનો અને પુણ્ય જગતનાં દુઃખ, દોષના દૂરીકરણમાં ઉપયોગી થવાનો સહુ હરિભક્તોએ સંકલ્પ કરવો જોઈએ.

બાજરાનો છોડ કહે છે, "હે માણસો ! મારા બાજરાના ડોડા તમે લઈ લો. હે પશુઓ ! મારું ઘાસ તમે લઈ લો."

અરિહંત ભગવંતની ચાર મોટી વિશેષતાઓ છે.

(૧) તે માત્ર આંતરશત્રુઓને જીત્યા નથી, અન્ય જીવોને જીતવામાં અત્યંત સહાયક છે. (जिणाणं जावयाणं)

(૨) તે માત્ર સ્વયં સંસાર-સાગર તરેલા નથી, અન્યોને પણ તારનારા છે. (तिन्नाणं तारयाणं)

(૩) તે માત્ર પોતે બુદ્ધ (સર્વજ્ઞ) બનેલા નથી, અન્યોને પણ સર્વજ્ઞ બનાવે છે. (बुद्धाणं बोहयाणं)

(૪) તે માત્ર સ્વયં સંસાર-મુક્ત નથી. અન્યોને પણ મુક્ત કરનારા છે. (मुत्ताणं मोअगाणं)

આમાં તેમની વિશેષતા બીજાઓને સહાયક બનવા અંગેની છે. જીતવાનું, તરવાનું, બુદ્ધ થવાનું, મુક્ત થવાનું તો બીજાઓ માટે ય શક્ય છે; પરંતુ તમામ ભવ્ય જીવોને આ બાબતોમાં સહાયક, માર્ગદર્શક બનવાનું તો માત્ર તીર્થંકર ભગવંતો માટે જ શક્ય છે. કેમકે તીર્થંકર નામકર્મનો ઉદય તેમને જ હોય છે. જૈનોના ભગવાન કેવા કરુણાના સાગર છે ? અને જીવોનું હિત કરવામાં કેટલા બધા સહાયક છે ? એ વાત શક્રસ્તવમાં અભયદયાણં વગેરે પદોથી ખૂબ અદ્ભુત રીતે જણાવી છે.

આપણો જીવ અંધકારમય અને ભીમ ભયાનક સંસારરૂપી જંગલમાં એકલો અટૂલો માર્ગ ભૂલીને ફસાયો છે. અત્યંત ગભરાઈને "બચાવો... બચાવો"ની ચીસ પાડે છે. તે વખતે એક માણસ (ભગવાન) દૂરથી બૂમ પાડે છે, "ચિન્તા ન કરીશ. હું છું. (અભયદયાણં)"

આ રીતે અભય આપ્યા બાદ તે માણસ (ભગવાન) ડાકુઓએ આંખે કચકચાવીને બાંધેલો પાટો ખોલી નાંખે છે. (ચક્ખુદયાણં)

પછી આપણને માર્ગ ઉપર ચડાવે છે. (મગ્ગદયાણં)

એકલા આગળ વધવામાં બીક લાગતી હોવાથી - ફરી માર્ગ ચૂકી જવાની શંકા હોવાથી - તે આપણી સાથે ચાલે છે. (સરણદયાણં)

આપણે ભૂખ્યા હોવાથી - સમ્યગ્દર્શન નામનું - ભોજન આપે છે. (બોહિદયાણં)

કહો, આ પાઠમાં ઈશ્વરનું જગત્કર્તૃત્વ - બધું ભગવાન કરે છે એ ચિંતન - કેવું ઠસોઠસ ભરેલું છે?

અન્ય રીતે પણ આ કર્તૃત્વ સાબિત કરું. કોઈ પણ વસ્તુના બે પ્રકાર હોય છે. વાસ્તવિક : અસલ (Objective reality) : અને કાલ્પનિક (Idial reality).

અસલી વસ્તુ આપણી કલ્પનામાં આવે ત્યારે તેની સત્યતા વાસ્તવિક ન કહેવાય પણ કાલ્પનિક તો કહેવાય જ.

અહીં મારે એ વાત સમજાવવી છે કે વાસ્તવિક વસ્તુની તાકાત જેટલી જ તાકાત કાલ્પનિક વસ્તુની હોય છે.

કૅન્સરની વાસ્તવિક ગાંઠથી મૃત્યુ થાય તો કાલ્પનિક ગાંઠ (ખરેખર કંઠમાળ હોય પણ કૅન્સરની કલ્પના કરી નાંખી હોય)થી પણ મૃત્યુ થાય. અથવા બંને ગાંઠથી સરખો કર્મક્ષય કરી શકાય. કૅન્સરનો વાસ્તવિક દર્દી જેટલો સંસાર વિરાગ પામે તેટલો જ વિરાગ ગળે કેન્સર થયાની અને તે ખૂબ વધી ગયાની, તેનાથી થતી અસહ્ય પીડાની કલ્પના કરાય; અને આંખ મીંચીને એવું બધું વિચારાય તો ઉત્પન્ન થાય અને તેટલો જ કર્મક્ષય થાય.

ઘાસની ગંજીમાં સાપ હતો જ નહિ. પણ ખેડૂતે મહેમાનને કહ્યું કે, ''ક્યારેક આ ગંજીમાં સાપ દેખવા મળે છે. તમે ગંજીને ટેકીને ઊભા છો પણ સાવધ રહેજો.''

યોગાનુયોગ મહેમાનને દેડકાએ બચકું દીધું પણ તેની કલ્પનામાં સાપ આવી ગયો, તે ખૂબ બી ગયો, ઝેર ચડ્યું અને મરી ગયો.

ભૂતથી કદી નહિ ડરનાર માણસ અમાસની રાતે સ્મશાનમાં ભૂતોની સવારી આવે છે એવું સાંભળીને સ્મશાને ગયો. નીડરતાથી ફર્યો. કશું ના થયું પણ ઘરે પ્રવેશ કરતાં તેનું પહેરણ પાછળથી ખીલીમાં ખેંચાયું. તેને ભૂત આવ્યાની બીક લાગી. તત્ક્ષણ મરી ગયો.

અર્જુન પાસે વાસ્તવિક દ્રોણ હતા. એકલવ્ય પાસે કાલ્પનિક (મૂર્તિરૂપમાં) દ્રોણ હતા. એકલવ્યની ગુરુભક્તિ સવિશેષ હોવાથી કાલ્પનિક દ્રોણ દ્વારા તે સવાયો અર્જુન બની ગયો.

સુલસા કરતાં મયણા (કે મીરા) કાલ્પનિક તીર્થંકરદેવ(મુનિ-સુવ્રતસ્વામીજી)ની આરાધનામાં વધુ પ્રગતિ સાધી ગઈ.

તીર્થંકરદેવ પણ વાસ્તવિક અને કાલ્પનિક એમ બે પ્રકારના છે.

આપણી પાસે વાસ્તવિક સ્વરૂપે ભલે નથી પરંતુ કાલ્પનિક સ્વરૂપે તો હૃદયમાં; જીવનની ક્ષણક્ષણમાં, લોહીના કણકણમાં પધરાવી શકાય તેમ છે. તેમની સાથે વાતો પણ કરી શકાય. તેમનું માતાનું સ્વરૂપ કલ્પીને તેમના ખોળામાં સૂઈ શકાય; તેમને ઠપકો આપી શકાય. (મુજ સરીખા મેવાસીને, પ્રભુ જો તું તારે; તારક તો જાણું ખરો, જૂઠું બિરુદ શું ધારે ?) ટૂંકમાં શું ન કરી શકાય ? વાસ્તવિક તીર્થંકરને સ્ત્રી અડી ન શકે પણ કાલ્પનિક તીર્થંકરદેવના ખોળે માથું મૂકીને સૂઈ પણ શકે; તેમની સાથે ભક્તિભાવના લાડ-વહાલ પણ કરી શકે.

આ પળોમાં અપૂર્વ અશુભ કર્મક્ષય અને શુભ કર્મબંધ થાય. કદાચ વાસ્તવિકના આલંબનથી પણ વધુ આ કાલ્પનિક આલંબન બની શકે.

આવા કાલ્પનિક ભગવાન તો ખરેખર અત્યન્ત ફળદાયી છે. એકાન્તે આપણા સુખ, સદ્‌ગતિના કર્તા છે.

એક સરસ વાત કરું.

પરમાત્મા મહાવીરદેવના જીવનકાળના કેટલાક પ્રસંગો - ચંડકૌશિક, ચંદના, સંગમ, ગોશાલક, સમવસરણ, દેશના, વિહાર અંગેના ચિત્રો તૈયાર કરવાં. રોજ ૦ાા-૦ાા કલાક તેની ટી.વી. સિરિયલ આંખ બંધ કરીને જોવી. કલ્પનાની દુનિયામાં એ સાક્ષાત ભગવાન જોવા મળશે. જાતજાતના સ્પંદનો જાગ્રત થશે. એનાથી અકલ્પ્ય આત્મહિત થશે.

જે આપણું હિત કરે તે આપણા ભગવાનઃ વાસ્તવિક ભગવાન... પછી તે કાલ્પનિક ભગવાન હોય કે વાસ્તવિક ગુરુ હોય.

જીવ કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે એ પ્રકરણ અહીં પૂરું થાય છે. પ્રાસંગિક રીતે આપણે બીજી અનેક બાબતો કર્મવિપાક, પરલોકદૃષ્ટિ, પાપધિક્કાર, બંધ-અનુબંધ, ઈશ્વરકર્તૃત્વ વગેરે ઉપર પણ વિચાર કર્યો.

આમ ષટ્‌સ્થાનોમાંથી ત્રીજા અને ચોથા સ્થાનનું વિવેચન પૂરું થયું. હવે પાંચમા અને છઠ્ઠા સ્થાન ઉપર દૃષ્ટિપાત કરીએ.

## (૫) મોક્ષ છે : (૬) તેનો ઉપાય સર્વવિરતિ છે.

### [૫. મોક્ષ છે]

આત્માનું અજર, અમર, અવ્યાબાધ સ્થાન તે મોક્ષ.

આત્મા સર્વ કર્મક્ષય કરે છે ને સર્વદોષોથી અને સર્વદુઃખોથી સર્વથા અને સર્વદા જે છુટકારો પામે છે તેનું નામ મોક્ષ. આવો આત્મા સિદ્ધશિલાની ઉપરના લોકાકાશમાં સદા માટે સ્થિર થાય છે. હવે તેના આત્માના અનંત ગુણો કોઈ પણ આવરણ ધરાવતા નથી એટલે તે બધા પ્રગટ થાય છે. તેના આનંદની અનુભૂતિ તે પરમાત્મપદ પામેલા આત્માઓ કરે છે.

**મોક્ષ સુખ કેવું છે ?**

મોક્ષનું સુખ કેવું હોય ? એનો જવાબ એ છે કે મોક્ષના સુખ જેવું હોય. એટલે કે એ સુખને કોઈ અન્ય સુખની ઉપમાથી વર્ણવવાનો ન્યાય આપી શકાય તેમ નથી. હા, એટલું કહી શકાય કે સંસારમાં ભોગી આત્માઓ જે સર્વોત્કૃષ્ટ ભોગસુખ અનુભવતા હોય તેના કરતાં અનંતગુણ મોક્ષસુખ હોય છે.

ખૂજલી ખણવાનો આનંદ મોં ઉપર દેખાડી શકાય; વર્ણવી પણ શકાય. પરંતુ ખૂજલી નહિ હોવાનો; આરોગ્યનો આનંદ શી રીતે વર્ણવાય ?

'આબરૂ'નો આનંદ કેટલો બધો હોય ? એનું વર્ણન શી રીતે થાય?

હા, નકારાત્મક રીતે મોક્ષના સુખની વાત કરી શકાય કે ત્યાં રોગ નથી, ઘડપણ નથી, મોત નથી... અરે ! સર્વ દુઃખનું મૂળ જે ઇચ્છા છે તે જ ત્યાં સર્વથા નથી. આમ વેદાન્તના ન ઈતિ=નેતિરૂપે મોક્ષની આદરણીયતાને જણાવી શકાય ખરી.

જેનું એક યુવાન સાથે સગપણ થયું છે તે કન્યાને યુવાનોના ટોળા સમક્ષ ઊભી રાખીને પુછાય કે, "આમાં તારો ભાવિ પતિ કોણ ?" તો તે શરમથી આંગળી ચીંધીને જવાબ નહિ દઈ શકે કે, "આ મારો પતિ." પણ જો તેને દરેક યુવાન તરફ તેની બહેનપણી આંગળી ચીંધે અને પૂછે કે, "આ તારો પતિ છે ?" તો તે ના... ના... ના... જરૂર કહેશે. એમાં જ્યારે એના ભાવિ પતિ તરફ આંગળી ચીંધાશે ત્યારે મૂંગી રહેશે. તેના મોં ઉપર શરમના શેરડા ઊઠી આવશે. આ ઉપરથી બહેનપણી સમજી જશે કે તે જ તેનો પતિ છે.

એ રીતે કોઈ એમ જરૂર પૂછી શકે છે કે, "મોક્ષમાં આ દુઃખ છે?

આ દુઃખ ખરું ? આ દુઃખ ખરું ?.. દરેકનો જવાબ 'ના'માં મળતાં એવો સંતોષ થશે કે મોક્ષમાં કોઈ દુઃખ નથી.

તો મોક્ષમાં શું છે ? માત્ર સુખ... એટલે કે દુઃખાભાવ થવાથી પ્રગટતો આત્માનંદ.... સ્વરૂપરમણતાનો અનંત આનંદ મોક્ષમાં છે.

**સંયોગ વિના અનંત સુખ :**

બેશક, આ આનંદ કોઈ પણ પદાર્થના સંયોગ વિના ઊઠતો આનંદ છે એટલે પદાર્થ - સંયોગ દ્વારા જ આનંદની અનુભૂતિ કરનારા આત્માને એ આનંદની કલ્પના આવી શકે નહિ. એથી એ એવું પૂછે કે, "મોક્ષમાં ટી.વી. છે ? હોટલ છે ? ક્રિકેટની મૅચ છે ? સ્વિમિંગ પુલ છે ? રસગુલ્લા છે ? સ્ત્રી છે ? ધન છે ?"

હવે જો ના કહેવામાં આવે તો અને એવું કહેવાય કે, 'આ બધાના અભાવમાં અનંત આનંદ છે' તો આ વાત માનવા માટે તે આત્મા ધરાર તૈયાર થશે નહિ. 'કોઈ સંયોગ નહિ ને અનંત આનંદ' આ વાત સંયોગથી જ આનંદ અનુભવતા આત્માને કદી સમજાશે નહિ. છેવટે તે કહી દેશે કે મારે તેવો મોક્ષ જોઈતો જ નથી.

પેલા ભૂંડને નારદે પૂછ્યું કે, "તારે વૈકુંઠમાં જવું હોય તો તને ત્યાં મૂકી દઉં." તેણે ભૂંડણની સલાહ લીધી. તેણીએ કહ્યું કે જો વૈકુંઠમાં વિષ્ઠારૂપી મિષ્ટાન્ન અને ગટર(ગંધાતી)રૂપી અત્તરનો હોજ મળતો હોય તો આપણે જરૂર વૈકુંઠમાં જવું."

ભૂંડે આ વાત નારદને કરી. તેમને આ જીવોની દુર્ભાગિતા દેખાઈ. તે ચાલ્યા ગયા.

જેની જેમાં ટેવ તેનો તેમાં આનંદ. માછણોને ગંધાતા ટોપલા માથા નીચે મૂક્યા વિના ઊંઘ જ ન આવે.

કેદીઓને જેલના વસ્ત્રો પહેર્યા વિના ઊંઘ ન આવે.

પણ આ લોકોને મારે એ સવાલ કરવો છે કે ઊંઘમાં કયા પદાર્થનો સંયોગ છે ? એક પણ નહિ. છતાં આનંદ કેટલો બધો છે કે કોઈ ઉઠાડે તો ઊઠવું ગમતું નથી. તે વ્યક્તિ ઉપર ગુસ્સો આવી જાય છે.

વળી જે સાચા સાધુ છે તેમને સ્ત્રી, ધન, કુટુંબ, વગેરેનો કોઈ સંયોગ નથી. આમ છતાં તેઓ કેવો અપૂર્વ આત્માનંદ અનુભવે છે ?

તો પછી સંયોગ વિનાના મોક્ષમાં આત્માને આનંદની અનુભૂતિ

કેમ ન હોય ?

વળી તરસ લાગે તો પાણીનો સંયોગ કરવો પડે. ભૂખ લાગે તો ભોજનની જરૂર પડે. ખૂજલી થાય તો ખણવા માટેના સાધનની જરૂર પડે. વાસના જાગે તો વિજાતીય તત્ત્વની જરૂર પડે. પરંતુ જો તરસ વગેરે લાગે જ નહિ તો પાણી વગેરે પદાર્થોની જરૂર જ ક્યાં પડે છે ?

ભરેલા પેટવાળાને ભોજનની ઈચ્છા જ થતી નથી.

ઈચ્છા એ જ દુઃખ છે. ઈચ્છા થાય તો પદાર્થોની જરૂર પડે. ઈચ્છા જ ન થાય તો કશાયની જરૂર ન પડે. મોક્ષમાં સર્વ ઈચ્છાઓનો સર્વથા નાશ છે. એટલે ત્યાં કોઈ પણ પદાર્થની જરૂર રહેતી નથી.

જૈનધર્મના ત્રણ સૂત્રો ધ્યાનમાં રાખવા જેવાં છે.

ઈચ્છા જેવું કોઈ દુઃખ નથી.

સુખ જેવું કોઈ પાપ નથી.

જન્મ જેવો કોઈ રોગ નથી.

## સંસાર તો સારો નથી જ.

બીજી રીતે વાત કરું.

'બ્રહ્મ સત્યં' એ ન સમજાય તો ય એ વાત બરોબર સમજાય છે કે **जगन्मिथ्या.** આ સંસાર તો અસાર; નગુણો છે. એમાં સોગંદ ખાવા જેવી કોઈ સારી ચીજ નથી. પુણ્યથી એ સુખમય મળે તો ય સુખમાં આસક્તિ થતાં તે પાપમય બને છે. પાપકર્મોનો ઉદય થતાં તે દુઃખમય બને છે. આમ સુખ પણ અંતે તો દુઃખમાં જ પરિણમે છે એટલે સુખમય સંસાર પણ નકામો છે.

સંસારનું સુખ સ્વચ્છ નથી; સ્વાધીન નથી અને શાશ્વત નથી.

કોઈ પણ જીવને પૂછો કે, "તને કેવું સુખ ગમે ?" તે કહેશે : દુઃખોના ભેળવાળું - અસ્વચ્છ - સુખ તો મને જરા ય ન ગમે. વળી કર્મરાજા (પુણ્ય) દ્વારા જ મળી શકતું પરાધીન સુખ પણ મને ન ગમે. તથા મહામુસીબતે મેળવેલું સુખ નાશવંત હોય તો તે ય મને ન ગમે."

સંસારનાં તમામ સુખો દુઃખના ભેળવાળા હોઈને સ્વચ્છ (પાણી વિનાના ચોખ્ખા દૂધ જેવા) નથી.

વેઢમી ખાતા કાંકરા વાગે તો વેઢમીનું સુખ શે અનુભવાય ?

મીઠી બદામના બૂકડો ખાતાં એકાદ કડવી બદામની કડવાશ ભળે તો શી મજા આવે ?

ગુલાબ સૂંઘતાં કાંટા ભોંકાય તો કયો આનંદ આવે ?

સ્ત્રી, સંતાન, દેહ, વગેરેનું સુખ એક છે, પણ તેમાં દસ દુઃખો મિશ્રિત થયાં છે. ડાહ્યા માણસો આવા દુઃખમિશ્રિત સુખને કદી ઇચ્છે નહિ.

સીતા, અંજના વગેરે કેવા સુખી હતા ? બન્ને રાજકુમારી હતી; ધરતી ઉપર અવતરેલી અપ્સરા હતી. પણ પતિ તરફનાં કેવાં દુઃખો આવી પડ્યાં? કેવા આળ ચડ્યાં ? કેટલા હેરાન થયાં ? સંસારના સુખો કર્મરાજાની મહેરબાનીથી મળે. જો રાજા રૂઠ્યો તો મરી ગયા.

કૂતરાના ગળે પટ્ટો હોય અને શેઠ ખુશ થાય ત્યારે તેને બિસ્કિટ ખવડાવે કે દૂધ પીવડાવે તે બધું બરોબર... પણ પેલો ગળે પટ્ટો કેમ ભુલાય ? શેઠ રૂઠે તો પેટે લાત મારે, કે ગોળીથી શૂટ પણ કરી દે. આવા પરાધીન સુખમાં કૂતરો પૂંછડી પટપટાવે. ડાહ્યો માણસ કદાપિ નહિ.

કૂતરાને પાઉંના ટુકડા દેખાય.

માણસને પટ્ટો દેખાય.

સંસારના સુખો એકધારા પચાસ મળે પણ એકાવનમું દુઃખ કેન્સરની ગાંઠનું એવું હોય કે બધું ધૂળધાણી થઈ જાય.

જેવા કર્મો રૂઠે કે રાજાઓનાં રાજ જાય, શૂરવીરોની હાર થાય, સાધુનું પતન થાય, પહેલવાનને કેન્સરની ગાંઠ થાય.

જન્મદિને પત્ની દ્વારા પ્રેમથી કોફી પીતો પતિ સેકંડમાં મૃત્યુ પામી જાય.

દેવોના રૂપને ટક્કર મારતાં રૂપનો સ્વામી, રંગીલો રાણો, ચક્રવર્તી સનત બે કલાકમાં કોઢ વગેરે ભયાનક રોગોથી ઘેરાઈ જાય.

શ્રેણિકને સગો દીકરો બુઢાપામાં રોજ સો હંટર મારે. ચક્રવર્તી બ્રહ્મદત્ત એકાએક અંધ થઈ જાય.

સંસારના સુખો શાશ્વત પણ નથી : અત્યન્ત વિનાશી છે. ગમે તે પળે ચાલવા લાગે છે.

લક્ષ્મણનું અચાનક મોત ? બુદ્ધનું મડદા વગેરેનું દર્શન ? ‘‘બધું છોડીને હવે જવાનું છે.'' એ કલ્પનાથી મહમદ ગિઝનીની મગજની શૂન્યતા ?

દેવ-દેવીના યુગલનું વિરહ-કલ્પનાથી ભારે કરુણ કલ્પાંત ?

હનુમાનનું સન્ધ્યાના મદમસ્ત રંગોના વિલયીકરણનું દર્શન ?

પેલી વાત એકદમ સાચી છે,

पुनरपि जंननं, पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम् !

હજી એક વાત કરું. આ સંસાર-સુખનો ભોગવટો આસક્તિ કરાવી જ દેતો હોય છે. તેથી તીવ્ર અશુભ કર્મબંધ થાય છે. એના પરિણામે ભયાનક દુ:ખો અને કારમી દુર્ગતિઓ ભેટવાં જ પડે છે.

ક્ષણનું સુખ. મણનું પાપ. ટનનું દુ:ખ. શે સુખ-ભોગ પરવડે ?

અને સૌથી મહત્ત્વની વાત કે કરુણાસાગર દેવાધિદેવ તીર્થંકર પરમાત્માની અનેક આજ્ઞાઓને પગલૂંછણિયું કર્યા સિવાય તો ભોગાનંદ કે કામાનંદ માણી શકાય જ નહિ. કૃતજ્ઞ આત્માઓને આ વાત જરાય પરવડે તેમ નથી.

સુખના કાતિલ ભોગવટાને લીધે તો આ જીવનો સંસાર અનંત બન્યો. હાય ! અનંતા ઓઘા-મુહપત્તિ એણે જ નિષ્ફળ કર્યા. શત્રુંજય તીર્થ, મન્ત્રાધિરાજ નવકાર, સંતોની દેશના - બધું - એણે જ નિષ્ફળ કર્યું.

જો સંસારના ભૂંડા સ્વરૂપનું બરોબર ભાન થઈ જાય તો, એક પણ વસ્તુ ઉપર મોહ થાય નહિ. સર્વત્ર અનાસક્તિ બની રહે. કહ્યું છે,

ज्ञाते तत्त्वे कः संसारः ।

એટલે ભલે કદાચ મોક્ષના સ્વચ્છ, સ્વાધીન અને શાશ્વત સુખની અનુભૂતિ ન હોય અને તેથી તેના તરફ પ્રેમ સીધો ન જાગે પણ જો એ વિચાર કરાય કે મોક્ષનો વિરોધી જે સંસાર છે તે તો સુખમય મળે તો ય ખરાબ છે અને ખતરનાક છે. એમાં તો ન જ રહેવાય."

ગાંધીજીને ચર્ચિલે પૂછ્યું કે "તમે સ્વરાજ માંગો છો પણ તમને રાજ કરતાં તો આવડતું નથી. પછી શું કરશો ?"

ગાંધીજીએ કહ્યું, "રાજ કરતા નહિ આવડે તો કાગડા-કૂતરાના મોતે મરીશું, પણ તમે તો જાઓ જ. તમારી ગુલામી તો હવે નહિ જ જોઈએ. Quit India"

આ જ રીતે આપણે બોલીએ કે મોક્ષનું સુખ ભલે અમને ન સમજાતું હોય કે તેટલું મહાન છે ? પણ અમને એ વાતની અનુભવથી ચોક્કસ ખબર પડી છે કે આ સંસાર તો સાવ અસાર છે. નગુણો છે : નકામો છે. અહીં તો ન જ રહેવાય. Quit sansar

જ્ઞાનીઓ કહે છે કે, "હે જીવ ! જો તું અનંતા ભવોમાં ચાલી ચાલીને થાકી ગયો હોય, જો તને અનંતવાર જન્મી જન્મીને કંટાળો આવી ગયો હોય, જો તું અનંત મોતની વેદનાથી પરેશાન થયો હોય તો હવે કાયમ માટે એક જ સ્થાને બેસી જા. ત્યાં નહિ ચાલવાનું, નહિ મરવાનું, નહિ જન્મવાનું. એ સ્થાનનું નામ છે, મોક્ષ."

ब्रह्म सत्यं છે ? ખબર નથી.

जगन्मिथ्या છે ? હા, ચોક્કસ.

સંસારને તો ઉખેડી જ નાંખવો જોઈએ કેમકે એ તો ખરાબ જ છે.

પપૈયાના જૂના પુરાણા ઝાડ ઉપર ખેડૂત કુટુંબ નભતું હતું. સાવ ભિખારી જેવું બની ગયેલ. ભૂખમરામાં ફસાઈ ગયેલ. બે એકરના વિશાળ ખેતરમાં જો કોઈ પાક લે તો મેડીબંધ મકાન બને પણ એ કલ્પના જ બિચારાને આવતી નહિ. એને તો પપૈયાના ખખડી ગયેલા ચાર વૃક્ષમાં જ 'જીવન' દેખાતું હતું.

એક દી એના કોઈ જીગરી મિત્રે રાતે બે વાગે એ ઝાડ ઉપર કુહાડા ઝીંકીને ધરતી પર ઢાળી દીધાં ! એ તરત ભાગી ગયો. સવારે ઘણી રોકકળ થઈ પણ છેવટે સહુની મદદથી બાજરાનું વાવેતર થયું. સોળ આની વરસ આવ્યું. અઢળક કમાણી થઈ ગઈ.

પપૈયાના ઝાડ જેવો ખખડેલો સંસાર ! હવે તો કોઈ સદ્‌ગુરુ જેવા કલ્યાણ મિત્ર એને ઓકાવે અને મોક્ષમાર્ગનાં પ્રેમી બનાવે તો કંઈક સારું થાય.

## પૂર્વે સહુ મોક્ષની વાતો કરતાં

યત્ર તત્ર સર્વત્ર મોક્ષની વાતો.

અરે ! મંડનમિશ્ર પંડિતના પાળેલા પોપટો ય આત્મા અને મોક્ષની વાતો કરતાં.

વાત્સ્યાયને રચેલા કામશાસ્ત્રમાં ય મોક્ષસાધક ધર્મ કરવાની વાતો કરી છે. ત્યાં કહ્યું છે કે, "ધર્મ કર્યા વિના પુણ્ય નહિ મળે, પુણ્ય વિના અર્થ-કામ પ્રાપ્તિ શક્ય નથી." न तं विना भवेतामर्थकमौ ।

વ્યાસમુનિએ કહ્યું છે કે, "સંસારીઓ ! તમને અર્થ કે કામમાં રસ હોય તો પણ તમે મોક્ષસાધક ધર્મ કરો. તે વિના અર્થકામ નહિ મળે. મહેરબાની કરીને મારી આ વાત સાંભળો. રાડો પાડીને, હાથ ઊંચા કરીને આ વાત કરું છું તો ય તમે કેમ સાંભળતા નથી ?

ઉમાસ્વાતિજી મહારાજે તત્વાર્થરિકાના છેલ્લે શ્લોક (नर्ते च मोक्षमार्गात्)માં કહ્યું છે કે, "હું આ ગ્રંથમાં મોક્ષ અને તત્ત્વ સાધક ધર્મની જ વાતો કરીશ. સંસારીઓને ભલે અર્થકામમાં રસ હોય; પણ તેની વાતો નહિ જ કરું ; કેમ કે તે અનર્થના કારક છે. મારે જો જગતનું સાચું હિત કરવું હોય તો મોક્ષ કેમ પમાય ? તે જ વાત કરવી જોઈએ.

ખાંસી ખાતું બાળક નાદાન છે કે તે મમ્મી પાસે પિપરમીટ માંગે છે. પણ મમ્મી તો ડાહી છે તે શી રીતે પિપરમીટ આપે ?

મૃત્યુ વખતે રામકૃષ્ણે પોતાની પાસે રહેલી અષ્ટ મહાસિદ્ધિઓ વિવેકાનંદને લઈ લેવા કહ્યું. પણ તેમણે ના પાડીને કહ્યું કે, "જે માત્ર ચમત્કારની વસ્તુ છે; જેનાથી મોક્ષ પ્રાપ્ત થનાર નથી તે આઠ વસ્તુઓ આઠ કાંકરાથી વધુ મારે મન કશું નથી."

ભેટમાં મળેલી વસ્તુઓ બ્રાહ્મણપતિ યાજ્ઞવલ્કય જ્યારે પત્ની મૈત્રેયીને વાપરવા દેતા ત્યારે તે કહેતી, "જેનાથી મને મોક્ષ ન મળે તે પેંડા, સાડલાથી મારે શું ? આપી દો કોક ગરીબને !"

ઈબ્રાહીમ જેવો મુસ્લિમ રાજા - હિન્દુ સંતોના સંગે-ઓલા ગૌતમ ગણધર ભગવંતની જેમ - મારો મોક્ષ ક્યારે થશે ? એની ભારે ચિંતામાં પડી ગયો હતો.

ગર્ભમાં રહેલા શુકદેવે માતપિતાને કહ્યું કે, "જન્મ થયા બાદ મારે મોક્ષમાર્ગની સાધના જ કરવી છે. તમે હા પાડો એટલે તરત જન્મ લઉં."

અગ્નિકાપુત્ર આચાર્યને સર્વજ્ઞ ભગવંતે કહ્યું કે, "તમે ગામપાર વહેતી નદીને હોડીમાં બેસીને પાર કરશો ત્યારે તમને મોક્ષ પ્રાપ્ત થશે." આ સાંભળીને આવીને પડેલી ભિક્ષાને પડતી મૂકીને તે હોડીમાં બેસવા માટે ઉપાશ્રયેથી નીકળી ગયા હતાં.

મોક્ષને જ ઝંખતા તામલી તાપસે સ્વર્ગમાં જન્મ લેવા માટે નિયાણું કરવાની પ્રાર્થના કરતી દેવીઓને ધૂત્કારીને કાઢી મૂકી હતી.

પોતાના પાંચેય દીકરાઓને માતા મદાલસાએ મોક્ષ અપાવવા માટે સંન્યાસી બનાવ્યા હતાં.

ગજસુકુમાલ મોક્ષ પામવા માટે અધીરા બન્યા હતા. દીક્ષા લઈને ઝટ સ્મશાને જઈને કાયોત્સર્ગમાં ઊભા રહ્યા. કલાકોમાં જ મોક્ષને ભેટી પડ્યા હતા.

## આપણો મોક્ષ કેમ નથી થયો ?

ભલા ! ખૂંખાર ધાડપાડુ દઢપ્રહારીનો મહિનાઓમાં જ મોક્ષ થાય; ગોશાલકના મોક્ષનો કાળ મર્યાદિત બની જાય, સાધુ- વેષ પહેર્યા વિના ભરતચક્રી આરીસાભુવનમાં, મરુદેવા હાથીની અંબાડીમાં, ગુણસાગર ચોરીમાં, પૃથ્વીચંદ્ર રાજા સિંહાસન ઉપર, ઈલાચી નટ, વાંસડા ઉપર વીતરાગ બની જાય. અને આપણો આત્મા એવો તે કેવો પાપીયો કે તેનો મોક્ષ બારસો ગાઉ દૂર આંટા મારે.

**ક્યાં અટક્યું ?** સિત્તેર વર્ષ પૂર્વે અમદાવાદની કાપડની મિલના બધા સંચા એકાએક અટકી પડયા હતા. કોઈ ગામઠી ઈજનેરે તેને ચાલુ કરી દીધા હતા. આ માટે તેણે પહેલેથી દસ હજાર રૂપિયા ચાર્જ લઈ લીધો હતો. જે

જગાએ ઠંડીથી મશીનની પટ્ટી થીજી ગઈ હતી તે જગા શોધીને ત્યાં જોરથી હથોડી મારતાં પટ્ટી ખસી ગઈ. તમામ સંચા ચાલુ થઈ ગયા. એક હથોડી મારવાના દસ હજાર ? શેઠ તો અકળાઈ ગયા.

ગામઠી ઈજનેરે કહ્યું, ''હથોડી મારવાનો તો એક જ રૂપિયો ચાર્જ થાય, પણ તે ક્યાં મારવી ? તેના ૯૯૯૯ રૂપિયા ચાર્જ કરાયો છે.

બોલો... મોક્ષ પામવામાં આપણુ ક્યાં અટક્યું છે ?

જે ઓઘા - મુહપત્તિ મોક્ષ આપે તે અનંતીવાર લીધા તો ય કેમ મોક્ષ નથી થયો ?

એનું કારણ એ હતું કે, ''સંસાર સુખ આપણને ખૂબ મીઠું લાગી ગયું. એવું મીઠું લાગ્યું કે તેને પામવામાં સહેવા પડે તે તમામ દુઃખો તો સહ્યા; પણ થઈ શકે તે બધા પાપો પણ કર્યા. (જુઓ મધુબિન્દુનું દૃષ્ટાંત.) સાધુવેષ પણ આલોકના ભોગસુખોરૂપ, ખાનપાન, માનસન્માન પામવા માટે લીધો. પરલોકે સ્વર્ગના સુખો પામવા માટે લીધો. આમાં મોક્ષે જવાની કોઈ ઇચ્છા જ ન હતી. જેને મોક્ષે જવાની ઈચ્છા ન હોય તેને સાક્ષાત્ ભગવાન પણ મોક્ષમાં પહોંચાડી શકે નહિ.

દોષોથી મોક્ષ પામવાની ઈચ્છા થવી જોઈએ; પછી દોષો ઉપર તિરસ્કાર થવો જોઈએ. આ આત્માએ તો દોષોને પ્રેમ કર્યો. તેને સ્વઘરમાં બોલાવ્યા. તે ચોટ્ટાઓએ ઘરનો કબજો લઈ લીધો. આતમરામને - માલિકને - ઘરમાંથી બહાર કાઢયો. આરબ અને ઊંટની વાર્તા જેવું થયું.

જો આત્મા આંખ લાલ કરે તો ઘરમાં જામી પડેલા તમામ દોષોને ભાગી છૂટવું પડે. પણ કાશ ! આત્મા તેમના સામર્થ્ય સામે ડઘાઈ ગયો છે. સત્ત્વ ગુમાવી બેઠો છે.

સાપની તગતગતી આંખો જોઈને કૂદીને ક્યાંય છૂ થઈ જવાની શક્તિવાળો દેડકો ડઘાઈ જાય તો સાપ તેનો આરામથી કોળિયો કરી જાય.

દોષો પ્રત્યે તિરસ્કાર ન થાય તો સંસારત્યાગ પણ નિષ્ફળ જાય.

ઘાંચીના બળદની જેમ આપણે ધર્મમાં (ધર્મક્રિયામાં) ખૂબ ગતિ કરી પણ પ્રગતિ ન કરી. જો પ્રગતિ કરી હોત તો બળદની જેમ એક જ જગ્યાએ આત્મા રહ્યો ન હોત. મોક્ષ તરફ ધસી ગયો હોત.

આંગળી ઉપર ચક્કર ચક્કર ફરતા ચકરડામાં ગતિ છે. જો તેને જમીન ઉપર ઘસારો દેવાય તો પ્રગતિ થાય. તે ક્યાં ય આગળ ચાલી જાય. આપણે

મંદિરોમાં, ધર્મક્રિયાઓમાં ઘસારો ખૂબ કર્યો પણ તે દ્વારા રાગ-દ્વેષાદિ દોષોમાં ઘસારો ક્યારે ય ન થવા દીધો.

જિનશાસન મળ્યા પછી તો સ્વર્ગ કે મોક્ષ જે મેળવવું હોય તે મેળવી શકાય. જિનશાસનની તાકાત અપૂર્વ છે.

અયવંતી સુકુમાલને સ્વર્ગે જવું હતું. ગયા.

ગજસુકુમાલને ઝટ મોક્ષે જવું હતું. ગયા. કોઈ સવાલ કરે કે મોક્ષ આપવાને સમર્થ ચારિત્રને અનંતીવાર લેવા છતાં મોક્ષ નથી થયો તો હવે શા માટે એ નિષ્ફળ ચારિત્ર લેવું જોઈએ ?

જ્ઞાનીઓ જવાબ આપે છે કે જ્યારે પણ આત્મા મોક્ષ પામવાનો છે ત્યારે પ્રાયઃ ચારિત્રવેષ લઈને જ મોક્ષ પામવાનો છે. માટે પણ વારંવાર ચારિત્ર લેવું જોઈએ.

ભલે છ માસથી દુકાન ખુલ્લી રાખી છતાં ઘરાક આવ્યું નથી. પણ તો ય દુકાન તો ખુલ્લી જ રાખવી. તે બંધ કરવાથી તો ઘરાક નહિ જ આવે.

બૌદ્ધો મોક્ષને માનતા નથી અને માંડલિક મતવાળાઓ મોક્ષને માને છે પણ તેના ઉપાયને નકારે છે. ઉપાય નહિ હોવાથી કોઈ પણ આત્મા મોક્ષ પામી શકે તેમ નથી એવું તેમનું કહેવું છે. ચાલો; આપણે તેના ઉપાયને પણ જોઈએ અને માંડલિકમતનો નિરાસ કરીએ.

## (૬) મોક્ષનો ઉપાય છે : ચારિત્રધર્મ

માંડલિક મત કહે છે કે મોક્ષ તો છે પણ તેનો ઉપાય નથી.

સાત માળના મકાનને અગાસી તો છે પણ ત્યાં પહોંચવાનો દાદરો નથી.

ના... એ મત-પ્રણેતા સર્વજ્ઞ નહિ હોય. સર્વજ્ઞ હોત તો ખબર પડત કે મોક્ષનો ઉપાય પણ છે જ. અરે ! મોક્ષના ઉપાયનો પણ ઉપાય છે.

મોક્ષનો ઉપાય છે; સર્વવિરતિ ધર્મ.

મોક્ષના આ ઉપાયનો ઉપાય છે, સમ્યગ્દર્શન.

અનંતાનંત તીર્થંકરદેવો થયા. દરેકે પોતાના છેલ્લા ભવથી પૂર્વના ત્રીજા ભવે જગતનું દર્શન કર્યું. મોટાભાગનું જગત દુઃખોથી અને દોષોથી ભરેલું જોઈને એમનું અંતર કરુણાભીનું થઈ ગયું. હવે એમની ભાવના માત્ર 'સ્વ' લક્ષી ન રહેતાં, પરલક્ષી પણ બની. સ્વ-પર સહુના કલ્યાણ માટે (મોક્ષ માટે) તેમણે સર્વવિરતિ(ચારિત્ર)ધર્મનો સ્વીકાર કર્યો.

હા, અંતિમ ભવે પણ ગૃહત્યાગ કરીને સર્વવિરતિ ધર્મની સાધના કરી.

ઘાતી કર્મોનો નાશ કરીને તે વીતરાગ થયા. સર્વજ્ઞ અને સર્વદર્શી થયા. સત્યવાદી થયા. ત્રિલોકગુરુ થયા.

તેમણે રોજ બે દેશના આપી. જીવોને એક જ વાત સમજાવી કે સંસાર સુખમય મળે તો ય ભૂંડો છે. તેનો ત્યાગ કરીને સહુ સાધુ થાઓ. તેમાં જો સાધના કરશો જો તમને નિશ્ચિતપણે મોક્ષ મળશે. આમ તમે મોક્ષના લક્ષવાળા બનો; અને સંયમધર્મના પક્ષવાળા બનો."

આ સર્વવિરતિધર્મનું સાંગોપાંગ સુંદર સ્વરૂપ બતાવું.

આ દેશના સાંભળીને દરેક તીર્થંકર દેવો પાસે લાખો આત્માઓએ દીક્ષા સ્વીકારી; સાધના કરી મોક્ષે ગયા.

દીક્ષા એ મોક્ષનો ઉપાય છે. તે માટે ગૃહત્યાગ - આસક્તિ ત્યાગ - અત્યંત આવશ્યક છે. 'દીક્ષા' શબ્દનો નિરુક્ત અર્થ આ પ્રમાણે છે. 'દ' એટલે દાન અને 'ક્ષ' એટલે ક્ષય.

જેમાં જગતને શ્રેય(કલ્યાણ)નું દાન કરાય છે (પોતાના ઉત્કૃષ્ટ ચારિત્ર-જીવનના પાલનથી) અને પોતાના દોષો અને દુ:ખોનો સર્વથા ક્ષય કરાય છે તે દીક્ષા કહેવાય છે.

આ દીક્ષા માત્ર માનવભવમાં સુલભ છે. બાકીના દેવ, નારક અને તિર્યંચના ભવમાં સાવ અશક્ય છે.

અતિસુખમાં અને અતિદુ:ખમાં ધર્મનું પાલન સંભવિત નથી. દેવ અતિસુખી છે. નારક અતિદુ:ખી છે. તિર્યંચો એટલા બધાં સુખી - દુ:ખી નથી એટલે કોક તિર્યંચ દેશવિરતિ ચારિત્ર પામી શકે છે. પરંતુ સર્વવિરતિ ચારિત્ર-ધર્મ તો માત્ર માનવ જ પામી શકે છે.

પરમાત્મા કહે છે હે માનવ ! તું ચારિત્રધર્મની તલવાર ઉઠાવ. લલાટે સમ્યગ્દર્શનનું તિલક કર. અને કર્મરાજા સાથે ઘોર સંગ્રામ ખેલી નાંખ. મનુષ્યભવ સિવાય ક્યાંય આ યુદ્ધ લડી શકાતું નથી. હા. અન્યત્ર સમ્યગ્દર્શનનું તિલક મળે છે. પણ એકલા તિલકના મંગળથી યુદ્ધ ન જીતાય. તલવાર પણ હોવી જ જોઈએ.

દેવાધિદેવ પરકલ્યાણ સંબંધમાં આ રીતે જણાવે છે કે સ્વ-કલ્યાણ વિના પરકલ્યાણ શક્ય નથી; માટે પરકલ્યાણ કે સર્વકલ્યાણની જેની ભાવના હોય તેણે સ્વકલ્યાણને પ્રધાન બનાવવું. પોતાના ઉન્નત ચારિત્ર વિનાના શબ્દોની કોઈ ઊંડી અસર 'પર'ને થતી નથી. માટે વિશુદ્ધ ચારિત્રબળને કેળવવું જોઈએ.

એમાં દોષોનો ક્ષય કરીને ગુણોની સિદ્ધિ મેળવવી જોઈએ.

આ સિદ્ધિ એ જ પરાર્થ છે. એથી જ પરકલ્યાણ છે. (सिद्धिः परार्थता। सिद्धिः अन्यार्थसाधनम् ।)

સ્વકલ્યાણમાં પરકલ્યાણ નિશ્ચિત સમાયેલું છે. જ્યારે પરકલ્યાણમાં સ્વકલ્યાણની ભજના છે. જો પરકલ્યાણ કરતા અહંકાર, ઈર્ષ્યાદિ દોષોનો ઉદ્ભવ થઈ જાય તો સ્વકલ્યાણ અશક્ય બની જાય.

## તું તને જ સંભાળ

પરમાત્મા કહે છે કે તું તારા આત્મા (બહિરાત્મા) સાથે જ યુદ્ધ કર. તેના અનંત દોષોનો ક્ષય કરવા માટે જ પ્રયત્ન કર. જો તું તેમનું દમન કરીશ તો સાચા અર્થમાં સુખી થઈશ. આ લોકમાં ય આત્મહિત; પરલોકે ય આનંદ.

જે આત્મા સર્વવિરતિધર્મનો સ્વીકાર કરીને દોષો સાથે સંગ્રામ ખેલે છે તે જો ક્રોધાદિ એકાદ દોષ ઉપર પણ વિજય હાંસલ કરે તો તેનો આ વિજય ખૂબ જ પ્રશંસનીય છે.

દસ લાખ સૈનિકો ઉપર વિજય મેળવનારા સેનાપતિ કરતાં એક દોષ ઉપર વિજય પામતો આત્મા ઘણો મહાન છે. માટે જ બહારની વ્યક્તિ વગેરે સાથે ઝઘડા પણ ન કરવા જોઈએ. આપણો દુશ્મન બહાર તો કોઈ નથી. તે અંદર છે. (કામક્રોધાદિ દોષો).

अप्पाणमेव झुज्झाहि, किं ते झुज्झेण बज्झओ ।
अप्पणामेवमप्पाणं जिणित्ता सुहमेहए ।
जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिणे ।
एगो जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥

સર્વવિરતિધર્મની પૂર્વે ત્રણ ધર્મો આવે. માર્ગાનુસારિતા(માનવતા)નો ધર્મ, સમ્યગ્દર્શનધર્મ અને દેશવિરતિ ચારિત્રધર્મ.

માનવતાનો ધર્મ કરતાં એક લાખ માણસો જે પુણ્ય અને શુદ્ધિ વગેરે પ્રાપ્ત કરે તેનાથી વધુ પ્રાપ્તિ માત્ર એક સમ્યગ્દૃષ્ટિ આત્મા એક જ જિનપૂજા કરવાથી હાંસલ કરે.

એવા એક લાખ જિનભક્તોની પ્રાપ્તિ કરતાં એક જ દેશવિરતિધર આત્માનું એક જ સામાયિક એથી વધુ પ્રાપ્તિ કરે.

એવા લાખો દેશવિરતિધર્મના આરાધકો કરતાં એક જ સર્વવિરતિધર્મરૂપ ચારિત્રધર્મનો એક જ મિનિટની સાધનાનો કારક ક્યાંય ઊંચી શુદ્ધિ અને

પુણ્યાઈ પ્રાપ્ત કરી લે.

જેમ જેમ ઊંચી કક્ષાએ જાઓ તેમ સિદ્ધિ પામવામાં લંબાઈ-પહોળાઈ ઘટતી જાય અને ઊંડાઈ વધતી જાય. ક્વૉન્ટિટી ઓછી થાય પણ ક્વૉલિટી વધતી જાય.

આથી જ એમ કહેવાનું મન થાય છે કે માનવતાવાદી લાખો લોકો - બોધ દઈને - તૈયાર કરવા કે માનવતાદિના કાર્યોમાં વધુ શક્તિ કોઈએ ખર્ચવી તેના કરતાં બધી તાકાત સર્વવિરતિધર સાધુ તૈયાર કરવામાં કેમ ન લગાડવી ? એની આરાધનાથી ઉત્પન્ન થતું બળ; લાખો માનવતાના કાર્યોથી પણ મળી શકે તેમ નથી.

પરમાત્માની આ વાત તમામ સાધુઓએ ખૂબ લક્ષમાં લઈને પોતાનું સર્વવિરતિનું જીવન અત્યંત ઊંચું લાવવું જોઈએ. અને બીજો બધો ધર્મપ્રચાર કરવા કરતાં યોગ્ય વ્યક્તિઓને સર્વવિરતિધર્મમાં જોડવી જોઈએ.

પરમાત્મા કહે છે કે પુનર્જન્મરૂપી વિરાટ વડલાને ક્રોધ, માન, માયા, લોભના કષાયોરૂપી પાણી મળે છે. તેથી તે વડલો વિરાટ બન્યો છે. જો શક્તિ હોય તો સર્વવિરતિધર્મનો કુહાડો વડના મૂળમાં ઝીંકીને તે ઝાડને જડમૂળથી પાડી નાંખો, નહિ તો તેને પાણી પાવાનું તો બંધ કરી શકાય પણ તે ખૂબ મુશ્કેલ છે. ધરતીમાંથી પણ તેને પાણી ન મળે તેવું કંઈક કરવું ભારે કઠિન છે. ગમે તેમ કરીને પણ 'સંસાર'નો અંત લાવી દેવો જોઈએ. અને મોક્ષ પામવો જોઈએ. આ સફળતાઓ સર્વવિરતિધર્મથી સહેલાઈથી સુલભ બની શકે તેમ છે.

**कोहो य माणो य अणिग्गहिया माया य लोहो य पवड्ढमाणा**
**चत्तारि एए कसिणा कसाया सिञ्चंति मुलाई पुणब्भवस्स ॥**

## તારકોનું પ્રચંડ ચારિત્રબળ

તારક તીર્થંકરદેવોએ સર્વવિરતિધર્મની માત્ર વાતો કરી નથી. પોતે જ તે ધર્મ જીવી બતાડ્યો છે. એમણે ઉત્કૃષ્ટ કક્ષાના ચારિત્રનું પાલન કરીને બતાડ્યું છે. પોતે જો ગૃહત્યાગ વગેરે ન કરે તો તેના ઉપદેશની અસર ધારી ન પડે.

પરમાત્મા મહાવીરદેવની કૈવલ્યપ્રાપ્તિ પછીની પ્રથમ દેશનામાં એક પણ માનવશ્રોતાને સર્વવિરતિધર્મનો પરિણામ જાગ્યો નહિ તો તે દેશનાને પડતી મૂકી. "આ દેશના નિષ્ફળ ગઈ." એવું શાસ્ત્રોમાં લખાયું. એ દેશનામાં એવા ઇન્દ્રો ઉપસ્થિત હતાં જેમના જોડામાં જડાયેલા એકેકા રત્નની કિંમત

આખા જંબૂદ્વીપની સંપત્તિથી પણ અધિક હતી. તેમની સત્તા પણ અમાનસમાન હતી. આ સત્તા કે સંપત્તિના બળથી પરમાત્મા પોતાના આવા ભક્તો - દેવેન્દ્રો અને નરેન્દ્રો-દ્વારા કરોડો ગરીબોને, અજૈનોને જૈન ન બનાવી શકત ? તે રીતે જૈન ધર્મનો વ્યાપક પ્રસાર ન થાત ?

ના... આવી રીતે તો જૈન ધર્મનો પ્રભાવ ફેલાય તેવું પ્રભુ પોતાના જ્ઞાનમાં જોતા ન હતા. સર્વવિરતિધર્મની ઉત્તમ આરાધનાથી જૈન ધર્મનો પ્રભાવ ફેલાય. આ પ્રભાવથી ઘણા બધાં આત્માઓ દુઃખમુક્તિ અને દોષમુક્તિ પામે. એ પર્ષદામાં એક પણ આત્માને ચારિત્રધર્મનો પરિણામ ન થયો એટલે તે દેશના થોડી જ વારમાં પડતી મૂકી. વિહાર કરીને એવા સ્થળે ગયા જ્યાં માત્ર ચોવીસ કલાકમાં ૪૪૦૦ બ્રાહ્મણોએ દીક્ષા લીધી. તરત શ્રમણપ્રધાન ચતુર્વિધ સંઘની સ્થાપના થઈ.

આ વાત આજે તે લોકોએ વિશેષ ધ્યાનમાં લેવી જોઈએ કે જૈનધર્મ સત્તા કે સંપત્તિના બળથી ફેલાવાય નહિ. એ માત્ર 'સાચા સાધુઓ'થી ફેલાય. એવા સાધુઓ પ્રચારક ન હોય પરંતુ મહાવ્રતોના પાલનથી પ્રભાવક હોય.

Raise the hight of puority.

One man's purification can save the world.

એકાદ 'વિશુદ્ધ' આત્માની તાકાત વિશ્વકલ્યાણ કરવાની હોય.

પ્રચારનું નાનકડું કામ શ્રાવકો કરે.

પ્રભાવનું મોટું કામ શ્રમણો કરે.

## દીવામાં ઘી પૂરો : કોર્ડન કરો

પરમાત્માએ પ્રગટાવેલા જિનશાસન નામના દીપકમાં ૨૧ હજાર વર્ષ સુધી ઘી (ધાર્મિક કટ્ટરતાનું જીવન) સતત પૂરવાનું કામ શ્રાવકો અને શ્રાવિકાઓને સોંપ્યું છે. જ્યારે અનાર્યતાના કે અધાર્મિકતાના જીવલેણ વાવાઝોડાઓથી એ દીપકની રક્ષા કરવા માટે કોર્ડન કરીને ઊભા રહેવાનું અને જરૂર પડે તો એ સુસવાટાબંધ વાતા ઊના લ્હાય પવનોને પીઠ ઉપર ઝીલી લેવાનું, લાશ બનીને જવાં સુધીની જાનફેસાની કરવાનું કામ સાધુ-સાધ્વીઓને સોંપ્યું છે. જાન દેવા સુધીનું બલિદાન ઘરબારી, બચરવાળ સંસારીઓ ન કરી શકે. આ કામ ગૃહત્યાગી શ્રમણો અને શ્રમણીઓ કરી શકે.

આવી લાશો ઉપર લાશોની થપ્પી લગાવીને પણ એ લાશોની દીવાલ દ્વારા પણ વાવાઝોડાઓને દીપક પાસે નહિ જવા દેવાનું કામ ચાલુ રાખવાનું છે. અને એ રીતે એ દીપકને અખંડિતપણે ૨૧ હજાર વર્ષ ટકાવાય.

ચતુર્વિધ સંઘના બે ઘટકોની ફરજોની આ રીતે પ્રભુએ વહેંચણી કરી છે. આમાં વધુ જવાબદારી તે સાધુઓની છે જેમનું પુણ્યાનુબંધી પુણ્યકર્મ ઉદયમાં છે. આનાથી પરકલ્યાણ તો થાય પણ સ્વકલ્યાણ પણ અબાધિત રીતે થાય. આવા આત્માઓએ દેહની જરા ય પરવા કર્યા વિના ધર્મરક્ષા કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જેમનો પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય તે સાધુને જાતજાતના દોષો ભયંકર રીતે સતાવતા જ હોય. પાપાનુબંધનું આ જ કાર્ય છે. આવા આત્માનો પુણ્યોદય પણ નકામો છે; કેમ કે તેના જોરમાં તેનું દોષોનું સેવન પકડાય નહિ એટલે બિન્ધાસ્ત રીતે તે આત્મા દોષો વધુને વધુ સેવતો રહે. દોષો સેવ્યા પછી તો પકડાઈ જવું સારું, બેઆબરૂ થવું સારું, જેથી દોષસેવન અટકી જવાની મોટી શક્યતા ઊભી થાય.

## બે પ્રકારની દીક્ષા

દીક્ષા બે જાતની હોય છે. શાતાવેદનીય કર્મના ઉદયથી પ્રાપ્ત થતી દીક્ષા અને મોહનીય કર્મના ક્ષય(ક્ષયોપશમ)થી પ્રાપ્ત થતી દીક્ષા. પહેલી સારી નથી કેમકે તેમાં અનુકૂળતાઓ ભોગવવાની તીવ્ર વાસના હોય છે. બીજી ખૂબ સારી છે; જેમાં પ્રતિકૂળતાઓ વેઠીને કર્મક્ષય કરવામાં ખૂબ રસ હોય છે.

ઔદયિકભાવની પહેલી દીક્ષા સંસારભ્રમણ વધારે.

ક્ષયોપશમભાવની બીજી દીક્ષા સંસારભ્રમણ મીટાવે.

જે આત્માઓનું ચારિત્ર મોહનીયકર્મના ક્ષયોપશમપૂર્વકનું છે તે આત્માઓનું ચિત્ત પરબ્રહ્મમાં લીન થાય; તેમની જીવમૈત્રી અગાધ હોય. તેમની પરમાત્મભક્તિ પ્રચુર હોય. તે અત્યંત ગુણવાન હોય. તે એકદમ લઘુકર્મી હોય. તેને જિનાજ્ઞા અત્યંત વહાલી હોય. તે શુદ્ધ પ્રાયશ્ચિત્તી હોય. તે ગુરુનો, દેવ જેટલો જ ભક્ત હોય.

એનુ કૂળ ધન્ય બન્યું. એની માએ એને જણી જાણ્યો. એના ગામની ધરા ભાગ્યવંતી બની.

कूलं पवित्रं जननी कृतार्था वसुन्धरा भाग्यवती च तेन ।
अवाक्यमार्गे सुखसिन्धुमग्ने लीनं परब्रह्मणि यस्य चेतः ॥

## સૌથી મોટો માનવભવ

માત્ર માનવભવમાં મુનિજીવન મળતું હોવાથી મોક્ષાર્થી તમામ દેવોને માનવભવ પામવાની સતત ઝંખના રહે છે. અનેક રીતે માનવ કરતા દેવો ચડિઆતા છે.

દેવનો જન્મ કોઈ પણ પીડા વિનાનો છે. માનવનો જન્મ ગર્ભકાળ અને પ્રસૂતિની પીડાથી અત્યંત દુઃખદ છે.

દેવોનો દેહ અતિ સુંદર, લગભગ નિરોગી, અને સુગંધિત છે. માનવનો દેહ તેથી સાવ વિપરીત છે.

દેવનું મરણ પીડારહિત છે. માનવનું મરણ ભારેથી ભારે પીડાસહિત હોઈ શકે છે.

છતાં દેવો મોક્ષ પામવા માટે માનવભવને ઝંખે છે.

માનવનો જન્મ લઈને જ એવી સાધના કરી શકાય તેમ છે કે તમામ ભાવિ જન્મોનો નાશ થાય.

માનવના દેહથી સર્વવિરતિધર્મની એવી સાધના કરી શકાય. જેથી ભાવિ સંભવિત તમામ દેહ ધારણ કરવા ન પડે.

માનવનું મરણ થતાં પહેલાં એવી સાધના થઈ જાય જેથી તમામ મરણોનું નીવારણ થઈ જાય.

જન્મથી જન્મનાશ.

દેહથી દેહનાશ.

મરણથી મરણનાશ.

ભલે દેવલોકે ખૂબ સુખ હોય; ભલે તિર્યંચગતિમાં ભોગ ભોગવવાની પૂરી સ્વચ્છંદતા ઉપલબ્ધ હોય, ભલે નરકમાં સમાધિ દ્વારા કર્મક્ષય થઈ શકતો હોય પણ તો ય તે બધી જ ગતિઓ નકામી છે. માત્ર માનવગતિ જ મહાન છે. કેમકે મોક્ષની પ્રાપ્તિ તો અહીં જ છે.

એક કાગળમાં દોરેલી ત્રણ નાની લીટીથી મોટી દોરેલી લીટી કેટલી મોટી છે ? તેની ખબર તો જેણે ચારે ય લીટી(ચારે ય ગતિઓ)નો સાક્ષાત્કાર કર્યો છે તેને જ ખબર પડે ને ? આપણા માનવભવની લીટી ખૂબ મોટી છતાં તે કેટલી બધી મોટી છે ? તેની ખબર બાકીની ત્રણ લીટીઓના ખૂબ નાનાપણાને દેખ્યા વિના શી રીતે સમજાય ?

ચારે ય લીટીનો સાક્ષાત્કાર સર્વજ્ઞ પુરુષોએ કર્યો. તેથી જ તેમણે કહ્યું, "હે માનવ ! તું મહાન છે."

मणुआ ! तुममेव सच्चं

જો આ વીતરાગ-સર્વજ્ઞ ભગવંતના વચન ઉપર આપણી પૂર્ણ શ્રદ્ધા બેસી જાય તો માનવગતિની મહાનતા જે સર્વવિરતિધર્મના ઉત્તમ પાલન દ્વારા કહેવાઈ છે તે સર્વવિરતિધર્મના માર્ગે ડગ માંડી દેવા માટે હવે આપણે પળવાર પણ ન થોભીએ.

## ધરતી ઉપરની ૧૧મી અજાયબી

સર્વવિરતિ - ચારિત્રધર્મ તો આ ધરતી ઉપરની અગિયારમી અજાયબી છે. આ જીવનની વ્યવસ્થા એટલી બધી અદ્‌ભુત છે કે તેમાં - જેમાંના એક પણ વિના સંસારી લોકોને ન ચાલે - અઢારે ય વરણ (ઘાંચી, મોચી, સુથાર, લુહાર, દરજી વગેરે) વિના આખી જિંદગી મજેથી પસાર થાય.

એક પણ પાંચકા વિના સાધુ આખું જીવન મજેથી પસાર કરી શકે.

ગમે તેવી વસ્તુની અછતમાં કે મોંઘવારીમાં જૈન-સાધુને કશોય વાંધો - જીવવામાં - ન આવે.

ગમે તેવી ડીઝલ-પેટ્રોલ વગેરેની હડતાળો તેના જીવનને જરાક પણ ક્ષુબ્ધ ન કરી શકે. જૈન સાધુ એટલે પર્યાવરણનો પિતા, સર્વ જીવોનો અભયદાતા; ગુણોનો ભંડાર. દોષોના અભાવથી યુક્ત.

એ સાવ ગરીબ : અકિંચન, એ કરોડપતિ નહિ પણ રોડપતિ, છતાં એનાં ચરણે કરોડપતિઓ શીશ નમાવે છે.

એનો ત્યાગ એટલો બધો ઊંચી કક્ષાનો સદા રહે કે ભોગ પાછળ ઘેલા બનેલા જીવો આશ્ચર્યમુગ્ધ બની જાય. એને જે ખપે તે દેવા, સદા હાજર રહે; પડાપડી કરે. કાકલૂદીઓ કરે. એ શેઠ લોકો આ ગરીબ- ભીખ માંગીને જીવનારા-ને હાથ જોડે. આંગણે આવેલાને "પધારો - પધારો" કહીને ભાવથી સન્માને.

જૈન સાધુ ભિક્ષુક ન હોય; ભિક્ષુ હોય.

ભાવનગર પાસે આવેલા જેસર ગામમાં કરોડપતિની દીકરીનો દીક્ષા-મહોત્સવ થયેલો. ચારે બાજુની ઓળખાણને કારણે બાપાની વિનંતિથી આઠેક હજાર અજૈનો દીક્ષા જોવા ઊમટ્યા હતાં. બે હજાર જૈનો હતાં.

દીક્ષાદાતા ગુરુએ સાધ્વી બનનારી સુકુમાલ કન્યા કેવા કેવા કષ્ટ ભોગવશે ? તે વાત વિસ્તારથી રજૂ કરતાં આઠેય હજાર માણસો હીબકાં ભરીને રડ્યા તો ખરા, પરંતુ લાપસીનું ભોજન કર્યા વિના ચાલ્યા ગયા. તેઓ તે મિષ્ટાન્ન આરોગી શક્યા નહિ. આઠ હજાર માણસોની રસોઈ વધી પડી.

આવી છે મોક્ષના ઉપાયસ્વરૂપ જૈનધર્મની સર્વકલ્યાણકારિણી ભાગવતી પ્રવ્રજ્યા.

## સૂક્ષ્મની તાકાત

એક સવાલ એવો થાય કે તારક તીર્થંકરદેવોને ચોત્રીસ અતિશયો અને વાણીમાં પાંત્રીસ અતિશયો શી રીતે પ્રાપ્ત થયા હશે ?

એમના પ્રભાવે રોગીઓ રોગમુક્ત થાય. દમિયલો સમવસરણના વીસ હજાર પગથિયા દોડતાં ચડી જાય. સાત ઈતિઓ ઊભી ન રહી શકે, કાંટા ઊંધા વળે, વૃક્ષો ઝૂકી જાય, પંખીઓ પ્રદક્ષિણા દે, સુવર્ણકમલો રચાય, સમવસરણ મંડાય, ચતુર્મુખ બનાય... વગેરે...

તમામ નારકોમાં કલ્યાણકની પળોમાં જીવોને શાતાવેદનીયનો ઉદય થાય. અંધારે અજવાળા થાય. ઈન્દ્રોનાં સિંહાસન હાલમડોલમ થાય. કેવી આ બધી કમાલ ? આમાં કારણ કોણ ? વીતરાગસ્તોત્રમાં જણાવ્યું છે કે તેમનું અતિ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મનું પાલન એ જ કારણ છે.

દસ હજાર દવાખાનાઓ ઊભા કરાય તો જેટલા દર્દીઓ દર્દમુક્ત ન થાય તેટલાં દર્દીઓ તારકના અસ્તિત્વમાત્રથી રોગમુક્ત થઈ જાય. પોતાની પાસે આવેલા જન્મના વૈરી જીવો દોસ્ત બની જાય. હિંસકો અહિંસક બની જાય.

કૃત્રિમ વરસાદ વરસાવીને સેંકડો ખેતરોમાં જ ખેતી કરી શકાય. તારકના અસ્તિત્વમાંથી ચોમાસામાં બારે ખાંગે એવો મેહ વરસે કે લાખો હેક્ટર જમીન તરબોળ થઈ જાય.

સમવસરણમાં લાવવામાં આવેલા બલિ (ધાન્યોનો થાળ) ઉપર તારકની ચક્ષુઓ જરાક વાર માટે સ્થિર થવા માત્રથી તેમાં એવો અતિશય પ્રગટે કે આકાશમાં તેને ઉછાળ્યા બાદ જેના માથે તેનો કણ પડે એનો મણ જેવો રોગ નાબૂદ થઈ જાય.

સર્વવિરતિધર્મના સૂક્ષ્મબળની કેવી પ્રચંડ તાંકાત.

માઈક દ્વારા સાધુ હજારોને કદાચ (!) ધર્મ પમાડી શકે, પણ મુહપત્તિના ઉપયોગથી વ્યાખ્યાન દેતો સાધુ પોતાનો સંદેશ લાખો લોકો સુધી પહોંચાડે છે. આમાં કારણભૂત બને છે તે સાધુના વિશુદ્ધ ચારિત્રનું બળ. અરે ! જો તે સાવ મૌન રહે તો કરોડો આત્મા ધર્મ પામી જાય. હાલ તો આવા જ સૂક્ષ્મ બળની જરૂર છે. પ્રચારના સ્થૂળ બળ કરતાં શુદ્ધ સંયમના પ્રભાવની જ હાલ તાતી જરૂર છે.

પોલ બ્રન્ટોને તેના પુસ્તક 'હર્મીટ ઈન હિમાલયઝ'માં કહ્યું છે કે નિષ્ક્રિયતામાં વધુ શક્તિ ધરબાયેલી છે. મોટા વડલાઓને ધરતીભેગા કરતા

વંટોળિયાની શક્તિનું મૂળ તો સહરાના રણમાં બે રજકણોની ચક્કર મારતી ઘૂમરી છે.

સૂક્ષ્મની તાકાત ધરાવતા મુનિ બળદેવના અસ્તિત્વમાત્રથી - ચારે બાજુ ફેલાતી તેમના દેહની ઊર્જા(ora)ના પ્રભાવે તિર્યંચો - સાપ, વાઘ, દીપડો વગેરે જાતિસ્મરણ પામીને કાયોત્સર્ગ અને અનશનમાં લીન બન્યા હતા.

રામભક્ત જટાયુ તો અત્યંત ગંધ મારતું અને અત્યંત રોગિષ્ઠ પંખી હતું. વનમાં વિહાર કરતાં; વૃક્ષ નીચે આરામ કરવા બેઠેલા બે મુનિઓના ખોળે જઈને પડતાં જ તે અતિ સુંદર અને સશક્ત પંખી બની ગયું. તે મુનિઓને આમર્ષલબ્ધિ (સ્પર્શલબ્ધિ) સિદ્ધ હતી.

જંબૂદ્વીપમાં સર્વવિરતિધર્મની સાધના કરતાં મુનિઓના કારણે લવણ સમુદ્રની અંદર રોજ બે વાર આવતી પ્રલયકારિણી ભરતીને એક લાખ સિત્તેર હજાર વેલંધર દેવો પાવડા વડે પાછી હાંકીને અટકાવે છે. જો તેઓ એક વાર પણ ચૂકે તો આખો જંબૂદ્વીપ ડૂબી જાય.

તક્ષશિલાનો મરકીનો ઉપદ્રવ નિવારવા માટે શાસનદેવીએ પોતાનું અસામર્થ્ય જણાવીને તે વખતે નાડોલના ઉપાશ્રયમાં બિરાજતા મહાસંયમી માનદેવસૂરિજીના ચરણોનું પ્રક્ષાલ જલ લાવવા માટે સંઘને સૂચવ્યું હતું.

આનંદઘનજીને પેશાબમાં સુવર્ણસિદ્ધિ હતી. થરાદના સાધુઓએ થરાદમાં જ રહીને આઠ દિવસની સાધના દ્વારા પાટણના આતતાયી રાજા અજયપાળનું મોત લાવી મૂક્યું હતું.

જૈન સાધુને માંસાહારી બતાડવાની ચાલાકી કરનારા મહમદ છેલને સાધુએ જાપ કરીને ધરતીમાં ઉતારી દીધો હતો.

અગિયાર વર્ષ સુધી કુપિત દેવ દ્વારા સંભવિત દ્વારકા નગરીના દાહને પુષ્કળ તપ-જપની સાધના કરીને થંભાવી દેવાયું હતું.

શાન્તસુધારસ ગ્રંથમાં કુદરતના બધા પરિબળો સૂર્ય, ચંદ્રના ઉદયાસ્ત, ધરતીમાં નિશ્ચલતા, સમુદ્રનું મર્યાદાપાલન, સુકાળ વગેરે બાબતોના મૂળમાં સર્વવિરતિધર્મની આરાધનાને કારણભૂત જણાવેલ છે. એથી ત્યાં કહ્યું છે, "હે મા સર્વવિરતિ ! તું મારી રક્ષા કર, રક્ષા કર. તારું સામર્થ્ય અપ્રતિહત છે.

જેનાથી સ્વનું (શુદ્ધિ દ્વારા) અને સર્વનું (પુણ્ય દ્વારા) હિત થવાનું સામર્થ્ય ઉત્પન્ન થાય તે સર્વવિરતિધર્મનો સ્વીકાર કરવાથી વધુ સારું આ જગતમાં શું હોઈ શકે ?

ભૂતકાળમાં પરમાત્મા આદિનાથથી માંડીને પરમાત્મા મહાવીરદેવ સુધીના કાળમાં અસંખ્ય આત્માઓમાં અસંખ્ય તો રાજાઓએ જ દીક્ષા લીધી છે અને મોક્ષ પામ્યા છે.

સિદ્ધદંડિકામાં જણાવ્યું છે કે જે રીતે જે સ્થળે ભરતચક્રીને કૈવલ્ય થયું તે જ રીતે, તે જ સ્થળે તે પછીના આઠ રાજાઓને કૈવલ્યની પ્રાપ્તિ થઈ. આ પછી એક ધારા અસંખ્ય રાજાઓ દીક્ષા લઈને કૈવલ્ય પામ્યા. પછી એક રાજા દીક્ષા લઈને સર્વાર્થસિદ્ધ વિમાને ગયા. વળી અસંખ્ય રાજાઓ દીક્ષા લઈને કૈવલ્ય પામ્યા. પછી વળી એક રાજા દીક્ષા લઈને સર્વાર્થસિદ્ધ વિમાને ગયા, વળી પાછા અસંખ્ય રાજા, પછી એક રાજા - પૂર્વોક્ત રીતે કૈવલ્ય પામ્યા. આમ ૫૦ રાજાઓ સર્વાર્થસિદ્ધમાં ગયા. ૫૦ વખત અસંખ્ય રાજાઓ કૈવલ્ય પામ્યા. વળી અન્ય ક્રમથી અસંખ્ય રાજાઓ કૈવલ્ય પામ્યા.

રામાયણ અને મહાભારતને તો રજોહરણની ખાણ કહેવી જોઈએ. રામ, સીતા, દશરથ, લવ-કુશ, ભરત, હનુમાનજી વગેરેએ દીક્ષા લીધી. રામ સાથે ૧૪ હજાર મુકુટબદ્ધ રાજાઓએ અને ૩૭ હજાર રાણીઓએ દીક્ષા લીધી. ભરત સાથે એક હજાર રાજકુમારોએ દીક્ષા લીધી. મહાભારતમાં દ્રોણ, દ્રૌપદી, બળદેવ, ગાંધારી, પાંચ પાંડવો વગેરે હજારો આત્માઓએ દીક્ષા લીધી.

જયાનંદ કુમારની સાથે એક લાખ આત્માઓએ દીક્ષા લીધી.

બીજા લાખો રાજાઓ, હજારો મંત્રીઓ, અબજોપતિઓ, ક્રોડપતિઓ, લાખો સન્નારીઓ, અરે ! લુંટારાઓ, ચોરો, બહારવટિયાઓ, શ્રેષ્ઠીવર્યો, જુગારીઓ વગેરે દીક્ષાના માર્ગે ગયા છે.

શાલિભદ્ર, જંબૂકુમાર, ચક્રી ભરત, રાજા ભરત, થાવચ્ચાપુત્ર વગેરે અબજોપતિ હતા.

દઢપ્રહારી બહારવટિયો હતો.

પૃથ્વીચંદ્ર એક ભવમાં લુંટારુ હતો.

સિદ્ધ બ્રાહ્મણ જુગારી હતો.

હરિભદ્ર જૈનધર્મનો કટ્ટર દ્વેષી હતો.

ઈન્દ્રભૂતિ ગૌતમ વગેરે કટ્ટર બ્રાહ્મણો હતા.

ચિલાતી કામી હતો.

ઈલાચી નટ હતો.

સનત ચક્રવર્તી રાજા હતો.

ગજસુકુમાલ કૃષ્ણના ભાઈ હતા તો ઢંઢણ તેમના દીકરા હતાં.

નંદિષેણ અને મેઘકુમાર મગધપતિ શ્રેણિકના પુત્રો હતાં.

આ બધા દીક્ષાના માર્ગે વળ્યા. તેમણે આત્મકલ્યાણ સાધ્યું.

મુનિજીવનમાં સનત મુનિ, મણિઉદ્યોત મહારાજ, ખંધક મુનિ, સ્કંદકસૂરિના ૫૦૦ શિષ્યો, વજસ્વામીના બાળમુનિ, માનદેવસૂરિજી, અન્નિકાપુત્ર આચાર્ય, પુંડરિક મુનિ, શાલિભદ્રજી અને સ્થૂલિભદ્રજી, ભાનુચન્દ્રવિજયજી, વીરાચાર્ય, સિદ્ધિચન્દ્રજી પંન્યાસ વગેરે કેટલા નામ દઉં ?

આવા લાખો આત્માઓએ પોતાનું મુનિજીવન ધન્ય બનાવ્યું છે.

જેઓ આવું ઉત્તમ મુનિજીવન પામી ન શકે તેમના હૈયે મુનિઓ પ્રત્યે અને સાધુત્વ પ્રત્યે ભારોભાર આદર અને કદર તો હોવા જ જોઈએ.

શ્રીકૃષ્ણ, મહારાજા શ્રેણિક, ગૂર્જરેશ્વર કુમારપાળ, વસ્તુપાળ વગેરે શ્રાવકોના હૈયે એક વાતનું રટણ સતત ચાલતું હતું.

*(૧) ક્યારે બનીશ હું સાચો રે સંત...*
*ક્યારે થશે મારા ભવનો રે અંત...*

*(૨) સસ્નેહી પ્યારા રે, સંયમ કબ હી મિલે.*

*(૩) સાચા છે વીતરાગ, સાચી છે વાણી.*
*આધાર છે, આજ્ઞા, બાકી ધૂળ ધાણી*

પેલા, કોટના કિલ્લાને પથ્થરો પહોંચાડતા મજૂરને પણ મુનિઓ પ્રત્યે કેટલો બધો આદર હતો કે તેમને વંદના કરવા માટે તેણે રાજાએ સોંપેલા કાર્યમાં વિઘ્ન નાંખ્યું. રાજા દ્વારા ખડા થનારા માંચડાને ચૂમી ભરવાની તૈયારી કરી લીધી.

એક વાત નક્કી છે કે મુનિજીવનમાં જો પરમાત્માની આજ્ઞાનો ભંગ કરાય તો તે આત્મા સાતમી નારક ભેગો પણ થઈ જાય. મોક્ષ તો ક્યાંક આઘો રહી જાય. આ તો સટ્ટા જેવું છે. કમાણી કરોડોની તો નુકસાન પણ કરોડોનું. આથી જ કહ્યું છે;

*(૧) સાધુ જીવન કઠિન હૈ, ચડના પૈડ ખજૂર.*
*ચડે તો ચાખે પ્રેમરસ પડે તો ચકનાચૂર.*

*(૨) ધાર તલવારની સોહિલી,*
*દોહિલી ચૌદમા જિનતણી ચરણ સેવા,*
*ધાર પર નાચતા, દેખ બાજીગરા*
*સેવના ધાર પર ન રહે દેવા.*

*(૩) ચરણ ધરણ નહિ ઠાય.*

અનશન કરીને જીવનનો નિર્મળ અંત લાવી દેવા તૈયાર થયેલી સુકુમાલિકા સાધ્વી મોતના મોંમાંથી પાછી તો ફરી પણ સંસારમાં પડી ગઈ. સાર્થવાહની પત્ની બની.

એક નંદિષેણે નિયાણું કર્યું.

બીજા નંદિષેણ કામલતા ગણિકાને ત્યાં બાર વર્ષ રોકાઈ ગયા.

અષાઢાભૂતિ, કૂલવાલક મુનિ, સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ વગેરે કેટલા ય ધુરંધર સાધુઓ પતનની ખાઈમાં ખાબકી પડ્યા છે.

ઉપદેશમાળામાં કહ્યું છે કે, "ગમે તેટલું ઊંચું જીવન જીવતો સાધુ જો સ્વપ્રશંસા, પરનિંદા, રસના-લાલસા, કામવાસના કે કષાયોનો શિકાર બને તો તેના સોએ વરસ પૂરાં થઈ જાય.

सुट्ठु वि मग्गिज्जंतो, पंचेव य रित्तयं करिंति सामण्णँ
अप्पथुइ, परनिन्दा, जीब्भोवत्था, कसाया य ॥

પણ ના... પતનના ભયથી વૈરાગી આત્માઓએ સાધુવેષ લેવાની વાતની માંડવાળ કરવી નહિ.

કોને ખબર પતન થવાનું નિશ્ચિત છે ? આજના જોષીઓ ઉપર મદાર ન રખાય.

વળી બે પાંચ વર્ષ બાદ પતન થયું તો ય શું ? જે આરાધ્યું તે તો લેખે લાગ્યું જ છે. કદાચ તેમાં સાતમા ગુણસ્થાનની સ્પર્શના પણ કેમ ન થઈ ગઈ હોય ? અરે, ચોથું સમ્યક્ત્વ ગુણસ્થાન પ્રાપ્ત થતાં જ અનંતા પુદ્ગલપરાવર્તનો સંસાર કપાઈ જાય. પછી તે ફરી કદી ન બંધાય. આ જ કેટલો મોટો લાભ છે ?

## મોક્ષના ઉપાયનો પણ ઉપાય છે.

આપણે જોયું કે મોક્ષ તો છે જ, પણ તેનો ઉપાય પણ છે : ચારિત્ર ધર્મ.

અરે; એ ચારિત્રધર્મનો પણ ઉપાય છે; એ છે સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શનનું સ્વરૂપ છે, જિનભક્તિ.

જે જિનનો ભક્ત છે તેનું ચારિત્રમોહનીય કર્મ ક્ષીણ થાય છે. આમ થતાં તેને નિર્મળ ચારિત્રધર્મની પ્રાપ્તિ થાય. તે દ્વારા તે મોક્ષ પામે.

જેને ચારિત્રમોહનીય કર્મ ક્ષીણ થયું નથી તે આત્મા જો દીક્ષા લે તો તે દીક્ષા માત્ર સાધુવેષની દીક્ષા રહે. તે દીક્ષા મોક્ષકારિણી ન બને. ચારિત્ર-મોહનીય કર્મનો ક્ષય (ક્ષયોપશમ) કરવો જ રહ્યો.

જેને દીક્ષા લેવી હોય તેણે ગૃહસ્થજીવનમાં પરમાત્મભક્તિ (અષ્ટપ્રકારી પૂજા વગેરે સ્વરૂપ) અત્યંત ભાવથી કરવી જોઈએ. પૂજા પૂર્ણ થયા બાદ મન મૂકીને નાચવું જોઈએ. પાપો ઉપર તીવ્ર પશ્ચાત્તાપ કરવો જોઈએ. રાવણ રાતે આરતી ઉતાર્યા બાદ ગૃહમંદિર બંધ કરીને પ્રભુ પાસે પોતાનાં પાપો બદલ ખૂબ ઝુરતો હતો.

જો આત્મા ઉપર કોઈ ભયાનક દુઃખ આવી પડે અથવા તે ભારે જબરા દોષનું સેવન કરી બેસે તો તેનાથી ડરી ગયાના - બેકગ્રાઉન્ડ સાથે પ્રભુ પાસે દોડી જાય અને પ્રાર્થના કરે કે, "બચાવો, બચાવો... મને આ દુઃખમાંથી કે દોષમાંથી." તો પ્રભુ સાથે તન્મયતા ખૂબ આવી જાય.

એક પણ બેકગ્રાઉન્ડ વિનાનું પ્રભુશરણ એ વાસ્તવિક બની શકતું નથી.

દ્રૌપદીએ કૃષ્ણનું અનન્યભાવે ત્યારે જ શરણ લીધું જ્યારે વસ્ત્રાહરણનું સંભવિત દુઃખ પરાકાષ્ઠાએ પહોચ્યું હતું.

રાવણ પરમાત્મા પાસે ખૂબ રડતો હતો અને એકરસ બનતો હતો. કેમકે તેના બેકગ્રાઉન્ડમાં તેનો કામદોષ, ક્રોધદોષ કે અહંકારદોષ હતો.

અઘોરી બાવાને જોઈને બી ગયેલો બાબો મમ્મીને કેવો ચોંટી પડે છે. બસ, આ રીતે પરમાત્મા સાથે અભેદ કરવો જોઈએ. અને તે માટે પૂર્વોક્ત બેકગ્રાઉન્ડ હોવું જોઈએ.

શ્રીકૃષ્ણે કુન્તીને કહ્યું, "ફોઈ ! તમે મારી પાસે કાંઈક તો માંગો. દુનિયા આખી મારી પાસે માંગે છે."

કુન્તીએ કહ્યું, "અમારા સાત (૫ પાંડવો, દ્રૌપદી અને પોતે) ઉપર સતત દુઃખોની ઝડી વરસતી રહો. જો જીવનમાં ઘણા બધા દુઃખો આવતા રહેશે તો જ હે ભગવાન ! તમારું સ્મરણ અમને સતત રહ્યા કરશે. (विपदः सन्तु नः शश्वत्)

પરમાત્માનો વિયોગ હજી પામી શકાય પણ વિસ્મરણ તો કદાપિ નહિ.

નરસિંહ મહેતાએ ભગવાન પાસે નખ્ખોદ માંગ્યું અને એ પ્રાર્થના બરોબર ફળી. થોડા જ સમયમાં પત્ની મૃત્યુ પામી. સાસરે ગયેલી દીકરી રાંડી, કુંવારો દીકરો ગાંડો થઈ ગયો. હવે એને કન્યા કોણ આપે ?

એક વાર મીરાંને લાગ્યું કે યોગીશ્વર અંતરમાંથી વિદાય થઈ રહ્યા છે. મીરાંને આ વિરહ બિલકુલ પરવડે તેમ ન હતો. તે બોલી,

*"મત જા, મત જા યોગી ! મત જા*
*અગર ચંદનકી ચિતા જલાવું, અપને કો જલા જા...*
*મત જા..."*

જ્યારે કાશીના ઈર્ષ્યાળુ પંડિતે તુકારામના હાથે જ બધા અભંગોની કૉપી ચાન્દ્રાયણી નદીમાં પધરાવવાની ફરજ પાડી ત્યારે તુકારામનો જીવ "નીકળું નીકળું" થઈ ગયો. તેરમા દિવસે ચમત્કાર થયો. નાનો છોકરો તે આખો થોકડો ઘરે આવીને આપી ગયો. તેણે કહ્યું કે તે પાણીમાં તરતો હતો.

આ વખતે તુકારામ ખૂબ રડ્યા. તેણે પાંડુરંગને કહ્યું, "ઓ વિઠ્ઠલ ! મેં તને કેટલો ત્રાસ આપ્યો ! એક રૂપે તેં મારો જીવ નીકળી જતો પકડી રાખ્યો. બીજા રૂપે અભંગોને પાણીમાં વિલીન થતાં અટકાવી રાખ્યા !"

પ્રભુભક્તોને વિરહ અને વિસ્મરણ અકારા થઈ પડતાં હોય છે.

વિમળમંત્રીએ અને વાગ્ભટ્ટે જિનમંદિર મળે તે માટે વાંઝિયાપણાનું નસીબ મંજૂર રાખ્યું હતું. દુનિયાની કોઈ પણ વસ્તુ કરતાં ચડિયાતી પ્રભુભક્તિ હતી.

પરમાત્માની ભક્તિ એ નોળવેલ - વનસ્પતિ છે. સાપના દંશથી નોળિયામાં જે ઝેર ચડે તે બધું નોળવેલ સૂંઘવાથી નીકળી જાય. ભક્તિ આત્માની અશુદ્ધિઓને દૂર કરે.

એ ચાર પ્રકૃતિઓ ઉપર અસર કરે.

(૧) આત્માની અસલ પ્રકૃતિ(સ્વભાવ)ને બહાર લાવે.

(૨) રાગદ્વેષની પ્રકૃતિ દૂર કરે. કહ્યું છે. "વિષય લગન કી અગનિ બુઝાવત, તુમ ગુણ અનુભવ ધારા."

(૩) કર્મ-પ્રકૃતિનો નાશ કરે.

(૪) કુદરતરૂપી પ્રકૃતિને સાનુકૂળ કરે. માનવતાનો ધર્મ કરતાં ચોરની ઉપર વાદળે સતત ઠંડક કર્યે રાખી.

ભીમા કુંડલિઆની ભક્તિએ પત્નીની પ્રકૃતિ ફેરવી નાંખી.

'હરિ બોલ'ની સામૂહિક ધૂનના પ્રભાવથી બંગાળના નવાબની ક્રોધી પ્રકૃતિ શાંત પડી ગઈ. તેણે પ્રજાપીડન દૂર કરી દીધું.

પ્રભુ વીરના ધ્યાનથી કુમારનંદીનો કામદોષ ખતમ થયો.

શંકરના ધ્યાનથી બૈજુ બાવરાનું ખુન્નસ ખતમ થયું.

ઝરકીનો પતિ રામના ધ્યાનમાં લીન બન્યો. રમા શેઠાણી પ્રત્યેનો કામાવેગ સદંતર શાંત પડી ગયો.

શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે કે, "કોઈ અત્યંત દુરાચારી માણસ જો મને ભજે તો તે સાવ સદાચારી બની જાય."

તુલસીજીએ રામચન્દ્રજીને પ્રાર્થના કરતા કહ્યું છે કે, "હે રામ ! રાવણ નહોતો ઇચ્છતો કે તમે લંકામાં પ્રવેશ કરો અને તેને ખતમ કરો. છતાં આપે

લંકામાં બળજબરીથી પ્રવેશ કરીને તેને ખતમ કરી નાંખ્યો.

હવે હે પ્રભુ ! મારી વાત કરું કે મારા અંતરના દોષો એવું જરા ય નથી ઇચ્છતા કે તમે મારા અંતરમાં પ્રવેશ કરો. પણ મારી આગ્રહભરી વિનંતિ છે કે તમે બળજબરીથી અંતરમાં પ્રવેશ કરો. અને મારા દોષોને ખતમ કરો."

મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, "હે પરમાત્મા ! જ્યારે તમે અમારાથી દૂર થાઓ છો ત્યારે બધા ગુણો અંતરમાંથી ભાગી જાય છે. જ્યારે તમે હૈયામાં પ્રવેશો છો ત્યારે તે બધા ગુણો પાછા હૈયે આવી જાય છે.

*તુમ ન્યારે તબ સબ હી ન્યારા અંતર કુટુંબ ઉદારા*
*તુમ હી નજીક નજીક હૈ સબ હી ઋદ્ધિ અનંત અપારા*

તુલસીદાસ કહે છે, "દુનિયાની ગમે તેટલી સંપત્તિ હાથવગી થાય પણ જો પરમાત્માભક્તિ સિદ્ધ કરી ન હોય તો તે બધી સંપત્તિ- નરકમાં લઈ જનારી બને."

*અરબ ખરબ કો ધન મિલે, ઉદય અસ્ત કો રાજ ;*
*તુલસી ! હરિભજન બિના સભી નરક કે સાજ*

અન્યત્ર કહ્યું છે,

જે જિનધ્યાને કામક્રોધાદિક આસપાસ આવતા અટકે.

એ વાત એકદમ સ્પષ્ટ છે કે પરમાત્મા દુઃખમુક્તિ કરે છે પણ તેથી પણ મોટી તેમની વિશેષતા એ છે કે તેઓ દોષમુક્તિ કરે છે. દુર્ગતિમુક્તિ પણ કરે છે.

ગીતામાં કહ્યું છે કે ઉપવાસથી તમે ભોજનના પદાર્થોને દૂર રાખી શકો પણ તે પદાર્થોનો રસ (લાલસા) તમે શી રીતે દૂર કરી શકશો ? આ માટે તો તમારે તે 'રસ'ને જેમણે સર્વથા છોડ્યો છે તેવા પરમાત્માનો સાક્ષાત્કાર કરવો જ પડશે.

**विषया विनिवर्त्तन्ते, निराहारस्य देहिनः ।**
**रसवर्जं रसोऽप्यस्य, परं दृष्ट्वा निवर्त्तते ॥**

ચંદનવનના લાખો સાપોને માત્ર પોતાના આગમનથી મોરલો ભગાડી મૂકે છે. ભગવાન મોરલા જેવા છે. હૈયે પ્રવેશે કે દોષો તમામ ભાગી જાય.

પ્રાર્થનાસૂત્રમાં 'જય વીયરાય !' એ શબ્દોથી એમ કહેવામાં આવ્યું છે કે, "હે દેવાધિદેવ ! મારા અંતરમાં મોહરાજની સાથે મારું ખૂંખાર યુદ્ધ અનંતકાળથી ચાલી રહ્યું છે. જીત મળવી બહુ મુશ્કેલ છે. જો આપ અંતરમાં

પધારો અને મારા જીવનરથના સારથિ બનીને યુદ્ધ લડો તો સારું. તેમાં આપ અવશ્ય વિજયવંતા બનશો."

કુરુક્ષેત્રના યુદ્ધમાં શ્રીકૃષ્ણ અર્જુનના રથ-સારથિ બન્યા હતા. અર્જુનને ખબર પડી કે તેણે સામા પક્ષે રહેલા પોતાના દાદા, ભાઈ, ગુરુ વગેરેને હણવાના છે ત્યારે તે ખૂબ વિષાદથી ઘેરાઈ ગયો હતો. તે વખતે સારથિ શ્રીકૃષ્ણે તેને ખૂબ સાંત્વન આપ્યું હતું.

ભક્તિયોગ, ધ્યાનયોગ, જ્ઞાનયોગમાં જવા માટે 'વિષાદ'(દુઃખ)નું બેકગ્રાઉન્ડ ખૂબ સારું ગણાય. અર્જુનને અંતે તો ખૂબ ફાયદો થયો.

છેલ્લે તેણે કહ્યું કે હે, "ભગવંત ! મારું અજ્ઞાન નષ્ટ થયું છે. મને સાચી સ્મૃતિ પ્રાપ્ત થઈ છે. હવે આપના શરણે છું. આપ કહેશો તેમ કરીશ. મને આપના શિષ્ય તરીકે સ્વીકારો."

नष्टो मोहः स्मृतिर्लब्धा करिष्ये वचनं तव ।
शिष्यस्तेऽहं शाधि मां त्वां प्रपन्नम् ॥

જે આત્માઓ પરમાત્માની ભક્તિમાં લીન થાય છે તેને તેનું સીધું ફળ-તરત જ - ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થાય છે. જેને આ ફળ મળતું ન હોય તેણે ખચિત પોતાની પ્રભુભક્તિને અન્ય કોઈ દોષ-અવિધિ, અહંકાર આદિથી ખરડાયેલી સમજવી.

ચિત્તપ્રસન્નતા પ્રાપ્ત થયા પછી સમાધિ પ્રાપ્ત થાય છે. સમાધિ એટલે સમાધાન. દરેક અનિષ્ટ પ્રસંગોમાં આ આત્મા પોતાના મનથી સમાધાન કરી લઈને શાન્ત રહેવાની કળા હસ્તગત કરી લે છે.

પ્રસન્નતા મળી; સમાધિ મળી. હવે મુક્તિ મળતાં શી વાર લાગે ?

આ સંસાર કર્મજનિત ઘણી બધી વિષમતાઓથી ભરેલો છે. અહીં પોતાનું ધાર્યું બધું થવાની શક્યતા ઘણી ઓછી છે. આવા બળતા-જલતા સંસારમાં રહીને તેની લ્હાય અડી ન જાય, જીવન તે રીતે બરબાદ ન થઈ જાય તે માટે કાંઈક તો કરવું જોઈએ. એ આ જ કરવાનું કે સદાના પ્રભુજીવી બની જવાનું. બુદ્ધિજીવી કદાપિ નહિ. બધું પ્રભુને પૂછી પૂછીને કરવાનું.

જ્ઞાનદેવ કેટલાંક માણસોને લઈને પગપાળા તીર્થયાત્રાએ નીકળ્યો હતો. રસ્તામાં પ્રભુના પરમભક્ત ચાંગદેવનું ઘર આવ્યું.

જ્ઞાનદેવે ચાંગદેવને યાત્રામાં જોડાવા વિનંતી કરી. તેણે કહ્યું, "જરાક થોભી જા. હું વિઠ્ઠલને પૂછીને આવું."

વિઠ્ઠલ એટલે એના ઘરના ગોખલામાં બિરાજમાન કરાયેલા ભગવાન.

ત્યાં જઈને તે મુંગો ઊભો રહ્યો. મનોમન તેણે સવાલ કર્યો, "મારા વ્હાલા નાથ ! હું યાત્રાએ જાઉં ?" પછી કેટલી ય ક્ષણો વીતી ગઈ. તેની આંખેથી અશ્રુધાર વહેવા લાગી. આ બધું બારીમાંથી જ્ઞાનદેવ જોયા કરતો હતો.

એકાએક ચાંગદેવ હસી પડ્યો. શિર ઝુકાવીને બહાર આવીને યાત્રામાં જોડાવાની હા પાડી. જ્ઞાનદેવને કહ્યું, "મને પરમકૃપાળુ દેવે રજા આપી છે."

મોટા તત્ત્વજ્ઞાનનાં પોથાં લઈને ફરતો; શાસ્ત્રોના તત્ત્વો ઉપર વાદ કરતો રહેતો શુષ્ક જ્ઞાની જ્ઞાનદેવ તો આભો બની ગયો. ઊંડા વિચારે ગરકાવ થઈ ગયો. ત્યાર પછી જ્ઞાનદેવ પ્રભુજીવી બન્યો, બુદ્ધિજીવી મટી ગયો.

Talk with God.

Murge in God.

Live with God.

બધું જ ઈશ્વરમય કરો. તેની સાથે અભેદ સાધો. તરત જ પ્રજ્ઞા શુદ્ધ થશે. તે જે સુઝાડશે (અન્તઃપ્રેરણા, Intution) તે એકદમ સાચું હશે.

જ્ઞાનીઓએ કહ્યું છે; વાદ-વિવાદમાં ઝાઝા ન પડો. એનાથી બુદ્ધિ તીક્ષ્ણ બનશે પણ હૈયું કોમળ નહિ બને. કોમળતા વિના પ્રભુને પામી શકાતા નથી.

પ્રભુને પામવા સારું મગજ મોટું ન ચાલે. તેને તો બુઠ્ઠું કરી દેવું પડે. જ્યારે તર્કશક્તિ ખતમ થાય છે ત્યારે પ્રભુભક્તિ શરૂ થાય છે.

ભગવાન આપણા વહાલા છે. ભગવાનના વહાલા સર્વ જીવો (એક પણ અપવાદ વિના) છે. જે વહાલાના વહાલા હોય તે ય આપણા વહાલા હોય. વહાલાના વહાલાને હણાય નહિ, તેને પીડા દેવાય નહિ. આ પરપીડન વહાલાને ખૂબ દુઃખી કરશે એમ કલ્પના કરીને પણ પરપીડન કરવું નહિ.

પ્રભુનો સાચો ભક્ત તે છે જે પ્રભુના ભક્તનો ભક્ત છે, પ્રભુના વહાલાને પણ ચાહે છે.

જીવમૈત્રી ન જન્મ પામે તેવી પ્રભુભક્તિ અસાર છે. ભ્રાન્ત છે.

અકબરે બિરબલને પૂછ્યું, "આપણને ભગવાન વહાલા છે, પણ ભગવાનને કોણ વહાલું છે ?" બિરબલે કહ્યું, "જહાંપનાહ ! ભગવાનને મીરાં વ્હાલી છે."

ટુંક સમયમાં વેષપલટો કરીને અકબર મંદિરે પહોચ્યો, જ્યાં મીરા મન મુકીને ગિરધરની સામે નાચતી હતી.

*મીરા પાય ઘુંઘર બાંધી,*
*નાચી નાચી નાચી.*

અકબર તો તેની પરમાત્મભક્તિ જોઈને એવો સ્તબ્ધ બની ગયો કે મીરાંએ નૃત્ય પૂરું કર્યું કે તરત દોડીને તેના ગળે લાખો રૂપિયાનો પોતાના ગળાનો હાર નાંખી દીધો. કશું જોયા વિના મીરા ગિરધર પાસે દોડી. તે હાર તેના ગળામાં નાંખી દીધો. અકબર ચક્તિ થઈ ગયો. મીરા પાસે તે આવ્યો. મીરાંએ તેને પ્રણામ કર્યા.

આપણું માનવજીવન શરૂ થાય ભગવાનથી. તેનો અંત પણ આવે ભગવાનથી.

આપણે જન્મ પામ્યા ત્યારે માવડીએ સૌથી પ્રથમ કાનમાં પ્રભુનું નામ સંભળાવ્યું હતું. આપણે મરશું ત્યારે પણ પ્રભુનું નામ સંભળાવશે. હા, એ બેની વચ્ચેના જીવનકાળમાં આપણે બે કામ ક્રમશઃ કરવાના છે.

(૧) આપણું હિતકરણ.

(૨) પછી જ પુણ્ય પહોંચે તે પ્રમાણે બીજાઓનું હિતકરણ.

આ ચારેય વાત એક વાતમાં સમજાવું.

(૧) નાનકડી બેબી છે. ગુલાબ લઈને તે જઈ રહી છે. કોકે પૂછ્યું, "કોના માટે આ ગુલાબ છે ?" જવાબ મળ્યો "ભગવાનના માટે." તેમના ખોળામાં મૂકવા મંદિરે જાઉં છું.

(૨) તે મોટી થઈ. ફરી તે જ સ્થિતિમાં તેને ઘર તરફ જતી જોવાઈ. ફરી એ જ સવાલ થયો. "આ ગુલાબ કોના માટે લઈ જાય છે ?" જવાબ મળ્યો, "મારા માટે, મારા માથે લગાડીશ."

(૩) તેનું લગ્ન થયું. ફરી તે સ્થિતિમાં કોકે જોઈ, તે જ સવાલ કર્યો "ગુલાબ કોના માટે ? જવાબ મળ્યો, "તેમના (પતિના) માટે."

(૪) ડોશી થઈ. મરવા પડી. છેલ્લા દિવસોમાં તે સતત ભગવાનનું રટણ કરતી જોવા મળી.

આ ચાર સ્થિતિઓ આપણા સમગ્ર જીવનના તે તે કર્તવ્યોને ક્રમશઃ જણાવે છે. આમાં સ્પષ્ટ દેખાય છે કે તમે તમારા જીવનનો આરંભ અને અંત ભગવાનથી કરો.

ભક્તિનો સૌથી મોટો લાભ અહંકારનાશ છે. આ અહંકાર જીતાયો એટલે બધું જીતાયું.

જો સાતમો કોઠો જીતાયો તો છ કોઠા જીતાયા હોય તો જ ને ?

અહં જીતનારાએ કામ, ક્રોધ, સ્વાર્થ, ઈર્ષ્યા, નિંદા અને ધિક્કારના છ કોઠા જીતેલા જ હોય.

છ તો જીતાય. પણ સાતમો જીતવો મુશ્કેલ છે. અભિમાની (અભિમન્યુ)ઓ

સાતમા કોઠે ખતમ થયા છે.

પ્રભુભક્તિ અહંનો નાશ કરે છે. અહંકારયુક્ત સાચી પ્રભુભક્તિ સંભવતી નથી. પ્રભુભજન કરીને તમે અભિમાન ખતમ કરો. અભિમાન સહિતના કાર્યમાં સફળતા મળતી નથી. જે પ્રભુશરણ (અભિમાન-ત્યાગ) સ્વીકારે છે તેને જ ઈષ્ટપ્રાપ્તિ થાય છે. અભિમાન તો 'ફેઈલ' થવાની નિશાની છે.

સતત પડેલા ત્રીજા દુકાળ વખતે વિશ્વપ્રસિદ્ધ ગવૈયા ઓંકારનાથ ઠાકુર રાંદેર (સુરત પાસે) કોઈ સગાને મળવા ગયા હતાં. લોકોએ તેમને વિનંતી કરી કે સ્વરદેવી આપની ઉપર ફીદા છે. આપ મેઘમલ્હાર રાગ ગાઈને આ ગામ ઉપર વર્ષા કરો. નહિ તો પુષ્કળ ઢોરો અને માણસોના મડદાં પડતાં જશે."

ઠાકુરે સૌથી પહેલી વાત એ કરી કે, જરૂર તમારી ઇચ્છા પૂરી કરીશ. ભગવાનની કૃપા હશે તો સૌ સારા વાના થશે."

રાતે અગિયાર વાગે બેઠક લગાવાઈ. મલ્હાર શરૂ કરતાં પહેલાં ઠાકુરે શિર નમાવીને પરમાત્માને ભાવવિભોર બનીને પ્રાર્થના કરી. પછી ગાવાનું શરૂ કર્યું. એકાદ કલાકમાં તો એકાએક કાળા ડિબાંગ વાદળ આકાશમાં ધરબાઈ ગયા : ક્યાંથી ? કેવી રીતે ધસી આવ્યા ? ખબર ન પડી. ધોધમાર એક વરસાદનું એવું ઝાપટું આવી ગયું કે બધુ જળબંબાકાર થયું. તળાવ ભરાઈ ગયું.

આ પ્રભુભક્તોની બે મોટી વિશેષતા હોય છે. તેમની આંખો પ્રભુના વિરહથી વારંવાર અશ્રુભીની થાય છે. તેઓ પ્રભુદર્શનના અત્યંત પ્યાસી હોય છે. તેમના વિયોગથી અતિશય ત્રસ્ત રહે છે.

બીજું, તેમને ભગવાન થવાની ઇચ્છા કદી થતી નથી. કેમકે તેઓ જાણે છે કે ભગવાન થયા એટલે ભગવાન સમાન થયા. પછી એ ભગવાન, હું ય ભગવાન.

એ ભંગવાન, હું તેનો ભક્ત : દાસ, કિંકર ચરણરજ, બાળક... એ વાત સદા માટે ખતમ.

પછી તેના ચરણે આળોટવાનો આનંદ સદા માટે ખતમ.

પછી તાનપૂરો લઈને ગાતા ગાતા હર્ષવિભોર બનવાનું સદા માટે ખતમ.

પછી તેની જોડે કાલીઘેલી વાતો કરવાની મજા સદા માટે ખતમ.

ના... જો ભગવાન થવાથી આ બધું ગુમાવવાનું થતું હોય તો મારે ક્યારેય ભગવાન થવું નથી. હું તેનો ભવોભવનો દાસ. દાસ થવા માટે મારી પુણ્યાઈ પહોંચે નહિ તો દાસને ઘેર ગાય.

તે ય પુણ્યાઈ ન પહોંચે તો દાસના ઘરની ગાયના દેહે બેઠેલી બગાઈ.

ગમે તેમ, મારે ભગવાન તો થવું જ નથી.

ધનપાળ પંડિતે આ જ વાત સ્વરચિત ઋષભ પંચાશિકામાં કરી છે. તે કહે છે કે, "તારી ભક્તિ કરવાથી બધું કર્મ ખપી જશે તે વિચારતા તો હું હર્ષઘેલો બનું છું;" પણ તેથી હું 'ભગવાન' બનીશ તે વાત વિચારતાં હું ત્રાસી જાઉ છું. કેમ કે તે અવસ્થામાં હું તારા ચરણોમાં આળોટી નહિ શકું."

**होही मोहुच्छेओ तुह सेवाए धुवत्ति नंदामि,**
**जं पुण तत्थ न वंदिअव्वो, तेण झिज्झामि ।**

ભમરીનું ધ્યાન ભયથી ધરતી ઈયળોને ભમરી બની જતી જોઈને રાવણને ત્યાં કેદ થયેલી સીતાના મનમાં વિચાર આવ્યો કે, "હું પણ પ્રીતિથી મારા વહાલા રામનું સતત ધ્યાન ધરું છું. તો શું હું રામ બની જઈશ ? ના. મારે રામ થવું જ નથી." આ વિચારતાં સીતા બેહોશ થઈને ધરતી ઉપર ઢળી પડી.

ઓલા ભરતને ય રામની સમાન થવું નહોતું. આથી જ રામના વનવાસ દરમિયાન રામની જેમ ધરતી ઉપર પથારી કરવાને બદલે ધરતીમાં ચાર ફૂટ ઊંડો ખાડો કરીને તેમાં સૂતો હતો.

મેં પૂર્વે કહ્યું છે કે ભક્તિથી ઉગ્ર (ઝડપથી ઉદયવંતુ બનતું) પુણ્યકર્મ બંધાતું હોય છે. એનાથી મોટી આફત દૂર ફેંકાઈ જાય છે.

ભક્તોને ભગવાન સિવાય કશું ખપતું હોતું નથી. તેઓ ખાવાપીવાની કે આજીવિકાની પણ પરવા કરતા નથી. પ્રભુભજનમાં જ તેમનું પેટ ભરાઈ જાય છે. તેઓ પોતાને પ્રભુભક્ત હોવાને કારણે દુનિયાના બેતાજ બાદશાહ માનતા હોય છે. તેઓ બાદશાહોની પણ પરવા કરતા નથી.

તુકારામ, નરસિંહ મહેતા, સૂરદાસ, કોથળિયો વાણિયો, પુણિયો શ્રાવક, છાડા શેઠ, સુલસા વગેરેના જીવનમાં આપણને આ સ્થિતિ બરોબર જોવા મળે છે.

ઓલા હનુમાનને સીતાએ અતિ મૂલ્યવાન મોતીનો હાર ભેટ આપ્યો, હનુમાને દરેક મોતીને મૂઠી મારીને બે ફાડિયામાં કર્યું. બેયમાં નજર નાંખી, મોં બગાડ્યું. ફેંકી દીધું.

સીતા જોતી જ રહી ગઈ. પછી તેણે હનુમાનને તેમ કરવાનુ કારણ પૂછતાં તેણે કહ્યું કે, "મને જ્યાં રામ જડે નહિ તે ચીજનું મારે કોઈ કામ નહિ."

ભગવાન તો કરુણાના સાગર છે. એ તો ચંડકોશિયાને ય તારે, અને ગોશાલાને ય તારે. સંગમ વગેરેને તારી ન શકે તો તે બદલ રડી પડે.

બાઈબલમાં કહ્યું છે કે, "ભગવાન સંસારી જીવોને એમ કહે છે કે તમે એક જ ડગલું મારી તરફ આવો. હું દસ ડગલા તમારી તરફ આવવા

તૈયાર છું. હા... તમે એક ડગલું ય ન આવો (મારી અભિમુખ ન બનો) તો હું તમને કશી મદદ કરી શકું નહિ.''

આવા પ્રભુ મળ્યા પછી જો તેમાં આપણને પ્રેમ થઈ જાય તો દુનિયાના કોઈ પણ પદાર્થ ઉપર આપણો પ્રેમ રહે નહિ.

સુખમાં આપણે વિરક્ત રહીએ.

દુઃખમાં આપણે સમાધિમાં રહીએ. આમ સદા પ્રસન્ન રહીએ.

ભયંકર ઉનાળાની આગ વરસતી ગરમી વચ્ચે પણ લીંબડો લીલોછમ એટલા માટે રહી શકે છે કે તેના મૂળમાં ધરતીના ઊંડે ઊંડે વહી રહેલાં કોઈ ઝરણાં સ્પર્શીને રહેલાં છે.

આપણે ય ગમે તેવી આફતોની લૂ વાતી હોય તેની વચ્ચે મસ્તાના રહી શકીએ જો પ્રભુભક્તિને આપણું મન સતત સ્પર્શીને રહેલું હોય.

પરણી રહેલા વર-કન્યાને હાથે એટલા માટે મીંઢળ બંધાય છે કે ઈર્ષ્યાદિ કારણોથી કોઈ વ્યક્તિ તેમને તે વખતે ભોજનમાં વિષ આપી દે તો તરત મીંઢળ ઘસીને પીવડાવી દઈને વિષની ઊલટી કરાવી દેવાય, બચી જવાય.

પરમાત્માની ભક્તિ મીંઢળ જેવી છે. એ કેટલીય કમબખ્તીઓના વિષનું વમન કરાવી દે છે.

પ્રભુભક્તિ કોઈ પણ કરે. જૈન કે અજૈન ! જો તેનાથી તે આત્માના રાગદ્વેષની પરિણતિઓ શાન્ત પડેલી અનુભવવા મળે તો એવું નક્કી સમજવું કે તે આત્મા કાં તો એ જ ભવે કે બીજે ભવે મિથ્યાત્વ મોહનીયકર્મનો નાશ કરીને સમ્યગ્દર્શન પામશે જ; તેને જિનશાસન મળશે જ; વળી ચારિત્ર મોહનીય કર્મનો પણ ક્ષય કરીને તે દીક્ષા લઈને સાચો સાધુ પણ થશે જ. આથી જ હું તેવા પ્રકારના અજૈન પ્રભુભક્તોનાં પણ દૃષ્ટાંતો લઉં છું.

નરસિંહ મહેતા જ્યારે કેદારા રાગમાં પ્રભુની સામે નાચતા હતા ત્યારે તેમના શરીરમાંથી એવી શ્વેત ઊર્જા ફેલાતી કે આખા મંદિરમાં સફેદ પ્રકાશ રેલાતો.

આ કેદારો કોઈ બ્રાહ્મણને શરાફ પાસેથી મદદ કરાવતાં ગીરવે મૂકવો પડ્યો તો તે પ્રભુભક્તિના વિરહમાં ખૂબ ઝૂરવા લાગ્યા. એ તો જ્યારે નવાબે તે રકમ ભરીને છોડાવી આપ્યો ત્યારે તે પ્રસન્ન થયા.

સૂરદાસ પ્રજ્ઞાચક્ષુ હતા. એક વાર ખાડામાં પડી ગયા. કોકે તરત હાથ ઝાલીને ખેંચીને બહાર કાઢ્યા. સૂરદાસને પાકી ખાતરી થઈ કે તે ભગવાન પોતે જ હોવા જોઈએ. એટલે તેણે હાથ પકડી રાખવાનો જોરદાર યત્ન તો

કર્યો પણ નિષ્ફળ ગયા. એટલે તે આવેશમાં આવીને નીચે પ્રમાણે બોલ્યા.

"હે પ્રભુ ! ભલે તમે મારો હાથ છોડીને ચાલી જવામાં સફળ થયા; પણ જો મરદના બચ્ચા હો તો મારા હૈયામાંથી ચાલ્યા જાઓ."

તાનસેનના ગુરુ હરિદાસ વૃન્દાવનમાં ખુલ્લેઆમ નૃત્ય કરીને પરમાત્માની સાથે ભાવવિભોર બની જતા. એ વખતે એમનાં ગીતો તાનસેનને ક્યાંય ટક્કર મારતા. અકબરને આ વાતની ખબર પડતાં તે તાનસેન સાથે ગુપ્ત વેશે આવ્યો. દૂરના વૃક્ષની ઓથે છુપાઈને જોવા લાગ્યો. આશ્ચર્ય-સ્તબ્ધ બની ગયો. પરંતુ તેનાથી ન રહેવાયું એટલે છેલ્લે હરિદાસને ભેટવા ગયો ત્યાં હરિદાસે તાનસેનને જોયો. તેને ખખડાવી નાંખતાં કહ્યું, "જે તે માણસોને તારે અહીં કદી લાવવા નહિ."

આરતી ઉતારતા કુમારપાળની વાતથી કોણ અજ્ઞાત છે ?

તેમનો દીકરો નૃપસિંહ હતો. બાર-ચૌદ વર્ષની વયે મરણ-પથારીએ પડ્યો. કલિકાલ-સર્વજ્ઞ ભગવંતના ખોળામાં તેનો હાથ હતો. ભગવંતે તેને રડતો જોઈને કારણ પૂછ્યું. નૃપસિંહે કહ્યું, "મારી ભાવના અધૂરી રહી જવા બદલ હું રડું છું. મને વારંવાર વિચારો આવતા હતા કે મારા પિતા અઢાર દેશના માલિક હોવાથી અઢળક સંપત્તિના માલિક છે. છતાં સોનાની પાટોની દીવાલોવાળાં ૧૪૪૪ જિનાલયો બનાવવાને બદલે પથ્થરની દીવાલોનાં જિનાલયો બનાવ્યાં. મારી ભાવના હતી કે મોટા થઈને તે બધાં જિનાલયોને સોનેથી મઢી દેવાં. હાય ! મારા મરવાના કલાકોમાં તે ભાવના મરી પરવારશે.

વસ્તુપાળની અતિ ગરીબી વખતે નાનકડો ભાઈ લૂણિગ મરણપથારીએ પડ્યો. તે રડતો બોલ્યો કે, "મોટાભાઈ ! મારી ભાવના છે કે મારા નામથી એક નાનકડા ભગવાન ભરાવાય. તમે જ્યારે બે પૈસા કમાઓ ત્યારે આટલું જરૂર કરજો."

વસ્તુપાળે જીબાન આપવા સાથે શક્ય થશે તો અપૂર્વ શિખરબંધી દેરાસર પણ બનાવવાની વાત કરી. લૂણિગે હર્ષાશ્રુ સાથે પ્રાણત્યાગ કર્યો.

માંડવગઢના મહામંત્રી પેથડ જિનેશ્વરદેવના પરમભક્ત હતા. ઠેર ઠેર જૈનોના ગામોમાં તો જિનાલયો બનાવ્યા પણ જૈનધર્મના કટ્ટર દ્વેષી બ્રાહ્મણોના દેવગિરિ ગામમાં પણ એક અપૂર્વ શિખરબંધી દેરાસર બનાવ્યું. તેની જમીન મેળવવા માટે દેવગિરિના હેમડ મંત્રીને રીઝવીને મોકાની જમીન મેળવવા માટે તેના નામનું સદાવ્રત ચલાવીને ત્રણ વર્ષમાં સવા કરોડ સોનામહોરો ખર્ચી નાંખી હતી. તે દેરાસરનો ધજાદંડ ચડાવતી વખતે પેથડ અને તેમનાં પત્ની શિખરના માંચડા ઉપર મન મૂકીને નાચ્યાં હતાં.

મંત્રીશ્વર જ્યારે પૂજા કરે ત્યારે રાજા પણ કોઈ કાર્ય જણાવી શકતો નહિ કે મંદિરમાં પ્રવેશ કરી શકતો નહિ.

જ્યારે પેથડ મંત્રીનો પુણ્યનો સૂરજ ઉદય પામ્યો ન હતો ત્યારે એ ઘીનો વેપારી પીથો હતો. રાજાને માટે ઘી લેવા નોકરડી બરોબર બાર વાગે દુકાને આવતી. આ જ સમયે પીથાનો પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવાનો સમય હતો. એમાં થતો અંતરાય તેને પોસાતો ન હતો. એક દી નોકરડીને ધમકાવીને તેણે તે સમય બદલાવવા માટે કાઢી મૂકી. તેનું પરિણામ કદાચ ફાંસીની સજા આવે તેમ હતું. છતાં પીથાએ પરવા ન કરી. હા; એ ભક્તિ જ તેને ફળી. વર્ષે ૧૪૭ મણ સોનાના પગારવાળો તે માંડવગઢનો મહામંત્રી પેથડ બન્યો.

બીજાની માલિકીનું ઘર ઉદાએ ખરીદ્યું. નવેસરથી ઘર ખોદતાં નીચેથી લાખો રૂપિયાના ઝવેરાતવાળો ચરૂ નીકળ્યો. ઉદો કહે એનો માલિક ઘર-માલિક. ઘરમાલિક કહે એ ઘર વેચાતું લેનાર ઉદો માલિક.

ઝઘડો સિદ્ધરાજ જયસિંહ પાસે ગયો. ન્યાય ઉદાની તરફેણમાં આવ્યો. ઉદો એ સંપતિને ઘરમાં રાખવા જરાય તૈયાર ન હતો એટલે એણે રાજવિહાર નામનું વિરાટ જિનાલય બનાવીને તેમાં બધી રકમ વાપરી નાંખી. સિદ્ધરાજને ખબર પડતાં તેના માટે ખૂબ માન પેદા થયું. તેને ઉદયન મંત્રી બનાવી દીધો. પછી તો એ જિનશાસનનો સંઘપતિ થયો. ચાંગાને દીક્ષા અપાવવામાં સહાયક બન્યો. જે ચાંગો કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય બન્યો. મયણા અને શ્રીપાળ કેવા જબરા પ્રભુભક્ત હતા ! નવ ભવે બંને દંપતી મોક્ષ પામી જશે.

ઉદવાડામાં સાસરે ગયેલી કન્યાએ બાપાને પત્ર લખ્યો કે, "તમે મને કેવા ગામમાં વળાવી ? જ્યાં દેરાસર જ નથી."

બાપાએ વીસ લાખ રૂપિયાનો વ્યય કરીને શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતનું જિનાલય ત્યાં ખડું કરી દીધું. કેવાં મહાન બાપ-દીકરી !

ખંભાતમાં સ્તંભન પાર્શ્વનાથ પ્રભુ સામે એકાકાર બનીને વસ્તુપાળ મંત્રી સ્તોત્રો બોલતા હતા. તે જોઈને દેરાસરમાં ચૈત્યવંદન કરતાં કવિરાજ સાધુના મોંમાંથી શ્લોક બનીને નીકળી ગયો.

"આ અસાર સંસારમાં સારભૂત સ્ત્રી છે. જેની કુક્ષિમાં વસ્તુપાળ જેવા પ્રભુભક્તો પેદા થાય છે."

अस्मिन्नसारे संसारे सारं सारपङ्गलोचना ।
यत्कुक्षिप्रभवा एते वस्तुपाल ! भवादृशाः ॥

મહાન્ ભગવાન્ જે આર્ય દેશના જૈન-અજૈન લોકોને મળ્યા છે તેમણે તેમની અકામ અને અનન્યભાવે ખૂબ ભક્તિ કરવી જોઈએ. બીજી કશી માથાકૂટોમાં, પારકી પંચાતોમાં પડવું જોઈએ નહિ.

મીરાંએ સાચું કહ્યું છે...

*બોલ મા, બોલ મા, બોલ મા રે...*

*રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા.*

જો આ સાચી પ્રભુભક્તિમાં જીવન વીતશે તો જે આત્મા હશે - જૈન કે અજૈન - તેનો મિથ્યાત્વ મોહનીય અને ચારિત્ર મોહનીય કર્મનો આ ભવે કે છેવટે પરભવે ક્ષય (ક્ષયોપશમ) થઈને જ રહેશે. તેથી તેને સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્ર અવશ્ય મળશે. ૭ કે ૮ ભવમાં તે આત્મા અવશ્ય મોક્ષ પામશે.

આપણે મોક્ષ અને તેનો ઉપાય ચારિત્રધર્મ ઉપર, તથા ચારિત્રધર્મના ઉપાયરૂપે પ્રભુભક્તિ (સમ્યગ્દર્શન) ઉપર વિચાર કર્યો.


આ રીતે અહીં ષટ્સ્થાન ઉપરનું વિવેચન પૂરું થયું.

હવે આત્માનો વિકાસક્રમ, ચૌદ ગુણસ્થાન, અષ્ટ કર્મ અને ચૌદ રાજલોક, અઢી દ્વીપ વગેરે અંગેનાં ચિત્રપટોની સાથે તે પદાર્થો ઉપર વિચાર કરીશું.

■ ■ ■

## (૬) પહેલો ચિત્રપટ
## આત્માનો વિકાસક્રમ

# આત્માનો વિકાસ ક્રમ



"જૈન તત્ત્વજ્ઞાન - સરળ ભાષામાં - પહેલા ભાગ"માં આપણે આત્મા, કર્મ અને મોક્ષ - દરેકને લગતા બે સ્થાન = કુલ ષટ્સ્થાન ઉપર વિસ્તૃત વિચારણા કરી છે. હવે આ બીજા ભાગમાં એ વિષયને સ્પર્શતા એવા કેટલાક ચિત્રપટો તથા ચૌદ રાજલોક, અઢી દ્વીપ વગેરે ચિત્રપટો ઉપર વિસ્તારથી વિચારણા કરીએ.

દરેક વિચારણાનો ચિત્રપટ પ્રથમથી આપેલો છે. તેને નજરમાં રાખીને આ વિચારણા હું કરીશ. વાચકે પણ તેને નજરમાં રાખીને જ આ પુસ્તક વાંચતા જવું.

પ્રથમ એકદમ સૂક્ષ્મતાથી - માત્ર જીવના વિકાસના પગથિયાઓ અને તેના પેટા ભાગોનો નામનિર્દેશ કરું; જેથી એ વાતનો ખ્યાલ આવશે કે નિગોદની સાવ નીચી સ્થિતિથી આગળ વધીને વિકાસ સ ધતો જીવ છેલ્લે-વિકાસની ચરમસીમાએ-મોક્ષમાં કેવી રીતે પહોંચે છે ? શી રીતે શરૂ કરેલી યાત્રા મોક્ષે પૂર્ણ થાય છે ?

| | | | |
|---|---|---|---|
| ૧. | અવ્યવહારરાશિ (નિગોદ) | સૂક્ષ્મત્વ | સાધારણત્વ |
| ૨. | વ્યવહારરાશિ (એકેન્દ્રિયત્વ) | બાદરત્વ | પ્રત્યેકત્વ |
| ૩. | વિકલેન્દ્રિયત્વ | તિર્યક્ત્વ | અસંજ્ઞિત્વ |
| ૪. | પંચેન્દ્રિયત્વ | મનુષ્યત્વ | સંજ્ઞિત્વ |
| ૫. | અકામનિર્જરા પ્રાપ્ત મનુષ્યત્વ | સકામનિર્જરા પ્રાપ્ત મનુષ્યત્વ | જન્મે જૈનત્વ |
| ૬. | દ્વિર્બન્ધકત્વ | સકૃદ્બન્ધકત્વ | અપુનર્બન્ધકત્વ (અજૈનકુળ) |
| ૭. | જૈનકુળ | જૈનધર્મની વાસ્તવિક પ્રાપ્તિ | માર્ગાનુસારિતા |
| ૮. | દ્રવ્ય સમ્યક્ત્વ | ભાવસમ્યક્ત્વ | દેશવિરતિ શ્રાવકત્વ |
| ૯. | દ્રવ્ય ચારિત્ર | ભાવચારિત્ર | અપ્રમત્તભાવ |
| ૧૦. | ક્ષપકશ્રેણિ | વીતરાગતા | સર્વજ્ઞતા |
| ૧૧. | અયોગિકેવલિત્વ | યોગનિરોધ | સિદ્ધત્વ (મોક્ષ) |

આ કોષ્ટકમાં અગિયાર પગથિયા બતાવ્યા છે. તેમાં તેત્રીસ પેટાભેદો છે.

આત્માનો વિકાસક્રમ પહેલો ચિત્રપટ હવે નજરમાં રાખીને આપણે આ બધા પદાર્થોને વિચારીએ.

## અવ્યવહારરાશિ : સૂક્ષ્મનિગોદ

આપણે પહેલા ભાગમાં જોયું કે જીવનો પહેલો ભવ નથી પરન્તુ પહેલું સ્થાન હોય છે. આ પહેલા સ્થાનનું નામ છે : અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદ. દરેક જીવ-તીર્થંકરદેવ થનારાઓને પણ-સૌ પ્રથમ વાર અવ્યવહારરાશિમાં હોય છે. અહીં તે અનંતા ભવ કરે છે, ત્યાં જન્મે છે. અન્તર્મુહૂર્ત જીવે છે અને તરત મરી જાય છે. (અન્તર્મુહૂર્ત એ કાળવાચક શબ્દ છે. સાત સમયથી માંડીને

૪૮ મિનિટમાં એક સમય ઓછા સુધીનું અન્તર્મુહૂર્ત હોઈ શકે. આમાં અસંખ્ય સમય હોય એટલે અસંખ્ય જાતના અન્તર્મુહૂર્ત હોય. ઓછામાં ઓછું ૯ સમયનું, પછી લાખ સમયનું, કરોડ સમયનું, અસંખ્ય સમયનું એક અન્તર્મુહૂર્ત. ૪૮ મિનીટમાં એક સમય ઓછો - એ સૌથી મોટું અન્તર્મુહૂર્ત કહેવાય. એમાં એક સમય ઉમેરાય તો તે હવે મુહૂર્ત બની જાય.)

અવ્યવહારરાશિ એટલે જે જીવો હજી સુધી ક્યારે ય પણ સૂક્ષ્મ નિગોદ નામની વનસ્પતિમાંથી (જે આકાશમાં સર્વત્ર ખીચોખીચ ભરેલી છે.) કદી બહાર આવ્યા નથી. સૂક્ષ્મનિગોદમાંથી બાદર નિગોદમાં કે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં, પ્રત્યેક વનસ્પતિમાં કે કીડી વગેરેમાં ક્યાંય જન્મ પામ્યા જ નથી, તે જીવો અવ્યવહારરાશિના સૂક્ષ્મ એવા નિગોદ જીવો કહેવાય.

સૂક્ષ્મ એટલે જેઓ એક, બેની સંખ્યામાં તો ન જ દેખાય પણ જેઓ કરોડો, અબજો કે અસંખ્યનો જથ્થો બને તો ય ન દેખાય તેને 'સૂક્ષ્મ' કહેવાય.

જે એક, બે, પાંચ ન દેખાય પણ જેમનો થોડોક જથ્થો બનતાં જરૂર દેખાય તે બાદર કહેવાય. નિગોદ નામની વનસ્પતિ બે પ્રકારની છે. સૂક્ષ્મ અને બાદર.

લીલ, ફુગ, બટાટા વગેરે પ્રકારના કંદમૂળ બાદર નિગોદ કહેવાય છે. બંને નિગોદમાં એક સોયના ભાગ ઉપર અનંતા જીવો સમાઈ જાય છે. તે જીવોને એક શરીર હોય છે. દર અનંતા જીવે એક જ શરીર. તેમને એક સાથે શ્વાસ વગેરે લેવા પડે. આ જીવો, યુવાન માણસ દ્વારા લેવાતા એક શ્વાસ અને એક ઉચ્છ્વાસ જેટલા ટાઈમમાં તો ૧૭ાા વખત જન્મીને જીવીને મરી જતા હોય છે. આટલા બધા ઝડપી જન્મ અને મરણનો ત્રાસ અસહ્ય હોય છે. સાતમી નારકના જીવોના દુઃખ કરતાં પણ અધિક દુઃખ તેઓ ભોગવતા હોય છે. એમની વેદના દરેક સેકન્ડે અસહ્ય હોય છે. જન્મની અને મરણની ઉપરાઉપરી થપાટ લાગે તેથી એ કેટલા બધા પીડાતા હશે ?

કેટલીક વાર એવું ય બને છે કે આ અવ્યવહારરાશિમાંથી (સૂક્ષ્મનિગોદમાંથી) બહાર નીકળેલો જીવ ફરી પાછો સૂક્ષ્મનિગોદમાં જાય તો તે સૂક્ષ્મનિગોદનો જીવ કહેવાય પણ હવે તે અવ્યવહારરાશિનો જીવ ન કહેવાય. હવે તે વ્યવહાર-રાશિનો સૂક્ષ્મનિગોદનો જીવ કહેવાય.

અવ્યવહારરાશિમાં પ્રાયઃ દરેક જીવને અનંતકાળ અનંતા ભવો કરવા

પડે છે. યુવાન વ્યક્તિના એક જ શ્વાસોચ્છ્વાસમાં તેના ૧૭ વાર જન્મ અને મરણ થઈ જાય છે. ૧૮મી વાર જન્મ થાય છે. આમ કુલ ૧૭ા વાર જન્મ-મરણ કહેવાય છે.

જીવને સૂક્ષ્મપણું કે બાદરપણું જે મળે છે તે તેવા સૂક્ષ્મનામકર્મ અને બાદરનામકર્મના ઉદયથી મળે છે.

આવાં બીજાં બે કર્મો છે. પ્રત્યેકનામકર્મ અને સાધારણનામકર્મ.

પ્રત્યેકનામકર્મના ઉદયવાળા જીવને 'એક શરીરમાં એક જીવ'ની સ્થિતિ મળે. જ્યારે સાધારણનામકર્મના ઉદયવાળા જીવને 'એક શરીરમાં અનંત જીવ'ની સ્થિતિ મળે.

જે જીવો બે, ત્રણ કે ચાર ઇન્દ્રિયોવાળા હોય તે વિકલેન્દ્રિય કહેવાય છે.

પશુ, પંખી, વનસ્પતિ અને પૃથ્વી આદિ ચાર જીવો તિર્યંચગતિના કહેવાય. જેમને અવ્યક્ત (વ્યક્ત નહિ : એકદમ સ્પષ્ટ સંજ્ઞારૂપ નહિ.) મન હોય તે જીવો અસંજ્ઞી કહેવાય. ચાર ઇન્દ્રિય સુધીની કોઈ પણ સંખ્યામાં જેને ઇન્દ્રિય હોય તે બધા જીવો અસંજ્ઞી કહેવાય.

તેમને જે સંજ્ઞા (આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા) છે તે અવ્યક્ત તો હોય જ છે પણ તે સૂક્ષ્મ હોવાથી તેની ગણતરી કરીને તે જીવોને સંજ્ઞી કહેવાતા નથી. અસંજ્ઞી કહેવાય છે.

ચાર નયા પૈસાવાળો માણસ પૈસા હોવા છતાં જેમ પૈસાદાર કહેવાય નહિ તેમ નાનકડી સંજ્ઞા હોય તો તેને સંજ્ઞી કહેવાય નહિ.

પાંચ ઇન્દ્રિયવાળા જીવોમાં બે ય પ્રકારના જીવો હોય છે : સંજ્ઞી અને અસંજ્ઞી.

મનુષ્યના શરીરથી છૂટા પડેલા મળ, મૂત્ર, થૂંક, લોહી વગેરેમાં ૪૮ મિનિટ પછી તેમાં અસંખ્ય અસંજ્ઞી પંચેન્દ્રિય જીવો ઉત્પન્ન થાય છે. આ જીવો ગર્ભજ નથી હોતા; એટલે તેમને સંમૂર્ચ્છિમ કહેવાય છે. તેમનું આયુષ્ય માત્ર અન્તર્મુહૂર્તનું હોય છે. બાકીના મનુષ્યો ગર્ભજ હોય છે. જ્યારે દેવ-નારકના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો હોય છે. તેમને ગર્ભાવસ્થા હોતી નથી

કેટલીક શાસ્ત્રીય સંજ્ઞાઓ આપણે જોઈ. બાકીની તે તે વિચારણા વખતે જોઈશું.

આ ચિત્રપટમાં બે કાળા ગોળ દડાઓ છે. જે સાવ અંદરનો દડો છે તે મોક્ષનું સ્થાન છે. ત્યાં જીવે પહોંચવાનું હોય છે. જે સૌથી બહાર ગોળ

દડો છે તે અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદનો દડો છે.

આ સૂક્ષ્મનિગોદ(વનસ્પતિ)ના જીવો ચૌદ રાજલોકમાં સર્વત્ર-સિદ્ધશિલામાં પણ - ઠાંસીને ભરેલા છે. આ બોલમાંથી જીવો નીકળે ત્યારે તે વ્યવહાર-રાશિમાં આવેલા ગણાય.

સૂક્ષ્મનિગોદમાંથી નીકળીને બાદર નિગોદમાં આવે. પછી ક્રમશઃ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિમાં આવે.

## સંસાર કદી ખાલી થાય નહિ

અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદમાં આઠમા નંબરના સર્વોત્કૃષ્ટ અનંતાનંત જીવો છે. આજ સુધીમાં પાંચમાં નંબરના અનંતાનંત જીવો તેમાંથી ધીમે ધીમે નીકળ્યા. જે મોક્ષે પહોંચ્યા.

કોઈ ક્યારે પણ સવાલ પૂછે કે જે હજી મોક્ષ પામ્યા નથી તે જીવો કેટલા છે ? તેનો જવાબ હંમેશા એક જ રહે છે કે એક જ નિગોદનો અનંતમો ભાગ આજ સુધીમાં સિદ્ધિપદને પામ્યો છે. અનંતો કાળ પસાર થશે, તેમાં અનંત જીવો વળી મોક્ષે જશે તો ય આ જ જવાબ આપવામાં આવશે.

जइआइ होइ पुच्छा, जिणाण मग्गंमि उत्तरं तइया
इक्कस्स निगोअस्स ऽणंतभागो य सिद्धिगओ ॥

આનો ટૂંકો અર્થ એ છે કે સંસારમાં આઠમા નંબરના અનંતાનંત જીવોની સંખ્યા એટલી બધી મોટી છે કે તેમાંથી ગમે તેટલા જીવો મોક્ષે જાય તો ય સંસાર ખાલી થઈ જવાનો નથી.

દા.ત. સંસારના તમામ જીવોની સંખ્યા પાંચ કરોડ છે અને ભવિષ્યકાળની સંખ્યા એક હજાર સમય છે. દરેક સમયે ૧૦૮ જીવો સતત મોક્ષમાં જતા જ રહે તો ય ૧૦૮ X ૧૦૦૦ = ૧,૦૮૦૦૦ જ થાય. હજી પાંચ ક્રોડ જીવોમાંથી તો કેટલા બધા બાકી રહી ગયા ?

આ તો અસત્કલ્પનાથી સમજાવવાની વાત છે.

## ક્યા પાપના કારણે નિગોદમાં અનંતકાળ ?

“નિગોદના જીવો હિંસા, જૂઠ, ચોરી, મૈથુન કે પરિગ્રહ નામનાં મોટાં પાપોમાંનું એક પણ પાપ કરતા નથી તો તેઓ ક્યા કારણસર ત્યાં અનંતકાળ કાઢે છે ? અસહ્ય વેદના ભોગવે છે ? પાપ નહિ કરવા છતાં આટલું બધું દુઃખ શાથી ?”

આ સવાલનો જવાબ એ છે કે તેઓ હિંસાદિ પાપો કરી શકતા નથી છતાં તે બધાં પાપો નહિ કરવાની તેમને પ્રતિજ્ઞા નહિ હોવાથી તેમને પાપત્યાગનો કોઈ લાભ તો મળતો નથી. ઉપરથી - પ્રતિજ્ઞા નહિ કરવાને લીધે તે બધા પાપ તેમને લાગ્યા કરે છે. વળી અસહ્ય વેદનાનું આર્તધ્યાન પુષ્કળ હોવાથી તેથી પણ પુષ્કળ કર્મબંધ થાય છે. વળી આહાર વગેરે ચારેય સંજ્ઞાઓ મનમાં રમતી હોવાથી પણ ખૂબ પાપ લાગે છે અને તે જીવોમાં મિથ્યાત્વનો ઉદય છે એટલે પણ પુષ્કળ કર્મબંધ થાય છે.

પાપ ન કરવા છતાં જો તેની પ્રતિજ્ઞા ન લેવાય તો તેને અવિરતિ કહેવાય. મિથ્યાત્વ સાથેની અવિરતિ એ ઘણું મોટું પાપ છે. આ પાપ નિગોદમાં સતત ચાલુ છે.

## ત્રણ કારણે નિગોદમાંથી બહાર

હા, આ રીતે નિગોદમાં અનંતકાળ પસાર થતાં જે જીવો વધુ પડતું અનિચ્છાએ પણ (અકામનિર્જરાથી) સહન કરે છે એથી જેમનો કર્મક્ષય વધુ થાય છે તથા જેમની નિગોદમાંથી બહાર નીકળવાની નિયતિ તૈયાર થઈ છે અને તે જ વખતે કોઈ પણ કર્મભૂમિમાંથી એકાદ જીવ મોક્ષ પામે છે ત્યારે તે જીવ અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદમાંથી બહાર નીકળે છે. આ ઉપરથી જણાશે કે જે કોઈ આત્મા સિદ્ધ ભગવાન થયો અને આપણો આત્મા નિગોદમાંથી બહાર નીકળ્યો તે આત્માનો આપણી ઉપર ખૂબ મોટો ઉપકાર થયો છે. હા, અરિહંતનું શાસન પામીને મોક્ષ પામવામાં અરિહંતનો ઉપકાર ગણાશે પણ પ્રથમ ઉપકાર તો પૂર્વોક્ત રીતે સિદ્ધ પરમાત્માનો થઈ ગયો છે. આ ઉપકારનો બદલો ત્યારે જ વળશે જ્યારે આપણે સિદ્ધ પરમાત્મા બનીને-તે જ સમયે-કોઈ આત્માને સૂક્ષ્મનિગોદમાંથી બહાર કાઢવામાં નિમિત્ત બનશું.

જેને ઋણમુક્તિમાં વિશેષ રસ છે તેણે જલ્દીથી સિદ્ધ પરમાત્મા બનવામાં રસ ધરાવવો જોઈએ.

## પાંચ કારણો

કોઈ પણ સંસારનું કાર્ય થવામાં પાંચ વસ્તુઓ ભેગી કરવી પડે. હા, તેમાં કોઈ મુખ્ય કારણ બને, તો બાકીના ગૌણ કારણ બને... પણ પાંચેયની હાજરી તો હોવી જ જોઈએ.

આત્માને પરમાત્મા થવાનું કાર્ય કરવું હોય તો તે આત્મામાં **ભવ્યત્વ**

**સ્વભાવ** હોવો જોઈએ. **નિયતિ** હાજર થાય એટલે તે આત્મા અવ્યવહાર - રાશિમાંથી બહાર નીકળે. **કર્મોના** કારણે તે આત્મા અચરમાવર્તકાળમાં ભટકતો રહે. અને **કાળ** પાકે એટલે ચરમાવર્તકાળમાં પ્રવેશ કરે. ત્યારબાદ અર્ધ-ચરમાવર્તકાળમાં જોરદાર **ધર્મપુરુષાર્થ** કરે તેથી તેનો મોક્ષ થાય.

આમ જીવનો મોક્ષ થવામાં ક્રમશઃ સ્વભાવ, નિયતિ કર્મ, કાળ અને પુરુષાર્થ એકેક કારણ મુખ્ય રહે, બાકીના ગૌણરૂપે સાથે રહે.

## ભવ્ય : અભવ્ય : જાતિભવ્ય

આત્માના સ્વભાવ ત્રણ પ્રકારના છે. કેટલાક આત્માઓ ભવ્ય (મોક્ષ પામવાની યોગ્યતાવાળા : બધા જીવો મોક્ષ પામે જ તેવું નહિ.) હોય. કેટલાક આત્માઓ અભવ્ય હોય : તેમનામાં મોક્ષ પામવાની લેશ પણ યોગ્યતા ન હોય. તે જીવો કદી મોક્ષે ન જાય. કેટલાક આત્માઓ જાતિ-ભવ્ય હોય. તેઓ ભવ્યત્વ જાતિના હોય એટલું જ; પરંતુ તેઓ મોક્ષ પામે તો નહિ જ : ક્યારે પણ નહિ. આ જીવોની જાતિ ભવ્યની એટલું જ. જેમ કોઈ આત્મા માનવભવ પામવા છતાં સાવ ભિખારી, કૂબડો, કાળો, આંધળો અને બહેરો હોય એથી જીવનનો કોઈ પણ લાભ (સુખ) તેને મળે નહિ પણ તેથી કાંઈ તેને ઢોર (તિર્યંચ) તો ન જ કહેવાય કેમ કે તેની જાતિ તો માનવની જ છે. ભલે 'માનવ' તરીકેનો કોઈ લાભ તેને ન પણ મળે. આવું જાતિભવ્યમાં છે. તેનામાં મોક્ષે જવાની યોગ્યતા (ભવ્યત્વ) છે પણ તે મોક્ષમાં જવાનો તો નથી જ. અસંખ્ય માઈલ દૂર આવેલા લવણસમુદ્રના મધદરિયામાં ઊંડે પડેલો આરસનો ટુકડો મૂર્તિમાં રૂપાન્તર થવાની યોગ્યતા અવશ્ય ધરાવે છે પરંતુ તેની સામગ્રી તેને મળવાની ;નથી અને તે મૂર્તિ બની શકનાર નથી એવું જાતિભવ્ય જીવનું સમજવું.)

આમ, અમુક ભવ્યો મોક્ષે જાય અને જાતિભવ્ય નામના ભવ્યો કદી મોક્ષે ન જાય. અને જે અભવ્યો છે (મોક્ષ પામવાની પૂરી અયોગ્યતાવાળા) તેઓ કદી મોક્ષે ન જાય.

ભવ્યો પણ તમામ મોક્ષે નથી જતા. એટલે જ શાસ્ત્રકારોએ કહ્યું છે કે, "અમે એવું નથી કહેતા કે 'જે, ભવ્ય હોય તે મોક્ષે જાય જ.' અમે તો એટલું જ કહીએ છીએ કે જે મોક્ષે ગયો હોય કે નક્કી જવાનો હોય તે જીવ ભવ્ય જ હોય."

यस्तु सिद्धयति सोऽवश्यं भव्य एवेति नो मतम् ॥

કેટલાક કહે છે કે જેમ અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદ અનાદિ છે, તેમ એવી વ્યવહારરાશિની બાદરનિગોદ પણ અનાદિ છે. તે નિગોદ અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં ક્યારે ય આવી નથી. આ વાતનું સાચાપણું કેવલી ભગવંતો જાણે.

ટૂંકમાં ભવ્ય જીવો મોક્ષે જાય.

અભવ્યો અને જાતિભવ્ય જીવો મોક્ષે ન જ જાય.

જાતિભવ્ય જીવો તો એકેન્દ્રિયપણામાંથી આગળ વધી જ ન શકે. પ્રત્યેકપણું પણ પામી ન શકે. તેઓ સૂક્ષ્મનિગોદમાંથી બાદરનિગોદમાં જાય. આથી આગળ પૃથ્વી આદિમાં ય ન જાય તો માનવ તો થાય જ નહિ. માનવજીવન સિવાય તો મોક્ષ શી રીતે મળે ?

અભવ્ય જીવો તો ભવ્ય જીવોની જેમ ઠેઠ માનવભવ પામે, અરે ! મુનિવેષ પણ પામે. ના.. તો ય તે મોક્ષે ન જાય. કેમ કે મુનિવેષ ધારણ કરવા છતાં તે અંતરથી સાચો સાધુ તો ન જ બને એટલે મોક્ષ શી રીતે મળે ?

આ આત્માઓ દર અસંખ્ય વર્ષ બાદ એક વાર તો ઉત્કૃષ્ટ કોટિનું દ્રવ્યથી ચારિત્ર પાળે... આખા જીવનકાળમાં એકાદ માખીનો પગ તૂટી ન જાય એટલી બધી કાળજી કરે અને તેથી જ તે નવમા ગ્રૈવેયકનો દેવ બને. પણ સબૂર ! મોક્ષે તો ન જ જઈ શકે. તે જૈનાચાર્ય બને, ઘોર તપસ્વી સાધુ બને પણ મોક્ષે તો ન જ જાય. પણ પેલો જાતિ-ભવ્ય ! એ બિચારો તો પ્રત્યેકપણામાં ય ન આવી શકે.

બેઇન્દ્રિય પણ ન થઈ શકે તો પંચેન્દ્રિય માનવ કે મુનિ તો ક્યાંથી થઈ શકે ?

આ ત્રણ પ્રકારોને ત્રણ પ્રકારની સ્ત્રી ઉપર ઘટના કરું.

એક સ્ત્રી પરણી છે; તેને પતિ છે, તેને એક સંતાન છે.

બીજી સ્ત્રી પરણી છે; તેને પતિ છે પણ સંતાન નથી; વાંઝણી છે.

ત્રીજી સ્ત્રી કુમારિકા અવસ્થામાં સાધ્વી બની છે. સુંદર રીતે સંયમજીવન પાળે છે.

આ ત્રણ સ્ત્રીઓ એટલે ક્રમશઃ ભવ્ય (મોક્ષગામી), અભવ્ય અને જાતિભવ્ય.

(૧) ભવ્યને દેવ-ગુર્વાદિકનો સંયોગ મળ્યો. તેને મોક્ષનું ફળ મળ્યું.

(૨) અભવ્યને દેવ-ગુર્વાદિકનો સંયોગ મળ્યો પણ મોક્ષનું ફળ ન મળ્યું.

(૩) જાતિભવ્યને દેવ-ગુર્વાદિકનો સંયોગ મળ્યો હોત તો જરૂર મોક્ષ થાત. પણ સાધ્વી બનેલી કુમારિકાની જેમ તેને તે સંયોગ ન મળ્યો તેથી તેનો મોક્ષ ન થયો. મોક્ષ નહિ થવાથી જાતિભવ્યને અભવ્ય તો ન જ કહેવાય. જેમ, પેલી સાધ્વીજીને સંતાન નથી એટલે 'વાંઝણી' તો ન જ કહેવાય.

## 'સ્વભાવ' સામે સવાલ ન થાય

સવાલ થાય કે આવા ભેદો કોણ પાડતું હશે ? ઈશ્વર ? કે કોઈ બીજું ?

જવાબ એ છે કે જૈનદર્શન આ રીતે ક્યાંય ઈશ્વરનું કર્તૃત્વ માનતું નથી એટલે તેણે અહીં કાંઈ કરવાપણું નથી. બીજું પણ કોઈ આવો ભેદ કરતું નથી.

આ ભેદ સ્વાભાવિક છે. દરેક વસ્તુનો સ્વભાવ હોય છે. ત્યાં કોઈનું કર્તૃત્વ કે પ્રેરકત્વ હોતું નથી.

બે ય દૂધ છે : ગાયનું દૂધ અને ઊંટડીનું દૂધ. છતાં ગાયના દૂધમાંથી દહીં બને છે. જ્યારે લાખ પ્રયત્નો કરાય તો ય ઊંટડીના દૂધમાંથી દહીં બનતું જ નથી.

બે મગના દાણા છે. કોરડું મગ અને બિન - કોરડું મગ. બન્નેની ઉપર એકસરખી સીઝાવવાની પ્રક્રિયા કરવામાં આવે તો બિનકોરડુ મગ સીઝે છે. કોરડું મગ ત્રિકાળમાં સીઝતું નથી.

કાંટામાં તીક્ષ્ણતા કોણે કરી ?

અગ્નિને ઊંચો કોણ મોકલે છે ?

પવનને તિરછો કોણ જવા દે છે ?

સૂર્ય પ્રકાશે છે; ચન્દ્ર ઠંડક દે છે, અગ્નિ બાળે છે. કેમ ?

આ બધી વાતનો એક જ જવાબ છે કે તે તે વસ્તુનો તેવો તેવો સ્વભાવ છે. કોરડું મગનો સ્વભાવ જ એવો છે કે તે સીઝે જ નહિ. ઊંટડીના દૂધના અણુ-પરમાણુ જ એવા છે કે તેમાંથી દહીં બને જ નહિ. 'સ્વભાવ' સામે કોઈ તર્ક કરાય નહિ.

ભવ્ય જીવમાં મોક્ષમાં જવાની યોગ્યતારૂપ સ્વભાવ છે, સામગ્રી મળે તો નક્કી તે જીવ મોક્ષે જાય.

જાતિ-ભવ્યમાં પણ તેવી યોગ્યતા છે પણ તેને પાકવાની સામગ્રી જ કદી નહિ મળવાથી તેનો કદી મોક્ષ થતો નથી.

અભવ્ય જીવને સામગ્રી મળે છે પણ તેનો મોક્ષગમનયોગ્યતારૂપ સ્વભાવ જ નથી એટલે તે ક્યારે પણ મોક્ષે જતો નથી.

અહીં ઈશ્વર પણ કારણ નથી; કર્મ પણ કારણ નથી. એવું ન પૂછાય કે ક્યા કર્મના ઉદયથી અભવ્ય જીવ મોક્ષે ન જાય ?

ભાઈ ! કોઈ કર્મોદય કારણ નથી. માત્ર સ્વભાવ જ કારણ છે. સ્વભાવ સામે કોઈ સવાલ થઈ શકે નહિ.

ભવ્ય જીવો જ્યારે મોક્ષ પામે ત્યારે તેમનો તે મોક્ષમાં જવાની યોગ્યતારૂપ સ્વભાવ નષ્ટ થઈ જાય છે એ વાત સહજ રીતે સમજાય તેવી છે.

## આપણે કોણ ? ભવ્ય, અભવ્ય કે જાતિભવ્ય ?

આપણો જીવ જાતિભવ્ય તો નથી જ, કેમ કે તે જીવો તો એકેન્દ્રિયપણામાંથી કદી આગળ વધી શકતા નથી. આપણે પંચેન્દ્રિયપણા સુધી આવી ગયા.

જો કે અભવ્ય તો માનવભવ, મુનિવેષ પણ પામી શકે છે એટલે આપણે અભવ્ય હોવાની શક્યતા વિચારવી પડે.

પરન્તુ તે પણ ચુસ્ત જૈનો માટે તો શક્ય જણાતું નથી.

જેણે શત્રુંજય તીર્થની સ્પર્શના કરી હોય - પછી તે ડોળીવાળો હોય, પૃથ્વી, પાણી કે વનસ્પતિ વગેરે હોય - તે તમામ નિયમથી ભવ્ય હોય.

વળી, જેને એ વાત સાંભળતાં કે - ભવ્ય આત્માઓ જ મોક્ષ પામી શકે, અભવ્યો કદાપિ નહિ - તો તરત મનમાં શંકા થાય કે હું કોણ હોઈશ ? ભવ્ય જ હોઈશ કે નહિ ? હાય ! જો અભવ્ય હોઈશ તો મારો કદી મોક્ષ નહિ થાય... ઓ બાપ ! તો મારું શું થશે ?"

આવા વિચારો જેને આવે તે જીવ નિયમથી ભવ્ય હોય. એણે કોઈ ગુરુને પોતાના સ્વરૂપ અંગે પૂછવા જવાનું નહિ અને ખાતરી કરવાની નહિ.

જેને આ પ્રશ્ન થાય તેના પ્રશ્નમાં જ એ જવાબ આપોઆપ સમાયેલો છે કે તે નિશ્ચિતપણે ભવ્ય છે.

બાબો પોતાની બાને સવાલ પૂછે છે, 'બા ! હું બોલતો છું કે મૂંગો છું ?'
અથવા 'બા ! હું જીવતો છું કે મરેલો છું ?'
અથવા 'બા ! હું જાગતો છું કે ઊંઘતો છું ?'

આ તમામ સવાલોમાં તેનો જવાબ આપમેળે મળે છે. બાને કોઈ જવાબ દેવાની જરૂર પડતી નથી.

અભવ્ય જીવને એવો સવાલ જ મનમાં ઊઠે નહિ કે, ''પોતે ભવ્ય છે કે અભવ્ય ? પોતાનો મોક્ષ થશે કે નહિ ?'' કેમ કે એ મોક્ષમાં જ માનતો ન હોય. તેથી મોક્ષ થશે કે નહિ ? તે સવાલ કરવા પણ તૈયાર થાય નહિ.

વળી, અભવ્ય આત્મા અત્યંત નિષ્ઠુર પરિણામવાળો હોય છે. જેના પરિણામો અતિ નિષ્ઠુર હોય તે પોતાને અભવ્ય તરીકે કલ્પી શકે ખરો. (ભલે તે અભવ્ય ન હોય તો ય તેવો જીવ દૂર-ભવ્ય (ખૂબ લાંબા ગાળે મોક્ષે જનારો) કે ભારેકર્મી ભવ્ય (નજીકમાં મોક્ષે જાય પણ ખૂબ મુશ્કેલીથી સમ્યક્ત્વ વગેરે પામનારો) તો જરૂર હોઈ શકે.)

## સાત અભવ્યો

શાસ્ત્રોમાં જુદા જુદા પ્રસંગે જે સાતેક અભવ્યોના નામોલ્લેખ થયા છે તેમનો અહીં સંક્ષેપમાં નિર્દેશ કરું છું. આ બધા ઉપરથી એ વાત સ્પષ્ટ થશે કે અભવ્ય આત્માઓનો ચિત્તપરિણામ અત્યન્ત નિષ્ઠુર હોય છે.

### (૧) અંગારમર્દક આચાર્ય :

આ જૈનાચાર્યનું મૂળ નામ તો કોઈ બીજું હતું પણ તેની અંગારાઓને ઘસવાની ઘટનાથી તેનું નામ અંગારમર્દક પડી ગયું છે.

આ આચાર્ય જબરદસ્ત શાસનપ્રભાવક હતા અને ખૂબ જોરદાર વિદ્વાન વ્યાખ્યાનકાર હતા. સંયમ પણ બહારથી ખૂબ ઊંચું પાળતા હતા. આથી જ તેમને ૫૦૦ શિષ્યો થયા હતા.

પણ તે જીવ અભવ્ય હતો. દુનિયાભરને મોક્ષની વાતો કરનારો અને ઘણા બધાને મોક્ષે પહોંચાડવામાં સહાયક બનનારો તે જીવ-અભવ્ય હોવાથી-તે કશામાં માનતો ન હતો.

અભવ્ય જીવો મોક્ષને સાવ હંબગ માને તો ય 'મોક્ષ'ની અદ્ભુત પ્રરૂપણા કરે, ધર્મીજનોના હૈયે તેની જબરી પ્રતિષ્ઠા કરે. તે બધું એટલા માટે કરે કે તેમ કરવાથી ધર્મી લોકો તેની ઉપર ખૂબ પ્રસન્ન થાય. તેના તરફ ખૂબ આદર બતાડે. તેને ખૂબ માન આપે, ખાનપાન પણ આપે. આ નિષ્ઠુર આત્મા તે માનપાનાદિ પામવા માટે જ ધર્મી લોકો સામે મોક્ષની વાતો કર્યા કરે.

વળી, તેણે શાસ્ત્રોમાં સાંભળ્યું હોય કે ઉચ્ચ કક્ષાનું સાધુત્વ (કડક બાહ્ય

ક્રિયામાર્ગ) પાળવાથી સ્વર્ગ મળે; ત્યાં અપ્સરાઓ મળે, અત્તરના હોજ વગેરે ઉત્કૃષ્ટ ભૌતિક સુખો મળે."

આથી પણ તે આત્મા કડક સાધુક્રિયા કરે, ઘોર તપ કરે. તે મનોમન વિચારે કે, 'સ્વર્ગ જોયું તો છે નહિ. માટે તે છે કે નહિ ? તે વાતની શંકા થાય છે. પણ સબૂર ! તે હોય તો લીલાલહેર થઈ જશે અને તે ન હોય તો તપ વગેરે કરવાથી આ લોકમાં ધર્મીઓની જમાતનાં માનસન્માન કેટલા બધા મળશે ? આ ય કાંઈ ઓછું સુખ કહેવાય ? આમ આપણે તો બે ય હાથમાં લાડુ છે."

આવી માનસિક વિચારણાઓ કરીને તે અભવ્ય લોકો કડક સાધુત્વનું પાલન કરે.

અંગારમર્દક આચાર્યપદ સુધી પહોંચી ગયેલો અને ૫૦૦ શિષ્યોનો ગુરુ બનેલો અભવ્ય જીવ હતો. શિષ્યો તેના દંભને કદી પકડી શકયા ન હતાં.

પણ એક વાર તે બધું પકડાઈ ગયું. એક વખત તે બધા જે નગરમાં સવારે પ્રવેશ કરવાના હતા તે નગરના સ્થાનિક આચાર્યને રાતે સ્વપ્ન આવ્યું, જેમાં તેણે ૫૦૦ હાથીના જૂથમાં ઊભેલો ઊંટ જોયો.

આ ઉપરથી તેણે નક્કી કર્યું કે, "આવતી કાલે અહીં ૫૦૦ સુંદર આત્માઓ સાથે એક નીચ કક્ષાનો અભવ્ય આત્મા આવશે."

તેમ જ થવાથી તે આચાર્યે ૫૦૦ શિષ્યોને ચેતવી દેતાં કહ્યું કે, "તમારા ગુરુનો જીવ અભવ્ય છે. તેની નિશાની નિષ્ઠુર પરિણતિ છે. આજે રાતે જ તમને ખાતરી કરાવી દઉં."

પછી તેણે કહ્યું, 'ગુરુ માત્રુ કરવા માટે તમને કોઈને ઉઠાડે તો કોઈ ઊઠજો નહિ. તેને જાતે જ વસતિની બહાર જવા દેજો. હું ત્યાં કોલસીની કાંકરીઓ પથરાવી દઉં છું. તમે તેની ચેષ્ટાઓ-બારીમાંથી ડોકિયું કરીને-જોયા કરજો. બધું સમજાઈ જશે."

રાતે આચાર્ય જાતે તે કાંકરી ઉપરથી પસાર થયા ત્યારે કાંકરીઓ દબાતા "ક્રિચૂડ, ક્રિચૂડ" અવાજ થયો. તે આચાર્ય તરત જોરથી બોલ્યા, "અલ્યા, તીર્થંકરના જીવડાઓ અહીં પણ પડ્યા છો ! લો, મરો, મારા પગ નીચે કચરાઈને મરો, મરો."

આ શબ્દો સાંભળીને તમામ શિષ્યો સ્તબ્ધ થઈ ગયા. બીજા દિવસથી

તેમણે તે ગુરુનો ત્યાગ કરી દીધો.

આવા નિષ્ઠુર પરિણામી હોય છે, અભવ્ય જીવો !

**(૨) કાલસૌરિક કસાઈ : (૩) કપિલા દાસી :**

પરમાત્મા દેવાધિદેવ મહાવીર સ્વામીજીની પાસે જે કસાઈ ક્યારેક બેસતો, તે અભવ્ય જીવ હતો. તેને પ્રભુની જીવદયાદિની કોઈ વાત જચતી નહિ. તે નિષ્ઠુર રીતે રોજ ૫૦૦ પાડા કાપતો.

મગધપતિ શ્રેણિકે પોતાની નિશ્ચિત નારક જાણીને તેના નિવારણનો કોઈ ઉપાય-ખૂબ કરગરીને-માંગ્યો ત્યારે તેના માત્ર આશ્વાસન ખાતર પ્રભુએ અનેક ટુચકા કહ્યા હતા, જેમાંના બે ટુચકા બે અભવ્ય જીવોને લગતા હતાં. કાલસૌરિક કસાઈ અને કપિલા દાસી.

પ્રભુએ રાજાને બે વાત કરી કે (૧) જો તું એક દિવસ માટે કસાઈને પાડા મારતો બંધ રાખે (૨) જો તું તારી કપિલા દાસીના હાથે સાધુને ભિક્ષા અપાવે તો તેના પુણ્યથી તારી નારક દૂર થાય. આ પ્રભુની 'જો અને તો'ની ભાષામાં વાત હતી. સર્વજ્ઞ એવા પ્રભુ નિશ્ચિતપણે જ્ઞાનમાં જોતા હતા કે તે બેમાંની કોઈ વાત શક્ય બનવાની નથી. આથી જ પ્રભુએ આવી વાત કરી હતી. નિકાચિત બનેલી નરકને પ્રભુ પણ દૂર કરી શકતા નથી.

શ્રેણિકને તો બે ય વાતોનો અમલ ખૂબ સહેલો લાગ્યો. પ્રથમ તેણે કસાઈને ઊંડા કૂવામાં ઉતાર્યો. ચારે બાજુ કડક ચોકી ગોઠવી. બીજે દી તેને બહાર કાઢ્યો ત્યારે તેણે કહ્યું, 'રાજન્ ! કૂવામાં રહીને ય મારી પાસે રાખેલી ખડી(ચોક)થી મેં ૫૦૦ વખત કૂવાની દિવાલે પાડાનું ચિત્ર દોર્યું અને ભૂંસ્યું. દરેક વાર હું બોલતો રહ્યો કે, 'આ પાડો મેં માર્યો.'

શ્રેણિક આ સાંભળીને નિરાશ થયા.

કપિલાના હાથે મુનિને ભિક્ષા અપાવી પણ પછી કપિલા બોલી, 'મેં મારા હાથે મુનિને ભિક્ષા આપી નથી. મેં તો કડછીથી ભિક્ષા આપી છે. ભિક્ષા કડછીથી અપાઈ છે. મારા હાથથી જરાય નહિ.'

શ્રેણિક સાવ નિરાશ થઈ ગયા. આવા હોય છે, નિષ્ઠુર પરિણામી અભવી જીવો.

**(૪) વિનયરત્ન સાધુ :**

"જે પોતાના દુશ્મન રાજાને મારે તેને હું મારું અડધુ રાજ્ય ભેટ આપીશ."

આવી જાહેરાત સાંભળીને એક અભવ્ય આત્માએ તે પડકાર ઝીલ્યો.

દુશ્મન રાજાનું નામ ઉદાયી હતું. તે ચુસ્ત જૈનધર્મી હતો. દર પર્વતિથિએ તે પોતાના મહેલમાં મુનિઓને બોલાવીને તેમની નિશ્રામાં અહોરાત્રિનો પૌષધ કરતો.

આ રાજાના મહેલમાં બિન્ધાસ્ત પ્રવેશ અને નિર્ગમ માત્ર જૈન સાધુ કરી શકતા. એટલે આ ભાઈ જૈન સાધુ બન્યો. ગુરુ વગેરેની એટલી બધી વૈયાવચ્ચ કરતો કે ગુરુએ તેનું નવું નામ 'વિનયરત્ન' પાડ્યું.

બાર વર્ષનાં વહાણાં વાઈ ગયાં. ઓઘાની અંદર નાની છરી સંતાડી રાખી. રોજ બે વાર ઓઘો છોડવાની વિધિ કરવા છતાં એક પણ સાધુને છરીની ગંધ પણ આવવા ન દીધી.

બાર વર્ષે મુરાદ પાર પડી ગઈ.

ઉદાયી રાજાના નગરમાં ચાતુર્માસ કરવાનો અવસર મળ્યો. પર્વતિથિએ રાજાને પૌષધ કરાવવા માટે ગુરુએ વિનયરત્ન મુનિને સાથે લીધો.

રાતે ભરઊંઘમાં રાજાની ગરદન જોરથી દબાવીને ધોરી નસ ઉપર છરી ફેરવી નાંખી. થોડી જ ક્ષણોમાં રાજાના પ્રાણ નીકળી ગયા. સાધુ રાતોરાત ભાગી છૂટ્યો. સવારે ઊઠતાં પોતાનાં લોહી ભીનાં વસ્ત્રો જોઈને ગુરુને શંકા પડી. બધી વાતનો તાગ પામી ગયા. જિનશાસનની હીલના ન થાય તે માટે પોતે તે જ છરીથી આત્મહત્યા કરી લીધી.

પેલા ખૂની વિનયરત્નને 'અડધા રાજ'ની બક્ષિસ રાજાએ ન આપી. કેમ કે તેણે તે માટે અપનાવેલો માર્ગ નીચ કક્ષાનો હતો. તેને જંગલમાં ધકેલી દીધો.

**(૫) પાલક મન્ત્રી :**

પાલક જૈન સાધુઓનો કટ્ટર દ્વેષી હતો. તેણે નગર-પ્રતિબંધ જાહેર કર્યો હતો. છતાં સ્કંદકસૂરિજીએ ૫૦૦ શિષ્યો સાથે પ્રવેશ કરતાં તમામને ઘાણીમાં પીલીને મારી નાંખ્યા. આ અભવી જીવની કેટલી બધી ક્રૂરતા ?

**(૬) પાલક રાજકુમાર :**

શ્રીકૃષ્ણે રાજકુમારોને કહ્યું કે, "પરમાત્મા નેમિનાથ ભગવંતનાં દર્શન કરીને જે પહેલો આવશે તેને અશ્વરત્નની ભેટ મળશે.

રાજકુમાર પાલક વહેલી સવારે અંધારામાં દોડ્યો. બધી વિરાધનાઓ બેપરવાઈથી કરી. જ્યારે બીજા રાજકુમાર શાંબે ઘરમાં બેસીને જ ભાવપૂર્વક પરમાત્માને જુહાર્યા.

પાલક અભવ્ય હતો, અટલે નિષ્ઠુર હતો. અંધારામાં વિરાધનાઓ કરવામાં તેને જરાય હિચકિચાટ ન થયો.

**(૭) દેવાધમ સંગમ :**

દેવાધિદેવ પરમાત્મા મહાવીર ઉપર કાળચક્ર છોડવા સહિતના અતિ ઘોર વીસ ઉપસર્ગો અભવી એવા સંગમદેવે કર્યા બાદ લાગટ છ માસના ચોવિહાર ઉપવાસ કરવાની - રોજ ગોચરીને દોષિત કરવા દ્વારા - ફરજ પાડી.

આ આત્મા અભવી હતો.

જે આત્માઓ ભવ્ય હોય છે તેઓ જો દૂર - ભવ્ય (અનંતકાળ બાદ મોક્ષે જનારા) હોય તો તેના પરિણામ પણ અભવી જેવા 'નિષ્ઠુર' હોઈ શકે.

પણ જે નજીકના કાળમાં મોક્ષે જનારા ભવ્ય હોય તેઓના ચિત્તપરિણામ 'કોમળ' જ હોય.

તેમને બીજાનાં દુઃખો ઉપર, પોતાનાં દોષો (પાપો) ઉપર દુઃખના કે બીજાઓના દાન, શીલ, આદિ સુકૃતો ઉપર હર્ષના આંસુ આવ્યા વિના રહે નહિ. કોમળ આત્મપરિણતિ એ નિકટ મોક્ષગામી જીવોનું લક્ષણ છે. ગુરુ વગેરે વડીલો આવા જીવોને જ બોધ આપી શકે છે. કઠોર જીવો બોધ પામવા માટે લાયક હોતા નથી.

## અચરમાવર્ત્તકાળ અને ચરમાવર્ત્તકાળ

ચિત્રપટમાં બતાડેલા બે ગોળાની વચ્ચેના કાળના બે વિભાગ છે.

(૧) અચરમાવર્ત્તકાળ

(૨) ચરમાવર્ત્તકાળ

અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદનો જે સૌથી બહારનો ગોળો છે ત્યાંથી અચરમાવર્ત્તકાળ છે.

જે 'મોક્ષ'નો છેલ્લો ગોળો છે તે ગોળાની સાવ પાસે જે છેલ્લું ચકરડું છે તે ચરમ (છેલ્લું) આવર્ત્ત (ચકરડું) કાળનું પ્રતીક છે.

આ છેલ્લા ચકરડા સિવાય વધુ ને વધુ મોટા થતાં જતાં અનંતા ચકરડાં છે. તે તમામના કાળને અચરમ (છેલ્લું નહિ તેવા) આવર્ત્ત (ચકરડાં) કાળ કહેવાય.

દરેક ચકરડાનાં દરેક પોઈન્ટ ઉપર એક ભવ ગણીએ તો દરેક ચકરડું પૂરું કરતા અનંતા ભવ થાય અને તેમાં અનંતો કાળ પસાર થાય.

દરેક ચકરડે અનંતા ભવ. એવા અનંતા ચકરડા... એટલે તેમાં અનંત X અનંત = અનંતાનંત ભવ.

અચરમાવર્ત્તકાળમાં અનંતા ચકરડાં આવે. ચરમાવર્ત્તકાળમાં એક જ છેલ્લું ચકરડું આવે. હા, તેમાં ય અનંતા ભવ થાય ત્યારે જ તે પૂરું થાય.

અવ્યવહારરાશિમાં અનંતા ભવ થાય તે બધા અચરમાવર્ત્તકાલીન ભવો કહેવાય. પછી જીવ ત્યાંથી બહાર નીકળે એટલે એકેકું ચકરડું-અનંત ભવો કરીને - પૂરું કરતો જાય. એમ કરતાં કરતાં અનંતા અચરમાવર્ત્ત પૂરા કરે. પછી તે ચરમાવર્ત્તના છેલ્લા ચકરડામાં પ્રવેશે.

આ ચરમાવર્ત્તકાળના બે ભાગ પડે.

ચરમાવર્ત્તકાળ અને અર્ધચરમાવર્ત્તકાળ.

ચરમાવર્ત્તના પહેલા અડધીયા પછીનું જે બીજું અડધીયું-તેને અર્ધચરમાવર્ત્ત કહેવાય. આ બન્ને અડધીયામાં અનંત ભવો થાય.

બીજું અડધીયું જેવું પૂર્ણ થાય કે તરત જીવ મોક્ષ પામે. મોક્ષના 'બોલ'માં પ્રવેશ કરે. અહીં જીવની સંસારયાત્રા પૂરી થાય.

આ ચિન્તનમાં આપણે કાળના કુલ ત્રણ વિભાગ પાડ્યા.

(૧) અચરમાવર્ત્તકાળ

(૨) ચરમાવર્ત્તકાળ

(૩) અર્ધચરમાવર્ત્તકાળ

આપણે આમાંનાં કયા કાળમાંથી પસાર થતા હોઈશું ? તે જાણવા માટે પ્રયત્ન કરીએ. જે જીવ જે કાળમાં હોય તે કાળના હિસાબે તેનાં અમુક લક્ષણો હોય. તે આ પ્રમાણે :-

| | | |
|---|---|---|
| અચરમાવર્ત્તી જીવ | સંસાર જ ગમે | મોક્ષ ન જ ગમે.<br>દેવ-ગુરુ ન જ ગમે.<br>ધર્મ ન જ ગમે. |
| ચરમાવર્ત્તી જીવ | સંસાર પણ ગમે | મોક્ષ પણ ગમે<br>દેવ-ગુરુ પણ ગમે<br>ધર્મ સાંભળવો ગમે. |
| અર્ધચરમાવર્ત્તી જીવ | સંસાર ન જ ગમે | મોક્ષ જ ગમે.<br>દેવ-ગુરુ થવું ગમે.<br>ધર્મ કરવો ગમે. |

અચરમાવર્ત્તકાલીન જીવો સદંતર નાસ્તિક હોય. અત્યંત ભોગરસી હોય, દેવાદિ તત્ત્વો તરફ તેને ભયંકર તિરસ્કાર હોય. કંચન, કામિની આદિ તરફ તેને અતિશય રાગ હોય. તે રાગી જ ન હોય. રાગાન્ધ હોય.

ચરમાવર્ત્તકાળમાં જીવની આ સ્થિતિમાં થોડોક સુધારો થાય. તેને ભલે કંચન, કામિની આદિનો સંસાર ખૂબ ગમે જ પરંતુ હવે સાથોસાથ તેને દેવ, ગુરુ, ધર્મ પણ ગમે. તેમના પ્રત્યે તેને જે તિરસ્કાર હતો તે હવે સાવ ઘટી જાય. ઊલટી રુચિ પેદા થાય.

અર્ધચરમાવર્ત્તકાળમાં આવેલો જીવ સમકિતી કહેવાય. હવે તેને કંચન-કામિની આદિનો સંસાર ભોગવે તો ય ગમે તો નહિ જ. હવે તેને દેવ-ગુરુ, ધર્મ જ ગમે. અરે ! તે ગમે એટલું જ નહિ પણ દેવ (ભગવાન) થવું ગમે. ખૂબ ગમે. સાધુ થવું ગમે. ખૂબ ગમે. અને ધર્મ સાંભળવો જ ન ગમે પરંતુ ધર્મ કરવો ય ખૂબ ગમે.

આમાં વળી વિકાસ થાય. અને છેલ્લે તો તે દેવ બની જાય; તે માટે સાધુ પણ થાય, તે માટે ખૂબ ધર્મ કરવા લાગી જાય. અને છેલ્લે મોક્ષ પણ પામીને જ રહે.

આપણો આત્મા આમાં ક્યાં છે ? તે આપણે નક્કી કરવું જોઈએ.

જૈનધર્મના રાગી બધા જીવોને નજરમાં લઈને વિચારતાં એવું કહી શકાય કે એ જીવો અચરમાવર્ત્તકાળમાં તો નહિ જ હોય; પણ સબૂર ! અર્ધચરમાવર્ત્તકાળમાં પણ નહિ હોય. જો ત્યાં હશે તો બહુ થોડા હશે. બાકી ઘણા ખરા જીવો ચરમાવર્ત્તકાળમાં હશે એમ લાગે છે.

## સહજમળ : નદીગોળપાષાણન્યાય

જ્યારે જૈનદર્શન ઈશ્વરને જીવનો અને જગતનો કર્તા માનતું નથી ત્યારે સવાલ એ થાય કે આ આખો સંસાર શી રીતે ચાલે છે ? તેમાં ય મોટો સવાલ એ થાય કે જીવની ઊર્ધ્વગતિ, અધોગતિ વગેરે કોણ કરે છે ?

આ વાતને સમજવા માટે આપણે સહજમળનો વિચાર કરવો પડશે. જગતનું સંચાલન થવામાં તે તે વસ્તુઓની લોકસ્થિતિ કારણભૂત છે તેમજ જીવોના કર્મો પણ કારણભૂત છે. જીવમાં રહેલા રાગાદિ પર્યાયો પણ કારણભૂત છે.

જીવની બાબતમાં મુખ્ય તત્ત્વ સહજમળ છે.

સહજમળ એટલે જીવમાં રહેલો અનાદિકાલીન કર્મોને (કાર્મણ પુદ્ગલોને)

ખેંચવાનો સ્વભાવ. એ જેટલો જોરમાં તેટલો કર્મનો જીવ સાથે ગાઢ સંબંધ જોરમાં. જેમ જેમ તે સ્વભાવ નબળો પડતો જાય તેમ તેમ જીવ કર્મોને ખેંચવાનું ઓછું કરતો જાય. તેમ થતાં અંતે તેનો મોક્ષ થાય.

અનાદિકાળથી જે જીવો સંસારપરિભ્રમણ કરે છે તેનું કારણ તેમનો સહજમળ સ્વરૂપ સ્વભાવ છે.

અનંતકાળથી જીવ પોતાના સહજમળ પ્રમાણે કર્મોને બાંધે છે. તે ઉદયમાં આવે છે ત્યારે જીવ વિવિધ સારી-નરસી અવસ્થામાં મુકાતો રહે છે. આ રીતે અનંત કાળના પ્રવાહમાં તે ઘસડાય છે, ટીચાય છે, કુટાય છે.

નદીનો પ્રવાહ હજારો કિલોમીટર સુધી ધસમસતો વહી રહ્યો હોય ત્યારે તેમાં એક અષ્ટકોણિયો પથ્થર તણાતો તણાતો આગળ ધપે છે. એમાં ઘસડાવવાથી તે ધીમે ધીમે - આપમેળે-ગોળમટોળ અને લીસ્સો પથ્થર બને છે. તેના ખાંચાખૂંચા ખતમ થાય છે. હવે આ ગોળમટોળ પથ્થરમાંથી-કોઈ કારીગરનો યોગ મળે અને તેમાં ટાંકણાં પડે તો - સરસ મજાની મૂર્તિ બને છે. પછી અંજનશલાકા કરીને આચાર્ય દ્વારા તે મૂર્તિ ભગવાન બને છે.

આવું જ જીવના વિકાસમાં બને છે. કાળનો અનંત પ્રવાહ વહી રહ્યો છે. તેમાં પડીને આગળ ધપતો જીવ અષ્ટકોણ પથ્થર જેવો છે. પણ પ્રવાહમાં ઘસડાતો, ટીચાતો તે જીવ-ઘણા બધા કાતિલ દોષોથી ભરેલો તે જીવ-છેવટે આપમેળે ગોળમટોળ-સુંદર બને છે. કેટલીક પાયાની વિશેષતાઓ તે પ્રાપ્ત કરે છે. આટલું થતાં તેને સદ્‌ગુરુસ્વરૂપ કારીગર મળે છે જે તેને સુંદર-ગુણવાન બનાવે છે. છેલ્લે ભગવાન બનાવે છે.

જેમ જેમ સહજમળનો હ્રાસ થતો જાય તેમ જીવ વધુ ને વધુ ગુણવાન બનતો જાય.

સહજમળની ઉગ્રતામાં જીવ દુષ્કૃતો સેવતો હતો અને તેમાં ખૂબ પ્રસન્ન હતો. સુકૃતોના સેવનમાં તેને કોઈ રસ ન હતો. જે જીવો સુકૃતોનું સેવન કરતા હોય તેમની મશ્કરી કરતો હતો. હવે જેમ જેમ સહજમળનો હ્રાસ થવા લાગે તેમ તેમ સૌ પ્રથમ તે દુષ્કૃતોને ત્યાગવા તો ન લાગે પરંતુ તેમની ગર્હા જરૂર કરે. સુકૃતોનું સ્વયં સેવન ન કરે પરંતુ પરસુકૃતોનું અનુમોદન તો જરૂર કરે. વળી વધુ મળહ્રાસ થાય તો આથી પણ વધુ જીવનવિકાસ થાય.

આપણે જોયું કે 'નિયતિ'ના કારણે જીવ અવ્યવહારરાશિમાંથી બહાર

નીકળ્યો. હવે અચરમાવર્ત્તકાળમાં તે પરિભ્રમણ કરે છે તેમાં 'સહજમળ' મુખ્ય કારણ છે. તે જીવના સ્વભાવરૂપ છે. તેની સામે મુખ્યત્વે તેનાં કર્મો કારણભૂત છે. તે કાળમાં તે જીવ દારૂ પીધેલા માણસની જેમ ગમે તેવા હલકા કામો કરીને ખૂબ અશુભકર્મોનો બંધ કરે છે. આથી તે જાતજાતના પશુઓના અવતારો લે છે, ક્યારેક નારકમાં ય જાય છે. ક્યારેક વળી કાયાથી કોઈ ધરમ કરી લે છે તો શુભકર્મ બાંધીને મનુષ્ય કે દેવ પણ થાય છે.

કહ્યું છે કે એવી કોઈ જાતિ નથી, યોનિ નથી, આકાશપ્રદેશ વગેરે નથી જ્યાં તેના જન્મ, મરણ વગેરે થયાં ન હોય.

આ ચિત્રપટમાં ઠેર ઠેર જુદા જુદા બળદ, ઘોડો, હાથી, નારક, દેવ વગેરે નામો લખ્યાં છે તે બાકીનાં તમામ પ્રકારના પશુઓ, પંખીઓ, નારકો, દેવો, માનવોનાં પ્રતીકરૂપ સમજવા. અર્થાત્ પ્રત્યેક જગાએ જીવે બધા પ્રકારના જન્મો અનંતવાર લઈ લીધા છે તે બતાડવાનો અહીં આશય છે.

અચરમાવર્ત્તકાળ પૂરો કરીને જીવ જે ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ કરે છે તેમાં કાળ મુખ્ય કારણ બને છે. હા, અર્ધચરમાવર્ત્તમાં જીવ સમ્યગ્દર્શન, વિરતિ, અપ્રમાદ, શ્રેણિ, વીતરાગતા પ્રાપ્ત કરે છે તેમાં તેનો પુરુષાર્થ મુખ્ય કારણ બને છે.

અચરમાવર્ત્તકાળમાં જીવનો ધર્મ-પુરુષાર્થ નિષ્ફળ જાય અને કર્મો જ તેને ધોબીપછાડ દીધા કરે. પણ ચરમાવર્ત્તકાળમાં જીવ પોતે બળવાન બની જાય. એમાં ય અર્ધચરમાવર્ત્તકાળમાં પ્રવેશ્યા બાદ તો તે એકદમ બળવાન બની જાય.

અચરમાવર્ત્તકાળમાં જીવ શેતાન જ હોય છે.

ચરમાવર્ત્તકાળમાં તે ઈન્સાન (માર્ગાનુસારી) બની શકે છે.

અર્ધચરમાવર્ત્તકાળમાં તે મહાન (સમકિતી કે સાધુ) બની શંકે છે. છેલ્લે ત્યાં તે ભગવાન બને છે.

આનો અર્થ એવો નહિ સમજવો કે અર્ધચરમાવર્ત્તકાળમાં જે જીવોએ પ્રવેશ કર્યો તે બધા મહાન કે ભગવાન જ બની ગયા હોય.

ના, જરાય નહિ. અહીં કહેવાનો આશય એટલો જ છે કે જો કોઈ જીવ મહાન વગેરે બને તેમ હોય તો તે અર્ધચરમાવર્ત્તમાં જ શક્ય છે. આ વાત ચરમાવર્ત્ત કે અચરમાવર્ત્તકાળમાં શક્ય જ નથી. એ રીતે કોઈ જીવ ઈન્સાન બની શકે તો તે ચરમાવર્ત્તકાળમાં જ બની શકે. ના.... અચરમાવર્ત્તકાળમાં તો ઈન્સાન ન જ બની શકે.

બાકી ચરમાવર્ત્ત અને અર્ધચરમાવર્ત્તમાં પ્રવેશેલા જીવો પણ શેતાન હોઈ શકે ખરા. દૃઢપ્રહારી કેવો શેતાન હતો ? તે વખતે તે અર્ધચરમાવર્ત્તમાં તો આવી જ ગયો હતો પરન્તુ મોક્ષ પામવા માટેના છેલ્લા ભવ સુધી આવી ગયો હતો. એ એક જ ભવમાં તે શેતાન મટીને, મહાન (સાધુ) બનીને ભગવાન બની ગયો.

અર્ધચરમાવર્ત્તમાં પ્રવેશ કરેલા ઘણા બધા જીવો મિથ્યાત્વી હોઈ શકે. એટલું જ કે જો સમકિત જોઈતું હોય તો તે માત્ર અર્ધચરમાવર્ત્તમાં મળી શકે. ચરમાવર્ત્ત કે અચરમાવર્ત્તકાળમાં તો સમકિત મળી શકે જ નહિ.

## દ્વિર્બન્ધક : સકૃદ્બંધક

આપણે જાણ્યું કે અચરમાવર્ત્તકાળમાં અનંતા ચક્રો હોય છે. તેમાં જે છેલ્લું ચક્ર હોય છે તેના અંતભાગમાં જે જીવો આવે તેઓ દ્વિર્બન્ધક કે સકૃદ્બન્ધક બની શકે ખરા.

અચરમાવર્ત્તકાળના અનંતા વીતેલા ભવોમાં જીવે ઘણી બધી વાર કામ, ક્રોધ વગેરે દોષો સેવ્યા. તેમાં કેટલીકવાર તો એટલી બધી તીવ્રતાથી સેવ્યા કે તે ક્ષણે તેણે મોહનીયકર્મની સૌથી ઉત્કૃષ્ટ સ્થિતિ - ૭૦ કોટાકોટિ સાગરોપમ (૭૦ કરોડ સાગરોપમને એક કરોડ સાગરોપમથી ગુણાય ત્યારે સીત્તેર કોટાકોટિ સાગરોપમ થાય. એક સાગરોપમમાં અસંખ્ય વર્ષો પસાર થાય. અસંખ્ય ભવો થાય.) આવી ખતરનાક મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ જીવે અનંતી વાર બાંધી. હવે જો તે મોક્ષે પહોંચે ત્યાં સુધીના તેના તમામ ભવોમાં માત્ર બે જ વખત તેવી ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાનો હોય તો તેને દ્વિર્બંધક કહેવાય.

• એ જીવ હવે એકવાર ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી લે પછી તે સકૃદ્બંધક કહેવાય. સકૃત્ એટલે એકવાર, બંધક એટલે બાંધનારો.

જીવ જ્યારે ભાન ભૂલે છે ત્યારે મનની અતિ તીવ્રતા સાથે કામ, ક્રોધાદિનું સેવન કરી બેસે છે. એ વખતે તે આવી ઉત્કૃષ્ટ સ્થિતિનો બંધ કરી નાંખે છે.

અચરમાવર્ત્તકાળ પૂરો થવાની તૈયારી હોય અને ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ કરવાની તૈયારી હોય ત્યારે જ જીવ દ્વિર્બંધક કે સકૃદ્બંધક બની શકે.

## ચરમાવર્ત્તકાળમાં અપુનર્બંધક

જે જીવો ચરમાવર્ત્તકાળમાં પ્રવેશ કરે તેમનો નિશ્ચિતપણે મોક્ષ થવાનો. ભલે પછી તે અનંતા ભવો કર્યા બાદ મોક્ષ થાય.

અભવ્ય જીવોને સદાનો અચરમાવર્ત્તકાળ હોય. ચરમાવર્ત્તકાળ એટલે જેમને મોક્ષમાં જવા માટે હવે એક જ છેલ્લું (ચરમ) ચકરડું (આવર્ત્ત) બાકી છે તેવા જીવોનો કાળ. આ જીવોને મોક્ષપ્રાપ્તિ નિશ્ચિત હોય. જો કે અનંતા ભવો કર્યા બાદ મોક્ષ પામવાની વાતમાં આનંદ પામવા જેવું નથી કેમ કે એ ભવો દુર્ગતિનાં જાલિમ દુઃખોથી ભરપૂર હોય. તેવો એક ભવ પણ ખમી શકાય તેવો નથી ત્યાં અનંતા ભવો શી રીતે ખમવા ? મોક્ષ તો તરત જ-બે પાંચ સારા ભવો પામ્યા બાદ-મળી જવો જોઈએ.

ચરમાવર્ત્તકાળના છેલ્લા એક ચકરડાના આપણે બે ભાગ- બે અડધીયા- કરીએ. તેમાંના પહેલા અડધીયાને આપણે ચરમાવર્ત્ત કહીશું અને બીજા-પાછલા-છેલ્લા અડધીયાને આપણે અર્ધચરમાવર્ત્ત કહીશું.

ચરમાવર્ત્તકાળમાં પ્રવેશેલા જીવોમાં જે જીવો એક વાર પણ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધશે નહિ તે જીવો અપુનર્બંધક કહેવાય. અ=નહિ, પુનર્=ફરી, બંધક=બાંધનારા.

આ જીવોના મુખ્ય ત્રણ લક્ષણો છે.

## અપુનર્બંધકનાં ત્રણ લક્ષણો

અપુનર્બંધક બનેલા-ચરમાવર્ત્તમાં પ્રવેશેલા-જીવના મુખ્ય ત્રણ લક્ષણો છે.

(૧) આજ સુધી તે ખૂબ પાપો કરતો હતો, અતિશય રસથીઃ અતિશય તીવ્રતાથી.

હવે તે પાપો તો કરશે જ પણ તેમાં તીવ્ર રસ નહિ રહે.તીવ્રતા નહિ આવે.

(૨) આજ સુધી પાપો કરતાં, તેને પાપો પ્રત્યે ખૂબ આદર હતો. પાપોને તે એકદમ ઉપાદેય માનતો. હવે તે આદર વગેરે દૂર થશે. સંસારના તમામ ભોગરસમાં તેને બહુમાનભાવ નહિ રહે.

(૩) આજ સુધી તે માતાપિતાદિ પ્રત્યે આદર, અતિથિઓનો સત્કાર, ગરીબો પ્રત્યે કરુણા વગેરે જે ઉચિત-પ્રવૃત્તિઓ કહેવાય તે ક્યારે ય સેવતો નહિ. હવે આવી તમામ ઉચિત-પ્રવૃત્તિઓનું તે સેવન કરશે.

આપણે પૂર્વે જોયું છે કે ચરમાવર્ત્તકાળમાં જીવને ધર્મ પ્રત્યે દ્વેષ મટે છે. હવે કુટુંબકબીલા પ્રત્યેના રાગની જેમ ધર્મ પ્રત્યે પણ રાગ જાગે છે. તેને બે ય ગમે છે : ભોગ અને યોગ.

## માર્ગાભિમુખ : માર્ગપતિત : માર્ગાનુસારી

અપુનર્બંધક જીવ, હવે આત્મવિકાસની કેડી ઉપર આગળ વધે છે. તે અપુનર્બંધક તો છે જ પણ તેમાં હવે તે માર્ગાભિમુખ બને છે.

માર્ગ એટલે મોક્ષ-પ્રાપ્તિનો માર્ગ.

માર્ગ એટલે સંયમધર્મનો માર્ગ.

માર્ગ એટલે સદાચારિતાનો માર્ગ.

આ માર્ગ તરફ અપુનર્બંધક જીવ જોવા લાગે છે. તે તરફ ટીકી ટીકીને જુએ છે. તેને તે માર્ગ સારો લાગે છે.

હવે એ જીવ એ માર્ગે જઈને પડે છે. માર્ગના જે આચરણો છે તેને જીવનમાં ઉતારે છે. આ જીવ હવે **માર્ગપતિત** કહેવાય છે. ત્યારબાદ તે **માર્ગાનુસારી** બને છે. જે રીતે માર્ગ આગળ વધે તે રીતે તેને અનુસરે છે. જ્ઞાનીઓએ આ 'માર્ગાનુસારિત્વ'થી આધ્યાત્મિક જીવન-વિકાસનો આરંભ થતો જણાવ્યો છે. આ જીવના ૩૫ ગુણો હોય છે. તેમાંના ૧/૩ ગુણો જેના જીવનમાં વિકસ્યા હોય તેને પણ માર્ગાનુસારી કહેવાય છે. આ સ્થિતિમાં જે ગુણોનો બીજરૂપે વિકાસ થયો છે પણ જેમ જેમ તેનો વિકાસ થતો જાય તેમ તેમ તે બીજ વિકસતું જઈને છેવટે વૃક્ષ બને છે. છેલ્લે તેની ઉપર મોક્ષપ્રાપ્તિ નામનું ફળ બેસીને રહે છે.

જ્ઞાનીઓ કહે છે કે જે જીવમાં 'માર્ગાનુસારિત્વ'ના ઘટક ગુણોનો જરા ય વિકાસ જોવા ન મળે તે જીવ જો સાધુવેષ ધારણ કરીને ઊંચી કક્ષાનો પોતાનો વિકાસ બતાડે તો તે વિકાસ એ માત્ર ભ્રમરૂપ ગણાય. એવા વિકાસનો કોઈ અર્થ નથી. એવો આત્મા જોરદાર આધ્યાત્મિક પતન પામીને રહે છે. માર્ગાનુસારી જીવનો સૌથી મુખ્ય ગુણ ગરીબો, રોગીઓ, પશુઓ વગેરે પુણ્યહીન આત્માઓ તરફ 'અપાર કરૂણા' છે.

અત્યાર સુધી જીવમાં હૈયાંની કઠોરતા પુષ્કળ પ્રમાણમાં હતી. હવે તે દૂર થઈને તેનામાં કોમળતા આવે છે.

કોમળ હૃદય અને ઠંડું માથું વિના ધર્મતત્ત્વનો જીવનમાં પ્રવેશ કરવો તે બિલકુલ સંભવિત નથી. ધર્મમાર્ગે હૃદયની કઠોરતા (રુક્ષતા, નિષ્ઠુરતા વગેરે) અને મગજની ગરમી (રાઈ, અહંકાર, ક્રોધ વગેરે) અત્યન્ત બાધક છે. માર્ગાનુસારી ભાવ એટલે ચિત્રો દોરવા માટેની દીવાલને સાફ કરવાની

પૂર્વભૂમિકા. દિવાલ જેટલી વધુ સાફ થાય તેટલું ચિત્ર (ધર્મ) વધુ જીવંત બને. ક્રિયાત્મક અને ગુણાત્મક ધર્મોની પૂર્વભૂમિકામાં સ્વધર્મો (કર્તવ્યો) અત્યંત આવશ્યક છે.

## અર્ધચરમાવર્ત્તમાં પ્રવેશ : સમ્યગ્દર્શન

જીવ અર્ધચરમાવર્ત્તમાં પ્રવેશ કરે તે પછી તે ગમે ત્યારે સમ્યગ્દર્શન પામી શકે. સામાન્યતઃ સમ્યગ્દર્શન સદ્‌ગુરુના ઉપદેશથી જીવને પ્રાપ્ત થાય છે.

જિનશાસનનું સભ્યપદ પામવા માટે સમ્યગ્દર્શન અત્યન્ત આવશ્યક છે. જે આત્મા સમકિતી બન્યો નથી તે આત્મા જૈન સંઘમાં પણ ગણાતો નથી.

આ ગુણસ્થાન હૃદયપરિવર્તનનું ગુણસ્થાન છે. અહીં વિશિષ્ટ જીવન-પરિવર્તન હોતું નથી, અર્થાત્ પ્રતિજ્ઞાપૂર્વકની આંશિક પણ વિરતિ અહીં હોતી નથી. જે આત્મા આંશિક પણ વિરતિ પામે તેનું ગુણસ્થાન બદલાઈ જાય છે. સમ્યગ્દર્શનના ચોથા ગુણસ્થાનેથી તે આત્મા પાંચમાં દેશવિરતિ ગુણસ્થાને જાય છે.

સમ્યગ્દર્શન વિના એક પણ આત્મા ઉપરનો આધ્યાત્મિક વિકાસ પામી શકતો નથી.

જ્ઞાનીઓ કહે છે કે એક વાર સાધુવેષ લીધા વિના પણ-ગૃહસ્થના કે સંન્યાસીના વેષમાં-કેવળજ્ઞાન પામી શકાશે પરન્તુ સમ્યગ્દર્શનના ચોથા ગુણસ્થાનને સ્પર્શ્યા વિના એક પણ જીવ કેવળજ્ઞાન પામી શકશે નહિ.

સમ્યગ્દૃષ્ટિ આત્માને સુખમય સંસાર તરફ પણ તિરસ્કાર હોય. તે જે કાંઈ પાપ કરે - તેને કરવા પડે - તેમાં તેના ચિત્તને ભારે ઉદ્વેગ હોય. અંદરથી પોતે અત્યંત જાગ્રત હોય. તેની કાયા સંસારમાં ખરડાય પણ તેનું ચિત્ત સદા તેનાથી અલિપ્ત હોય : અર્થાત્ તે કાયપાતી હોઈ શકે પણ ચિત્તપાતી તો ન જ હોઈ શકે.

આ જીવનાં મુખ્ય ત્રણ લક્ષણો છે.

(૧) જિનવાણીના શ્રવણની અતિ લાલસા

(૨) ચરિત્રધર્મ ઉપર અતિ રાગ.

(૩) દેવ-ગુરુની પરમ ભક્તિ.

જે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ વિરતિધર્મસ્વરૂપ ચારિત્રધર્મને પામી શકતા નથી તે અત્યન્ત દુઃખી હોય છે. એમના જેવા દુઃખી સાતમી નારકના જીવો પણ હોતા નથી. આ આત્માનું મનોમન સદા રટણ ચાલતું હોય, **'સસનેહી પ્યારા રે, સંયમ કબ હી મિલે.'**

## દેશવિરતિધર શ્રાવક

ચોથા ગુણસ્થાને રહેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા વિકાસ સાધે ત્યારે પાંચમાં ગુણસ્થાનનો સ્પર્શ કરે. તે વખતે તે પ્રતિજ્ઞાપૂર્વક કેટલાક વ્રત-પચ્ચક્ખાણ કરે. આ આત્માને દેશવિરતિધર શ્રાવક (કે શ્રાવિકા) કહેવાય. શ્રેણિક, કૃષ્ણ વગેરે ચોથા ગુણસ્થાનથી આગળ વધી શક્યા ન હતા. કુમારપાળ, શ્રીપાળ, ધનપાળ પંડિત, મયણા, સુલસા વગેરે દેશવિરતિધર શ્રાવક કે શ્રાવિકા હતાં.

## સર્વવિરતિધર સાધુ

જે આત્માઓ વિશેષ વિકાસ સાધે તે છઠ્ઠા ગુણસ્થાનના સાધુ કે સાધ્વી બને. સર્વ પાપોથી પ્રતિજ્ઞાપૂર્વક વિરામ પામે એટલે તે સર્વવિરતિધર સાધુ કે સાધ્વી કહેવાય.

આ સાધુનું જીવન સામાન્યતઃ પ્રમાદભાવયુક્ત હોય છે. એટલે તેમને પ્રમત્ત સર્વવિરતિધર સાધુ કહેવાય. પરન્તુ જ્યારે તેઓના અંતરમાં અપ્રમત્ત ભાવની ઝલક આવે ત્યારે તેઓ સાતમા ગુણસ્થાનના અપ્રમત્ત સર્વવિરતિધર સાધુ કહેવાય.

વધુમાં વધુ દર બે ઘડીએ સાધુ છઠ્ઠાથી સાતમા ગુણસ્થાનને સ્પર્શે જ. એવી સાતમા ગુણસ્થાનની સ્પર્શનાનો સંપૂર્ણ સરવાળો (દેશોન પૂર્વક્રોડ-વર્ષના સાધુજીવનમાં પણ) બે ઘડીથી વધુ થાય નહિ.

હાલમાં જે સર્વવિરતિધર સાધુ (સાધ્વી) છે તેમનું ચારિત્ર કાં બકુશ હોય કાં કુશીલ હોય. આ સિવાયના ત્રણ ચારિત્ર ન જ હોય. બકુશ અને કુશીલ ચારિત્ર એટલે દોષોથી મલિન થતું ચારિત્ર.

આવા મલિન ચારિત્રધરો પણ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાને તો જ હોઈ શકે જો તેમને તે દોષોનો તીવ્ર પશ્ચાત્તાપ અને તે દોષોનું સૂક્ષ્મતમ પ્રાયશ્ચિત્ત કરાતું હોય. આવા પ્રાયશ્ચિત્તકારી સાધુઓ (નિશ્ચયનયથી મલિન છતાં) નિર્મળ કહેવાય. એથી જ તેઓ છઠ્ઠા ગુણસ્થાન ઉપર ટકી જાય.

વર્તમાનકાળની ઉત્કૃષ્ટ સાધના પણ સાતમા ગુણસ્થાનથી આગળની હોઈ શકતી નથી. આપણે જોયું કે માર્ગાનુસારી જીવનો મુખ્ય ગુણ કરુણા છે તેમ દ્રવ્ય સમ્યગ્દૃષ્ટિના મુખ્ય ગુણમાં-સુખમાં વિરાગ અને દુઃખમાં સમાધિ છે. ભાવ સમ્યગ્દૃષ્ટિનો મુખ્ય ગુણ 'ઉપશમ' છે.

સાધુનો મુખ્ય ગુણ 'અપ્રમાદ' છે.

કર્મગ્રન્થની દૃષ્ટિએ આ આત્મવિકાસ આ રીતે છે.

મોહનીયકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ સિત્તેર કોટાકોટિ સાગરોપમની હોય છે. જ્યારે જીવ મોહનીયકર્મની અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિએ આવે ત્યારે તે ગ્રન્થિપ્રદેશ (ગ્રન્થિ એટલે રાગ-દ્વેષની ગાઢ ગાંઠ)ની નજીક આવે. તે વખતે જ તેને દ્રવ્યક્રિયાઓનો સ્પર્શ થાય. નવકારમન્ત્રનું શ્રવણ વગેરે મળે.

જ્યારે આ સ્થિતિમાં વળી હ્રાસ થવા સાથે અંતઃકોટાકોટિ સાગરોપમની સ્થિતિ રહે ત્યારે તે જીવ સમ્યગ્દર્શન પામે. તેમાં વળી પલ્યોપમપૃથક્ત્વ (બે થી નવ પલ્યોપમ) જેટલી મોહનીયકર્મની સ્થિતિનો હ્રાસ થાય ત્યારે તેને દેશવિરતિ પ્રાપ્ત થાય.

તેમાં વળી, ત્રણેય બાબતોમાં સંખ્યાતા સાગરોપમ જેટલી મોહનીયકર્મની સ્થિતિનો હ્રાસ થાય ત્યારે ક્રમશઃ સર્વવિરતિ, ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી પ્રાપ્ત થાય.

સમક્તિી, શ્રાવક અને સાધુનાં બાહ્ય ચિહ્નો ક્રમશઃ ચાંલ્લો, ચરવળો અને રજોહરણ છે. જેની પાસે ચાંલ્લો વગેરે હોય તેને વ્યવહારથી સમક્તિી વગેરે કહી શકાય.

નિશ્ચયનયથી તો ગુણસ્થાન-પ્રાપ્તિ પ્રમાણે જ સમક્તિી વગેરે ઉલ્લેખ કરી શકાય.

## ત્રણ વાનરો ઉપર ઘટના

આ ત્રણ પ્રકારની અવસ્થાઓ સરળતાથી સમજાય તે માટે ત્રણ વાંદરાનું રૂપક જણાવું.

ધરતી ઉપર ત્રણ વાંદરા બેઠા છે. નજીકમાં આંબાનું વિરાટ વૃક્ષ છે. તેની એકદમ ઊંચે આવેલી ડાળ પર પાકેલી કેરીઓ ઝૂમી રહી છે. નીચેની ડાળે કાચી કેરીઓ છે. વાનરોએ પાકેલી કેરી તરફ નજર કરી. ત્રણેયની ઇચ્છા તે જ કેરી મેળવવાની છે. એક વાનરે પૂરી તાકાતથી કૂદકો માર્યો. પાકેલી કેરીની ડાળે જઈ બેઠો. એકદમ ખુશખુશાલ થઈ ગયો.

બીજાએ કૂદકો તો માર્યો; ઠેઠ પહોંચવા, પરન્તુ તે ત્યાં પહોંચી ન શક્યો. કાચી કેરીની ડાળ પકડાઈ ગઈ. ત્યાં બેઠો પણ તેની નજર પાકી કેરી તરફ છે. તે ન પામવા બદલ તેના મોં ઉપર અફસોસ છે.

ત્રીજો વાનર જરાક પણ કૂદી શકે તેમ ન હતો કેમ કે મદારીએ તેને ખીલે બરોબર બાંધ્યો છે. એના નસીબમાં-કાચી કે પાકી-એકેય કેરી ન હોવાથી તે રડી રહ્યો છે.

પ્રથમ વાનરના સ્થાને સર્વવિરતિધર સાધુ છે.

બીજા વાનરના સ્થાને દેશવિરતિધર શ્રાવક છે.

ત્રીજા વાનરના સ્થાને સમ્યગ્દૃષ્ટિ આત્મા છે.

સાતમા ગુણસ્થાને આવેલો જીવ જો મોહનીયકર્મની પ્રકૃતિઓનો ઉપશમ કરતો આગળ વધે તો તે ઉપશામક કહેવાય : તેની ઉપશમશ્રેણી કહેવાય. તે ૮, ૯, ૧૦મા ગુણસ્થાને જાય. પછી ૧૧મા ગુણસ્થાને જાય. ત્યાંથી નિશ્ચિતપણે પડે. પડતો પડતો છેક પહેલા ગુણસ્થાને પણ જાય. અરે ! તેમાં ય નિગોદમાં પણ ચાલી જાય. એટલું ચોક્કસ કે તે ગમે તેટલા પાપ કરે તો ય તેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્ત્તથી વધારે તો ન જ થાય.

જે આત્મા સાતમા ગુણસ્થાને આવીને મોહનીયકર્મની પ્રકૃતિઓને ક્ષીણ કરતો આગળ વધે તે ક્ષપક કહેવાય. તેની ક્ષપકશ્રેણી કહેવાય. તે આત્મા ૧૧મા ગુણસ્થાને ન જ જાય. તે ૮, ૯, ૧૦, ૧૨મે થઈને ૧૩મા ગુણસ્થાને જાય. બારમા ગુણસ્થાને તે ચાર ઘાતીકર્મોનો નાશ કરીને વીતરાગ બને. તેરમા ગુણસ્થાને સર્વજ્ઞ (કેવલી) બને. આયુષ્યનો જેટલો કાળ બાકી હોય તેમાં એક અન્તર્મુહૂર્ત્ત ન્યૂન બધો કાળ તેરમા ગુણસ્થાને પૂર્ણ કરે. પછી ચૌદમા ગુણસ્થાને અ, ઈ, ઉ, ઋ, લૃ વર્ણો બોલતાં જેટલો કાળ લાગે તેટલો કાળ (અન્તર્મુહૂર્ત) ચૌદમા ગુણસ્થાને યોગ-નિરોધ કરે. અયોગી કેવલી બને. પછી આયુષ્ય પૂર્ણ થાય. એક જ - એ જ - સમયમાં ચાર અઘાતી કર્મોનો ક્ષય કરીને તે મોક્ષના સ્થાને - સિદ્ધશિલાની ઉપર-પહોંચી જાય. મોક્ષ પામેલા આત્માને સંસારમાં ક્યાંય જન્મ લેવાનો રહેતો નથી. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત સુખ સ્વરૂપ અનંત ચતુષ્ટમાં તે રમમાણ રહે છે. અપૂર્વ આનંદની અનુભૂતિ સદા માટે કરે છે.

આજ સુધીના ભૂતકાળના અનંતા કાળમાં અનંતા આત્માઓ મોક્ષ પામ્યા છે. ભવિષ્યમાં અનંતા આત્માઓ મોક્ષ પામશે. અને તો ય સંસાર જીવોથી ખાલી નહિ થાય. ખાલી થતો રહેવા છતાં ખાલી નહિ દેખાય. કેમ કે સિદ્ધ થનારા જીવો કરતાં અનન્તાનન્ત ગુણી સંખ્યા સંસારી જીવોની છે. અને તે સદા આઠમા નંબરના ‘અનંત’માં જ રહેવાની છે.

## (૭) બીજો ચિત્રપટ
## ચૌદ ગુણસ્થાન




ચૌદ ગુણસ્થાનોનો સરળ ભાષામાં વિકાસનો ક્રમ :

| | | |
|---|---|---|
| ૧. સરળ બનો<br>૨. સુજન બનો<br>૩. સજ્જન બનો<br>૪. સાધુ બનો<br>૫. ભગવાન બનો | માર્ગાનુસારી જીવ<br>સમ્યગ્દર્શન<br>દેશવિરતિ - શ્રાવકધર્મ<br>સર્વવિરતિ-સાધુધર્મ<br>વીતરાગતા : સર્વજ્ઞતા :<br>સિદ્ધત્વ | ૧લું ગુણસ્થાન<br>૪થું ગુણસ્થાન<br>૫મું ગુણસ્થાન<br>૬ઠ્ઠું વગેરે ગુણસ્થાન<br>૧૩મું અને ૧૪મું<br>ગુણસ્થાન |

## પહેલું : મિથ્યાત્વ ગુણસ્થાન

પહેલા ગુણસ્થાનનું નામ મિથ્યાત્વ ગુણસ્થાન છે. કોઈ સવાલ કરશે કે મિથ્યાત્વ એ અવગુણ છે. એના સ્થાનને અવગુણસ્થાન કહેવું જોઈએ ને ? ગુણસ્થાન કેમ કહેવાય છે ?

એનો જવાબ એ છે કે આ વાત સાચી છે. પરન્તુ આ સ્થાનના પાંચ પેટાભેદ પડે છે. તેમાં ઉત્તરોત્તર જીવની વિકસિત અવસ્થા બનતી જાય છે. અરે ! 1A નામના સૌથી પહેલા પેટાભેદમાં જે અનંત જીવો છે તે તમામ આત્માઓના આઠ રૂચક પ્રદેશો સદા માટે એકદમ શુદ્ધ હોય છે. ત્યાં કદી કોઈ પણ અશુદ્ધિ હોતી નથી. જેવા સિદ્ધ ભગવંતના તમામ - અસંખ્ય આત્મપ્રદેશો એકદમ શુદ્ધ-તેવા જ આઠ રૂચક પ્રદેશો સર્વ આત્માઓના અનાદિકાળથી એકદમ શુદ્ધ. ત્યાં કર્મનું એકાદ દલિક પણ કદી ચોંટતું નથી. આ આઠ પ્રદેશોની શુદ્ધતા એ ગુણ છે.

વળી આ ગુણસ્થાનના બાકીના ચાર પેટાભેદોમાં પણ જીવની વિશિષ્ટ ગુણવત્તા બનતી જાય છે. એટલે આ મિથ્યાત્વના સ્થાનને પહેલું ગુણસ્થાન કહ્યું છે.

આ ઉપરથી એવું કહી શકાય કે જ્ઞાનીઓ આપણને સર્વત્ર ગુણનો અંશ જોવાનું જણાવે છે. આ ચિત્રપટમાં ચૌદ ગુણસ્થાનોના જે ગોળા બતાડાયા છે તેમાં ધ્યાન દઈને જોશો તો એવું જાણવા મળશે કે શરૂના બોલમાં કાળો ભાગ વધુ છે, જે કાળાશ ઉત્તરોત્તર બોલમાં ઘટતી જાય છે અને ધોળાશ વધતી જાય છે. ચૌદમા ગુણસ્થાનના ગોળામાં જે અતિ સૂક્ષ્મ કાળાશ રહી છે તે પણ મોક્ષ બતાડતા ચોરસમાંથી સાવ નીકળી ગઈ છે. તે ચોરસ સર્વાંશે ધોળો છે.

કાળાશ જીવની અંધકાર દશાને જણાવે છે.

ધોળાશ જીવની પ્રકાશદશાને જણાવે છે.

પ્રથમ ગુણસ્થાનના પાંચ પેટાભેદો સ્થૂલથી બતાડવામાં આવ્યા છે. તેમનાં નામ ૧A, ૧B, ૧C, ૧D અને ૧E છે. એ પછી દ્વિતીય વગેરે ગુણસ્થાનો સીધી ઊભી લીટીમાં બતાડ્યા છે. જેમાં સૌથી ઉપર મોક્ષ છે.

કેટલાક ગુણસ્થાનો એવા છે જ્યાંથી આગળ જ વધવાનું છે, તો ત્યાં તે રીતના તીર (ગમનસૂચક) બતાડયા છે જે ગુણસ્થાનોમાંથી જવાનું છે અને ક્યાંકથી પાછા ત્યાં આવવાનું પણ સંભવિત છે, ત્યાં તે રીતના તીર

(ગમન-આગમનસૂચક) બતાડવામાં આવ્યા છે.

આઠમાથી બારમા ગુણસ્થાનોને શ્રેણીના ગુણસ્થાનો કહેવાય છે એટલે ત્યાં તે રીતનો કાઉંસ મૂકવામાં આવ્યો છે.

હવે આપણે ક્રમશ: પ્રથમ : મિથ્યાત્વ ગુણસ્થાનના પાંચ પેટાભેદોને જોઈએ.

**1A**

આપણે પહેલા ચિત્રપટના વિવેચનમાં જોયું છે કે દરેક જીવ સહુથી પ્રથમ અવ્યવહારરાશિની નિગોદમાં હોય. ત્યાં જ તેના અનન્તા ભવો થાય. એ વખતે તેનામાં અતિગાઢ એવા મિથ્યાભાવનો (સમ્યક્ભાવની સૂઝનો સર્વથા અભાવ તે મિથ્યાભાવ) ઉદય હોય. તેને કોઈ પણ પદાર્થની સાચી સૂઝનો પ્રકાશ જરાક પણ ન હોય. આ વાત દર્શાવવા માટે તે 1Aના ગોળામાં લગભગ પૂરો અંધકાર દર્શાવતો કાળો રંગ બતાડ્યો છે.

હા, હમણાં જ કહ્યું તેમ અહીં દરેક જીવના આઠ રૂચક પ્રદેશો સદા શુદ્ધ રહેતા હોવાથી, તેને દર્શાવતું નાનકડું સફેદ ટપકું દર્શાવવામાં આવ્યું છે.

આ ગોળામાં જે જીવો છે તે તમામ અવ્યવહારરાશિને લગતા છે. તેમને સૂક્ષ્મ એવી નિગોદ કહેવાય છે.

નિગોદ એટલે વનસ્પતિ.

સૂક્ષ્મ એટલે જેનો મોટો ઢગલો કરાય તો ય આંખોથી ન દેખાય તેવી. (વનસ્પતિ) ચૌદ રાજલોકમાં એવો એકાદ પણ આકાશપ્રદેશ જડશે નહિ જ્યાં આ નિગોદ ન હોય.

બધુ મળીને નિગોદના અસંખ્ય ગોળા હોય છે. દરેક નિગોદમાં અનન્તા જીવો હોય છે. તે તમામને એકીસાથે શ્વાસોચ્છ્વાસ લેવા પડતા હોવાથી અને જુવાન માણસનાં એક શ્વાસોચ્છ્વાસમાં જેટલો સમય જાય તેટલા સમયમાં સાડા સત્તર વખત જન્મ-મરણ થઈ જતા હોવાથી આ જીવોની વેદનાનો કોઈ પાર હોતો નથી.

સૂક્ષ્મ નિગોદના બે પ્રકાર છે. અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદ અને વ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદ. જે અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદના જીવો બાદરનિગોદથી માંડીને પંચેન્દ્રિય માનવ સુધીમાં આવી ગયા તે જીવો જો પાછા સૂક્ષ્મનિગોદમાં જાય તો વ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદના જીવો કહેવાય. જે હજી કદી બહાર નીકળ્યા જ નથી તે અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદ કહેવાય.

જે જાતિભવ્ય જીવો છે તે અવ્યવહારરાશિની સૂક્ષ્મનિગોદમાંથી બહાર

નીકળીને માત્ર બાદરનિગોદમાં આવી શકે. એટલે કે સાધારણપણાંમાં ફર્યા કરે પણ તે પ્રત્યેકપણું તો ન જ પામી શકે. અર્થાત્ પૃથ્વી આદિમાં તેઓ આવી શકે નહિ.

## 1B

પહેલા ગુણસ્થાનના પાંચેય ભેદોમાં મિથ્યાત્વની અંધકારમયતા છે. તેમાં પ્રથમ અને દ્વિતીય પેટાભેદમાં તો મિથ્યાત્વનો અતિ ગાઢ અંધકાર હોય છે. આ બે 1A અને 1Bમાં બહુ થોડોક ફરક છે. જે જીવો અવ્યવહારરાશિમાંથી વ્યવહારરાશિમાં આવે તે જીવો 1Aમાંથી નીકળીને 1Bમાં જાય. બસ, આટલો જ ફરક પડે છે. હા. એ ખરું કે અવ્યવહારરાશિમાંથી બહાર નીકળવું એ બહુ અઘરું કાર્ય છે. જે જીવની નિયતિ તેવી બને ત્યારે જ તે ત્યાંથી નીકળી શકે. આટલું પણ એ જીવનું સદ્‌ભાગ્ય તો ગણાય જ.

## 1C

આપણે જોયું કે અનાદિકાળના અનંત ભવોમાં જીવે અનંતી વાર અતિ ક્લિષ્ટ રાગાદિની પરિણતિઓ સેવી છે. તે વખતે તેણે સીત્તેર કોટાકોટિ સાગરોપમની મોહનીયકર્મની સ્થિતિનો બંધ કર્યો. આવા પ્રકારના તમામ જીવોને આપણે 1A અને 1B ગોળામાં રાખ્યા છે.

હવે એ જીવોમાં જે જીવો આખા ભવચક્રમાં બે જ વાર અથવા એક જ વાર મોહનીયકર્મની ૭૦ કોટાકોટિ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધવાના છે તે બધા જીવોને આપણે 1C ગોળામાં ગણશું.

આ 1A., 1B. અને 1C. ગોળાના જીવોને ભોગરસ ખૂબ હોય છે. આ જીવોમાં ગુણોની ખીલવટ હોતી નથી. દોષોનો ભંડાર પડેલો છે. પણ આ ત્રીજા પેટાભેદમાં ભોગરસની ચરમ સીમા આવે છે. હવે 1Dમાં જે જીવોને આપણે મૂકશું તેમાં આવો કાતિલ ભોગરસ નહિ હોય.

## 1D

1C સુધીના ત્રણ ગોળાના જીવોને આપણે અચરમાવર્ત્તકાલીન જીવો ગણીશું. હવે તેમાંથી ચરમાવર્ત્તકાળમાં જે જીવો આવ્યા તે બધાને આપણે 1Dમાં ગણીશું. અહીં રહેલા જીવો દ્વિર્બંધક નથી કે સકૃદ્‌બંધક પણ નથી. તે બધા અપુનર્બંધક છે. આ અપુનર્બંધક જીવોમાં કેટલાક માર્ગાભિમુખ, માર્ગપતિત હોય છે.

અહીંથી ધર્મ-સ્વધર્મનો-આછો પાતળો પ્રકાશ શરૂ થાય છે. ધર્મની પૂર્વે સ્વધર્મો (ઉચિત કર્તવ્યો)નું પાલન હોય. તેમાં સૌથી પ્રથમ ઉચિત કર્તવ્ય તરીકે

માતાપિતાનું પૂજન ગણવામાં આવ્યું છે. આ ગોળાના જીવોમાં માતાપિતાની સેવાનો ભાવ જાગ્રત થાય છે. આવી તેમની અવસ્થાને આદિધાર્મિક અવસ્થા કહેવાય છે.

**1E**

1D.ના ગોળાના જે જીવો માર્ગાનુસારી ભાવ પામે તે તમામને 1Eના ગોળામાં ગણવાના છે. આ ગોળાના જીવોમાં મોક્ષ તરફ રુચિ પેદા થાય. આ જીવોમાં ન્યાયસંપન્ન વૈભવ, સદાચારિતા, ઉચિત સેવન, પાપમાં અલ્પરસ વગેરે ગુણો પ્રગટ થાય. જો કે 1A થી 1E સુધીના બધા જ જીવોમાં મિથ્યાત્વભાવનું અંધારું તો છે જ પણ તે ય ઉત્તરોત્તર ઘટતું જાય છે. અને ગુણનો પ્રકાશ વધતો જાય છે.

1E. માં 'મિથ્યાત્વ ગુણસ્થાન'નો 'ગુણસ્થાન' શબ્દ સાર્થક બની જાય છે. આ ગોળાના જીવોમાં સરસ ગુણવિકાસ થાય છે. ભાવિમાં જે ક્રિયાત્મક ધર્મ અને ગુણાત્મક ધર્મની પ્રાપ્તિ કરવાની છે તેના બીજ અહીં પડી જાય છે. આમાં સૌથી મુખ્ય અર્થમાં નીતિ અને કામમાં સદાચાર - એ બે - ગુણો છે. વળી, જે જીવો ભવિષ્યમાં 'મોક્ષ' પામવાના છે તે જ જીવો આ ગોળામાં હોવાથી તેમને મોક્ષરુચિ પણ ઉત્પન્ન થાય છે.

એ વાત ખ્યાલમાં રહે કે 1D સુધીના જે ચાર ગોળા છે તેમાંથી નીકળી ગયેલા જીવો ફરી તેમાં ક્યારેય આવી શકતા નથી. અભવ્ય જીવો 1A અને 1B.થી આગળ વધી શકતા નથી.

1D. કે 1E.થી આગળ વધેલો જીવ ફરી પાછો 1E.માં આવી શકે છે ખરો.

મિથ્યાત્વ ગુણસ્થાનનો કાળ જઘન્યથી એક અન્તર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી અનંતો કાળ હોઈ શકે છે.

હવે આપણે આગળ વધીએ.

## બીજું : સાસ્વાદન ગુણસ્થાન

બીજા ગુણસ્થાનનું નામ સાસ્વાદન ગુણસ્થાન છે. અહીં જીવમાં મિથ્યાત્વભાવ હોતો નથી તો સમ્યક્ત્વભાવ પણ વ્યક્તસ્વરૂપે હોતો નથી.

૧૧મા ઉપશામશ્રેણીના ગુણસ્થાનેથી પડેલા જીવો તથા ૪થા ગુણસ્થાનનું ઉપશમસમ્યક્ત્વ પામીને પડેલા જીવો આ બીજા ગુણસ્થાને આવે છે. આ જીવો સમ્યક્ત્વને વમે છે : તેની ઊલટી કરે છે. એટલે તેમને સમ્યક્ત્વનો આસ્વાદ હોય છે એટલે એવા આસ્વાદ સહિતના આ ગુણસ્થાનને સાસ્વાદન

ગુણસ્થાન કહેવામાં આવે છે.

આ ઉપરથી સમજાશે કે ચડતી વખતે આ ગુણસ્થાનની સ્પર્શના જીવ કરી શકતો નથી. આ ગુણસ્થાન પડતી વખતે જ સ્પર્શાય છે.

સ્પર્શનાનો કાળ જઘન્યથી એક સમયનો હોય છે. ઉત્કૃષ્ટથી છ આવલિકા જેટલો હોય છે.

જ્ઞાનીઓએ પાંચ પ્રકારના જે સમ્યક્ત્વ કહ્યા છે તેમાં આ સાસ્વાદન ભાવને પણ સમ્યક્ત્વ તરીકે લેવામાં આવ્યો છે. પણ નિશ્ચયનયને તે માન્ય નથી.

ઉપશમશ્રેણીથી અવશ્ય પતન થાય. તેમાં જીવ ચોથા ગુણસ્થાને અટકી પણ જાય ખરો. પરન્તુ જો તેને હજી વધુ પતન પામવાનું હોય તો તેને બીજા ગુણસ્થાનને સ્પર્શીને જ પહેલાં ગુણસ્થાને જવું પડે.

આવું જ ઉપશમસમ્યક્ત્વમાં સમજવું. જો આ જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ પામી જાય તો તેને ચોથા ગુણસ્થાને જ ટકી જવાનું મળે. પણ જો તેને મિથ્યાત્વ ગુણસ્થાને ગબડવાનું હોય તો તે બીજા ગુણસ્થાનને સ્પર્શીને જ મિથ્યાત્વ ગુણસ્થાને જઈ શકે.

જો ક્ષયોપશમ સમ્યક્ત્વથી પતન થઈને મિથ્યાત્વ ગુણસ્થાને જવાનું હોય તો આ બીજા ગુણસ્થાનને સ્પર્શવાનું હોતું નથી. ઉપશમસમ્યક્ત્વના અનુભવના કાળમાં (૧ સમયથી ૬ આવલિકા જેટલા) પતન થવાનું કારણ અનંતાનુબન્ધી કષાયનો થઈ જતો ઉદય છે. ઉપશમસમ્યક્ત્વનો જટલો કાળ બાકી હોય તેટલો કાળ આ કષાયના ઉદય સાથે બીજા ગુણસ્થાને જીવને પસાર કરવો પડે. ત્યાર બાદ તરત તે જીવ પહેલા ગુણસ્થાને ચાલી જાય.

## ત્રીજું : મિશ્રદૃષ્ટિ ગુણસ્થાન

આ ગુણસ્થાને આવેલા જીવને ભગવાન જિનેશ્વરદેવે કહેલા તત્ત્વો પ્રત્યે નથી રુચિ રહેતી કે નથી અરુચિ થતી. આવો મિશ્રભાવ હોવાથી આ ગુણસ્થાનને મિશ્રદૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે.

આ ગુણસ્થાન ચોથા ગુણસ્થાનેથી પડતાં આવી શકે અને પહેલા ગુણસ્થાનેથી ચડતાં–ચોથે ગુણસ્થાને જતાં - પણ આવી શકે. એટલું ખરું કે જે કદી સમ્યક્ત્વ પામ્યો નથી તેવો જીવ પહેલી જ વાર સમ્યક્ત્વ પામે ત્યારે નિયમથી ઉપશમસમ્યક્ત્વ જ પામે. આ વખતે તે પહેલે ગુણસ્થાનેથી સીધો ચોથા ગુણસ્થાને જ જાય. તે વખતે તે બીજે કે ત્રીજે ગુણસ્થાને ન

જ જાય. પણ એક વાર ઉપશમ સમકિત પામ્યા બાદ જીવ ક્ષયોપશમ સમકિત પામે અને તેમાંથી પડે તો તે ત્રીજા ગુણસ્થાનને સ્પર્શીને પડી શકે અને હવે જો એને ક્ષયોપશમ સમ્યક્ત્વ પામવાનું હોય તો પહેલેથી ત્રીજે ગુણસ્થાને થઈને ચોથા ગુણસ્થાને જઈ શકે.

પહેલા ગુણસ્થાનેથી ચોથા ગુણસ્થાને જનારો જીવ જો ત્રીજા મિશ્ર ગુણસ્થાને આવે તો તેને જિનોક્ત તત્ત્વ પ્રત્યે અરુચિ હતી તે દૂર થાય છે. રુચિ તો હતી જ નહિ.

ચોથા ગુણસ્થાનેથી પહેલા ગુણસ્થાને જનારો જીવ જો ત્રીજા મિશ્ર ગુણસ્થાને આવે તો તેને જિનોક્ત તત્ત્વ પ્રત્યે જે રુચિ હતી તે દૂર થાય છે. અરુચિ તો હતી જ નહિ. એટલે જ એમ કહેવાય કે ત્રીજા મિશ્ર ગુણસ્થાને જિનોક્ત તત્ત્વ પ્રત્યે ન રુચિ હોય, ન અરુચિ. એ જ રીતે અહીં સંસાર પ્રત્યે પણ જીવની ન રુચિ ન અરુચિની સ્થિતિ હોય.

આ ગુણસ્થાનનો કાળ એક જ અન્તર્મુહૂર્તનો હોય છે. ત્યારબાદ પોતાના પરિણામ અનુસારે જીવ પહેલે કે ચોથે ગુણસ્થાને જતો રહે છે.

## ચોથું : અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન

જીવનો જૈનસંઘમાં કે જૈનશાસનમાં પ્રવેશ આ ગુણસ્થાનથી થાય છે. જે જીવ આ ગુણસ્થાનેથી ગબડે છે તે જૈનસંઘ અથવા જૈનશાસનમાંથી આપમેળે રદ થાય છે.

જે ચાર કષાયો છે તેમાંના ચાર અનન્તાનુબન્ધી કષાયોનો હ્રાસ (ક્ષયોપશમ વગેરે) થાય ત્યારે જીવને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એ વખતે જીવ ચોથા ગુણસ્થાને આવે છે.

આ ગુણસ્થાને રહેલા જીવોને તત્ત્વત્રયી (સુદેવ, સુગુરુ, સુધર્મ) અને રત્નત્રયી (સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર) ઉપર અવિહડ શ્રદ્ધા હોય છે. એના અંતરમાં એક વાત જડબેસલાક બેસી ગઈ હોય છે કે,

*સાચા છે વીતરાગ, સાચી છે વાણી.*
*આધાર છે આજ્ઞા, બાકી ધૂળધાણી.*

આ જીવોમાં શ્રદ્ધા અપાર હોય છે. પરન્તુ આચરણ થઈ શકતું નથી. તેનું કારણ અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય અને સંજ્વલન કષાયનો ઉદય

છે. આ કષાયો જીવમાં દેશવિરતિ, સર્વવિરતિ અને વીતરાગદશા આવવા દેતા નથી.

આમ આ ગુણસ્થાને દેશવિરતિ કે સર્વવિરતિ-એકેય વિરતિ નહિ હોવાથી આ જીવોને અવિરત સમ્યગ્દષ્ટિ કહેવાય છે. પહેલા ત્રણ ગુણસ્થાનોના જીવોને અવિરત મિથ્યાદષ્ટિ કહેવાય છે.

સમ્યગ્દર્શન અનેક પ્રકારનાં હોય છે. ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક, વેદક અને સાસ્વાદન.

આમાં સાસ્વાદન નામનું સમ્યગ્દર્શન બીજા ગુણસ્થાને હોય છે.

ક્ષાયિક સમ્યક્ત્વ ચોથાથી ચૌદમા ગુણસ્થાને હોય છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાને હોય છે.

ઔપશમિક સમ્યક્ત્વ ચોથાથી અગિયારમા ગુણસ્થાને હોય છે.

વેદક સમ્યક્ત્વ એ ક્ષાયોપશમિક સમ્યક્ત્વના છેલ્લા દલિકોના વેદન સ્વરૂપ હોય છે.

સમ્યગ્દષ્ટિ આત્મા અવિરત છે. એટલે તે વ્રત-પચ્ચક્ખાણ કરી શકતો નથી. પણ તેનામાં દેવ-ગુરુની અપાર ભક્તિ, જિનવાણીના શ્રવણની તીવ્ર લાલસા અને ચારિત્રધર્મનો અતિ રાગ તો જરૂર હોય છે.

આ ગુણસ્થાન અપેક્ષાએ સૌથી મહત્ત્વનું ગુણસ્થાન છે. આધ્યાત્મિક વિકાસની સાચી શરૂઆત અહીં થાય છે.

આ ગુણસ્થાન જંકશન સ્ટેશન જેવું છે. જે જીવો ઉપરના ગુણસ્થાનેથી નીચેના ગુણસ્થાને જવાના હોય કે નીચેના ગુણસ્થાનેથી ઉપરના ગુણસ્થાને જવાના હોય તે તમામને આ ચોથા ગુણસ્થાને આવવું જ પડે.

સામાન્યતઃ એમ કહી શકાય કે સમ્યગ્દષ્ટિ જીવો સર્વવિરતિધર્મના લાલસુ હોવાથી તેને પામ્યા વિના રહી શકતા નથી. પરંતુ જો બાધક કષાયો જોરદાર હોય તો તેમની ભાવના ફળતી નથી. પછી તેઓ દેશવિરતિધર શ્રાવકનું પાંચમું ગુણસ્થાન પકડે છે. ક્યારેક તો તે ય શક્ય બનતું નથી. તે વખતે તેઓને ચોથા ગુણસ્થાને રહીને સંતોષ માનવો પડે છે.

આ ગુણસ્થાને રહેલા આત્માઓને પાપો તરફ સંપૂર્ણ ધિક્કારભાવ હોય છે. એટલે જ્યારે તેમને પાપ કરવું પડે ત્યારે તેની પાછળ તીવ્ર પશ્ચાતાપ થયા વિના રહેતો નથી. અનન્તાનુબન્ધી કષાયનો જે જીવને ઉદય હોય તે જીવ પાપનો પશ્ચાતાપ કરી શકે નહિ.

જે શ્રાવક કે શ્રાવિકાને, સાધુ કે સાધ્વીને પોતાના દોષો બદલ તીવ્ર પશ્ચાત્તાપ હોય તેમણે નિશ્ચિતપણે સમજવું કે તેમના અનન્તાનુબન્ધી કષાયોનો હ્રાસ થયો છે એથી તેમને ચોથું ગુણસ્થાન ચોક્કસ પ્રાપ્ત થયું છે. હા... તેમને પાંચમું કે છઠ્ઠું ગુણસ્થાન પ્રાપ્ત ન પણ થયું હોય.

પાપોના પશ્ચાત્તાપ સાથે એ જીવોને જૈનધર્મ (જિનશાસન) અતિશય વહાલું હોય.

આ રીતે જેમની પાસે ચોથું ગુણસ્થાન નિશ્ચિતપણે આવ્યું છે તે આત્માઓને આ ભવે અથવા નજીકના આગામી ભવોમાં તેના ફળરૂપ વિરતિનાં ગુણસ્થાનો આવ્યા વિના રહેવાના નથી. ચોથું ગુણસ્થાન સ્પર્શ્યા પછી અર્ધપુદ્ગલપરાવર્ત્તના અનંતકાળનું જે ઉત્કૃષ્ટ ભ્રમણ સંભવિત જણાયું છે તે ગોશાલક વગેરે જેવા જીવો માટે જ છે, જેઓ ૧લા ગુણસ્થાને જઈને કાતિલ પાપો કરે છે.

પણ તેથી કોઈએ ચોથા ગુણસ્થાનથી સંતોષ માનવો નહિ. વિરતિ-સર્વવિરતિ જ-પામવાનો યત્ન તો કરવો જ, કેમ કે સમ્યગ્દર્શન રૂપી રત્નની રક્ષા કરતો એ ડબ્બો છે. જો ડબ્બો ન હોય તો આ રત્ન ક્યાંક ખોવાઈ પણ જાય.

અવિરતિ એ એવી પાસે બેઠેલી ડાકણ છે જે સમ્યગ્દર્શન નામના બાળકનું ગળું ગમે ત્યારે દબાવી દે. એનો પળ માટે ય ભરોસો કરી શકાય નહિ.

ચોથું ગુણસ્થાન પામ્યા પછી એ ગુણસ્થાનની અવિરતિને ત્યાગીને વિરતિને નહિ પામી શકનારા આત્માઓની સંખ્યા ઝાઝી હોતી નથી. જ્ઞાનીઓએ કહ્યું છે કે, "શ્રેણિક, કૃષ્ણ સરખા અવિરત થોડલા."

નિકાચિત કે તીવ્ર અનિકાચિંત ચારિત્રમોહનીયકર્મના ઉદયવાળા જીવો જ સમ્યગ્દર્શન પામીને અટકી જાય. બાકી તો તેમનો ચારિત્રધર્મનો રાગ એટલો બધો તીવ્ર હોય કે તેથી ચારિત્રમોહનીયકર્મ તૂટીને જ રહે અને દીક્ષા થઈને જ રહે. છેવટે દેશવિરતિધર્મ તો આવે જ.

જે આત્માઓ સર્વવિરતિ ઝંખવા છતાં તે પામી શકતા નથી તે આત્માઓ અત્યંત દુઃખી રહેતા હોય છે. આ જ તેમની બહુ મોટી વિશેષતા છે.

જગતના તમામ જીવોને સંસાર દુઃખમય મળે તે ગમતું નથી. પરન્તુ સમ્યગ્દષ્ટિ જીવોને તો પુણ્યનો ઉદય થતાં સંસાર સુખમય મળે તો ય ગમતું નથી કેમ કે તેઓ જાણે છે કે દુઃખ એ પાપમાંથી ઉત્પન્ન થાય છે અને

પાપો કરાવવાની સૌથી વધુ તાકાત ભોગસુખોના આસક્તિપૂર્વકના ભોગવટામાં પડેલી છે.

આથી જ તેમને તે જ ભગવાન જિનેશ્વરદેવો ખૂબ ગમે છે જેઓ સુખમય સંસારને નફરત કરવાનું કહે છે.

આ વાત કરતાં જૈન સાધુઓ પણ તેને ખૂબ ગમે છે. આ વાત કરતાં ધર્મશાસ્ત્રો પણ તેને ખૂબ ગમે છે. આમ તેને સુદેવ, સુગુરુ અને સુધર્મની ઉપર પરમ શ્રદ્ધા થયા વિના રહેતી નથી. આ જીવોને ભગવાન ખૂબ ગમે છે એટલે ભગવાનના જે ભક્તો (સાધર્મિકો) છે તે પણ ખૂબ ગમે છે.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો જઘન્યકાળ એક અન્તર્મુહૂર્ત હોય છે. ઉત્કૃષ્ટકાળ સાધિક ૬૬ સાગરોપમ છે.

તે આ રીતે સંભવે :

વચ્ચેના મનુષ્યભવમાં સમ્યગ્દર્શન પામીને અનુત્તર વિમાનોમાં ૩૩-૩૩ સાગરોપમના આયુષ્યને જે પામે તેને સમ્યગ્દર્શનની ઉત્કૃષ્ટ સ્થિતિ સંભવે.

## પાંચમું : દેશવિરતિ ગુણસ્થાન

સમ્યગ્દર્શન પામ્યા પછી સામાન્યતઃ તો જીવ સર્વવિરતિના છઠ્ઠા ગુણસ્થાને જ કૂદકો મારવા કમર કસે. પણ તેમાં જે નિષ્ફળ જાય તે આત્મા પાંચમા ગુણસ્થાનને પામે.

છઠ્ઠા ગુણસ્થાને સર્વ સાવદ્ય યોગથી સંપૂર્ણ વિરતિ છે. જ્યારે પાંચમા ગુણસ્થાને આંશિક વિરતિ છે. અહીં પ્રતિજ્ઞાપૂર્વક બાર અણુવ્રતો કે તેમાંનો અમુક હિસ્સો સ્વીકારવાનો હોય છે.

અપ્રત્યાખ્યાંનાવરણીય કષાયોનો હ્રાસ (ક્ષયોપશમ) થાય ત્યારે આ ગુણસ્થાનની પ્રાપ્તિ થાય છે. આ કષાયો અલ્પ પણ પચ્ચક્ખાણ થવામાં પ્રતિબંધક હોય છે.

દેશવિરતિધર આત્માઓ ગૃહસ્થજીવન જીવે છે. તેઓ ઘરબારી હોઈ શકે છે. જાતીય સુખનો ભોગવટો કરતા હોઈ શકે છે. આ બધું છતાં તેમને સાવદ્યના સેવન તરફ ભયંકર ધિક્કાર અચૂક હોય છે. આ ધિક્કાર ચોથા ગુણસ્થાનથી જ પ્રાપ્ત થયો છે.

અહીં શ્રાવક-જીવન છે. એ ભવિષ્યના સાધુ-જીવનની તાલીમ સ્વરૂપ છે. જે આત્માઓ શ્રાવકજીવનમાં જ ઊણાં હોય છે તેઓ સંસારત્યાગી સાધુ

બનવાને લાયક ગણાતા નથી.

શ્રાવક-જીવનને સૌથી મુખ્ય ક્રિયાકાંડવિભાગ છે. બે ટાઈમનું પ્રતિક્રમણ આવશ્યક ગણાય છે. તે વિનાના શ્રાવકને શ્રાવક કહી શકાય નહિ.

સમ્યગ્દર્શનની અવસ્થામાં જિનભક્તિ આવશ્યક છે તો દેશવિરતિની અવસ્થામાં આવશ્યક-ક્રિયા આવશ્યક છે. તે વિનાના સમક્તિી કે દેશવિરતિને સમક્તિી કે દેશવિરતિ કહી શકાય નહિ.

ઉત્કૃષ્ટ દેશવિરતિધર તે કહેવાય જે નિર્મળ સમ્યક્ત્વનો ધારક હોવા સાથે બાર વ્રતોનો ઉત્કૃષ્ટ આરાધક હોય.

જઘન્ય કોટિનો દેશવિરતિધર શ્રાવક તે કહેવાય જે બારમાંથી એકાદ વ્રતનો પ્રતિજ્ઞાપૂર્વક ધારક હોય. અરે, છેવટે વ્રતના એકાદ ભાંગાનો માત્ર ધારક હોય.

હા... તેમાં ય બે શરત તો ખરી જ કે તે સમ્યગ્દર્શનયુક્ત હોય અને પ્રતિજ્ઞાપૂર્વકનો તે વ્રતધારક હોય.

આજે જે અણુવ્રત-આંદોલન દ્વારા અણુવ્રતી બનાવાય છે તે-આ બે વસ્તુના અભાવને લીધે - શાસ્ત્રમાન્ય અણુવ્રતી નથી. તેમને પાંચમાં ગુણસ્થાનના સ્વામી એવા અણુવ્રતી કહી શકાય નહિ. દેશવિરતિધર આત્માને શ્રાવક કહેવાય છે. આ શબ્દનો નિરુક્ત અર્થ આ પ્રમાણે છે.

શ્ર = જિનવાણીને સાંભળે.

વ = ધન, સાતક્ષેત્રોમાં વાવે

ક = અશુભ કર્મોને કાપે.

આમાંનું કશું ય જેનામાં ન હોય પણ છતાં સામાયિક, પૂજા, પ્રતિક્રમણ કરતો હોય તો તેને દ્રવ્યથી શ્રાવક કહી શકાય. તેનું બાહ્ય લક્ષણ છે, ચરવળો.

## છઠ્ઠું : પ્રમત્ત સર્વવિરતિ ગુણસ્થાન
## સાતમું : અપ્રમત્ત ગુણસ્થાન

શ્રાવકજીવન પછી ગૃહત્યાગપૂર્વકનું સાધુજીવન આવે.

ચોથા ગુણસ્થાને હૃદયપરિવર્તન હોય.

પાંચમાં ગુણસ્થાને આંશિક જીવનપરિવર્તન હોય.

છઠ્ઠા ગુણસ્થાને સંપૂર્ણ જીવનપરિવર્ત્તન હોય. સાધુને 'અણગાર' કહેવાય. અગાર એટલે ઘર. જે ઘર છોડીને અણગાર = ઘર વિનાના બન્યા.

જેણે ઘર છોડ્યું તેણે શું ન છોડ્યું. સ્ત્રી, ધન, કુટુંબ વગેરે બધું છોડ્યું.

કેમ કે ઘર વિના આ બધું ક્યાં રહે ?

ઘરનો ત્યાગી તે નક્કી સ્ત્રી વગેરેનો ત્યાગી હોય.

ઘરનો ત્યાગ કર્યા વિના ધર્મ એના વાસ્તવિક સ્વરૂપમાં આરાધી શકાતો નથી એ વાત વર્તનથી બતાડવા માટે તમામ તીર્થંકરદેવોએ ગૃહત્યાગ કરીને દીક્ષા લીધી છે. બાળ, મધ્યમ જીવોને ઘરત્યાગનો ઉપદેશ આપવામાં આવે ત્યારે તે ઉપદેશ પોતાને જીવવો પડે આથી જ ઉપદેશદાતા તીર્થંકરદેવો સ્વયં ગૃહત્યાગ કરીને, દીક્ષા લઈને, સાધના કરીને કૈવલ્ય પામતા હોય છે.

ભરત ચક્રી, ગુણસાગર શ્રેષ્ઠી, પૃથ્વીચન્દ્ર રાજા વગેરેને ઘરમાં કૈવલ્ય થયું. પણ કોઈ તીર્થંકરદેવને તેવું ન જ બને.

વર્તમાનકાળમાં પશ્ચિમના ઝેરી પવનનું જે વાવાઝોડું ચોવીસ કલાક ચાલ્યું છે તેમાં તો આ વાત એકદમ સાચી છે કે ઘરમાં રહીને ધર્મ થઈ શકે નહિ.

શાસ્ત્રોક્ત વિધિપૂર્વક ગૃહત્યાગ કરીને જે સાધુ બન્યો હોય તે જ સાધુ કહેવાય. સાધુના શાસ્ત્રોક્ત લક્ષણો જેનામાં હોય તે સાધુ કહેવાય.

વર્તમાનકાળનું સાધુત્વ બકુશ કે કુશીલ પ્રકારનું જ હોય. તે ઘણા બધા દોષોથી ખરડાયેલું હોય. આમ છતાં તે દોષોનું જે શુદ્ધ પ્રાયશ્ચિત કરતો હોય તે ગીતાર્થ-ગુરુને સમર્પિત સાધુને આ કાળનો સાચો સાધુ કહી શકાય. જેનામાં પ્રાયશ્ચિત્તકરણ નથી તેને સાધુ કહેવાય નહિ.

સાધુના બે પ્રકાર છે : પ્રમત્ત સાધુ અને અપ્રમત્ત સાધુ.

પ્રમત્ત સાધુનું છઠ્ઠું ગુણસ્થાન છે.

અપ્રમત્ત સાધુનું સાતમું ગુણસ્થાન છે.

આળસ, વિષયરાગ, કષાયસેવન, નિદ્રા, અને વિકથા એ પાંચ પ્રમાદો છે. છઠ્ઠાં ગુણસ્થાને સાધુ કર્મવશાત્ ક્રોધાદિ કરે, ઠઠ્ઠા-મશ્કરી કરે તે સુસંભવિત છે.

જ્યારે પ્રત્યાખ્યાનાવરણીય કષાયોનો હ્રાસ થાય ત્યારે છઠ્ઠા ગુણસ્થાનની પ્રાપ્તિ થાય. સાતમા ગુણસ્થાને કૂદકો મારી શકાય. ના, ૧૧થી ૧૪મા ગુણસ્થાનનું વીતરાગ અવસ્થાનું ચારિત્ર આવી શકે નહિ. કેમ કે તે માટે સંજ્વલન કષાયોનો હ્રાસ થવો જોઈએ.

ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધીના જીવોમાં જે કોઈ પ્રમાદાદિ દોષોનું, ક્રોધાદિ કષાયોનું, ભોગમાં રસવૃત્તિનું સેવન થાય તે બધું અનન્તાનુબન્ધી કષાયના ઘરની તીવ્રતાવાળું ન હોય; બાકીના કષાયોનું તો યથાસંભવ હોઈ શકે. એટલે જ કોઈ સમક્તિી, શ્રાવક કે સાધુમાં ખાવાનો રાગ, ક્રોધ, વાસના વગેરે જોવા

મળે તો મનોમન બોલવું કે સંજ્વલન આદિ કષાયોના ઉદયમાં આ બધું સંભવી શકે. એ બધા હજી વીતરાગ થોડા બની ગયા છે ? કે એમનામાં સર્વદોષોના સર્વથા નાશની આશા રહે ? આવો વિચાર બીજા જીવો પ્રત્યે આપણો તિરસ્કાર થતો અટકાવી દેશે.

વળી, સમકિતી જીવ એક ભવમાં બે હજારથી નવ હજાર વખત અને સર્વવિરતિધર સાધુ એક ભવમાં બસોથી નવસો વખત નીચેના ગુણસ્થાને ગબડી શકતો હોય છે. આને આકર્ષ કહેવાય છે. જ્યારે કોઈ સમકિતી કે સાધુમાં દોષની વધુ પડતી તીવ્રતા દેખાય ત્યારે તે તીવ્રતા કદાચ અનંતાનુબંધી કષાયના ઘરની પણ હોઈ શકે, કદાચ તે ગબડ્યો હોય.

તો આ વખતે વિચારવું કે ભાઈ ! આ તો આકર્ષ છે. ટૂંક સમયમાં કદાચ એ જીવ પાછો ઊંચે ચડી જશે. આપણે તેનો તિરસ્કાર કરાય નહિ.

મૂળ વાતે આવીએ.

છઠ્ઠા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ-એકસાથે-બે ઘડીથી વધુ ન હોય. બે ઘડી થાય કે કાં તે સાધુ સાતમા અપ્રમત્ત ગુણસ્થાને ચડી જાય અથવા-જો ચડે નહિ તો - નીચે ગબડી જાય. હા, એવી બધી બે ઘડી ભેગી કરીએ તો છઠ્ઠા ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ કાળ દેશોન (૮ વર્ષે દીક્ષા લે એટલે ૮ વર્ષ ન્યૂન) પૂર્વક્રોડ વર્ષ થઈ શકે.

સાતમા ગુણસ્થાને દરેક વખત જીવ માંડ અન્તર્મુહૂર્ત (નાનકડું) ટકે. પછી તરત જ છઠ્ઠે ગુણસ્થાને ચાલી જાય. આવાં બધાં અન્તર્મુહૂર્ત ભેગા કરીએ તો દેશોન પૂર્વક્રોડ વર્ષનું ચારિત્ર પાળનારા સાધુના દીર્ઘકાળમાં ય બે ઘડીથી વધુ સમય ન થાય.

આ બે ગુણસ્થાનો ઝૂલતા હીંચકા જેવા છે. હીંચકાને પગેથી ધક્કો મરાય તો જે સામે ખૂણે જાય ત્યાં માંડ એક સેકંડ ટકે અને તરત પાછો આવે. પાછો આવીને તે જગાએ ઘણો સમય સ્થિર રહી શકે. સાતમા ગુણસ્થાનનો સમય સામા ખૂણાની એક સેકંડ જેવો અતિ અલ્પ હોય છે. આ ગુણસ્થાને અપ્રમત્તભાવ હોય છે. તે ઝાઝો સમય ટકી શકે નહિ. એની તો માત્ર ઝલક આવે.

છઠ્ઠા - સાતમા ગુણસ્થાને હજી સંજ્વલન કષાયોનો ઉદય ચાલુ છે. તે વીતરાગ ચારિત્ર લાવવામાં પ્રતિબંધક બને છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનનું ચારિત્ર સરાગ છે. અહીં ભલે સંસારના પદાર્થો ઉપર અપ્રશસ્ત રાગ નથી, પરન્તુ દેવાદિ પ્રત્યે, ધર્મ પ્રત્યે, સાધર્મિકો પ્રત્યે તો ખૂબ પ્રશસ્ત રાગ છે જ.

આ રાગ હોય તો જ અપ્રશસ્ત રાગ છેટો રહે એટલે એની જરૂર પણ ખરી જ. ગમે તેમ પણ પ્રશસ્ત રાગ હોવાના કારણે આ છઠ્ઠા ગુણસ્થાનેથી મોક્ષની પ્રાપ્તિ થતી નથી. ગમે તેટલું ઊંચું સંયમ પળાય પણ સરાગતાને લીધે પુણ્યબંધ થયા વિના રહે નહિ. આ પુણ્યને ખપાવવા માટે નિયમથી વૈમાનિક દેવ થવું પડે. ચોથા ગુણસ્થાનથી આયુષ્યનો બંધ માત્ર વૈમાનિક દેવગતિનો પડે.

બેશક, આગળ વધેલો જીવ ૧૧મા ગુણસ્થાનથી વીતરાગ સંયમમાં આવી જાય તેથી તે નિશ્ચિતપણે મોક્ષમાં જાય. હાલમાં આપણા ભરતક્ષેત્રમાંથી મોક્ષ પામવાની આશા આપણે રાખી શકતા નથી.

આપણે તો જોરદાર સાધના કરીને પાપક્ષય કરવાનો. તે વખતે સરાગતાથી જે પુણ્યબંધ થઈ જાય તેનો ક્ષય દેવલોકે જઈને - અનાસક્તિભાવથી ભોગ ભોગવીને કરી દેવાનો.

પછી બેડો પાર થાય. જે મનુષ્યભવ મળે તેમાં મુનિ થઈને, સાધના કરીને, વીતરાગ સંયમ પ્રાપ્ત કરીને મોક્ષમાં પહોંચી જવાનું.

પ્રમત્ત ગુણસ્થાન અંગે સવાલ થાય કે જો તે ગુણસ્થાન ઉપર બે ઘડીથી વધુ સમય રોકાઈ શકાતું ન હોય અને જો સાતમા ગુણસ્થાને તે જીવ ન જઈ શક્યો તો તે શું નીચેના ગુણસ્થાને જતો રહે ? બીજુ ઊંઘમાં શી રીતે દર ઘડીએ સાતમા ગુણસ્થાનની અપ્રમત્તભાવની ઝલક આવતી હશે ?"

આનો જવાબ એ છે કે બે ઘડીએ પણ જે જીવ છઠ્ઠેથી સાતમે ન ગયો તો તેણે નીચે ગબડી જ જવું પડે.

નિદ્રાના સમયમાં મહાત્માઓને દર બે ઘડીમાં એકાદ વાર અપ્રમત્તભાવની ઝલક આવે જ. દા.ત. એવું સુંદર સ્વપ્ન આવે જેમાં અપ્રમત્તભાવ આવે.

સાધુની નિદ્રા શ્વાન જેવી જાગ્રત નિદ્રા હોય એટલે ક્યારેક એવા સારા વિચારો જાગ્રત થાય જે તેમને સાતમા ગુણસ્થાને મૂકી દે.

ઊંઘમાં પડખું ફેરવતા પૂંજવા-પ્રમાર્જવાના અધ્યવસાય એવા ઊંચા જાગે કે તેમાં સાતમુ ગુણસ્થાન આવી જાય.

આમ અનેક રીતે ઊંઘમાં ય સાતમું ગુણસ્થાન દર બે ઘડીએ આવતું રહે. આમાં જો ગાઢ નિદ્રા આવી તો ચોથા ગુણસ્થાને ઊતરી જવાનું અવશ્ય થાય. એવાં કેટલાય સાધુ-સાધ્વી હશે જેઓને અતિ ગાઢ નિદ્રા આવતી હશે. જેથી તેમને સાતમા ગુણસ્થાનની સ્પર્શના કરાવે તેવું કશું ય બનતું નહિ હોય. આવા સાધુ-સાધ્વીએ સમજી લેવું કે તેઓ બે ઘડીની છઠ્ઠા ગુણસ્થાનની સ્પર્શના બાદ નિશ્ચિતપણે ગબડી પડતા હશે. વારંવાર તેમને આકર્ષો થતા હશે.

ખેર. આજના અતિ વિષમ - હુંડા અવસર્પિણીકાળમાં છઠ્ઠા ગુણસ્થાનને પામવું કે ત્યાં ટકી રહેવું અતિ મુશ્કેલ છે.

આ સ્થિતિમાં તો ચારિત્રધર્મ પ્રત્યેનો અતિ રાગ અને એ દ્વારા સમ્યગ્દર્શનના ચોથા ગુણસ્થાનને પકડી રાખવું એ ય સાધુવેષમાં રહીને થતી મોટી સફળતા ગણાય.

સાતમું ગુણસ્થાન એ હવે પછી આવનારી ઉપશમશ્રેણી કે ક્ષપકશ્રેણીની પાયાની ભૂમિકારૂપ છે. વારંવાર સાતમા ગુણસ્થાનને સ્પર્શતો જીવ વીર્ય ઊછળતા શ્રેણી ઉપર આરૂઢ થઈ જાય છે.

વર્તમાનકાળમાં તો સાતમા ગુણસ્થાનથી વધુ સાધના અસંભવિત છે. એટલે આપણે તે ઊંચી કક્ષાનું માત્ર સ્વરૂપ જાણીશું અને ત્યાં પહોંચેલા આત્માઓને કોટિ કોટિ વંદના કરશું.!

## શેષ ગુણસ્થાનો

પૂર્વે કદી એવો વીર્યોલ્લાસ થયો નથી જેમાં પાંચ બાબતો બની ન હોય; તે પાંચ 'અપૂર્વ' બાબતો આ ગુણસ્થાને બને છે માટે આ 'અપૂર્વ ગુણસ્થાન' કહેવાય છે.

(૧) અપૂર્વ સ્થિતિઘાત
(૨) અપૂર્વ રસઘાત
(૩) અપૂર્વ ગુણશ્રેણી
(૪) અપૂર્વ ગુણસંક્રમ
(૫) અપૂર્વ સ્થિતિબંધ.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ વખતે આ 'અપૂર્વ' બનેલ. પણ તેથી ય વધુ આ વીર્યોલ્લાસ હોવાથી ત્યાં પણ આવો વીર્યોલ્લાસ હતો નહિ. ત્યાં અપૂર્વ થવા છતાં તેને ગુણસ્થાનનું નામ અપાયું ન હતું. અહીં અપૂર્વ એવું ગુણસ્થાન જણાવવામાં આવ્યું છે.

આ અપૂર્વકરણ ગુણસ્થાનથી 'શ્રેણી'(ધ્યાનની ધારા)ના ગુણસ્થાનો શરૂ થાય છે. ૮થી ૧૧ નંબરના ગુણસ્થાનો શ્રેણીના ગુણસ્થાનો કહેવાય છે. શ્રેણી બે પ્રકારની છે : ઉપશમશ્રેણી અને ક્ષપકશ્રેણી.

જો કે ચારિત્રમોહનીયકર્મની ઉપશમના કે ક્ષપણા કરવાનું કાર્ય તો ૯મા ગુણસ્થાનેથી આરંભાય છે પણ તેની યોગ્યતા ૮મા ગુણસ્થાનવર્તી જીવમાં હોવાથી ૮મા ગુણસ્થાનથી જ 'શ્રેણીના ગુણસ્થાનો' કહેવામાં આવે છે.

જે ઉપશમશ્રેણી માંડે તે ઉપશામક કહેવાય.

જે ક્ષપકશ્રેણી માંડે તે ક્ષપક કહેવાય.

કોઈ પણ શ્રેણીમાં મોહનીય કર્મ ઉપર જ હુમલો કરવાનો હોય છે.

ઉપશમશ્રેણીમાં કર્મોનો ઉપશમ કરાય છે. આથી જ દબાયેલાં તે કર્મો અગિયારમા ગુણસ્થાને અન્તર્મુહૂર્ત પૂરું થતાં જાગ્રત બની જાય છે અને જીવને ગબડાવે છે.

જે આત્મા ક્ષપકશ્રેણી માંડે છે તે મોહનીય કર્મને સર્વથા ખતમ (ક્ષીણ) કરતો આગળ વધે છે. આથી તેને કર્મોને જાગ્રત થઈને ગબડાવવાની શક્યતા રહેતી નથી.

ઉપશમશ્રેણીમાં ૮, ૯, ૧૦ અને ૧૧મું ગુણસ્થાન હોય. પછી નિશ્ચિત ગબડવાનું હોય.

ક્ષપકશ્રેણીમાં ૮, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪મું ગુણસ્થાન હોય. અહીં ગબડવાનું ન જ હોય. ૧૧મું ગુણસ્થાન સ્પર્શવાનું ન હોય. જીવ ૧૦મેથી સીધો ૧૨મે ગુણસ્થાને જતો રહે. ત્યાં વીતરાગ બને, ૧૩મે સર્વજ્ઞ બને.

મોહનીયકર્મની કુલ ૨૮ પ્રકૃતિ છે. તેમાંની અનંતાનુબંધીના ચાર કષાયોની ચાર પ્રકૃતિ અને દર્શનમોહનીયની મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમ્યક્ત્વ મોહનીયની ત્રણ પ્રકૃતિ - એમ કુલ સાત પ્રકૃતિઓનો ક્ષય કે ક્ષયોપશમ થયા પછી જ શ્રેણી મંડાતી હોય છે એટલે શ્રેણીમાં મોહનીય કર્મની બાકીની ૨૧ પ્રકૃતિઓને ઉપશમાવવાનું કે ક્ષીણ કરવાનું કાર્ય થાય છે. આઠમા અપૂર્વકરણ

ગુણસ્થાનથી જે 'ધ્યાન' હોય છે તેના દ્વારા નિકાચિત કર્મોનો પણ ક્ષય થાય છે.

ધ્યાન એ અભ્યન્તર તપ છે.

'तवसा उ निकाइयाणं' પદથી જે કહ્યું છે કે, "નિકાચિત કર્મોનો નાશ તપથી થાય છે." તે તપ એટલે શ્રેણીગત ધ્યાનરૂપ તપ. બીજા માસખમણ વગેરે કે ધ્યાનાદિરૂપ તપથી નિકાચિત કર્મોનો નાશ થઈ શકતો નથી. અહીં નિકાચિત થયેલી પાપપ્રકૃતિઓનો અને પુણ્યપ્રકૃતિઓનો ક્ષય થઈ શકે છે.

શ્રેણીના ગુણસ્થાનો (૮થી ૧૧)માં અધ્યવસાયોની નિર્મળતા ઉત્તરોત્તર ખૂબ વધતી જાય છે તેથી કર્મક્ષય પણ ઉત્તરોત્તર વધતો રહે છે.

૯મા ગુણસ્થાનને અનિવૃત્તિબાદરસંપરાય ગુણસ્થાન કહેવાય છે.

અનિવૃત્તિ એટલે એક જ સમયે આ ગુણસ્થાનને સ્પર્શનારા જીવોની અધ્યવસાય-વિશુદ્ધિનું એક સરખાપણું. (જે આઠમા ગુણસ્થાને ન હતું.)

બાદર એટલે સ્થૂળ કષાયો. (સૂક્ષ્મ કષાયો નહિ. તેનો ક્ષય દસમા ગુણસ્થાને થશે.)

સંપરાય એટલે ઉદય.

બાદર-સંપરાય એટલે સ્થૂલ કષાયોનો ઉદય.

અહીં એ કષાયના સ્થૂલ દલિકોનો ક્ષય કરાય. અહીં પણ પેલી પાંચ અપૂર્વ વસ્તુઓ ચાલુ રહે છે. આ ૯મા ગુણસ્થાને મોહનીયકર્મની ૨૧માંથી ૨૦ પ્રકૃતિઓનો સંપૂર્ણ ક્ષય કે ઉપશમ થાય છે. હવે માત્ર સંજ્વલન લોભનો ઉપશમ કે ક્ષય કરવાનું કાર્ય બાકી છે.

દસમા ગુણસ્થાનનું નામ સૂક્ષ્મ સંપરાય (કષાયોદય) ગુણસ્થાન છે. સંજ્વલન લોભ કષાય દલિકોને સૂક્ષ્મકિટ્ટીરૂપે કાં ઉપશમાવાય છે કાં ક્ષીણ કરાય છે. અહીં સૂક્ષ્મ લોભ કષાયનો ઉદય હોય છે. આ ગુણસ્થાનનો કાળ જઘન્યથી એક સમયનો, ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્તનો હોય છે. અગીઆરમા ગુણસ્થાનનું નામ ઉપશાન્તકષાય - વીતરાગ - છદ્મસ્થ ગુણસ્થાન છે.

અહીં મોહનીયકર્મની એકવીસે ય પ્રકૃતિ સર્વથા ઉપશાન્ત થયેલી છે. આથી આ ગુણસ્થાનના અન્તર્મુહૂર્તના કાળમાં આત્મા વીતરાગ અવસ્થાનો અનુભવ કરે છે. તે છદ્મસ્થ (સંસારસ્થ) છે એટલે તેમને છદ્મસ્થ વીતરાગ ભગવાન કહેવાય છે. અહીં આવેલા તમામ વીતરાગ ભગવાનનું આ ગુણસ્થાનેથી નિશ્ચિતપણે પતન થાય છે.

અન્તર્મુહૂર્ત બાદ દબાવેલું મોહનીયકર્મ એકદમ જાગ્રત બની જાય છે અને ક્રમશઃ જીવને ગબડાવતું જાય છે.

જે આત્માઓ મોહનીયકર્મની એકવીસ પ્રકૃતિઓનો સાવ ક્ષય કરીને શ્રેણીમાં આગળ વધે છે તે આત્માઓ દસમા ગુણસ્થાનના અન્તે તે તમામ પ્રકૃતિઓનો ક્ષય કરીને બારમા ગુણસ્થાને જાય છે. ત્યાં તેઓ ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ભગવાન કહેવાય છે. આ ગુણસ્થાનનો કાળ એક અન્તર્મુહૂર્ત હોય છે. અહીં તેઓ વીતરાગ બન્યા. હવે તેરમા ગુણસ્થાને તે કેવળજ્ઞાન અને કેવળદર્શન પામશે. વીતરાગ બન્યા બાદ કેવળજ્ઞાન પામવા માટે વચ્ચે એક અન્તર્મુહૂર્ત રહે છે.

તેરમા ગુણસ્થાને આવેલો આત્મા સયોગી કેવલિ ભગવાન કહેવાય છે. અહીં મન-વચન અને કાયાના શુભ યોગો ચાલુ હોય છે.

મનથી સર્વાર્થસિદ્ધ વિમાનના દેવોના સવાલોનો જવાબ આપે છે.

વચનથી દેશનાદિ આપે છે.

કાયાથી વિહારાદિ કરે છે.

યોગપ્રવૃત્તિને લીધે તેઓ માત્ર શાતાવેદનીય કર્મનો બંધ કરે છે.

૧લા સમયે બંધ.

૨જા સમયે ભોગવટો.

૩જા સમયે ક્ષય.

આ ગુણસ્થાનનો કાળ એક અન્તર્મુહૂર્તથી દેશોન પૂર્વક્રોડ વર્ષનો હોય છે. બારમા ગુણસ્થાનના છેલ્લા સમયે ચારેય ઘાતીકર્મોનો ક્ષય થાય છે. તેરમા ગુણસ્થાને માત્ર ચાર અઘાતી કર્મો ઉદયમાં હોય છે.

જેમની આયુષ્યકર્મની જે સ્થિતિ છે તેથી વધુ સ્થિતિ શેષ ત્રણ અઘાતી (વેદનીય - નામ-ગોત્ર) કર્મોની રહેતી હોય તો તેમને જ આયુષ્યકર્મની સ્થિતિ સાથે સરખી સ્થિતિના કરવા માટે સયોગી કેવલિ ભગવાન - તેરમા ગુણસ્થાનના છેલ્લા અન્તર્મુહૂર્તમાં આઠ સમયનો કેવલિ સમુદ્‌ઘાત કરે છે. તે દ્વારા આ કાર્ય અન્તર્મુહૂર્તમાં પૂર્ણ કરે છે.

તમામ કેવલિ ભગવંતોને આ સમુદ્‌ઘાત કરવાનો હોતો નથી. ચૌદમા ગુણસ્થાનનું નામ અયોગી કેવલિ ગુણસ્થાન છે. તેરમા ગુણસ્થાને મન-વચન-કાયાના જે યોગો હતા તેમનો (સૂક્ષ્મ અને બાદરનો) હવે નિરોધ થાય છે. આથી આ કેવલિ ભગવાનને અયોગી કેવલિ કહેવાય છે.

अ, इ, उ, ऋ, लृ બોલતાં જેટલો સમય થાય એટલા જ સમયનું આ ગુણસ્થાન હોય છે. અહીં શેષ ચાર અઘાતી કર્મોનો સર્વથા નાશ થાય છે. એ પછી આત્મા જે સમયે દેહ છોડે છે એ જ સમયે સિદ્ધશિલામાં પહોંચી જાય છે.

ત્યાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ સ્વરૂપ અનંત ચતુષ્ટય અનુભવે છે. સ્વરૂપરમણતાનો અપાર આનંદ સર્વદા અનુભવે છે. હવે તેમને ક્યાંય જન્મ લેવાનો હોતો નથી.

## (૮) ત્રીજો ચિત્રપટ :
## અષ્ટકર્મ




પૂર્વે ષટ્સ્થાનના વિચારમાં ત્રીજું અને ચોથું સ્થાન : જીવ કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે તેમાં-કર્મ તત્ત્વ અંગે કેટલુક વિચાર્યું.

હવે એના સંદર્ભમાં થોડુંક વિશેષ વિચારીએ.

આપણે એ જોયું છે કે જીવ જ્યારે રાગાદિના શુભાશુભ અધ્યવસાયો કરે અથવા માત્ર મન-વચન-કાયાની યોગ-પ્રવૃત્તિ કરે ત્યારે તે શુભાશુભ કર્મબંધ કરે છે.

આકાશમાં સર્વત્ર ઠાંસીને ભરેલા જે કાર્મણ વર્ગણાના સ્કંધો છે તેને

જીવ આ વખતે લોહચુંબકની જેમ ખેંચે છે. જીવને ચોંટેલા તે સ્કંધોને 'કર્મ' કહેવાય છે.

આ કર્મની ચાર વસ્તુઓ તરત નક્કી થાય છે : પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ. અર્થાત્ કર્મનો બંધ થતાંની સાથે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ પણ થાય છે.

યોગની પ્રવૃત્તિથી જીવ પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ કરે છે.

કષાયની પ્રવૃત્તિથી જીવ સ્થિતિબંધ અને રસબંધ કરે છે.

ચોંટેલું કર્મ આઠ પ્રકારની પ્રકૃતિઓમાંથી કોઈ પણ એક પ્રકૃતિસ્વરૂપ બને છે. પ્રકૃતિ એટલે સ્વભાવ.

જ્યારે તે કર્મ ઉદયમાં - વિપાકોદયમાં આવે ત્યારે તેનો જે સ્વભાવ નક્કી થયો હોય તે સ્વભાવ ઉદયમાં આવે. ધારો કે તે કર્મ જ્ઞાનની આશાતના કરવાથી ચોંટ્યું છે તો તે ઉદયમાં આવતાં જીવની જ્ઞાનદશા અવરોધાય. જીવને જ્ઞાન થવામાં ભારે મુશ્કેલી થાય.

જીવ એ સૂર્ય છે. તેની ઉપર જ્ઞાનાવરણીય વગેરે આઠ વાદળો છાઈ ગયા છે. આથી જીવસૂર્યનો જે ગુણોનો - અનંત જ્ઞાન, અનંત દર્શન વગેરેનો- પ્રકાશ છે તે ઢંકાઈ જાય છે. અને વાદળોના જે કાર્યો છે - અજ્ઞાન ફેલાવવું, દર્શન આવરવું, મૂંઝારો પેદા કરવો વગેરે-તે પ્રગટ થાય છે. આ વાત આપણે જરાક વિગતથી જોઈએ.

## આઠ કર્મો : તેમનાં કાર્યો

(૧) જીવના સ્વભાવમાં અનંતજ્ઞાન છે પરન્તુ જ્ઞાનની કે જ્ઞાનીની આશાતના કરીને તેણે ઉપાર્જેલા જ્ઞાનાવરણીય કર્મના વાદળથી તે અનંતજ્ઞાન ઢંકાઈ જાય અને કર્મનો ઉદય થતાં જીવમાં અજ્ઞાનદશા ઉત્પન્ન થાય.

અનંત બ્રહ્માંડને જોવાની શક્તિ ધરાવતા જીવને પોતાની પીઠ પાછળ કોણ ઊભું છે ? તેની પણ ખબર ન પડે.

જીવનો જેમ અસલ સ્વભાવ છે તેમ કર્મોનો વિભાવ (નકલી) સ્વભાવ હોય છે. કર્મ અસલી સ્વભાવને દબાવે; અને નકલી સ્વભાવને પ્રગટ કરે.

(૨) જીવના સ્વભાવમાં અનંતદર્શન છે. તેનાથી તે સમગ્ર વિશ્વને જુએ છે. પણ દર્શનાવરણીય કર્મ તે સ્વભાવનું આવરણ બને છે. હવે જીવમાં અંધાપો, બહેરાશ, નિદ્રા વગેરે પ્રગટ થાય છે.

(૩) જીવના સ્વભાવમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર, નિષ્કષાય દશા, વાસનારહિતતા વગેરે છે તેને મોહનીયકર્મ આવરે છે. તે વખતે જીવમાં મિથ્યાત્વ,

અવિરતિ, રાગ-દ્વેષ, કામ-સંજ્ઞા વગેરે પ્રગટ થાય છે.

(૪) જીવના સ્વભાવમાં અનંત દાન-લબ્ધિ, અનંત વીર્યલબ્ધિ વગેરે છે. પણ અંતરાય કર્મનું આવરણ થતાં તે બધું દબાય છે અને લાભાન્તરાય, વીર્યાન્તરાય વગેરે દોષો ઉત્પન્ન થાય છે.

આ ચાર કર્મો - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય - ઘાતીકર્મો કહેવાય છે. તે આત્માના અનંતજ્ઞાનાદિ ગુણો ઉપર સીધો હુમલો કરતા હોવાથી 'ઘાતી' કહેવાય છે.

(૫) આત્માના સ્વભાવમાં અનંત આનંદ છે. પણ વેદનીયકર્મનું આવરણ થતાં તે દબાય છે. હવે તેને પૌદ્દ્ગલિક શાતા કે અશાતાની પ્રાપ્તિ થાય છે.

(૬) આત્મામાં અજરત્વ- અમરત્વ- અક્ષયસ્થિતિ છે. પણ આયુષ્યકર્મનું આવરણ થતાં તેનામાં જન્મ, જરા, મરણ વગેરે પર્યાયો ઉત્પન્ન થાય છે.

(૭) આત્મા સ્વભાવથી અરૂપી છે. પણ નામકર્મનું આવરણ થતાં તે રૂપી બને છે. તેને શરીર, ઇન્દ્રિયો, યશ-અપયશ, સૌભાગ્ય-દુર્ભાગ્ય વગેરે પ્રાપ્ત થાય છે.

(૮) આત્મા અગુરુલઘુ છે. નથી તે નીચ કે નથી તે હીન... પણ ગોત્રકર્મનું આવરણ થતાં તે વ્યવહારમાં ઉચ્ચ કે નીચ વગેરે રૂપે જણાય છે.

આ ચાર કર્મો અઘાતી છે. આત્માના ગુણો ઉપર તે સીધો હુમલા કરતા નથી. અલબત્ત આ પણ આત્માના સિદ્ધત્વપર્યાયને અટકાવીને સંસારીત્વ પર્યાયમાં જકડી તો રાખે જ છે.

**આઠ કર્મોના પેટા ભેદો :**

| | | |
|---|---|---|
| જ્ઞાનાવરણીય કર્મ | - | ૫ |
| દર્શનાવરણીય કર્મ | - | ૯ |
| મોહનીય કર્મ | - | ૨૮ |
| અંતરાય કર્મ | - | ૫ |
| વેદનીય કર્મ | - | ૨ |
| આયુષ્ય કર્મ | - | ૪ |
| નામ કર્મ | - | ૧૦૩ |
| ગોત્ર કર્મ | - | ૨ |
| કુલ | - | ૧૫૮ |

**(૧) જ્ઞાનાવરણીય કર્મ : ૫**

૧. મતિજ્ઞાનાવરણ
૨. શ્રુતજ્ઞાનાવરણ.
૩. અવધિ (વિભંગ) જ્ઞાનાવરણ
૪. મનઃપર્યવજ્ઞાનાવરણ
૫. કેવળજ્ઞાનાવરણ.

**(૨) દર્શનાવરણીય કર્મ : ૯**

૧ ચક્ષુદર્શનાવરણ
૨ અચક્ષુદર્શનાવરણ
૩ અવધિદર્શનાવરણ
૪ કેવળદર્શનાવરણ
૫ નિદ્રા.
૬ નિદ્રાનિંદ્રા
૭ પ્રચલા
૮ પ્રચલાપ્રચલા
૯ થિણદ્ધિ.

**(૩) મોહનીયકર્મ : ૨૮**

દર્શનમોહનીય + ચારિત્રમોહનીય
૩ + ૨૫

**દર્શનમોહનીય :**

મિથ્યાત્વમોહનીય
મિશ્રમોહનીય
સમ્યક્ત્વમોહનીય

**ચારિત્રમોહનીય :**

કષાયમોહનીય + નોકષાય મોહનીય
૧૬ + ૯

**કષાય મોહનીય :** અનન્તાનુબન્ધી ક્રોધાદિ ચાર કષાયો
અપ્રત્યાખ્યાનીય " " "
પ્રત્યાખ્યાનીય " " "
સંજવલન " " "

**નોકષાય મોહનીય :** હાસ્યાદિ - ૬
વેદ - ૩

**હાસ્યાદિ :** ૬ હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા,
વેદ ત્રણ : પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુસંકવેદ.

**(૪) અંતરાય કર્મ : ૫**

દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય, ઉપભોગાંતરાય, વીર્યાન્તરાય

**(૫) વેદનીય કર્મ : ૨**

શાતા, અશાતા

**(૬) આયુષ્યકર્મ : ૪**

દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક.

**(૭) ગોત્ર કર્મ : ૨**

ઉચ્ચ, નીચ

**(૮) નામ કર્મ : ૧૦૩**

૪ દેવ વગેરે ગતિઓ : દેવ, મનુષ્ય, તિર્યંચ, નારક
૫ એકેન્દ્રિયાદિ પાંચ જાતિઓ
૫ ઔદારિક વગેરે શરીરો
૩ અંગોપાંગ : ઔદા૦, વૈ૦ આહા૦ શરીરના અંગોપાંગો

**૧૫ બંધનો :**

| | |
|---|---|
| ૧. ઔદા૦ ઔદા૦ | **૫. સંઘાતન** |
| ૨. " તૈજસ | ઔદા૦ આદિ પાંચ શરીર ભેદે |
| ૩. " કાર્મણ | ૫ સંઘાતન. |
| ૪. " તૈજસ- કાર્મણ | **૬. સંઘયણ.** |
| ૫. વૈક્રિય-વૈક્રિય | ૧. વજ્રઋષભનારાચ |
| ૬. વૈક્રિય-તૈજસ | ૨. ઋષભનારાચ |
| ૭. વૈક્રિય-કાર્મણ | ૩. નારાચ |
| ૮. વૈક્રિય-તૈજસ-કાર્મણ. | ૪. અર્ધનારાચ |
| ૯. આહારક-આહારક | ૫. કીલિકા |
| ૧૦. આહારક-તૈજસ | ૬. છેવટ્ઠું |
| ૧૧. આહારક કાર્મણ | **૬. સંસ્થાન** |
| ૧૨. આહારક-તૈજસ-કાર્મણ | ૧. સમચતુરસ્ત્ર |
| ૧૩. તૈજસ-તૈજસ | ૨. ન્યગ્રોધ |
| ૧૪. તૈજસ-કાર્મણ | ૩. સાદિ |
| ૧૫. કાર્મણ-કાર્મણ | ૪. વામન |
| | ૫. કુબ્જ |
| | ૬. હુંડક |

**૨૦ વર્ણાદિ :**

વર્ણ-૫ કૃષ્ણ, નીલ, રક્ત, પીત, શ્વેત

ગંધ-૨ સુરભિ - દુરભિ

રસ-૫ તિક્ત (કડવો), કટૂ (તીખો), કષાય, આમ્લ, મધુર.

સ્પર્શ - ૮ કર્કશ, મૃદુ, ગુરુ, લઘુ, શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રુક્ષ.

**૪ આનુપૂર્વી :** દેવાદિ ચાર ગતિની આનુપૂર્વી

**૨ વિહાયોગતિ :** શુભ - અશુભ

**૮ પ્રત્યેક પ્રકૃતિ :**

| | |
|---|---|
| ૧. અગુરુલઘુ | ૫. આતપ |
| ૨. ઉપઘાત | ૬. ઉદ્યોત |
| ૩. પરાઘાત | ૭. નિર્માણ |
| ૪. શ્વાસોચ્છ્વાસ | ૮. જિનનામ |

| ૨૦ ત્રસ દસક | | : | સ્થાવર દસક | |
|---|---|---|---|---|
| ત્રસ | શુભ | | સ્થાવર | અશુભ |
| બાદર | સૌભાગ્ય | | સૂક્ષ્મ | દુર્ભાગ્ય |
| પર્યાપ્ત | સુસ્વર | | અપર્યાપ્ત | દુ:સ્વર |
| પ્રત્યેક | આદેય | | સાધારણ | અનાદેય |
| સ્થિર | યશ | | અસ્થિર | અપયશ |

**આઠ કર્મોની ઉપમાઓ :**

| | |
|---|---|
| જ્ઞાનાવરણ કર્મ | આંખે પાટા જેવું |
| દર્શનાવરણ કર્મ | દ્વારપાળ જેવું |
| વેદનીય કર્મ | મધ લેપેલી તલવાર જેવું |
| મોહનીય કર્મ | મદિરા જેવું |
| આયુષ્ય કર્મ | બેડી જેવું |
| નામ કર્મ | ચિતારા જેવું |
| ગોત્ર કર્મ | કુંભાર જેવું |
| અંતરાય કર્મ | ભંડારી જેવું |

**કર્મોની જઘન્ય અને ઉત્કૃષ્ટ સ્થિતિ :**

| | | |
|---|---|---|
| જ્ઞાના. | અન્તર્મુહૂર્ત | ૩૦ કો.કો. સાગરોપમ |
| દર્શના. | " | " |
| મોહ. | " | " (મિથ્યાત્વ મોહ. ૭૦ અને |
| અંતરાય | " | " કષાયો ૪૦ કો.કો. સાગરો.) |
| વેદનીય | ૧૨ મુહૂર્ત | ૩૦ કો.કો.સાગરો. |
| આયુ | અન્તર્મુહૂર્ત | ૩૩ સાગરો. |
| નામ | ૮ મુહૂર્ત | ૨૦ કો.કો. સાગરો. |
| ગોત્ર | ૮ " | " |

આઠ કર્મોમાં ચાર ઘાતી કર્મો આત્મા માટે અત્યન્ત ખતરનાક છે. તેમાં ય મોહનીયકર્મ સૌથી ભયંકર છે. તેની અઠ્ઠાવીસ પ્રકૃતિમાં જે મિથ્યાત્વ મોહનીયકર્મ છે તે સૌથી વધુ ખતરનાક છે.આ કર્મની ઈંટ ઈમારતના પાયામાં એવા સ્થાને પડેલી છે કે જો તેને ખેસવી દેવાય તો ટૂંક સમયમાં ૧૫૮ કર્મની આખી ઈમારત કડડભૂસ કરતી ધારાશાયી થાય.

મિથ્યાત્વ મોહનીય કર્મનો ક્ષયોપશમ થયા વિના ચારિત્ર મોહનીયકર્મનો ક્ષયોપશમ થતો નથી. મિથ્યાત્વ મોહનીય કર્મના તીવ્ર ઉદયકાળમાં સદ્‌ગતિ મળતી નથી અને સદ્‌ગુણો પ્રગટ થતાં નથી.

દરેક જીવે આ કર્મને ખતમ કરવા માટે પ્રથમતઃ પ્રયત્ન કરવો જોઈએ. આ કર્મનો ક્ષયોપશમ થવાથી સમ્યગ્‌દર્શનની પ્રાપ્તિ થાય છે. સમ્યગ્‌દર્શનયુક્ત જ્ઞાન કે ચારિત્રને સમ્યક્ કહેવાય છે. એનો અર્થ એ થયો કે સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન (૯‌ા પૂર્વ સુધીનું) અને ચારિત્ર (નવમા ગ્રૈવેયક સુધી પહોંચાડે તેવું શુદ્ધ) પણ મોક્ષપ્રાપક બની શકતાં નથી.

ચારિત્રનો જે વેષ છે તેના વિના કેવળજ્ઞાન (ભરતચક્રી વગેરેને) પ્રાપ્ત થાય પણ સમ્યગ્‌દર્શન વિના કૈવલ્ય તો શું પણ સદ્‌ગતિ પણ મળી શકતી નથી.

સમ્યગ્‌દર્શનની હાજરીમાં હિંસાદિક દોષોનું સેવન કરાય તો ય તેમાં તેવો રસ કદી પડતો નથી જેનાથી તે હિંસાદિક દોષો જીવને દુર્ગતિમાં લઈ જઈ શકે.

મોહનીયકર્મનો ઉદય જીવમાં કામ, ક્રોધાદિ દોષો પ્રગટ કરે. તેનો ક્ષય, જીવમાં દયા, સરળતા, કૃતજ્ઞતા વગેરે ગુણો પ્રગટ કરે. વેદનીયાદિ કર્મો સુખ

આપે કે દુઃખ ન આપે.

જિનશાસનમાં સુખ એવી કોઈ સારી ચીજ માનવામાં આવી નથી કે દુઃખ એવું કાંઈ ખરાબ ગણાયું નથી કે તેમને પામવા માટે કે કાઢવા માટે માનવ-જીવન હોમી નાંખવું પડે.

પામવા જેવા ગુણો છે, સુખ નહિ. કાઢવા જેવા દોષો છે, દુઃખો નથી.

સુખ અને દુઃખ તો જો (ક્રમશઃ) વિરાગ અને સમાધિપૂર્વક ભોગવાય તો તેઓ આત્માના ઉપકારક બને છે.

સુખનો ચાહ નહિ, ગુણોનો ચાહ જોઈએ. દુઃખ પ્રત્યે ધિક્કાર નહિ, દોષો પ્રત્યે ધિક્કાર થવો જોઈએ.

આ જૈન-દર્શનનું હાર્દ છે. આમાં જીવન જીવવાની કલા (The Art of living) સમાયેલી છે.

## કર્મબંધના વિવિધ હેતુઓ

જ્ઞાનાવરણીય તથા દર્શનાવરણીય કર્મબંધના હેતુઓ આ પ્રમાણે છે.

આચાર્યાદિનો અવિનય કરવો, અકાળે ભણવું, કાળે ન ભણવું, શાસ્ત્ર નિષિદ્ધ સ્થાનોમાં અધ્યયનાદિ કરવાં, પુસ્તકનાં પાનાં ફેરવવામાં કે પોસ્ટલ ટિકિટ ચોંટાડવામાં થૂંકનો ઉપયોગ કરવો, એંઠા મોંએ બોલવું, પુસ્તક જમીન ઉપર મૂકવું, તેને ઓશીકું બનાવવું, પુસ્તકનો ટેકો, પુસ્તકને પૂંઠ, પુસ્તક પાસે રાખી પેશાબ વગેરે કરવું, સ્ત્રીઓએ માસિક ધર્મના ૩ દિવસ સુધી પુસ્તક ભણવું-વાંચવું-લખવું વગેરે, છાપા વગેરેના કાગળમાં અશુચિ કરવી, તેમાં ખાવું, જોડા બાંધવા, ચવાણું, મીઠાઈ, મસાલા વગેરેના પડીકા બાંધવા અને ફટાકડા ફોડતાં અક્ષરવાળા કાગળ બાળવા વગેરે - ઉપરોક્ત કારણો ઉપરાંત દર્શનગુણને ધારણ કરનારાનો ઉપઘાત તથા દર્શનના સાધનરૂપ આંખ, કાન, નાક આદિ ઇન્દ્રિયોના નાશથી દર્શનાવરણ કર્મનો બંધ થાય છે.

**શાતાવેદનીય બંધના હેતુઓ :** ગુરુભક્તિ, મનથી શુભ સંકલ્પ, હૃદયથી બહુમાન, વચનથી સ્તુતિ આદિ, કાયાથી સેવા, ક્ષમા, સમભાવે સહન કરવું, સર્વ જીવો ઉપર કરુણા, અણુવ્રતો-મહાવ્રતોનું પાલન, સાધુસમાચારીરૂપ યોગનું પાલન, કષાયવિજય, સુપાત્રમાં ભક્તિથી, દાન, ગરીબ વગેરેને અનુકંપા દાન, ભયવાળાને અભયદાન, ધર્મદઢતા, અકામ નિર્જરા, વ્રતાદિમાં દોષ ન લાગવા દેવા, બાલતપ, દયા, અજ્ઞાનથી કષ્ટસહન વગેરેથી શાતાનો બંધ થાય છે.

**અશાતાના હેતુઓ** : શાતા વેદનીયથી વિપરીત, તે આ પ્રમાણે :- ગુરુઓની અવજ્ઞા, ક્રોધીપણું, કૃપણતા, નિર્દયતા, ધર્મકાર્યોમાં પ્રમાદ, જાનવરો પર અધિક બોજ લાદવો, જાનવરોના અવયવો છેદવા, જાનવરોને માર મારવો, માંકણ-વાંદા, ઉધઈ વિ.નો નાશ કરવા દવાઓ છાંટવી, પોતાને કે બીજાને દુઃખ, શોક, સંતાપ, વધ, આક્રંદ વગેરે કરવા-કરાવવાથી આર્તધ્યાન-રૌદ્રધ્યાન, અશુભ પરિણામથી અશાતાનો બંધ થાય છે.

**દર્શનમોહનીયના હેતુઓ** : ઉન્માર્ગદેશના=સંસારનાં કારણોને મોક્ષમાર્ગ તરીકે કહેવા વગેરે, માર્ગનાશ, દેવદ્રવ્યહરણ, તીર્થંકરોની નિંદા, સાધુ-સાધ્વીની નિંદા, જિનબિંબ-મંદિરની નિંદા, જિનશાસનની હિલના-નિંદા વગેરે દ્વારા દર્શન-મોહનીયકર્મનો બંધ થાય છે.

**ચારિત્રમોહનીયના હેતુઓ** : સાધુઓની નિંદા, ધર્મમાં જોડાતા વગેરેને વિઘ્નકરણ, અલ્પ પણ વ્રતવાળાની બીજી અવિરતિની નિંદા, અન્યને કષાય-નોકષાયની ઉદીરણા તથા એવું વાતાવરણ સર્જવું, પાંચે ઇન્દ્રિયના વિષયોમાં ગૃદ્ધિ-આસક્તિ કરવી.

**નોકષાયના બંધ હેતુઓ** : (૧) **હાસ્ય મોહનીય**- ઠઠ્ઠા-મશ્કરી, વિદુષક જેવી ચેષ્ટા, હસવું-હસાવવું, (૨) **રતિમોહનીય**- જુદા જુદા દેશો જોવાની ઉત્કંઠા, વિચિત્ર કામક્રીડા, ખેલ કરવા, હર્ષ-આનંદ, બીજાના મનનું વશીકરણ. (૩) **અરતિ મોહનીય**- ઈર્ષા, ઉદ્વેગ, હાય-વોય, પાપ કરવાનો સ્વભાવ, બીજાના સુખનો નાશ, અકુશળ કાર્યોને ઉત્તેજન. (૪) **શોક મોહનીય** - શોક કરવો-કરાવવો, રુદન, કલ્પાંત. (૫) **ભય મોહનીય**-ભય પામે, બીજાને કરાવે, ત્રાસ વર્તાવવો, દયારહિત-ક્રૂર બનવું, (૬) **જુગુપ્સા મોહનીય** : ચતુર્વિધ સંઘની નિંદા, ઘૃણા, સફાઈનો મોહ, બાહ્ય મેલ કે બીજાની ભૂલ પર ઘૃણા, દુગંછા, (૭) **સ્ત્રી વેદ** - ઈર્ષ્યા, ખેદ, વિષયમાં આસક્તિ, અતિશય વક્રતા, પરદારામાં લંપટતા, (૮) **પુરુષ વેદ**- સ્વદારા સંતોષ, ઈર્ષ્યારહિત પણું, અલ્પ કષાયતા, સરળ સ્વભાવ, (૯) **નપુંસક વેદ** : સ્ત્રી-પુરુષ સંબંધી કામ સેવન, તીવ્ર કષાય, તીવ્ર કામ, સતી સ્ત્રીના શીલનો ભંગ.

(૧) **નરકાયુના હેતુઓ** : પંચેન્દ્રિયની હત્યા, ઘણા આરંભ અને પરિગ્રહ, ગર્ભપાત કરાવવો, રાત્રિ ભોજન-માંસભોજન, વૈરવિરોધની સ્થિરતા, રૌદ્રધ્યાન, મિથ્યાત્વ- અનંતાનુબંધી કષાય, કૃષ્ણ, નીલ, કાપોત લેશ્યા, અસત્ય બોલવું, પરના ધન-ધાન્યની ચોરી, વારંવાર મૈથુન, ઇન્દ્રિયની પરવશતા.

(૨) **તિર્યંચાયુના હેતુઓ** : ગૂઢ ચિત્તવૃત્તિ, આર્ત્તધ્યાન, શલ્ય-વ્રતાદિના દોષો, માયા, આરંભ-પરિગ્રહ, બ્રહ્મચર્યવ્રતમાં અતિચાર, નીલ, કાપોત લેશ્યા, અપ્રત્યાખ્યાન કષાય,

(૩) **મનુષ્યાયુના હેતુઓ** : અલ્પ પરિગ્રહ, અલ્પ આરંભ, સ્વાભાવિક મૃદુતા અને સરલતા, કાપોત-પદ્મલેશ્યા, ધર્મધ્યાનનો પ્રેમ, પ્રત્યાખ્યાન કષાય, દાન, દેવ-ગુરુપૂજા, પ્રિય બોલવું, લોકવ્યવહારમાં મધ્યસ્થતા,

(૪) **દેવાયુના હેતુઓ** : સરાગ સંયમ, દેશ સંયમ, અકામ નિર્જરા, કલ્યાણમિત્રતા, ધર્મશ્રવણની ટેવ, સુપાત્રમાં દાન, તપ, શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રની અવિરાધના, મરણ સમયે પદ્મ અને તેજોલેશ્યાના પરિણામ, અજ્ઞાન તપ, ઇત્યાદિ.

**અશુભનામકર્મના હેતુઓ** : મન, વચન ને કાયાની વક્રતા, બીજાઓને ઠગવું, કપટ પ્રયોગ, ચાડિયાપણું, મિથ્યાત્વ, વાચાળતા, બકવાદ, ગાળો દેવી, ચિત્તની અસ્થિરતા, સુવર્ણાદિમાં ભેળસેળ, અંગોપાંગ છેદવા, યંત્ર અને પાંજરાઓ બનાવવા, ખોટા તોલ-માન, કોઈના સૌભાગ્યનો નાશ કરવો, કામણ-ટૂમણ, પારકાની નિંદા, ખુશામત, હિંસા, અસત્ય, અબ્રહ્મ, અસભ્ય વચન, સારા વેષ આદિનો ગર્વ, કૌતુક-ઠઠ્ઠા-મશ્કરી, પારકાને હેરાન કરવા, વેશ્યાદિને અલંકારદાન, આગ લગાડવી, ચૈત્ય-પ્રતિમા- આરામ-ઉદ્યાનનો નાશ કરવો, કોલસા વગેરે બનાવવા ઈત્યાદિ.

**શુભનામકર્મના હેતુઓ** : અશુભ નામના બંધ હેતુથી વિપરીત તથા સંસારભીરુતા, પાપનો ભય, પ્રમાદનો ત્યાગ, સદ્ભાવનું અર્પણ, ક્ષમા વગેરે સદ્ગુણ, ધાર્મિકજનોના દર્શન, એમનું સ્વાગત, પરોપકારને સારભૂત માની પરોપકાર કરવો.

**નીચગોત્રના હેતુઓ** : પારકાની નિંદા, તિરસ્કાર કે ઉપહાસ, સદ્ગુણનો લોપ, પરના સદ્-અસદ્ દોષોનું ઉદ્ભાવન-પ્રકાશન, સ્વપ્રશંસા મદ, સ્વદોષોને ઢાંકવા.

**ઉચ્ચગોત્રના હેતુઓ** : નીચગોત્રના હેતુઓથી વિપરીત તથા નિરભિમાનતા, મન-વચન અને કાયાથી વિનય કરવો.

**અંતરાય કર્મના હેતુઓ** : જિનપૂજામાં તથા દાન-શીલ-તપ-ભાવ ધર્મમાં વિઘ્નકરણ, હિંસાદિમાં પરાયણતા, સમ્યગ્જ્ઞાન-દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં

ખોટા દૂષણો બતાવી વિઘ્ન કરનાર, વધ-બંધનથી પ્રાણીને ચેતનારહિત કરવા, છેદન-ભેદનથી ઇંદ્રિયોનો નાશ કરવો. છતી શક્તિ ગોપવવી.

## જિનનામકર્મની વિશિષ્ટતા

તીર્થંકર દેવોના તારક આત્માઓ છેલ્લેથી ત્રીજા ભવે 'સવિ જીવ કરું શાસનરસી' રૂપ સર્વ જીવો પ્રત્યેની ટોચ કરુણાભાવનાના પ્રભાવે જિનનામકર્મની નિકાચના કરે છે. આનો ઉદય થતાં તેઓ છેલ્લા ભવે તીર્થંકર પરમાત્મા બને છે. આ જિનનામકર્મ એ અઘાતી કર્મ છે. નામકર્મનો પેટાભેદ છે.

તારકોની સાધના ઉગ્ર હોય તો ય ચારેય ઘાતી કર્મોનો સર્વથા નાશ કરવાનો સફળ પુરુષાર્થ કરે છે. પણ એ વખતે અઘાતી કર્મોનો નાશ કરતા નથી. જાણે કે તેમને તે ખૂબ નમાલા લાગે છે. નડતરભૂત લાગતા નથી માટે તેમને પુરુષાર્થના સપાટામાં લેતા નથી.

આ તો માત્ર અસત્કલ્પના છે. પરન્તુ એ વાત તો નક્કી છે કે તીર્થંકરનામ-કર્મનો નાશ નથી થતો તે આપણા માટે અતિ સારું ગણાય. જો તેનો નાશ થઈ જાત તો એ કૃતકૃત્ય બનેલો આત્મા આપણને દેશનાદાન કરત નહિ. આપણો મોક્ષ થાત નહિ. ઓલું તીર્થંકરનામકર્મ છે જ એવું કે તે દેશનાદાન કર્યા વિના ખપે તેમ નથી. તેને ખપાવવા માટેનો માર્ગ બીજો કોઈ છે જ નહિ. આમ હોવાથી જ કૃતકૃત્ય થયેલા તારકો સમવસરણમાં બેસીને દેશના આપે છે.

જીવોને દેશના દઈને મોક્ષ પમાડવાની બુદ્ધિ એ કરુણા નામનો રાગભાવ છે. વીતરાગને તે રાગભાવ ક્યાંથી સંભવે ? એટલે તેઓ દેશના આપે જ નહિ; પરન્તુ તીર્થંકરનામકર્મ જ તેમને દેશનાદાન કરાવીને પોતે ખપે છે. પોતાનું આ કર્મ ખપાવવા માટે તેમને દેશનાદાન કરવું જ પડે. તેમ થતાં અગણિત જીવો મોક્ષ પામી જાય.

## આયુષ્ય કર્મ અંગે સમજવા જેવું

કુલ આઠ કર્મો છે. તેમાં ચાર કર્મો ઘાતી છે અને ચાર કર્મો અઘાતી છે.

ચાર અઘાતી કર્મોમાં આયુષ્ય કર્મ છે. આ એક જ એવું કર્મ છે જેનો બંધ સમગ્ર જીવનકાળમાં એક જ વાર જીવ કરે છે. તે વખતે જે બંધ થાય છે તે 'નિકાચિત' હોય છે. એટલે કે તેમાં કોઈ પણ સ્થિતિમાં ફેરફાર થતો નથી. [બાકીના સાત કર્મો જીવનકાળના દરેક સમયે બંધાય.]

આયુષ્યકર્મનો નિકાચિત બંધ જીવનકાળમાં ક્યારે પડે ? તે આપણે સમજીએ.

જેનું જેટલું જીવન હોય તેના બરોબર $\frac{2}{3}$ ભાગ પસાર થાય કે તત્ક્ષણ આગામી - એક જ ભવના આયુષ્યનો નિકાચિત બંધ પડે.

ધારો કે કોઈ મનુષ્યનું આયુષ્ય પૂરા ૮૧ વર્ષનું છે તો તેનો આયુ-બંધ પૂરા ૫૪ (૨૭+૨૭+૨૭) વર્ષે પડે. તે વખતે જો તે સારા આચાર, વિચારાદિમાં પ્રવર્ત્તતો હોય તો બાકીના પૂર્વના જીવનમાં તે ગમે તેટલો પાપી હોય તો ય એક વાર તો- જાણે કે તેની લોટરી લાગી તે રીતે- સારી ગતિનો લાભ મળી જાય.

આથી ઊલટું જો ૫૪ વર્ષની વયે તે અશુભ આચાર, વિચારાદિમાં પ્રવર્ત્તતો હોય તો તેને દુર્ગતિની પ્રાપ્તિ નિશ્ચિત બની જાય. આ જીવ તેના પૂર્વના ૫૪ વર્ષમાં ગમે તેટલો ધાર્મિક હોય તો ય એક વાર તો તેને દુર્ગતિમાં જવું જ પડે.

ભાવી જીવનનો નિશ્ચય જીવનના $\frac{2}{3}$ ભાગની ક્ષણ સાથે સંબંધ ધરાવે છે. તેની પૂર્વના કે પછીના જીવન સાથે જરાય નહિ.

હવે સવાલ એવો થાય કે જો આમ હોય તો પાપી જીવે કરેલા પાપોનું ફળ મળશે કે નહિ ? અથવા ધર્મી જીવે કરેલા ધર્મનું ફળ મળશે કે નહિ ? તેનો જવાબ એ છે કે જે જીવ તીવ્રતા સાથે પાપ કરે કે ધર્મ કરે તેનું ફળ ભવિષ્યમાં ક્યારેય પણ મળ્યા વિના રહેવાનું નથી. હા જો તે સાચા અર્થમાં ધર્મ કરવા લાગે તો તેણે કરેલા (નિકાચિત સિવાયના) પાપો ધોવાઈ જાય ખરા અને તેથી તેમનું ફળ તે જીવને ક્યારેય ભોગવવાનું રહે નહિ.

**કેટલાક દૃષ્ટાન્તો દ્વારા આ વાત સમજીએ.**

મગધપતિ શ્રેણિકના જીવન કાળનો $\frac{2}{3}$ ભાગ જ્યારે આવ્યો ત્યારે તે સગર્ભા હરણીનો શિકાર કરીને - એક તીરે બે જીવો હણ્યાનો ભરપૂર આનંદ માણતા હતા. આથી તેમણે નારકનું નિકાચિત આયુ-કર્મ બાંધ્યું. એ ક્યારે ય ન છૂટ્યું તે ન જ છૂટ્યું. આ પછીના કાળમાં તે પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત બન્યા. તે વખતે તેમણે ભાવી તીર્થંકર પદ્મનાભસ્વામી બનવા માટેનું નિકાચિત કર્મ બાંધ્યું. તેથી તે તીર્થંકર જરૂર બનશે. પરન્તુ પેલું $\frac{2}{3}$ ભાગે બાંધેલું કર્મ તો તેમણે ભોગવવું જ પડ્યું.

પ્રભુ મહાવીરદેવને સાક્ષાત્ આગ છોડી મૂકનારા મહા ભયાનક ગુરુદ્રોહી

ગોશાળાએ જ્યારે આયુકર્મની નિકાચિત કરી ત્યારે તે પોતે કરેલા પાપો ઉપર ઘોર પશ્ચાત્તાપ કરી રહ્યો હતો. આથી તેણે બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યુ એ રીતે તે જીવ બારમા દેવલોકે ગયો પણ ખરો. પરન્તુ તેણે જે અતિ ભયાનક પાપો કર્યાં, તેનાં અત્યન્ત રૌદ્ર ફળો અનન્તા ભાવિ ભવમાં મળ્યા વિના રહેવાના નથી.

પેલા ચંડકૌશિક નાગની વાત કરું. તેનો જીવ પૂર્વભવે તપસ્વી સાધુ હતો. તેનો આયુબંધ મૃત્યુના છેલ્લા દિવસના $\frac{૨}{૩}$ ભાગે આવ્યો તે વખતે તે ખૂબ ક્રોધમાં હતો એટલે જ પછીના ભવનો આયુબંધ ક્રોધી તાપસનો થયો. અને તેમાં ય ક્રોધની ક્ષણોમાં છેલ્લે છેલ્લે આયુબંધ થતાં તે ચંડકોસિયો નાગ થયો.

હા. તેણે મુનિભવમાં જે ધર્મ કર્યો તેનું ફળ તેને એ મળ્યું કે વનમાં પાછલે બારણેથી - વણનોતર્યા - પરમાત્મા મહાવીરદેવ પધાર્યા. તે તેમને મારવા ધસ્યો પણ પૂર્વ ભવના ધર્મના પ્રભાવથી પ્રભુએ તેને તારી દીધો.

હજી એક દૃષ્ટાન્તથી સમજાવું. તે હતા; ૫૦૦ શિષ્યોના ગુરુ આચાર્ય સુમંગલ... ઉત્કૃષ્ટ કોટિના આચાર્ય હોવા છતાં જીવનના છેલ્લા દિવસોમાં $\frac{૨}{૩}$ વાળો આયુબંધ આવ્યો તે વખતે તેઓ, ઘૂંટણે જે પાટો (યોગપટ્ટ) બાંધતા હતા તેની કાતિલ મૂર્ચ્છામાં હતા. આથી તેમનો આયુબંધ અનાર્યદેશના મ્લેચ્છ (માંસાહારી) રાજકુમાર તરીકે થયો.

પણ આચાર્યના ભવમાં જે સુંદર ચારિત્રધર્મનું પાલન કર્યું હતું તે નિષ્ફળ થોડું જાય ! તેના પ્રભાવે તે આચાર્યના અવધિજ્ઞાની બનેલા શિષ્ય તેમને ઉગારવા માટે મુનિવૃન્દ સાથે ધસી આવ્યા. તેમને બોધ પમાડીને આર્યદેશમાં લાવીને દીક્ષા આપીને ભવસાગરમાંથી તારી દીધા.

હજી એક દૃષ્ટાન્ત આપું. તે હતા; ઉત્તમ ચારિત્રધર મુનિરાજ...એક-દી જંગલમાં મસ્ત મજા કરતો ઉંદર જોયો. તેનું મસ્ત જીવન જોઈને તેમણે વિચાર્યું કે, ''હું ઉંદર થાઉં તો કેવું સરસ જીવન મળી જાય ?'' હાય ! એ જ હતી, આયુબંધની ક્ષણ.

મરીને મુનિનો જીવ ઉંદર બની ગયો. એક વાર તે ધર્મનાથ ભગવાનના સમવસરણમાં આવી ગયો. ઈન્દ્રે પ્રભુને સવાલ કર્યો કે, ''આ પર્ષદામાંથી સૌથી પહેલો ક્યો જીવ મોક્ષે જશે ?''

પ્રભુએ કહ્યું,''આ દૂર દેખાય છે તે ઉંદરનો જીવ.''

ઉંદરને આ સાંભળતાં જાતિસ્મરણ, પૂર્વભવનું દર્શન, થયેલી ભૂલનો તીવ્ર પશ્ચાત્તાપ થયો. તરત અનશન કર્યું.

વળતા ભવે માનવ થઈને મુનિ બનીને તે જીવ મોક્ષે ગયો.

અહીં સ્પષ્ટ જોવા મળે છે કે ખરાબ પળે થયેલા આયુબંધના કારણે ઉંદરનો ભવ ભલે માથે ભટકાયો; પરન્તુ તે ભવમાં ધર્મનાથ ભગવંત મળ્યા વગેરે જે ઘટનાઓ ઘટી તેમાં મુનિભવની ચારિત્રપદની આરાધના જ સહાયક બની.

અહીં એ વાત કરી દઉં કે એવો એકદમ ચોક્કસ નિયમ નથી કે આયુકર્મનો નિકાચિત બંધ જીવનકાળના $\frac{૨}{૩}$ ભાગે પડે જ અને પડે જ. ના. એવું ય બને કે ૮૧ વર્ષાયુ જીવને ૫૪ વર્ષાયુ થતાં આયુબંધ ન પણ પડે.

જો એમ થાય તો તેનો જે ૨૭ વર્ષનો શેષ જીવનકાળ છે તેના $\frac{૨}{૩}$ ભાગ લઈને પેલા ૫૪ વર્ષમાં ઉમેરી દેવો. ૨૭ વર્ષનો $\frac{૨}{૩}$ ભાગ એટલે ૧૮ વર્ષ. (૯+૯+૯), આ ૧૮ વર્ષ ઓલા ૫૪ વર્ષમાં ઉમેરીએ એટલે કુલ ૭૨ વર્ષ થાય. હવે એવું સંભવે કે ૫૪ વર્ષે આયુબંધ નહિ પામેલો જીવ ૭૨ વર્ષની વયે આયુબંધ કરશે.

કદાચ ૭૨ વર્ષની વયની ક્ષણે પણ આયુબંધ ન પડે એવું ય બને. તો શેષ રહેલા ૯ વર્ષના ૨/૩ વર્ષ (૬)ને ૭૨માં ઉમેરવા. ૭૨+૬=૭૮ આમ ૭૮ વર્ષની વયે બંધ પડે.

હજી પણ બંધ ન પડે તો પૂર્વવત્ શેષ જીવનના $\frac{૨}{૩}$ ને પૂર્વ જીવનકાળના વર્ષમાં ઉમેરતાં જવું. છેલ્લે ત્રણ ડચકા બાકી રહે ત્યારે તેના  ડચકાં એટલે ૨ ડચકાં પસાર થતાં તો આયુબંધ નિકાચિત થઈ જ જાય. આમાં અપવાદ હોઈ શકે નહિ. કેમકે દેહમાંથી નીકળી જતાં જીવે ક્યાં જવાનું છે ? ક્યાં જન્મ લેવાનો છે ? કયું આયુષ્ય પામવાનું છે ? તેનો નિશ્ચય તો છેલ્લે છેલ્લે પણ થવો જ જોઈએ.

ગોશાલકને પાપોનો જે પશ્ચાત્તાપ થયો તે તેના જીવનના છેલ્લા સાત દિવસના છેલ્લા કલાકોમાં થયો છે અને તે વખતે દેવાયુનો બંધ પડ્યો છે. એટલે એમ કહી શકાય કે તેના ઘણા $\frac{૨}{૩}$ ભાગો આયુબંધ વિનાના પસાર થયા હતા. અપેક્ષાએ કહી શકાય કે તેનો આયુબંધ છેલ્લે થયો તે સારું થયું નહિ તો ઘોર પાપોના જીવનકાળના કોઈ $\frac{૨}{૩}$ ભાગે આયુબંધ પડત તો ભયાનક દુર્ગતિનો જ બંધ પડત.

કેવું, આયુબંધનું ગણિત કે શાસનપતિ પરમાત્મા મહાવીરદેવના પરમભક્ત શ્રેણિકને નરકમાં જવું પડ્યું અને પ્રભુના ક્રૂર શત્રુ ગોશાલકને બારમા દેવલોકની લોટરી લાગી ગઈ !!!

આયુબંધની આ બધી વાત મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને અનુલક્ષીને સમજવી.

દેવ અને નારકગતિના જીવોને તો સામાન્યતઃ માત્ર છ મહિના આયુષ્ય બાકી રહે ત્યારે તે વખતની સ્થિતિ પ્રમાણે ભાવી આયુબંધ થઈ જાય.

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે જીવનો જેવો- સારો કે નરસો- આયુબંધ પડ્યો હોય તેવા સારા કે નરસા અધ્યવસાયો તેને મરણસમયે રહે.

જો બંધ અશુભ પડેલો હોય તો ગમે તેટલા નવકાર અંતસમયે સંભળાવાય તો ય તેનું સમાધિમરણ ન જ થાય. અશુભ આયુબંધ અન્ત સમયે અસમાધિ લાવીને જ રહે.

એટલે મરણ વખતે સમાધિ પામવાની જેની ભાવના હોય તેણે સમગ્ર જીવનકાળને- તેની પ્રત્યેક ક્ષણને- ધર્મમય કે સદાચારમય- બનાવી દેવી રહી.

આપણે તે વાત તો જાણતા નથી કે આપણું ચોક્કસ આયુષ્ય કેટલું છે ? અને તેનો $\frac{૨}{૩}$ સમય કેટલા વર્ષે આવે છે ? ક્યા $\frac{૨}{૩}$ ભાગે આપણો આયુબંધ થવાનો છે ?


જો તેવું જાણવા મળ્યું હોત તો બધા જીવો તે સમયે ધર્મમાં બેસી જાત અને બાકીના જીવનમાં વિલાસનું પાપી જીવન જીવતા રહેત. આમ એક વાર તો દેવાદિ ગતિની લોટરી લાગી જાત.

પણ જ્યારે આવી કોઈ ઠોસ માહિતી નથી ત્યારે આપણ દરેક ક્ષણને $\frac{૨}{૩}$ ભાગની ક્ષણ સમજીને સરસ રીતે પસાર કરવી જ રહી.

ટૂંકમાં બાળવયથી જ સમગ્ર જીવન ધર્મમય બનાવી દેવું પડે; જેથી જ્યારે પણ આયુબંધ પડે ત્યારે સદ્ગતિનો જ બંધ પડે. તેમ થતાં મરણપળે સમાધિ અવશ્ય પ્રાપ્ત થાય.

મરણસમાધિ જેને જોઈતી હોય તેણે જીવનસમાધિ પામવી જ પડે.

## (૯) ચોથો ચિત્રપટ :
## ચૌદ રાજલોક




જૈનદર્શને વિશ્વમાં કુલ છ દ્રવ્ય જણાવ્યા છે : ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાળ.

પ્રથમના પાંચ દ્રવ્યો 'અસ્તિકાય' સ્વરૂપ હોવાથી તેઓ પંચાસ્તિકાય કહેવાય છે.

દ્રવ્ય એટલે જેમાં ગુણ હોય અને પર્યાય હોય તે.

જે હંમેશ સાથે રહે તે ગુણ કહેવાય. જે બદલાતા રહે તે પર્યાય કહેવાય.

સોનામાં પીળાશ, ભારેપણું, ચળકાટ વગેરે ગુણ છે. તેના બનેલા 'ઢીંગલી' 'ઘોડો' વગેરે પર્યાયો છે. આત્મામાં અનંતજ્ઞાન વગેરે ગુણો છે. મનુષ્યત્વ, સ્ત્રીત્વ વગેરે પર્યાયો છે.

અસ્તિકાય એટલે પ્રદેશો (અસ્તિ)નો સમૂહ. (કાય.) કાળ એ અસ્તિકાય નથી કેમ કે તે એક જ સમયરૂપ છે. તે વર્તના પરિણામસ્વરૂપ છે. પ્રથમ આપણે સૌથી વિરાટ એવા 'આકાશ'નો વિચાર કરીએ.

## આકાશ : લોક અને અલોક

આકાશના બે ભેદ છે; લોક આકાશ અને અલોક આકાશ.

જેમાં જીવ અને જડ હોય તે આકાશને લોકાકાશ કહેવાય. જેમાં તે બિલકુલ ન હોય તે અલોકાકાશ કહેવાય.

લોકાકાશમાં તમામ જીવો અને તમામ જડતત્ત્વો સમાય. તેમાં ય જે ત્રસનાડી છે તેમાં તો જીવોમાં ય માત્ર ત્રસ જીવો હોય. તેની આસપાસના લોકાકાશમાં માત્ર સ્થાવર જીવો હોય. ત્રસ જીવો જ મોક્ષ પામે છે. જેટલી પહોળી ત્રસનાડી છે તેવડી જ સિદ્ધશિલા છે. (૪૫ લાખ યોજનની) લોકાકાશ કરતાં અલોકાકાશ અનંતગુણ છે. તેનો કોઈ છેડો હોતો નથી. તેની અપેક્ષાએ લોકાકાશ એ સાગરમાં બિન્દુ જેટલો છે. લોકાકાશના ત્રણ ભેદ પડે છે : ઊર્ધ્વલોક, તિર્ચ્છા (મધ્ય) લોક અને અધોલોક.

જે યુવાન બે પગ પહોળા કરીને ઊભો હોય અને બે હાથ કેડે રાખેલા હોય તેવી લોકાકાશની આકૃતિ હોય છે અથવા જમીન પર એક કોડિયું ઊંધુ મુકાય અને તેની ઉપર એક કોડિયું સીધું મુકાય તેનો જે સંયુક્ત આકાર થાય તેવો રાજલોક ગણાય.

લોકાકાશ અસંખ્ય યોજન પ્રમાણ હોય છે.

અલોકાકાશ અનંત યોજન પ્રમાણ હોય છે.

લોકાકાશમાં આકાશ તો છે જ પરન્તુ તેની સાથે બાકીના પાંચે ય ધર્માસ્તિકાય આદિ છે. જેમાં આ બધા રહે છે તેનું નામ લોકાકાશ છે. તે બધાથી સાવ ખાલી આકાશનું નામ અલોકાકાશ છે. અધોલોકમાં સાત રાજલોક હોવાથી અને ઊર્ધ્વલોકમાં સાત રાજલોક હોવાથી લોકાકાશને ચૌદ રાજલોક વ્યાપી કહેલ છે.

અધોલોકના સાત રાજલોકમાં દરેક રજ્જુમાં એકેકી નારક આવેલી છે. સૌથી નીચેથી ગણીએ તો સાતમી નારક સૌથી નીચે આવેલી છે અને પહેલી નારક અધોલોકમાં સૌથી ઉપર આવેલી છે.

એ રીતે ઉર્ધ્વલોકમાં ક્રમશઃ બાર દેવલોક યાવત્ સિદ્ધશીલા આવેલી છે. તેમાં છ રાજલોક-નવમાથી ચૌદમો રાજલોક-આવેલા છે.

૯મા રાજલોકમાં આજુબાજુમાં ૧લો, ૨જો દેવલોક છે. ૧૦મા રાજલોકમાં આજુબાજુમાં ૩જો, ૪થો દેવલોક છે. પછીના ૧૧મા અને ૧૨મા રાજલોકમાં ક્રમશઃ ઉપર ઉપર બે બે દેવલોક છેઃ ૫મો અને ૬ઠ્ઠો તથા ૭મો અને ૮મો.

પછી ૧૩મા રાજલોકમાં બાજુબાજુમાં બે-બે એમ ચાર દેવલોક છેઃ ૯મો, ૧૦મો, અને ૧૧મો, ૧૨મો. તેનું ચિત્ર આ પ્રમાણે થાય.

| | |
|---|---|
| ૧૩મો રાજલોક | [ ૧૧-૧૨<br>૯-૧૦ |
| ૧૨મો રાજલોક | [ ૮<br>૭ |
| ૧૧મો રાજલોક | [ ૬<br>૫ |
| ૧૦મો રાજલોક | ૩-૪ |
| ૯મો રાજલોક | ૧-૨ |

ચૌદમા રાજલોકમાં એકેકથી ઉપર એમ નવ ગ્રૈવેયક નામના ૯ દેવલોક છે. કેડે હાથ દઈને ઊભેલા પુરુષાકાર લોકાકાશમાં-પુરુષની ડોક (ગ્રીવા)ના ભાગે આ ૯ દેવલોક હોવાથી તેમને ગ્રૈવેયક કહેવાય છે.

આ પછી નીચે પ્રમાણેની ગોઠવણે પાંચ અનુત્તર વિમાનો છે. જેમના નામ છે; [વચલા વિમાનનું નામ સર્વાર્થસિદ્ધ છે. જય, વિજય, જયંત અને અપરાજિત]-એ ચાર વિમાનના દેવોને સંખ્યાતા ભવ બાકી હોય છે. અને સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો એકાવતારી હોય છે.

આ સિવાય નવ પ્રકારના લોકાન્તિક (સંસારના છેડે રહેલા-એકાવતારી) દેવો હોય છે. જે પાંચમા દેવલોકના પ્રતરોમાં રહે છે. બીજા કિલ્બીષિક (ઢોલ વગાડવા વગેરે હલકા કામો કરનારા) દેવો છે, જેઓ પહેલા, બીજા દેવલોકની નીચે, ત્રીજા, ચોથા દેવલોકની નીચે તથા છઠ્ઠા દેવલોકની નીચે આવેલા છે.

લોકાન્તિક દેવોનો કલ્પ (આચાર) હોય છે કે જ્યારે તીર્થંકરદેવોના તારક આત્માઓને દીક્ષાનું એક વર્ષ બાકી હોય ત્યારે તેમને તે અંગેની વિનંતી કરવી.

પૂર્વે જણાવ્યું તેમ ઊભી-ચૌદ રાજલોકવ્યાપી-ત્રસનાડીમાં જ ત્રસ જીવો હોવાથી તે સિવાયના આજુબાજુના લોકાકાશમાં માત્ર સ્થાવર જીવો (અને જડ પદાર્થો) રહે છે. અલોકાકાશમાં તો આ બે ય હોતા નથી.

તિર્યક્‌લોક ઊંચાઈમાં ૯૦૦ + ૯૦૦ એમ કુલ ૧૮૦૦ યોજનનો છે. જે સાતમા રાજલોકમાં ૧લી નારક છે તેમાંના ઉપરના ૯૦૦ યોજન તિર્ચ્છાલોકમાં

છે. આમ નીચેનો અધોલોક ૯૦૦ યોજન ઓછા એવા સાત રાજલોક પ્રમાણ છે.

એ જ રીતે ૮મા રાજલોકમાંથી પહેલા ૯૦૦ યોજન તિર્ચ્છાલોકમાં ગણવાથી બાકીનો એ ૮મો રાજલોક ઊર્ધ્વલોકમાં ગણાય એટલે ઊર્ધ્વલોક સાધિક ૭ રાજલોકનો થાય.

## ત્રણેય લોકમાં દેવોનો વાસ

નારકો માત્ર અધોલોકમાં નથી પણ તેમાં વાણવ્યન્તર દેવો પણ છે. જરાક વિગતથી જોઈએ.

૧લી નારકનો પાથડો ૧ લાખ ૮૦ હજાર યોજનનો છે. તેમાંના ઉપર-નીચેના ૧-૧ હજાર યોજન છોડીને જે ૧ લાખ ૭૮ હજાર યોજન છે તેના બાર પ્રસ્તરોમાં એકાંતરે ૧લી નારક અને ભવનપતિના દેવો છે.

હવે જે ઉપરના ૧ હજાર યોજન છોડયા તેમાંથી ઉપર-નીચેના ૧૦૦-૧૦૦ યો. છોડીને વચલા ૮૦૦ યોજનમાં વ્યન્તર દેવો રહે છે.

હવે જે ઉપરના ૧૦૦ યો. છોડ્યા તેમાંના ઉપર નીચેના ૧૦-૧૦ યોજન છોડીને વચલા ૮૦ યોજનમાં વાણવ્યન્તર દેવો રહે છે. આમ મેરૂપર્વતની તલાટીથી નીચેના ૯૦૦ યો.નો જ તિર્ચ્છાલોક ગણાય એટલે તેની નીચેના અધોલોકમાં ભવનપતિ દેવોનો વાસ આવી જાય.

હવે તિર્ચ્છાલોક મેરુની તળેટીથી ઉપરના ૯૦૦ યો. સુધી છે. તેમાં ૭૯૦ યો.થી ૯૦૦ યો.માં જ્યોતિષ્કો છે. તેમાં દેવો રહે છે એટલે તિર્ચ્છાલોકમાં પણ દેવોનો વાસ આવ્યો.

ઊર્ધ્વલોકમાં તો વૈમાનિકાદિ દેવોનો વાસ છે જ. આમ ત્રણેય લોકમાં જો કોઈનો વાસ હોય તો તે દેવોનો વાસ છે.

નારકો માત્ર અધોલોકમાં છે.

તિર્યંચો અને મનુષ્યો માત્ર તિર્ચ્છાલોકમાં છે. તિર્ચ્છાલોક અસંખ્ય યો. પહોળો છે. તેમાં ક્રમશઃ અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. જેમનું માપ ઉત્તરોત્તર બેવડાતું જાય છે. છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર અસંખ્ય યો.નો છે.

દેવલોકમાં દેવોનું સૌથી ઓછું આયુષ્ય (વાણવ્યંતર દેવોની અપેક્ષાએ) દસ હજાર વર્ષનું હોય છે. તથા નારકનું (પહેલી નારકની અપેક્ષાએ) સૌથી ઓછું દસ હજાર વર્ષનું છે. સૌથી વધુ આયુષ્ય દેવલોકનું તથા નારકનું તેત્રીસ સાગરોપમનું હોય છે. (સર્વાર્થસિદ્ધ વિમાન અને સાતમી નારકની અપેક્ષાએ.)

તેમની બંનેની જઘન્યથી કાયા એક હાથની હોય અને ઉત્કૃષ્ટથી ૫૦૦ ધનુષની હોય.

## ચૌદ રાજલોકમાં જીવો :

ચૌદે ય રાજલોકમાં અનંતાનંત જીવો હોય છે. નિગોદના અસંખ્ય ગોળા છે. દરેક ગોળામાં અસંખ્ય શરીર છે. દરેક શરીરમાં નિગોદના અનંતા જીવો હોય છે. આ સિવાય બીજા એકેન્દ્રિયાદિ, પૃથ્વીકાયાદિ, બેઇન્દ્રિયાદિ અનેક પ્રકારના જીવો છે. છ દ્રવ્યોમાં જીવ સિવાયના દ્રવ્યો જડ છે. ધર્માસ્તિકાયમાં જે ધર્મ નામનું જડતત્ત્વ છે તે ચૌદ રાજલોકવ્યાપી એક અખંડ, અરૂપી તત્ત્વ છે. એ અનાદિ અનંત ભાંગે છે. એની સહાયથી જ જીવ-જડ ગતિ કરતા હોવાથી તે ગતિ સહાયક દ્રવ્ય કહેવાય છે. આ દ્રવ્ય ચૌદમા રાજલોકથી બહાર નહિ હોવાથી સિદ્ધ થતો આત્મા આગળ જઈ શકતો નથી. જો આગળ જાત તો જવાનો અંત જ ન આવત. અધર્મ નામનું બીજું દ્રવ્ય પણ તેવું જ છે પરન્તુ તેનું કાર્ય જીવને સ્થિતિ કરવાનું છે.

જો કે જીવ જ ગતિ કે સ્થિતિ કરે છે પરન્તુ તેમાં સહાયક આ ધર્મ અને અધર્મ સહાય કરે છે. ગતિ કરવાની શક્તિ એન્જિનમાં છે પણ પાટા હોય તો જ ગતિ કરી શકે ને ?

ધોમધખતા તાપમાં ઊભા રહેવાની શક્તિ માણસમાં છે પણ તેમાં સહાયક તો વૃક્ષ વગેરેનો છાંયડો જ બની શકે ને?

જેવો ચૌદ રાજલોકનો છેડો જ્યાં પણ આવ્યો ત્યાંથી બહાર આંગળી પણ કાઢી શકાય નહિ. પાણીમાં તરતી માછલી ત્યાં જઈ શકે નહિ. પાણી પણ ત્યાં ખસી શકે નહિ. કેમ કે ત્યાં ગતિ કરવા માટે સહાયક ધર્મ દ્રવ્ય નથી.


આકાશનું કાર્ય જીવ કે જડને રહેવાનો અવકાશ આપવાનું છે.

પુદ્ગલ એટલે જેમાં નવું પુરાવવાનો અને જૂનું ગળવાનો (પૂરણ-ગલન) સ્વભાવ છે તેને પુદ્ગલ કહેવાય. પુદ્ગલો પરમાણુ વગેરે અનંત પ્રકારના છે. તે રૂપી (વર્ણાદિ ચારવાળા) હોય છે.

પરમાણુને પુદ્ગલ અને પ્રદેશ બન્ને કહેવાય. જે સ્કંધથી છૂટો ન પડે તે પ્રદેશ કહેવાય. જે છૂટો પડે તે પરમાણુ કહેવાય. આત્માના અસંખ્ય પ્રદેશો છે. તેનાથી તે કદી છૂટા પડતા નથી માટે તેઓ ક્યારેય પુદ્ગલ કહેવાતા નથી.

અનંતકાળના ભવભ્રમણમાં દરેક આત્માએ ચૌદ રાજલોકના પ્રત્યેક આકાશપ્રદેશમાં અનંત અનંતવાર જન્મ મરણ કર્યા છે. જે આત્માઓ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની નિર્મળ આરાધના કરે છે તેઓ કર્મમોક્ષ પામે છે. તેમનો જીવ દેહ છોડે છે. ઊર્ધ્વગતિ એ જીવનો સ્વભાવ હોવાથી એક જ સમયમાં ઉપર ઉપર જતો ચૌદ રાજલોકના છેડે પહોંચે છે. ત્યાં સદા માટે સ્થિર થાય છે. અનંતાનંત આત્માઓના પ્રદેશ એકબીજામાં મળીને રહે છે.

## (૧૦) પાંચમો ચિત્રપટ :
## અઢી દ્વીપ




મેરુપર્વતની તળેટીથી ઉપર ૯૦૦ યોજન અને નીચે ૯૦૦ યોજન મળીને ૧૮૦૦ યોજનનો તિર્ચ્છાલોક છે. એમાં અસંખ્ય દ્વીપ અને સમુદ્ર આવેલા છે. દરેક દ્વીપ પછીનો સમુદ્ર અને દરેક સમુદ્ર પછીનો દ્વીપ પ્રમાણમાં બેવડાતો જાય.

દા.ત. ૧ લાખ યો.નો જંબૂદ્વીપ
૨ લાખ યો.નો લવણ સમુદ્ર
૪ લાખ યો.નો ધાતકીખંડ
૮ લાખ યો.નો કાલોદધિ સમુદ્ર
૧૬ લાખ યો.નો પુષ્કરવર દ્વીપ

એમ છેલ્લો - અસંખ્યાતમો- વયંભૂરમણ સમુદ્ર આવે. એ પછી તરત તેના છેડાઓથી અલોકાકાશ શરૂ થાય.

આવા અસંખ્ય દ્વીપો અને અસંખ્ય સમુદ્રોમાંથી આ ચિત્રપટમાં માત્ર અઢી દ્વીપ અને તેની વચ્ચે આવેલા બે સમુદ્રો આપણે જોવાના છે. તેમાં જે ત્રીજો પુષ્કરવર દ્વીપ છે તે અડધો લેવાનો છે. આમ જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને અર્ધો પુષ્કરવરદ્વીપ અને લવણસમુદ્ર તથા કાલોદધિ સમુદ્ર ઉપર નજર કરીએ.

આ અઢી દ્વીપના કુલ ૪૫ લાખ યોજન આ રીતે થાય.

જંબૂદ્વીપ એક લાખ યો.નો છે. તેમાં વચ્ચે મેરુપર્વત છે. તેની બધી બાજુ ૦ાા-૦ાા લાખ યો.નો જંબૂદ્વીપ છે.

જંબૂદ્વીપને ફરતો લવણ (ખારો) સમુદ્ર છે. તેના બન્ને બાજુ બે લાખ યો. છે. તે રીતે ધાતકીખંડના બન્ને બાજુ ચાર લાખ યો. છે. પછી કાલોદધિ સમુદ્રના ૮ લાખ યો. છે. ત્યારબાદના પુષ્કરવરદ્વીપના ૧૬ લાખ યો. છે. પણ તેમાંના અડધા જ પુષ્કરવરદ્વીપને આપણે લેવો છે એટલે તેના ૮ લાખ યો. લેવાના થાય.

આમ ૦ાા+૨+૪+૮+૮ = ૨૨ાા લાખ યો. એક બાજુના અને ૨૨ાા લાખ યો. બીજી.બાજુના ગણતા કુલ ૪૫ લાખ યો.ના અઢી દ્વીપ થાય. આ અઢી દ્વીપમાં જ માનવ વસતિ છે. તે પછીના અસંખ્ય દ્વીપ સમુદ્રોમાં મનુષ્યો જન્મતા નથી.

અઢી .દ્વીપ પ્રમાણ-ઉપર સાત રાજલોકના છેડે - ૪૫ લાખ યો.ની સિદ્ધશિલા આવેલી છે. જે મનુષ્ય અઢી દ્વીપમાંથી-જ્યાંથી-મોક્ષ પામે તે સીધો ઉપર જાય, ત્યાં સિદ્ધશિલા હોય.

અસંખ્ય દ્વીપ સમુદ્રોની વચ્ચોવચ્ચ જંબૂદ્વીપ છે. તેની બરોબર વચ્ચે મેરુપર્વત છે.

જંબૂદ્વીપના મેરુપર્વતની પાસે એક મહાવિદેહ ક્ષેત્ર છે. જંબૂદ્વીપના વર્તુળના ઉપરના ભાગે ઐરવત ક્ષેત્ર છે તેના નીચેના ભાગે આપણું ભરતક્ષેત્ર છે.

આમ પહેલાં જંબૂદ્વીપમાં ૧ મહાવિદેહ, ૧ ઐરવત, ૧ ભરત આવ્યા. આ રીતે ધાતકીખંડમાં બધુ બેવડાવવાથી ૨ મહાવિદેહ, ૨ ઐરવત અને ૨ ભરત આવ્યા.

પુષ્કરવરદ્વીપ આમ તો ૧૬ લાખ યો.નો છે પરન્તુ તેમાં ગોળાકારે માનુષોત્તર પર્વત પથરાયેલો છે. તેથી પુષ્કરવરદ્વીપના ૮-૮ લાખ યોજનના બે ભાગ થાય છે. તેમાંના પ્રથમ ૮ લાખ યો.માં જ માનવ વસતિ હોવાથી તે જ ૨ાા દ્વીપમાં ગણવાના છે. એટલે જેટલા ધાતકીખંડમાં તેટલા જ - ૨+૨+૨ ક્ષેત્રો પુષ્કરવરાર્ધ દ્વીપમાં ગણાય. અર્થાત્ તેમાં ૨ ભરત, ૨ ઐરવત અને ૨ મહાવિદેહ હોય.

આમ ૨ાા દ્વીપમાં કુલ ૫ ભરત (૧+૨+૨) થાય. ઐરવત અને મહાવિદેહ પણ ૫, ૫ થાય.

આ પંદર ક્ષેત્રોને કર્મભૂમિ કહેવાય છે. કેમ કે ધર્મરૂપ કર્મ અહીં જ હોય છે. તીર્થંકરદેવો અહીં જ થાય છે. આ સિવાયની ૨ાા દ્વીપની ભૂમિઓને અને અન્ય તમામ દ્વીપ સમુદ્રોને અકર્મભૂમિ કહેવામાં આવે છે.

જંબૂદ્વીપમાં જે મેરુપર્વત છે તેને ફરતા સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર, અને તારા પ્રદક્ષિણા આપે છે. જંબૂદ્વીપમાં બે સૂર્ય અને બે ચન્દ્ર છે. જે વારાફરતીના રાત-દિવસે આપણને જોવા મળે છે.

લવણસમુદ્રના આકાશમાં ૪ સૂર્ય અને ૪ ચન્દ્ર છે.

ધાતકીખંડમાં ૧૨-૧૨ સૂર્ય-ચન્દ્ર છે. કાલોદધિસમુદ્રના આકાશમાં ૪૨-૪૨ સૂર્ય-ચન્દ્ર છે. અર્ધપુષ્કરવરદ્વીપમાં ૭૨-૭૨ સૂર્ય-ચન્દ્ર છે. અઢી દ્વીપના કુલ સૂર્ય-ચન્દ્ર ૧૩૨-૧૩૨ છે. આ બધા ચર છે. જ્યારે અઢી સિવાયના દ્વીપ સમુદ્રમાં આખું જ્યોતિષચક્ર સ્થિર હોય છે.

મેરુપર્વત ઉપર ચાર વનખંડો છે. નીચેથી ઉપર ક્રમશઃ ભદ્રશાલવન, નંદનવન, સોમનસવન અને પંડકવન છે.

પંડકવનમાં ચારે બાજુ શિલા છે. આ શિલા ઉપર તીર્થંકરદેવોના જન્મ કલ્યાણકની ઉજવણી દેવો કરે છે.

૨ાા દ્વીપમાં જઘન્યથી વીસ તીર્થંકરો હોય છે. દરેક મહાવિદેહમાં ૪, પાંચ મહાવિદેહમાં ૨૦.

ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો હોય છે. મહાવિદેહની ૩૨ વિજયા છે. દરેકમાં ૧ તીર્થંકર=એક મહાવિદેહમાં ૩૨. પાંચ મહાવિદેહમાં ૩૨ x ૫= ૧૬૦. તે વખતે દરેક ભરત અને ઐરવતમાં ૧-૧ તીર્થંકર હોય છે. એટલે ભરતના ૫ અને ઐરવતના ૫ તીર્થંકર થાય. આમ કુલ ૧૬૦+૫+૫= ૧૭૦ તીર્થંકર થાય. પરમાત્મા અજિતનાથ ભગવંતના કાળમાં આ રીતે ૧૭૦ તીર્થંકરો વિદ્યમાન હતા. હાલ ૨૦ તીર્થંકરો વિદ્યમાન છે. જંબૂદ્વીપના મહાવિદેહમાં વર્તમાનકાળમાં જે ચાર તીર્થંકરો છે તે બાહુ, સુબાહુ, યુગમંધર અને સીમંધર એ નામના છે. તેઓ ૮મી, ૯મી, ૨૪મી અને ૨૫મી વિજયામાં છે. આઠમી વિજયામાં સીમંધર પ્રભુ છે. તેઓ આપણાથી દૂર હોવા છતાં તેમનાં અધિષ્ઠાયક દેવો, પાર્શ્વપ્રભુની જેમ વિશેષ જાગ્રત હોવાથી ભરતક્ષેત્રના ભક્તજનો તેમને વિશેષ ભજે છે. જંબૂદ્વીપના ભરત અને ઐરવત ક્ષેત્રમાં ૬-૬ ખંડ બને છે. જેવું ભરતમાં તેવું બધી બાબતમાં ઐરવતમાં સમજવું. આપણે ભરતના ૬ ખંડ પાડીએ.

સીધો (અંગ્રેજી) યુ U આકારનો ભરત છે. તેમાં આડો પડેલો વૈતાઢ્ય પર્વત તેના બે ખંડ કરે છે. નીચે દક્ષિણનો ભરત; ઉપર ઉત્તરનો ભરત. પશ્ચિમ

અને પૂર્વમાં ગંગા અને સિંધુ નદીઓ ઊભી વહીને બીજા ટુકડા કરે છે. આમ છ ખંડો બને છે.

આ રીતે ઐરવત ક્ષેત્રમાં પણ વૈતાઢ્ય પર્વત અને રક્તા-રક્તવતી એવી બે નદીઓથી છ ખંડ બને છે.

જે ચક્રવર્તી રાજા બને છે તે છ ખંડ જીતે છે જે : વાસુદેવ બને છે તે વૈતાઢ્યની નીચેના છ ખંડ જીતે છે.

જંબૂદ્વીપમાં જેમ એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ એવી ત્રણ કર્મભૂમિ છે તેમ છ મહાપર્વતો અને સાત મહાક્ષેત્રો આવેલા છે. જે ચિત્રપટમાં જોઈ શકાય છે.

છ મહાપર્વતો (વર્ષધર પર્વતો): લઘહિમવંત, મહાહિમવંત, નિષધ, નીલવંત, રૂક્મિ, શિખરી.

સાત ક્ષેત્રો : ભરત, હિમવંત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવંત, ઐરવત.

દેવો દ્વારા થતાં અપહરણથી ૨ા દ્વીપની બહાર પણ મનુષ્ય હોઈ શકે, પરન્તુ ત્યાં તેમના જન્મ કે મરણ ન થાય. ત્યાં તો માત્ર તિર્યંચોનો વાસ બધે હોય છે.

વિદ્યાધરો અને ચારણમુનિઓ નન્દીશ્વર દ્વીપ સુધી જાય છે.

૨ા દ્વીપની બહાર જે સૂર્ય-ચન્દ્ર વગેરે જ્યોતિષ ચક્ર છે તે સ્થિર હોય છે.


જંબૂદ્વીપના લઘહિમવંત અને શિખરી પર્વતોમાંથી લવણસમુદ્રમાં જતી આઠ દાઢાઓ છે. તેમાં ૫૬ અંતરદ્વીપો આવેલા છે.

જેમ જંબૂદ્વીપમાં ૬ વર્ષધર પર્વતો અને ૭ ક્ષેત્રો છે તેમ તેનાથી બમણા ૧૨ વર્ષધર પર્વતો અને ૧૪ ક્ષેત્રો ધાતકીખંડમાં છે. તેટલા જ પર્વતો (૧૨) અને ક્ષેત્રો (૧૪) પુષ્કરવરાર્ધ દ્વીપમાં છે. આમ ૨ા દ્વીપમાં કુલ ૩૦ વર્ષધર પર્વતો અને ૩૫ ક્ષેત્રો થાય.

વળી, ૫ મહાવિદેહમાં પાંચ મેરુપર્વતની આડી લાઇનમાં ૫ દેવકુરુ અને ૫ ઉત્તરકુરુ આવેલા છે. લવણસમુદ્રમાં પાતાળકળશો આવ્યા છે તેમાં દર ૧૪ મુહૂર્તે (૧૧ા કલાકે) વાયુનો પ્રકોપ થતાં ભરતી આવે છે. અન્ય સમુદ્રોમાં કળશો નથી. ભરતી-ઓટ પણ નથી. લવણસમુદ્રના ચાર પાતાળ કળશોના ઊછળતા વાયુ દ્વારા આવતી ભરતી એટલી ઉગ્ર હોય છે કે તે આખા જંબૂદ્વીપ ઉપર ફરી વળીને તેને ડુબાડી શકે. પરન્તુ જંબૂદ્વીપના માનવોના મોક્ષલક્ષી ધર્મના પ્રભાવે એક લાખ સિત્તેર હજાર વેલંધર દેવો (વેલા = ભરતી) દરેક ભરતીને પાવડાઓ દ્વારા પાછી હટાવીને તેનું જોર ઠંડું પાડી દે છે.

# (૧૧) છઠ્ઠો ચિત્રપટ : કાળચક્ર

## ૧૨ આરાનું કાળચક્ર




કાળ : નવું-જૂનું કરવાની વર્તના એ ગુણ છે. વર્તમાનકાળ, ભૂતકાળ, ભવિષ્યકાળ, સૂર્યોદયકાળ, બાલ્યકાળ, તરુણકાળ વગેરે પર્યાય છે. કઈ વસ્તુ કયા વખતે બની, બનશે કે બને છે તેની ઓળખાણ કાળથી થાય છે. જેની સૂક્ષ્મ ગણતરી નીચે મુજબ જાણવી.

કાળનું માપ - સૌથી જઘન્ય કાળ 'સમય' છે. અત્યંત જીર્ણ વસ્ત્ર ફાડતાં એક તંતુ પછી બીજો તંતુ ફાટવામાં એવા અસંખ્ય સમય વીતી જાય છે. અસંખ્ય સમય = ૧ આવલિકા, ૨૫૬ આવલિકા = ૧ ક્ષુલ્લકભવ. ૧૭ાા ($૧૭ \frac{૧૩૯૫}{૩૭૭૩}$) ક્ષુલ્લકભવ =૧ શ્વાસોચ્છ્વાસ. (હૃષ્ટ-પુષ્ટ યુવાનનો પ્રાણ)

૭ પ્રાણ = ૧ સ્તોક. ૭ સ્તોક = ૧ લવ. ૭૭ લવ = ૧ મુહૂર્ત. ૧ મુહૂર્ત = ૪૮ મિનિટ = ૨ ઘડી = ૩૭૭૩ પ્રાણ = ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ = ૧૬૭,૭૭,૨૧૬ (એક કરોડ ૬૭ લાખ સત્યોતેર હજાર બસો ને સોળ) આવલિકા. ૯ સમયથી મુહૂર્ત કાળ પૂરો ન થાય ત્યાં સુધીનું અંતર્મુહૂર્ત કહેવાય. ૩૦ મુહૂર્ત = ૧ દિવસ (અહોરાત્રિ). ૧૫ દિવસ = ૧ પક્ષ. ૨ પક્ષ = ૧ માસ. ૨ માસ = ૧ ઋતુ, ૩ ઋતુ = ૧ અયન. (દક્ષિણાયન-ઉત્તરાયણ) ૨ અયન = ૧ વર્ષ. ૮૪ લાખ વર્ષ = ૧ પૂર્વાંગ, ૮૪ લાખ પૂર્વાંગ= ૧ પૂર્વ ( = ૭૦૫૬૦ અબજ વર્ષ : ૭૦૫૬ શત ક્રોડ વર્ષ)

પલ્યોપમ : ચાલુ આંગળ x ૪૦૦ = પ્રમાણ આંગળ (આવા પ્રમાણ અંગુલથી)ના માપનો ૧ જોજન (૪ ગાઉ) લાંબો, પહોળો, ઊંડો કૂવો, એમાં જન્મે સાત દિવસના યુગલીયાના એકએક વાળના અસંખ્ય ટુકડાથી એવો ખીચોખીચ ભર્યો હોય કે ઉપર થઈને ચક્રવર્તીની આખી સેના ચાલી જાય છતાં બરાબર નક્કર રહે. એમાંથી સો સો વર્ષે એક ટુકડો કાઢતાં સંપૂર્ણ કૂવો ખાલી થવાનો કાળ એ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ છે. જેનાથી આયુષ્યની ગણતરી થાય છે. ૧ પલ્યોપમ = અસંખ્યાત વર્ષ. ૧૦ કોડાકોડી પલ્યોપમ = ૧ સાગરોપમ. ૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ અવસર્પિણી. ૧૦ કોડાકોડી સાગરોપમ = ૧ ઉત્સર્પિણી ૧ અવસર્પિણી + ૧ ઉત્સર્પિણી = ૧ કાળચક્ર.

અનંતા કાળચક્ર = ૧ પુદ્ગલપરાવર્ત. (સાગર જેવો મોટો કાલખંડ તેને સાગરોપમ કહેવાય)

ઘડિયાળના બાર અંકોમાં ૬ પૂર્વદિશામાં અને ૬ પશ્ચિમદિશામાં જે રીતે વિભાગ પડે છે, તે રીતે જ કાળચક્રમાં પૂર્વાર્ધમાં ૬ અને પશ્ચિમાર્ધમાં ૬ વિભાગ પાડીએ તો તેના એક એક વિભાગને આરો એ નામથી ઓળખવામાં આવે છે. જે કાળમાં પ્રત્યેક સમયે શુભ પુદ્ગલોની હાનિ અને અશુભની વૃદ્ધિ થતી હોય તે અવસર્પિણીકાળ કહેવાય છે. તેના ૬ આરા છે.

## અવસર્પિણીકાળના છ આરા

પહેલા સુષમસુષમ નામના ૪ કોડાકોડી સાગરોપમના આરામાં મનુષ્યનું દેહપ્રમાણ ૩ ગાઉ, આયુષ્ય ૩ પલ્યોપમ, શરીરમાં ૨૫૬ પાંસળીઓ હોય છે. મનુષ્યો વજ્રઋષભનારાચસંઘયણ તથા સમચતુરસ્ત્રસંસ્થાનવાળા હોય છે. સ્ત્રીપુરૂષના યુગલરૂપે સાથે અવતરે છે. તેમની ઇચ્છાઓ ૧૦ પ્રકારના કલ્પવૃક્ષો પૂર્ણ કરે છે. ૩-૩ દિવસ પછી આહારની ઇચ્છા થાય છે. કલ્પવૃક્ષના ફળ એટલા બધા રસકસવાળાં હોય છે કે જેથી તુવેરના દાણા જેટલા આહાર

માત્રથી સંતોષ થઈ જાય છે. પોતાના આયુષ્યના ૬ મહિના બાકી રહે ત્યારે યુગલિણી એક પુત્ર-પુત્રીના યુગલનો પ્રસવ કરે છે અને ૪૯ દિવસ સુધી તેમનું પાલન પોષણ કરે છે. પછી નવું યુગલ સ્વાવલમ્બી થઈ સ્વતંત્ર વિચરે છે. તેમનાં માતા-પિતા પૈકી એકને છીંક આવતાં અને બીજાને બગાસું આવતાં મૃત્યુ થાય છે. અને અલ્પ વિષય-કષાયના કારણે તેઓ દેવગતિ પામે છે.

બીજો આરો સુષમ નામનો ૩ કોડાકોડી સાગરોપમનો છે. દેહ-બુદ્ધિ-બળ-આયુષ્ય-કાંતિ-પૃથ્વી વગેરેના રસકસ વગેરે તથા સાર પદાર્થોના ગુણોમાં ઉત્તરોત્તર હાનિ, દેહ ૨ ગાઉ, આયુષ્ય - ૨ પલ્યોપમ, પાંસળીઓ - ૧૨૮, આહારની ઇચ્છા - ૨ દિવસે, આહાર બોર જેટલો. પુત્રપુત્રી પાલન ૬૪ દિવસ.

ત્રીજો આરો સુષમદુઃષમ નામનો ૨ કોડાકોડી સાગરોપમનો છે, જેમાં સુખ ઘણું અને દુઃખ થોડું હોય છે, દેહ - ૧ ગાઉ, આયુષ્ય - ૧ પલ્યોપમ, પાંસળીઓ - ૬૪, આહારની ઇચ્છા એકાંતરે, આહાર આંબળા જેટલો, પુત્ર-પુત્રીપાલન ૭૯ દિવસ છે.

ચોથો આરો દુઃષમસુષમ નામનો ૪૨૦૦૦ વર્ષ ન્યૂન ૧ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં દુઃખ ઘણું અને સુખ ઓછું. ત્રીજા આરાના જ્યારે ૮૪ લાખ પૂર્વ, ૩ વર્ષ ૮ાા માસ બાકી રહે છે ત્યારે પ્રથમ તીર્થંકરદેવનો જન્મ થાય છે. પડતા કાળના પ્રભાવે કલ્પવૃક્ષોનો મહિમા ધીમે ધીમે નષ્ટ થતો આવે છે. લોકોને ખાવા માટે ધાન્યની ઉત્પત્તિ થાય છે. બાદર અગ્નિ પ્રગટ થતાં યુગલિકોની વિનંતીથી પ્રથમ તીર્થંકર સાધુ થવા પૂર્વે પ્રથમ રાજા બની શિલ્પ વગેરે કલાઓ લોકોને શીખવે છે. જેથી લોકો નીતિ-પ્રમાણિકતાવાળું સદાચારમય જીવન જીવે છે. પ્રથમ તીર્થંકરના નિર્વાણ પછી ૩ વર્ષ અને ૮ાા મહિના પછી ચોથો આરો શરૂ થાય છે. યુગલિકોની ઉત્પત્તિ બંધ થાય છે. અગિયાર ચક્રવર્તીઓ, બળદેવો - વાસુદેવો વગેરે અને બાકી ૨૩ તીર્થંકરો આ આરામાં થાય છે.

ચોથા આરાના ૩ વર્ષ અને ૮ાા મહિના બાકી હોય છે ત્યારે ચરમતીર્થપતિ મોક્ષે પધારે છે, પછી ૨૧૦૦૦ વર્ષનો દુઃષમ નામનો પાંચમો આરો બેસે છે. શરૂમાં દેહ - ૭ હાથ, આયુ - ૧૨૫ વર્ષ, પાંસળીઓ - ૧૬, આહાર અનિયત છે. જેમાં મહાવીર ભગવાનનું શાસન ૨૧ હજાર વરસ ચાલવાનું. ચડતી-પડતી અનેકવાર થવાની. લોકોમાં મોટા ભાગે કષાયની ઉત્તરોત્તર વૃદ્ધિ, કામ-આસક્તિની વૃદ્ધિ, મદ-અભિમાનથી સંઘર્ષ વધવાના, શહેર ગામડાં જેવાં,

ગામડાં સ્મશાન જેવા, કુલીન સ્ત્રીઓ આચારહીન, સુકુળોત્પન્ન દાસ દાસી થાય, હીન કૂલવાળા ધર્મરસિક અને સાધક બને, રાજાઓ યમ જેવા ક્રૂર, વિનય -મર્યાદાની હાનિ, ગુણવાનની નિંદા, ક્ષુદ્રજંતુઓની ઉત્પત્તિ અધિક, દુષ્કાળ ઘણા પડે, અને લોકો લોભી-લાલચુ બને. હિંસાની વૃદ્ધિ થાય. અનેક મતમતાંતરો અને મિથ્યા મતો ફાલેફૂલે, દેવતાઓ પ્રત્યક્ષ ન થાય, વિદ્યાનો પ્રભાવ ઘટે, દૂધ-ઘી-ધાન્ય, વનસ્પતિ વગેરે સાર પદાર્થોનું સત્ત્વ ઘટે, આયુષ્ય ઘટતું જાય, પાખંડીઓની પૂજા વધે, સંયમીઓને કષ્ટ પડે. ધર્મી - સુશીલ સરલ સ્વભાવવાળા વિરલ હોય, કપટી-કુશીલ, કદાગ્રહી વધતા જાય, ઉત્સૂત્ર પ્રરૂપણા વધે, પરસ્પર મૈત્રીભાવ ઘટે, આમ અનેક નબળી-સબળી પરિસ્થિતિમાં પ્રભુનું શાસન આરાધક આત્માઓ ઘણા કષ્ટ વેઠીને ટકાવી રાખવાના છે.

પાંચમો આરો પૂર્ણ થતાં ૨૧૦૦૦ વર્ષનો દુ:ષમદુ:ષમ નામનો છઠ્ઠો આરો બેસે છે. દિવસના સખત તાપ, રાત્રિનાં ભયંકર ઠંડી તથા કિલ્લા-મહેલ-મકાન સર્વત્ર નષ્ટ થયેલા હોઈ વૈતાઢ્ય પર્વતથી ઉત્તરે અને દક્ષિણે ગંગા-સિંધુ નદીના સામસામા કિનારા ઉપર ૩૬-૩૬ એમ ૭૨ બિલો છે. તેમાં મનુષ્યો અને સ્ત્રીઓ વસવાટ કરશે. આયુષ્ય ૨૦ વર્ષનું, દેહ ૧ હાથનો, પાંસળી ૮, આહારની ઇચ્છા અમર્યાદિત, ખાય છતાં તૃપ્તિ નહિ. બિલવાસી મનુષ્યો માછલાં વગેરે જલચરોને પકડી રેતીમાં દાટશે. દિવસના પ્રચંડ તાપથી બફાઈ જતાં તેનું રાત્રીના ભક્ષણ કરશે. પરસ્પર ક્લેશવાળા દીન-હીન દુર્બળ, દુર્ગંધી, રોગિષ્ઠ, અપવિત્ર, નગ્ન, આચારહીન, માતા-બેન-સ્ત્રી પ્રત્યે વિવેક વગરના, છ વર્ષની સ્ત્રી બાળકને જન્મ આપશે, ભૂંડણની જેમ ઘણાં બાળકોને જન્મ આપી મહાક્લેશ અનુભવે, ધર્મ-પુણ્યરહિત, કેવળ અતિશય દુ:ખમાં જ આયુષ્ય પૂર્ણ કરી નરક કે તિર્યંચગતિમાં જશે. છઠ્ઠા આરામાં જન્મ નિવારવા જીવનભર રાત્રિ-ભોજન ત્યાગ તથા માંસાહારનો ત્યાગ અતિ જરૂરી છે. અન્યથા રાત્રિ-ભોજન અને માંસાહારના સંસ્કારે છઠ્ઠા આરામાં જન્મ્યા તો લાંબા કાળની દુ:ખની પરંપરા સર્જાશે.

## ઉત્સર્પિણીકાળના છ આરા

અવસર્પિણીકાળથી ઊલટી ગતિએ ઉત્સર્પિણીકાળ જાણવો.


ઉત્સર્પિણીકાળનો ૧ લો આરો દુ:ષમદુ:ષમ નામનો ૨૧ હજાર વર્ષનો છે. તે અવસર્પિણીના છઠ્ઠા આરા સમાન જાણવો. ફરક એટલો કે આયુષ્ય-દેહમાન વગેરે સારભૂત પદાર્થોના ગુણની ઉત્તરોત્તર વૃદ્ધિ થતી રહે, ૨જો આરો દુ:ષમ નામનો ૨૧ હજાર વર્ષનો છે. ભરતક્ષેત્રમાં પાંચ પ્રકારની વૃષ્ટિ

થાય છે. જેથી ધરતીની ઉષ્ણતા દૂર થાય, દુર્ગંધ દૂર થાય, સ્નિગ્ધતા આવે, ૨૪ પ્રકારનાં ધાન્ય ઉગે અને પૃથ્વી, વનસ્પતિ રસ-કસવાળી બને. બીલવાસી લોકો ધીરે ધીરે ફળાદિકનો આહાર કરે છે. આ ખોરાક સારો સ્વાદિષ્ટ લાગવાથી માંસાહારનો ત્યાગ કરે છે. બુદ્ધિ દયાવાળી બને છે અને અવસર્પિણીના પાંચમાં આરા જેવા રીત-રિવાજ થઈ જાય છે. ૩જો આરો દુ:ષમસુષમ નામનો ૪૨૦૦૦ વર્ષ ન્યૂન એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ જાણવો. તે અવસર્પિણીના ૪થા આરા સમાન જાણવો. ૩ વર્ષ અને ૮ાા માસ બાદ પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે. એમ ઉત્તરોત્તર ૨૩ તીર્થંકર, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ, ૯ પ્રતિવાસુદેવ થાય છે. વર્ણાદિ શુભ પર્યાયોની દિન-દિન વૃદ્ધિ થતી રહે છે. ૪થો આરો સુષમદુ:ષમ નામનો ૨ કોડાકોડી સાગરોપમ પ્રમાણ છે. તેમાં ૮૪ લાખ પૂર્વ ૩ વર્ષ ૮ાા મહિના થતાં ૨૪મા તીર્થંકર મોક્ષે પધારે છે. ૧૨મા ચક્રવર્તી આયુ પૂર્ણ કરે છે. ત્યાર બાદ ક્રોડ પૂર્વ કાળ વીત્યે કલ્પવૃક્ષની ઉત્પત્તિ થવા માંડે છે. તેનાથી મનુષ્ય અને પશુઓની ઈચ્છા પૂર્ણ થાય છે. ત્યારે તે લોકો બધા કામધંધા છોડી દે છે. જુગલિયા - (પુરુષ-સ્ત્રીના જોડકા) ઉત્પન્ન થવા માંડે છે. બાદર અગ્નિ અને ધર્મનો વિચ્છેદ થાય છે. આમ યુગલિયા અકર્મભૂમિ જેવા બની જાય છે. જે અવસર્પિણીના પ્રારંભના ૩જા આરા સમાન જાણવા. પાંચમો સુષમ નામનો આરો ત્રણ કોડાકોડી સાગરોપમનો છે. અવસર્પિણીના ૨ જા આરા સમાન યુગલિકોને જાણવા. વર્ણાદિ શુભ પર્યાયોની વૃદ્ધિ જાણવી. ૬ઠ્ઠો આરો સુષમસુષમ નામનો ચાર કોડાકોડી સાગરોપમનો છે જે અવસર્પિણીના પ્રથમ આરા સમાન જાણવો. વર્ણાદિ શુભ પર્યાયની અનંતગુણી વૃદ્ધિ જાણવી, ૧૦ કોડાકોડી સાગરોપમ થતાં ઉત્સર્પિણી પૂર્ણ થાય છે, પછી અવસર્પિણી કાળ ચાલુ થાય છે. આમ ૧ અવસર્પિણી અને ૧ ઉત્સર્પિણીના ૧૦+૧૦ એમ ૨૦ કોડાકોડી સાગરોપમનું એક કાળચક્ર થાય. ૯ કોડાકોડી સાગરોપમ ઉત્સર્પિણીના + ૯ કોડાકોડી સાગરોપમ અવસર્પિણીના એમ ૧૮ કોડાકોડી સુધી ભરતક્ષેત્ર-ઐરવતક્ષેત્રમાં ધર્મ નહિ. આવા અનંતા કાળચક્રનો ૧ પુદ્ગલપરાવર્તકાળ થાય.

## પુદ્ગલપરાવર્ત-કાળ

અનંતા ભવોનું એક પુદ્ગલપરાવર્ત થાય. એવા અનંતા પદ્ગલપરાવર્ત સુધી આપણા જીવે સંસાર પરિભ્રમણ કર્યું છે.

## (૧૨) સાતમો ચિત્રપટ : ગ્રન્થિભેદની પ્રક્રિયા




હવે આપણે જોઈએ કે જીવને સમ્યક્ત્વ-ધર્મની પ્રાપ્તિ શી રીતે થાય છે ?

સંસારભાવમાં જીવને ફસાવનાર જીવના રાગ-રોષાદિ ભાવો છે, જેને શાસ્ત્રકાર ભગવંતોએ 'ભાવકર્મ' તરીકે સંબોધ્યા છે. ચૌદે રાજલોકમાં એવા પ્રકારની રજકણો ઠાંસીને ભરેલી છે, જે રજકણોના સમૂહોને કાર્મણવર્ગણા કહેવાય છે. જ્યારે જ્યારે જીવ મન-વચન-કાયાનો કોઈ પણ વ્યાપાર કરે છે, શુભાશુભ વિચાર કરે છે કે સંમૂર્ચ્છિમ જેવી અનુપયોગ દશામાં વર્તે છે ત્યારે આ કાર્મણવર્ગણાની રજકણો તેની ઉપર ચોંટી જાય છે. પ્રતિસમય અનંતી રજકણો જીવને ચોંટતી જ રહી છે. અનાદિકાળથી જીવ છે માટે

અનાદિકાળથી આ કાર્મણવર્ગણાની રજકણો જીવને ચોંટતી જ રહી છે. આ રજકણો જીવની સાથે સંબંધ પામ્યા પછી તેને કર્મ કહેવાય છે.

## પ્રકૃતિ, સ્થિતિ, રસ અને પ્રદેશ

કોઈ પણ કાર્મિક રજકણ ચોંટતાની સાથે જ એનો ચાર રીતે બંધ થાય છે : એક તો એ કર્મની પ્રકૃતિ બંધાય છે એટલે કે સ્વભાવ નક્કી થાય છે; બીજું એની આત્મા ઉપર રહેવાની સ્થિતિ નક્કી થાય છે. ત્રીજું : એ કર્મનો રસ નક્કી થાય છે અને ચોથું એ કર્મનું દળ નક્કી થાય છે. આ ચારને અનુક્રમે પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ કહેવાય છે.

દા.ત. એક માણસે એક જીવની ખૂબ આનંદથી હિંસા કરી. એ વખતે એ માણસને જે રજકણો ચોંટી પડી એને જો વાચા હોય અને આપણે ઉપલી ચાર વાત પૂછીએ તો તે જાણે કહે કે મારી પ્રકૃતિ (Nature) એવી છે કે જ્યારે હું ઉદયમાં આવીશ ત્યારે આ જીવને અશાતા આપીશ, હું બે હજાર વર્ષ સુધી રહીશ, અશાતા પણ સામાન્ય નહિ આપું પણ ભયંકર કોટિની આપીશ. અને હું એક જ રજકણ નથી પણ ૧ લાખ રજકણોના જથ્થામાં ચોંટી છું.

આ ચારેય વાતથી તેની પ્રકૃતિ (Nature), સ્થિતિ (Time Limit), રસ (Power) પ્રદેશ (Bulk) રૂપ ચાર બંધ નિશ્ચિત થાય છે.

કોઈ પણ પ્રકારનું કાર્મિક-રજકણ જીવને ચોંટે તે ચોંટ્યું ત્યારે જ કર્મ કહેવાય, જ્યાં સુધી આકાશમાં પડ્યું હોય ત્યાં સુધી કાર્મણવર્ગણાની રજકણો કહેવાય.

ગમે તે વિચારથી, ગમે તે ભાષાપ્રયોગથી, ગમે તેવા વર્તનથી વિશ્વના ૩ અબજ માનવો કે ૧૪ રાજલોકની તમામ જીવસૃષ્ટિ જે કાંઈ રજકણોને પોતાની ઉપર ચોંટાડે તે તમામ રજકણ ૮ જાતના સ્વભાવમાંથી ગમે તે એક સ્વભાવરૂપ હોય જ. ૮ની ઉપર ૯મો એવો કોઈ સ્વભાવ નથી, જે રૂપે અનાદિ અનંતકાળના જીવોએ બાંધેલી અનંતાનંત રજકણોમાંની એક પણ રજકણ જીવ ઉપર ચોંટીને રહી હોય.

આ ૮ સ્વભાવને લીધે કર્મના ૮ પ્રકાર છે.

**આઠ કર્મ :** જે કર્મ જીવનો અનંત જ્ઞાનપ્રકાશ ઢાંકી દેવાના સ્વભાવવાળું હોય છે તેને જ્ઞાનાવરણીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અનંતદર્શન સ્વભાવને આવરી દેવાના સ્વભાવવાળું છે તે દર્શનાવરણીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવને સુખ કે દુઃખ આપવાનું સ્વભાવવાળું છે તે વેદનીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવની રાગ-રોષ રહિત વીતરાગ અવસ્થાને અથવા તત્ત્વદર્શનને ઢાંકી દેવાના સ્વભાવવાળું છે તે મોહનીય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અનંતવીર્ય, અનંતલાભ, અનંતભોગ વગેરેને આવરી દેવાના સ્વભાવવાળું છે તેને અંતરાય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવની અજરામર અવસ્થાને રોકવાના સ્વભાવવાળું છે તે આયુષ્ય કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અરૂપિ સ્વભાવને રોકવાના સ્વભાવવાળું છે તે નામ કર્મ કહેવાય છે.

જે કર્મ જીવના અગુરુલઘ પર્યાયને રોકવાના સ્વભાવવાળું છે તે ગોત્ર કર્મ કહેવાય છે.

આ આઠે ય કર્મોના સ્વભાવ જીવના સ્વાભાવિક ગુણોને રોકવાનું જ કામ કરતા હોય છે. એટલું જ નહિ પરંતુ જીવમાં નવી નવી પરિસ્થિતિનું નિર્માણ કરે છે.

આ તો એમના સ્વભાવની વાત થઈ. હવે એમની સ્થિતિનો વિચાર કરીએ. દરેક કર્મ બંધાતી વખતે પોતાની અમુક સ્થિતિને નક્કી કરે છે. તે વખતે ઓછામાં ઓછી સ્થિતિ કેટલી નક્કી થાય ? અને વધુમાં વધુ સ્થિતિ કેટલી નક્કી થાય ? તે આપણે જોઈએ.

જ્ઞાનાવરણ-દર્શનાવરણ-વેદનીય અને અંતરાય એ ચાર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ કો.કો. સાગરોપમની હોય છે. મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કો.કો. સાગરોપમની બંધાય છે. નામકર્મ અને ગોત્રકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૨૦ કો.કો. સાગરોપમની હોય છે. આયુષ્ય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૩ સાગરોપમની બંધાય છે.

હવે આઠે ય કર્મની જઘન્ય સ્થિતિ જોઈએ.

વેદનીય કર્મની જઘન્ય સ્થિતિ ૧૨ મુહૂર્તની હોય છે, નામ-ગોત્ર કર્મની ૮ મુહૂર્તની અને બાકીનાં પાંચે ય કર્મની ૧ અંતર્મુહૂર્તની જઘન્ય સ્થિતિ હોય છે.

અંતર્મુહૂર્તના અસંખ્ય પ્રકાર છે.

૯ સમયથી માંડીને ૪૮ મિનિટમાં ૧ સમય ઓછા સુધીનો બધો કાળ અન્તર્મુહૂર્તમાં ગણાય. આંખના ૧ પલકારામાં અસંખ્ય સમય પસાર થઈ જાય તો ૧ મિનિટમાં કેટલા સમય પસાર થતા હશે ? અને ઉપરોક્ત મોટામાં મોટા અન્તર્મુહૂર્તમાં કેટકેટલા અસંખ્ય સમય સમાતા હશે ? આથી જ અન્તર્મુહૂર્તના અસંખ્ય પ્રકાર પડે.

ઉપરોક્ત આઠેય કર્મ જીવ ઉપર ચોંટી પડીને શું ભાગ ભજવે છે ? તે જોઈએ.

જ્ઞાનાવરણીય કર્મ જીવને અજ્ઞાની બનાવે છે.

દર્શનાવરણીય કર્મ અંધાપો વગેરે કે અનેક પ્રકારની નિદ્રા લાવે છે.

મોહનીય કર્મ મિથ્યાત્વ-અવિરતિ-રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ લાવે છે.

વેદનીય કર્મ શાતા-અશાતા લાવે છે.

આયુષ્ય કર્મ જન્મ-જીવન-મૃત્યુ લાવે છે.

નામ કર્મ ગતિ-શરીર-ઈન્દ્રિયાદિ-યશ-અપયશ-સૌભાગ્ય-દૌર્ભાગ્યાદિ લાવે છે.

ગોત્રકર્મ ઉચ્ચ-નીચ કુળ આપે છે.

અંતરાય કર્મ : દાન, લાભ, ભોગ, ઉપભોગ વગેરેને રોકે છે.

ઉપરોક્ત ૮ કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય એ ૪ કર્મને ઘાતી કર્મો કહ્યાં છે.

આ ચારે ય આવરણો જીવના જ્ઞાનાદિ ગુણોનો ઘાત કરી નાંખે છે. માટે તેમને ઘાતી કહેવાય છે. જ્યારે બાકીના ચારમાં ગુણોનો સીધો ઘાત કરવાની તાકાત ન હોવાથી તેમને અઘાતી કહેવાય છે.

૪ ઘાતી કર્મમાં પણ મોહનીય કર્મ સૌથી વધુ ઘાતક કર્મ કહેવાય છે કેમ કે એના તોફાન ઉપર જ બાકીના ૩ ઘાતી કર્મનું તોફાન હોય છે.

ઉપરોક્ત ૮ કર્મના પેટાભેદ ૧૫૮ પડે છે. એમાં મોહનીય કર્મના પેટાભેદરૂપે જે મિથ્યાત્વ મોહનીય કર્મ છે તેની ભયાનકતા તો બીજા પેટાભેદવાળા મોહનીય કર્મથી પણ અતિશય વધુ હોય છે. આથી એમ કહી શકાય કે સર્વ કર્મમાં સૌથી વિઘાતક - સૌથી ભયંકર કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ છે. આ મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયમાં ગુણો પણ દુર્ગુણનું કાર્ય કરે છે, અને એના હ્રાસ-કાળમાં દુર્ગુણો પણ ખાસ અસર બતાવી શકતા

નથી. જ્યારે આ મિથ્યાત્વ મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ (૭૦ કો.કો. સાગરોપમની) એક પણ વખત જીવ બાંધવાનો નથી, ત્યારે જ તે જીવ અપુનર્બન્ધક કહેવાય છે, એ વાત આપણે પૂર્વે જોઈ ગયા છીએ.

જીવની અપુનર્બન્ધકતામાં જ્ઞાનાવરણીયાદિ કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિના હ્રાસનો સંબંધ ન લગાડતા મિથ્યાત્વ મોહનીય કર્મના હ્રાસનો સંબંધ લીધો એ જ વાત બતાવી આપે છે કે ધર્મપ્રાપ્તિમાં મોટામાં મોટી દખલગીરીરૂપ કોઈ કર્મ હોય તો તે મિથ્યાત્વ મોહનીય કર્મ જ છે.

આ જ કર્મ સમ્યક્ત્વભાવની પ્રાપ્તિમાં પણ ભારે અટકાવ કરે છે. અંતઃકો.કો. સાગરોપમની અંદરની સ્થિતિને જ બાંધતો જીવ અપુનર્બન્ધક થઈ શકે, એ અવસ્થામાં ઊંચામાં ઊંચો ગણાતો વિકાસ પામી શકે પરંતુ તે ઉચ્ચ વિકાસની તદ્દન નિકટમાં જ ઊભો રહેલો સમ્યક્ત્વભાવ પામી ન શકે. એ ભાવ પામવા માટે સાગરોપમની ઉ. સ્થિતિની અંદર આવી જવા જેટલી શરત નથી ચાલતી કિન્તુ એ મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ ફક્ત એક કો.કો. સાગરોપમની પણ અંદર આવી જાય ત્યારે જ તે સમ્યક્ત્વભાવ પ્રાપ્ત થઈ શકે છે. અર્થાત્ ખૂબ માર ખાઈને તડકા, તાપ વેઠીને, નરકમાં જઈને ઘોર દુઃખો ભોગવીને, બાળતપ વગેરે કરીને ગમે તે રીતે - મિથ્યાત્વ મોહનીય કર્મની એક કો.કો. સાગરોપમ ઉપરની સ્થિતિ કપાઈ જાય અને પછી પણ હજી થોડી ઓછી થઈ જાય એટલે કે જીવ ઉપર ચોંટેલા મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ અંતઃ કોટાકોટિ સાગરોપમની સ્થિતિ થાય ત્યારે જ સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થાય છે. અહીં પણ વચ્ચે એક સાધના કરવાની તો રહી છે. એ છે રાગદ્વેષની ગાંઠનું ભેદન. અનાદિકાળના રાગદ્વેષના પરિણામની જીવ ઉપર જે ગ્રંથિ ગંઠાઈ છે તે એવી દુર્ભેદ્ય છે કે તેને તોડવાનું કામ પર્વતને ચૂરી નાંખનારા ચક્રવર્તી માટે પણ મુશ્કેલ હોય છે.

જ્યાં સુધી આ ગ્રંથિનું ભેદન ન થઈ જાય ત્યાં સુધી સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થતો નથી.

અભવ્ય વગેરે જીવો અનેકાનેક વખત આ ગ્રંથિની નજદીક આવ્યા, ઘોર ચારિત્ર વગેરે પાળ્યાં પણ ગ્રંથિને ભેદ્યા વિના જ પાછા ફર્યા. આવું તો તેમને અનંતી વખત બની જાય અને તો ય એ અભવ્ય જીવો ગ્રંથિભેદ કદાપિ કરી શકે નહિ. ગ્રંથિપ્રદેશની નજદીક આવ્યા વિના દ્રવ્યથી પણ ધર્મસાધના

| કર્મ | ક્યો ગુણ ઢાંકે ? | શું આપે ? | સ્થિતિ જઘન્ય | ઉત્કૃષ્ટ | ઘાતી કે અઘાતી ? |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | અનંતજ્ઞાન | અજ્ઞાન | અંત. મું. | ૩૦ કો.કો. સાગરોપમ | ઘાતી |
| દર્શનાવરણ | અનંતદર્શન | અન્ધત્વાદિ-નિદ્રા | " | " | " |
| મોહનીય | સમ્યક્ત્વ-વીતરાગતા | મિથ્યાત્વ-અવિરતિ રાગ-દ્વેષ-કામ-ક્રોધાદિ | " | ૭૦ કો.કો. સાગરોપમ | " |
| અંતરાય | અનંતવીર્યાદિ | કૃપણતા-દરિદ્રતા-પરાધીનતા-દુર્બલતાદિ | " | ૩૦ કો.કો. સાગરોપમ | " |
| વેદનીય | અનંતસુખ | શાતા-અશાતા | ૧૨મુહૂર્ત | " | અઘાતી |
| આયુષ્ય | અક્ષય-સ્થિતિ | જન્મ-જીવન-મૃત્યુ | અંત. મું. | ૩૩ સાગરોપમ | " |
| નામ | અરૂપિતા | ગતિ-શરીર-ઇન્દ્રિયાદિ-યશ-સૌભાગ્ય, દુર્ભાગ્યાદિ | ૮ મુહૂર્ત | ૨૦ કો.કો. સાગરોપમ | " |
| ગોત્ર | અગુરુલઘુતા | ઉચ્ચ-નીચ | " | " | " |

પ્રાપ્ત થતી નથી. અર્થાત્ પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ઓછો એવા કો.કો. સાગરોપમ જેટલી મિથ્યાત્વ મોહનીય કર્મની સ્થિતિ થઈ જાય, ત્યારે જ ગ્રંથિની નજદીક પણ આવી શકાય અને ત્યારે જ દ્રવ્યાનુષ્ઠાનની પણ પ્રાપ્તિ થાય.

કેટલાકને ગ્રંથિભેદન કરીને સમ્યક્ત્વ ભાવ નિસર્ગથી એટલે કે તે વખતે ગુર્વાદિના નિમિત્ત મેળવ્યા વિના પ્રાપ્ત થઈ જાય છે તો કેટલાકને ગુર્વાદિનિમિત્ત પામીને અપૂર્વ વીર્યોલ્લાસ થતાં એ રાગદ્વેષની ગ્રંથિનું ભેદન થઈ જાય છે અને તરત જ સમ્યક્ત્વ ભાવની પ્રાપ્તિ થાય છે.

આમ બે રીતે ગ્રંથિભેદપૂર્વક સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થાય છે : નિસર્ગથી અને અધિગમથી.

પર્વત પાસેની નદીમાં પાણીથી તણાતો-અથડાતો-કુટાતો પથ્થર અણઘડ્યો પણ ક્યારેક ગોળ સુંવાળો બની જાય છે તેમ જીવને પણ કોઈ તથાવિધ કર્મસ્થિતિ ઘટાડવાનો આશય ન હોય તો પણ ઘણાક્ષર ન્યાયે કષ્ટો વેઠતાં કોઈ કર્મો ખપે છે તેમ નવા બંધાયા પણ કરે છે. આ પ્રવૃત્તિ સહજરૂપે થયા કરે છે માટે તેને યથાપ્રવૃત્તકરણ કહ્યાં છે. એ યથાપ્રવૃત્તકરણ દ્વારા કર્મસ્થિતિની હાનિ અને વૃદ્ધિ બે ય થયા કરે છે. કોઈ વાર હાનિનું પલ્લું નમી પડે છે

પરંતુ આમ કરતાં કરતાં જ્યારે હાનિનું પલ્લું ખૂબ જ નમી જાય છે એટલે કે કર્મસ્થિતિ અંતઃકો.કો. સાગરોપમની જ બાકી રહે છે ત્યારે ગ્રંથિભેદ કરવાનો અવસર આવે છે.

આયુષ્ય વિનાના સાતે ય કર્મની અંતઃકો.કો. સાગરોપમની સ્થિતિ થાય ત્યારે તે જીવ ગ્રંથિપ્રદેશ પાસે આવ્યો કહેવાય છે. જ્યારે જે જીવનું ભાવિમાં કલ્યાણ થવાની સામગ્રી પ્રગટી હોય છે ત્યારે તે જીવને તેવો રાગ-દ્વેષનો તીવ્ર પરિણામ ઊભો રહેતો નથી. એ વખતે કોઈ એવો અનેરો ઉલ્લાસ પ્રગટે છે કે તેથી તે વખતે તે જીવ ચાર વસ્તુઓ અપૂર્વ કરે છે. આને અપૂર્વકરણ કહેવાય છે.

આ વીર્યોલ્લાસના બળે રાગ-દ્વેષની ગાંઠનું ભેદન થાય છે. જ્યારે આ રીતે જીવ અપૂર્વકરણ કરે છે ત્યારે તે જીવનું તે અપૂર્વકરણ પૂર્વનું યથાપ્રવૃત્તકરણ તે છેલ્લું યથાપ્રવૃત્તકરણ કહેવાય છે.

**અપૂર્વકરણ :** અપૂર્વકરણમાં કઈ ચાર બાબતો અપૂર્વ બને છે તે જોઈએ.

૧. અપૂર્વ સ્થિતિઘાત, ૨. અપૂર્વ રસઘાત, ૩. અપૂર્વ ગુણશ્રેણિ, ૪. અપૂર્વ સ્થિતિબંધ.

**(૧) અપૂર્વ સ્થિતિઘાત :** બાંધેલા કર્મની સ્થિતિ એટલે ટકવાનું કાળમાન.

આપણે જોઈ ગયા કે કોઈ પણ કાર્મિક રજકણ ચોંટતાની સાથે તેની સ્થિતિ (Time limit) નક્કી થયેલી જ હોય છે. આ અપૂર્વકરણના એક મુહૂર્તના વીર્યોલ્લાસથી તે સ્થિતિ ઉપરથી પ્રતિસમય તૂટતી જાય છે. અર્થાત્ એમાંની ઉપરની અંતિમ સ્થિતિના કર્મસ્કંધોને પ્રતિસમયે અસંખ્ય ગુણની વૃદ્ધિ સાથે ઉપાડે છે અને ઉપર નીચે સ્થિતિવાળા કર્મસ્કન્ધમાં ભેળવી દે છે. તેથી એ ભાગની સ્થિતિમાં કર્મ જ નહિ રહેવાથી તેટલી સ્થિતિનો ઘાત થયો કહેવાય. યથાપ્રવૃત્તકરણની શરૂઆત વખતે કર્મોની સ્થિતિ ઠેઠ એક કોટાકોટિ સાગરોપમની અંદર આવેલી હતી. તેમાં એ કરણથી અંતઃકો.કો.માં ય ઓછી કરી મૂકી હતી તે હવે અહીં અપૂર્વકરણમાં છેવટે જઈને એમાંથી સંખ્યાતા ભાગ ઓછો થઈ જવાથી, પ્રારંભ કરતા સંખ્યાતમા ભાગ જેટલી કાળસ્થિતિ બાકી રહે છે. આને અપૂર્વ સ્થિતિઘાત કહેવાય. અપૂર્વ એટલા માટે કે પૂર્વે આવો સ્થિતિઘાત કદી જીવે કર્યો ન હતો.

**(૨) અપૂર્વ રસઘાત :** અહીં અશુભ કર્મોમાં રહેલા ઉગ્ર રસનો ઘાત

થાય છે, અર્થાત્ અશુભ કર્મોમાં પડેલાં રસને મંદ બનાવી દેવામાં આવે છે. જો આ રસઘાત ન થયો હોત તો તે કર્મોનો રસ કર્મના ઉદય વખતે ભારે તોફાન મચાવત, જે હવે નહિ મચાવી શકે.

**(૩) અપૂર્વ ગુણશ્રેણિ :** અહીં ગુણ એટલે 'અસંખ્યગુણાકારે' અને શ્રેણી એટલે કર્મના દળની રચના કરવી. પૂર્વે જે સ્થિતિઘાત જણાવ્યો ત્યાં પ્રતિસમય ઉપરની સ્થિતિમાંથી જે કર્મ-દળિયા નીચે ઉતારે તેને ઉદય સમયથી માંડીને અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતસ્થાનોમાં અસંખ્ય ગુણના ક્રમે ગોઠવે. અર્થાત્ ૧ લાખ દલિક ઉપાડ્યા હોય તેમાંથી પહેલા સમયે ઉદયમાં જે કર્મો છે તેના ભેગા ૧૦૦ દલિક ગોઠવે. બીજા સમયે ઉદયમાં આવનાર જે કર્મો છે તેના ભેગા ૫૦૦ દલિક ગોઠવે. ત્રીજા સમયે ઉદયમાં આવનાર જે કર્મો છે તેના ભેગા ૨૫૦૦ દલિક ગોઠવે. આમ ઉદય સમયથી માંડી અંતર્મુહૂર્ત સુધીનાં સ્થિતિસ્થાનોમાં અસંખ્ય ગુણના ક્રમથી થતી દલિક રચનાને ગુણશ્રેણિ કહે છે. આ રીતે, અપૂર્વકરણના ચરમ સમય સુધી ગુણશ્રેણિની રચના ચાલુ રહે છે.

**(૪) અપૂર્વ સ્થિતિબંધ :** અહીં અંતર્મુહૂર્તે-અન્તર્મુહૂર્તે નવા નવા કર્મબંધમાં કાળસ્થિતિ,પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી ઓછી ને ઓછી નક્કી થતી જાય છે. એવો નિયમ છે કે અધ્યવસાયનો સંક્લેશ જેમ વધારે તેમ સ્થિતિબંધ વધારે ને વધારે અને વિશુદ્ધિ વધારે તેમ સ્થિતિબંધ ઓછો ઓછો થાય. શુભ હોય કે અશુભ હોય બે ય કર્મ માટે આ નિયમ છે. જ્યારે રસબંધમાં નિયમ એવો છે કે સંક્લેશમાં શુભ કર્મમાં મંદરસ અને અશુભનો તીવ્રરસ થાય. જ્યારે વિશુદ્ધિમાં શુભનો તીવ્ર અને અશુભનો મંદરસ બંધાય.

સારાંશ એ છે કે અપૂર્વકરણ વખતે શુભ અધ્યવસાય પ્રતિસમય ચડતી માત્રામાં હોય છે. તેથી સમયે સમયે ઉપરોક્ત ચારે ય કાર્ય ચડતા ચડતા થાય છે. આ રીતે સ્થિતિઘાતાદિ ચારે ય કદાપિ થયા ન હતા. કેમ કે આવો ચડતો પરિણામ કદાપિ આવ્યો ન હતો. માટે જ આ ચારેયને અપૂર્વ કહેવામાં આવે છે. આ વીર્યોલ્લાસવાળું અપૂર્વકરણ અંન્તર્મુહૂર્તકાળ સુધી જ ચાલે છે.

**અનિવૃત્તિકરણ :** છેલ્લા યથાપ્રવૃત્તકરણ વખતે આયુષ્ય સિવાયના સાતે ય કર્મની સ્થિતિ તૂટી પડીને અંતઃકો.કો. સાગરોપમની થઈ ગઈ હતી. હવે આ અપૂર્વકરણમાં તેથી પણ સંખ્યાતમા ભાગની માત્ર સ્થિતિ રહી, સંખ્યાતા

બહુ ભાગનો નાશ થયો તેમ જ એ કર્મોના રસો પણ તૂટ્યા. અર્થાત્ એ કર્મો કાંઈક નિર્બળ થયાં. માટે જ અપૂર્વકરણ દ્વારા આત્મા (મિથ્યાત્વ મોહનીય કર્મ) રાગ-દ્વેષના તીવ્ર રસરૂપ ગ્રંથિને ભેદી નાંખે છે. એટલે કે મિથ્યાત્વ મોહનીય કર્મનો સત્તામાં રહેલો તીવ્ર રસ તૂટી પડે છે, તે એકદમ મંદ પડી જાય છે. જેથી આગળનું કામ સરળ થાય છે.

આ અપૂર્વકરણનો એક અંતર્મુહૂર્તનો કાળ પૂર્ણ થતાં આત્મા અનિવૃત્તિકરણના

| અનાદિની તીવ્ર મિથ્યાત્વ દશા | મંદ મિથ્યાત્વ દશા | છેલ્લું યથાપ્રવૃત્તિકરણ | અપૂર્વકરણ | અનિવૃત્તિકરણ |
|---|---|---|---|---|
| | | ૧ અંતર્મુ. કાળ | ૧ અંતર્મુ. કાળ | ૧ અંતર્મુ. કાળ |
| અનંતકાળ | | અપૂર્વકરણના છેડે રાગ-દ્વેષની ગ્રંથિનો ભેદ થયો. | | |

એક અન્તર્મુહૂર્તના કાળમાં પ્રવેશે છે. અહીં પણ અપૂર્વ સ્થિતિઘાતાદિ ચાલુ તો રહે જ છે પણ આ કરણમાં એકસાથે તે તે સમયે પ્રવેશતા જીવોના અધ્યવસાય ઉત્તરોત્તર સમયે વધતા જાય છે અને તે તે સમયે એકસાથે તે અનિવૃત્તિકરણમાં ચડેલા તે જીવોના પરસ્પરના અધ્યવસાય ભાવમાં ફેરફાર હોતો નથી. અપૂર્વકરણમાં તો એક જ સમયે તેમાં પ્રવેશેલા જીવોના અધ્યવસાયમાં પરસ્પર ફેરફાર રહ્યા કરે છે.

જેમ કે ૧ લાખ જીવ એકસાથે અપૂર્વ સ્થિતિઘાતાદિ કરે છે. પરંતુ જ્યાં સુધી તેના પરસ્પરના અધ્યવસાયમાં તારતમ્ય રહે છે ત્યાં સુધીનો એક અન્તર્મુહૂર્તનો કાળ એ અપૂર્વકરણ કહેવાય છે. પણ આ કાળને તારતમ્યવાળું કરણ એટલે કે નિવૃત્તિવાળું (નિવૃત્તિ-તારતમ્ય) કરણ કહેવાય છે.

હવે અપૂર્વ સ્થિતિઘાતાદિ તો ચાલુ જ છે પણ જે સમયથી એક સાથે તે જીવો પરસ્પરના તારતમ્ય વિનાના અધ્યવસાયવાળા - એટલે કે સરખા અધ્યવસાયવાળા બની જઈને આગળ આગળના સમયોમાં પસાર થતા જાય છે તે સમયથી તે જીવો અનિવૃત્તિકરણમાં (પરસ્પરના અધ્યવસાયના તારતમ્ય વિનાના કરણમાં) પ્રવેશ્યા એમ કહેવાય છે. અહીં પ્રવેશતા ૧ લા સમયે

જે અધ્યવસાય-વિશુદ્ધિ હોય છે તેના કરતાં અનંતગુણી વિશુદ્ધિ ઉત્તરોત્તર સમયે સાથે પ્રવેશેલા બધા જીવોની એકસરખી રીતે વધતી જ જાય છે. પણ એમાં પરસ્પરની વિશુદ્ધિમાં જરા ય ઓછા-વત્તાપણું થતું નથી. માટે જ આ કરણને અનિવૃત્તિકરણ કહેવાય છે. આ અનિવૃત્તિકરણ પણ એક અન્તર્મુહૂર્તના સમય જેટલું જ હોય છે.

અનાદિ સંસારમાં સર્વ જીવે અનંતા યથાપ્રવૃત્તિકરણ કર્યા છે. પરંતુ તેમાં જે અપૂર્વકરણ કરે તેને તે અપૂર્વકરણની પૂર્વનું છેલ્લું યથાપ્રવૃત્તિકરણ એક અન્તર્મુહૂર્તનું થાય. પછી એક અન્તર્મુહૂર્તનું અપૂર્વકરણ થાય. અને પછી એક અન્તર્મુહૂર્તનું અનિવૃત્તિકરણ થાય.

અહીં ખ્યાલ રાખવો કે ઉપરોક્ત ત્રણે ય અન્તર્મુહૂર્તના કાળમાં જીવ મિથ્યાત્વ મોહનીય કર્મના દલિકોને ભોગવે છે. માટે તે જીવ ૧લા મિથ્યાત્વ ગુણસ્થાનકે જ છે. અપૂર્વકરણના છેડે રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાઈ ગઈ પછી પણ ૧ અન્તર્મુહૂર્તકાળના અનિવૃત્તિકરણને પસાર કર્યા પછી જ જીવ સમ્યક્ત્વ પામે છે. કેમ કે તે અનિવૃત્તિકરણમાં પણ મિથ્યાત્વ મોહના દલિકોનો જ ઉદય ચાલુ છે. અર્થાત્ તે દલિકોને ઉદયમાં લાવીને જીવ પોતાની ઉપરથી ખંખેરી નાંખવાનું કાર્ય ભયંકર વેગથી કરી રહ્યો છે.

એક અન્તર્મુહૂર્તના કાળનું અનિવૃત્તિકરણ પૂર્ણ થતાં પછીના એક અન્તર્મુહૂર્તકાળમાં મિથ્યાત્વ મોહનીય કર્મ ઉદયમાં આવી શકતું નથી.

કેમ કે અનિવૃત્તિકરણના કાળના પાછલા ભાગમાં જીવે તે ભાગની સાફસૂફી કરવાનું કામ શરૂ કરી દઈને તે કાળને મિથ્યાત્વ મોહના એક પણ દળિયા વિનાનો બનાવી રાખ્યો છે. શી રીતે અનિવૃત્તિકરણમાં જીવ આગળની સાફસૂફી કરે છે ? તે જોઈએ.

ઉપરના કોઠામાં આપણે અનિવૃત્તિકરણનું એક અન્તર્મુહૂર્તકાળનું ખાનું જોઈએ છીએ. ધારો કે આ અનિવૃત્તિકાળના ૧૦૦ સમય છે(વસ્તુતઃ અસંખ્ય). તો જ્યારે તે જીવ ૯૦ સમયનો અનિવૃત્તિકરણનો સમય પસાર કરી દે એટલે બાકીના ૧૦ સમયમાં એવું કામ કરે છે કે ૧૦મા સમયે આવતાં આવતાં તો તે પછી આવનારા ૧૦૦ સમયના એક અન્તર્મુહૂર્તકાળમાં એક પણ મિથ્યાત્વ મોહનીય કર્મનું દળિયું રહેવા દેતો નથી.

અર્થાત્ અનિવૃત્તિકરણના ૯૧-૯૨-૯૩મા સમયમાં પસાર થતો જતો તે જીવ આખા અનિવૃત્તિકરણની પછી આવનારા નવા અન્તર્મુહૂર્ત કાળમાં (= ૧૦૦ સમયમાં) આવી શકનારા મિથ્યાત્વ મોહનીય કર્મના દળિયાને ઉઠાવીને દૂરના કાળમાં એટલે કે એ ૧૦૦ સમયના અંતર્મુહૂર્તની ઉપરની સ્થિતિમાં અને પોતાના ભોગવાતા ૯૧-૯૨-૯૩ વગેરે સો સુધીના સમયરૂપ નીચલી સ્થિતિમાં ફેંકતો જાય છે.

આ ક્રિયા અંતઃર્મુહૂર્તકાળ (એક સ્થિતિબંધ કે સ્થિતિઘાત જેટલા) સુધી ચાલે છે (૪ સમય સુધી). શેષ રહેલા અનિવૃત્તિકરણના સંખ્યાતમા ભાગ સુધી જ ચાલે છે. તેટલા કાળમાં અનિવૃત્તિકરણના અંત પછીના અંતર્મુહૂર્તકાળને મિથ્યાત્વના દલિક વગરનો બનાવી દે છે. આ મિથ્યાત્વના દલિક વગરના કાળને અંતરકરણ કહે છે. અંતરકરણના નીચેના અનિવૃત્તિકરણના શેષ કાળને પ્રથમ સ્થિતિ તથા અંતરકરણની ઉપરના કાળને દ્વિતીય સ્થિતિ કહે છે. અનિવૃત્તિકરણના જે એક અંતર્મુહૂર્ત પ્રમાણ (૯૧ થી ૯૪ સમય) કાળમાં ઉપરની જગ્યાને ખાલી કરી, તે કાળને અંતરકરણ-ક્રિયાકાળ કહેવાય છે. અંતરકરણ-ક્રિયાકાળ પછી બાકીની પ્રથમ સ્થિતિમાં (૯૫ થી ૧૦૦ સમયની) મિથ્યાત્વના દળને ભોગવતો જીવ આગળ વધે છે અને પ્રથમ સ્થિતિનો ભાગ પૂરો થતાં જ અંતરકરણમાં (મિથ્યાત્વના દળિયા વિનાનાં સ્થિતિસ્થાનોના ભોગવટામાં) પ્રવેશ કરતો જીવ સમ્યગ્દર્શનને પામે છે.

કેમ કે હવેના અંતર્મુહૂર્તમાં તે મિથ્યાત્વ મોહકર્મના દલિકોને ઉદયમાં ભોગવતો નથી. કેમ કે તેણે પહેલેથી તે સ્થાનેથી તે દલિકોને સાફ કરવાનું કામ કરી રાખ્યું છે. તે જ કાળમાં જે મિથ્યાત્વ મોહના દલિકો ઉદયમાં આવવાના હતા, તેમાંના કેટલાકને તો તેણે ભોગવી નાંખેલા અને કેટલાકને એવા દાબી દીધા છે, ઉપશાન્ત કરી દીધા છે કે તે બિચારા એક અન્તર્મુહૂર્ત સુધી ચૂં કે ચાં કરી શકે તેમ નથી. આથી જ તે જીવ સમ્યક્ત્વ ભાવમાં રમે છે. આ સમ્યક્ત્વ ઉપશમભાવનું સમ્યક્ત્વ કહેવાય છે.

અનિવૃત્તિકરણનો અર્થ એ પણ થાય છે કે ઉપશમ સમ્યક્ત્વ પ્રગટ કર્યા વિના પાછા ન ફરવું - નિવૃત્તિ ન કરવી - જંપીને બેસવું નહિ - જાણે આવી પ્રતિજ્ઞા કરીને જ જીવ અનિવૃત્તિકરણનો સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે કે અંતરકરણ કરવાની ક્રિયા ચાલુ કરે છે.

| | | | |
|---|---|---|---|
| | વસ્તુતઃ સંખ્યાતા ભાગ | | બે ય બાજુએ મિ.ત્વ.ના દલિકોને ફેંક્યા અને આ કટકો તે દલિકો વિનાનો સાફ કર્યો. |
| અપૂર્વકરણ | ૯૦ સમય | ૧૦ સમય અંતકરણ કરવાની ક્રિયા. | શુદ્ધ અંતઃકરણ ઉપશમ સમ્યક્ત્વકાળ |

અનિવૃત્તિકરણ ૧૦૦ સમયનું સ.ત્વની પ્રાપ્તિ
ગ્રન્થિભેદ એક અંતર્મુ.= ૧૦૦ સમય આગાલક્રિયા

અનિવૃત્તિકરણ પૂર્ણ થતાં જ જીવ મિથ્યાત્વ મોહનીયના ઉદય ભાવથી મુક્ત થઈ જાય છે અને સમ્યક્ત્વ ભાવની ખુશનુમા હવાને અનુભવે છે. હવે તેની અનંતકાળની મિથ્યાત્વની અંધકારમય ગૂંગળામણ દૂર થાય છે. એ દૂર થતાં જ અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભનાં કર્મોનાં તોફાન ઉપશાન્ત થઈ જાય છે. હવે એક અંતર્મુહૂર્ત સુધીના કાળમાં ગૂંગળામણની શક્યતા નથી. કેમ કે ઉપશમ સમ્યક્ત્વનો કાળ પ ર્ણ થયે ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામનારને ગૂંગળામણ ભોગવવાની નથી.

આ અંતરકરણમાં પ્રવેશતો જીવ ઉપશમભાવના સમ્યક્ત્વવાળો હોય છે. અહીં યદ્યપિ મિથ્યાત્વ મોહ. કર્મનું એક પણ દલિક નથી તથાપિ જ્ઞાનાવરણ આદિ કર્મોના દલિકો તો ઢગલાબંધ ઉદયમાં આવ્યા જ કરે છે. કેમ કે તે બધાયની સાફસૂફીનું કાર્ય જીવે કર્યું જ નથી.

હવે ઉપશાંત ભાવમાં રહેલા જીવની વિશુદ્ધિ શું કરે છે ? તે જોઈએ. અર્થાત્ અંતરકરણના કાળમાં પ્રવેશેલો ઉપશમ સમ્યક્ત્વી જીવ શું કરે છે ? તે તપાસીએ.

તે આત્માનો ઉપશાંત ભાવ ભાવિમાં ઉદયમાં આવનારાં કર્મોને એવા સખત આંચકા - ઝાટકા (શૉક) મારે છે કે તે કર્મના તો છક્કા છૂટી જાય છે. તેમનો રસ એકદમ તૂટી પડવા લાગે છે.

૧. કેટલાક મિથ્યાત્વ મોહ-કર્મના દળિયાને એવો ઝાટકો લાગે છે કે તેનો રસ એટલો બધો ઘટી જાય છે કે પછી તેનામાં અત્યલ્પ પ્રમાણમાં નહિવત્ રસ જ રહે છે.

૨. બીજા કેટલાક મિથ્યાત્વ મોહ-કર્મના દળિયાને ઝાટકો લાગતાં તેમનામાંથી અડધો રસ નીકળી જાય છે. એટલે કે તે દળિયા અડધા મિથ્યાત્વભાવ વિનાના અને અડધા મિથ્યાત્વભાવવાળા એવા મિશ્રભાવમાં રહે છે.

૩. કેટલાક મિથ્યાત્વ મોહ.ના દળિયાને ધારી અસર ન થતાં તેમનો રસ ખાસ નીકળતો નથી એટલે મિથ્યાત્વની મેલી અવસ્થામાં જ લગભગ રહી જાય છે.

આમ થતાં મિથ્યાત્વ મોહ.ના દલિકો ઝાટકાની જુદી જુદી અસરોથી ૩ ભાગમાં વહેંચાઈ જાય છે. કેટલાક મિથ્યાત્વ મોહ.ના ભાવ વિનાના, કેટલાક મિશ્રભાવવાળા અને કેટલાક લગભગ મિથ્યાત્વ મોહ. ભાવવાળા.

આમ એક જ ઢગલાના ૩ ઢગલા થાય છે. જેને ૩ પૂંજ કહેવામાં આવે છે. આ ત્રણેયને ક્રમશઃ શુદ્ધપૂંજ (સમ્યક્ત્વપૂંજ) અર્ધશુદ્ધપૂંજ (મિશ્ર પૂંજ), અશુદ્ધપૂંજ (મિથ્યાત્વપૂંજ) કહેવાય છે.

ખ્યાલમાં રાખવું કે અંતરકરણમાં પ્રવેશેલા જીવના ઉપશમભાવની વિશુદ્ધિના ઝાટકાઓ સમયે સમયે મિ. કર્મના દળિયાને લાગવાથી આવા ત્રણ પૂંજ બન્યા છે.

ઉપશમસમ્યક્ત્વના કાળમાં અધિક એક આવલિકા કાળ બાકી રહે ત્યારે બીજી સ્થિતિમાં રહેલા ત્રણ પૂંજોને લઈને જીવ છેલ્લી આવલિકાનાં સ્થિતિ-સ્થાનોમાં ગોઠવે છે. જ્યારે તે આવલિકા ઉપરનો કાળ પૂર્ણ થાય છે અને છેલ્લી આવલિકામાં જીવ પ્રવેશ કરે છે ત્યારે અધ્યવસાય અનુસાર કોઈ પણ એક પૂંજનો વિપાક ઉદય થાય છે. બાકીના બે પૂંજના દલિકો પ્રદેશોદયથી વિપાકોદયવાળી પ્રકૃતિમાં સંક્રમીને ભોગવાઈ જાય છે. પ્રદેશોદયવાળા કર્મનું ફળ ભોગવાતું નથી. આથી છેલ્લી આવલિકામાં પ્રવેશ કરતા જીવને જો સમ્યક્ત્વ મોહનીય કર્મોનો ઉદય થાય તો ક્ષાયોપશમિક સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અને જો મિશ્ર મોહનીયનો પૂંજ ઉદય થાય તો મિશ્ર ગુણસ્થાનકની પ્રાપ્તિ થાય છે જ્યાંથી અંતર્મુહૂર્ત પછી જીવ અવશ્ય ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે કે મિથ્યાત્વે જાય. મિથ્યાત્વનો પૂંજ ઉદયમાં આવે તો જીવ મિથ્યાત્વે જાય છે. અર્થાત્ ૧લા ગુણસ્થાનકને પામે છે.

જેને પહેલા શુદ્ધ પૂંજનો અમુક અંશ ઉદયમાં આવે છે તેને - તે પૂંજમાં મિથ્યાત્વનો તીવ્રરસ ન હોવાથી - અત્યલ્પરસ હોવાથી ભોગવતી

વખતે તે જીવ સમ્યક્ત્વભાવમાં જ વર્તતો કહેવાય છે. યદ્યપિ મિથ્યાત્વ મોહનીયનો તે શુદ્ધ પૂંજ ઉપશમભાવને - ઉપશમ ભાવના સમ્યક્ત્વને દૂર કરે છે. તથાપિ જીવમાં ઉપશમભાવનું સમ્યક્ત્વ ન રહેવા છતાં ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ તો રહે જ છે. અર્થાત્ ઉપશમભાવના સમ્યક્ત્વને લીધે જીવ ૪થા ગુણસ્થાને હતો તેમ ક્ષયોપશમભ ાવના સમ્યક્ત્વને પ્રાપ્ત કરીને પણ તે જીવ ૪થા ગુણસ્થાને જ ટકી રહે છે. માત્ર નામ બદલાય છે. પહેલાં જીવ ઉપશમ સમ્યક્ત્વી કહેવાતો હતો, હવે શુદ્ધપૂંજનો ઉદયભાવ થતાં ક્ષયોપશમ સમ્યક્ત્વી કહેવાય છે. આ ક્ષયોપશમ સમ્યક્ત્વ જઘન્યથી ૧ અન્તર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટથી (વધુમાં વધુ) ૬૬ સાગરોપમ સુધી ટકી રહે છે કેમ કે તેટલા કાળ સુધી શુદ્ધ થયેલા મિથ્યાત્વ પૂંજના અંશો ક્રમશઃ ઉદયમાં આવીને ભોગવાઈ શકે છે.

જો કે આ વખતે જે સમ્યક્ત્વ ભાવ પ્રાપ્ત થયો છે તે મિથ્યાત્વ મોહનીય કર્મના શુદ્ધ દલિકોના ઉદયથી પ્રાપ્ત થયો છે. પરંતુ છતાંય તે દલિકોની જાત મિથ્યાત્વની છે માટે તે અતિચાર લગાડી શકે છે. કેટલીકવાર તત્ત્વ સંબંધી સૂક્ષ્મ સંશય પણ થવા દે છે.

હવે અંતરકરણની છેલ્લી આવલિકામાં આવેલા જીવને (લગભગ છેડે) મિથ્યાત્વ મોહ.કર્મનો ૧લો શુદ્ધપૂંજ ઉદયમાં ન આવે અને બીજો મિશ્રપૂંજ ઉદયમાં આવી જાય તો તે જીવ મિશ્રભાવ પામે એટલે કે તેનામાં અડધો સમ્યક્ત્વભાવ અને અડધો મિથ્યાત્વભાવ એક અન્તર્મુહૂર્ત સુધી રહે. ત્યાર પછી તે અવસ્થામાં ગમે તે ફેરફાર થઈ જ જાય. આ અવસ્થાવાળા જીવને અતત્ત્વ ઉપર રુચિભાવ ન હોય તેમ તત્ત્વ ઉપર અરુચિભાવ પણ ન હોય. બેયની મિશ્રતા હોય. આ સ્થિતિમાં જીવ ચોથા ગુણસ્થાને ટકી શકતો નથી. તે વખતે તે ૩જા મિશ્ર ગુણસ્થાને ગણાય છે. એ અન્તર્મુહૂર્ત પછી જો ૧લો શુદ્ધપૂંજ ઉદયમાં આવી જાય તો ક્ષયોપશમ સમ્યક્ત્વભાવ પ્રાપ્ત કરીને ૪થા ગુણસ્થાને ચડી જાય અને જો અશુદ્ધ પૂંજનો ઉદય થઈ જાય તો તે જીવ ૧લા ગુણસ્થાને ધકેલાઈ જાય.

આપણે ઉપશમભાવના સમ્યક્ત્વ પછી શુદ્ધપૂંજ ઉદયમાં આવે તો શું થાય તે જોયું. હવે અશુદ્ધ પૂંજ ઉદયમાં આવે તો શું થાય ? તે પણ જોઈ લઈએ.

જે જીવને અંતરકરણની છેલ્લી આવલિકામાં (ઉપશમ સમ્યક્ત્વનો અન્ત-

મુંહૂર્ત કાળ પૂરો થતાં જ) સીધો અશુદ્ધપૂંજ ઉદયમાં આવી જાય તો તે એકદમ ઉદયમાં આવી જતો નથી કેમ કે તેને ઉદયમાં આવંતાં વધુમાં વધુ છ આવલિકા જેટલો સમય લાગી જાય છે. જ્યાં સુધી આ છ આવલિકાનો સમય પૂરો થાય નહિ ત્યાં સુધી જીવ અશુદ્ધ પૂંજના ઉદયવાળો ૧લા ગુણસ્થાને ધકેલાઈ ગયેલો ગણાય નહિ.

આ ૬ આવલિકામાં ગમે ત્યારે મિથ્યાત્વના મિત્ર સમા જ અનંતાનુબંધી કષાયમાંનો ગમે તે એક મિત્ર ઉદયમાં ધસી આવે છે. એમ થતાં શુદ્ધ ઉપ. સમ્યક્ત્વ ન રહે અને ક્ષયોપશમ કે મિશ્રભાવનું સમ્યક્ત્વ પણ ન રહે. એટલું જ નહિ પણ અશુદ્ધ પૂંજનો ઉદય થયો ન હોવાથી તે જીવ મિથ્યાત્વી પણ ન કહેવાય. તો શું કહેવાય ? એ પ્રશ્ન સહેજે થાય.

તેનું સમાધાન એ છે કે આ સ્થિતિમાં અનન્તાનુબન્ધી કષાય ઉદયમાં આવી ગયેલ છે એટલે એ સ્થિતિ ડહોળાયેલી તો બની જ ગઈ છે. અને વધુમાં વધુ ૬ આવલિકામાં અશુદ્ધ પૂંજ ઉદયમાં આવતાં જ જીવ ૧લા ગુણસ્થાને ધકેલાઈ પણ જવાનો છે. આ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકાના ડહોળાયેલા ભાવને સાસ્વાદન ભાવ કહેવાય છે. આ ભાવનો જીવ બીજા ગુણસ્થાને રહેલો ગણાય છે. અહીં મિથ્યાત્વનો ઉદય નથી અને સમ્યક્ત્વ ભાવની ઊલટી થવા લાગી છે એટલે એ ઊલટીમાં સમ્યક્ત્વનો સ્વાદ આવે જ છે. માટે આ ભાવને (સ+આસ્વાદ) સમ્યક્ત્વના આસ્વાદ સહિતનો સાસ્વાદન ભાવ કહેવાય છે. આ ભાવ ઓછામાં ઓછો એક સમય અને વધુમાં વધુ ૬ આવલિકા સુધી ટકી શકે છે. ત્યાર પછી તે ભાવવાળો જીવ અવશ્ય ૧લા ગુણસ્થાને ધકેલાઈ જાય છે. કેમ કે મિથ્યાત્વ મોહ.કર્મના અશુદ્ધ પૂંજનો ઉદય થઈ ગયા વિના રહેતો નથી.

આ ઉપરથી સમજી શકાશે કે બીજું ગુણસ્થાનક ચોથેથી પડીને ૧લે જતા જીવને જ હોઈ શકે છે. પરંતુ ૧લેથી ૩જે, ૪થે વગેરે ગુણસ્થાને ચડતા કે ૪થેથી ૩જે જતાં કે ૩જેથી ૧લે જતાં કે ૪થે જતાં આ બીજું ગુણસ્થાન પ્રાપ્ત થઈ શકતું નથી. ટૂંકમાં ઉપશમ-ભાવ પ્રાપ્ત કર્યા પછી જ ચોથેથી પડતાં અને ૧લે જતાં આ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે.

ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ ચોથા વગેરે ગુણસ્થાને છે છતાં તે ભાવથી પડનાર ૧ લે ગુણસ્થાને જાય તો પણ આ બીજું ગુણસ્થાન પ્રાપ્ત ન જ કરે

ઉપશમભાવના સમ્યક્ત્વભાવવાળા ૪ થા ગુણસ્થાનેથી પડીને ૧ લે જતાં જીવને જ બીજું ગુણસ્થાન પ્રાપ્ત થાય.

અહીં ઉપલક્ષણથી સમજી લેવું કે ઉપશમભાવના સમ્યક્ત્વથી પડતાં જેમ બીજું ગુણસ્થાન આવે તેમ ઉપશમભાવના ચારિત્રથી (૧૧મા ગુણસ્થાનેથી) પડતાં પણ આ બીજું ગુણસ્થાન આવે.

ઉપશમભાવનું સમ્યક્ત્વ એક મતે જીવ અનંતી વાર પ્રાપ્ત કરી શકે છે તેથી ત્યાંથી દરેક વાર પડીને અનંતી વાર બીજું ગુણસ્થાન પણ પ્રાપ્ત થાય છે. અને ઉપશમભાવનું ચારિત્ર તો ભવચક્રમાં વધુમાં વધુ ચાર જ વાર પ્રાપ્ત થાય છે. (એક ભવમાં એકીસાથે બે વાર, તેમ બે ભવમાં ચાર વાર) છતાં શાસ્ત્રમાં કહ્યું છે કે જીવ ઉપશમભાવ પાંચ જ વાર પ્રાપ્ત કરે છે અને તેથી ત્યાંથી અવશ્ય પડવાનું હોવાથી બીજું ગુણસ્થાન પણ પાંચ જ વાર પ્રાપ્ત કરે છે. અહીં ઉપશમભાવનું સમ્યક્ત્વ અનંતી વાર પ્રાપ્ત થવા છતાં જાતિ તરીકે એકની જ વિવક્ષા કરીએ અને એ જ રીતે એ ઉપશમભાવના સમ્યક્ત્વથી પડતાં અનંતી વાર પ્રાપ્ત થતા બીજા ગુણસ્થાને પણ જાતિથી એક જ માનીએ (૪+૧)તો ભવચક્રમાં પાંચ વારની પ્રાપ્તિની હકીકત સંગત થઈ જાય છે.

પહેલાં તો ઉપશમ-સમ્યક્ત્વ દરેક જીવને અવશ્યમેવ પ્રાપ્ત થાય જ. ત્યાર પછી જો ૧લો શુદ્ધ પૂંજ ઉદયમાં આવે તો તે જીવ ક્ષયોપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, અને જો બીજો પૂંજ ઉદયમાં આવે તો મિશ્ર-સમ્યક્ત્વ પ્રાપ્ત કરે, અને જો અનંતાનુબંધી કષાય ઉદયમાં આવ્યા હોય અને ૩જો પૂંજ ઉદયમાં આવવાની તૈયારી કરી ન આવ્યો હોય તે વખતે સાસ્વાદન સમ્યક્ત્વ પ્રાપ્ત કરે અને ૩જો પૂંજ ઉદયમાં આવે તો ૧લું મિથ્યાત્વ ગુણસ્થાન પ્રાપ્ત થઈ જાય. વળી એ જ ગૂંગળામણ, એ જ અંધકારમાં અટવાઈ જવાનું. છતાં પૂર્વની એ ગૂંગળામણ અને અંધકાર કરતા હવે તેમાં ઘણી જ ઓછાશ તો ખરી જ.

(૧) હવે જે આત્માને ઉપશમ સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યા પછી જો ૧લા શુદ્ધ પૂંજનો કેટલોક પૂંજ ઉદયમાં આવે તો ત્રીજા અશુદ્ધ પૂંજ (મિથ્યાત્વ પૂંજ)માંથી બીજામાં કેટલોક અર્ધશુદ્ધ જથ્થો ઠલવાય છે. એને જ સંક્રમ કહેવાય છે. અને બીજા મિશ્ર પૂંજમાંથી ૧લામાં તે જ વખતે શુદ્ધ થઈને સંક્રમે છે.

(૨) જો ઉપશમ સમ્યક્ત્વ પામ્યા પછી બીજો મિશ્ર પૂંજ ઉદયમાં આવી જાય તો ત્રીજા ગુણસ્થાને જીવ જાય.

(૩) જો ઉપશમ સ.ત્વ પામ્યા પછી ત્રીજો અશુદ્ધ પૂંજ ઉદયમાં આવી જાય તો ૧લામાંથી અડધા મેલા થઈને બીજામાં સંક્રમે અને તેમાંથી પૂરા મેલા થઈને ત્રીજા પૂરા મેલા પૂંજમાં સંક્રમે.

આપણે જોઈ ગયા કે ૧લો શુદ્ધ પૂંજ ઉદયમાં આવતાં જ જીવ ક્ષયોપશમ-ભાવનું સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે. તે વખતે મિશ્ર અને અશુદ્ધ પૂંજના કર્મપ્રદેશો સંક્રમતા સંક્રમતા શુદ્ધ પૂંજમાં એકઠા થતા અને તે એકઠો થયેલો જથ્થો ઉદયમાં આવીને ક્ષય પામતો જાય છે.

આમ કરતાં કરતાં અશુદ્ધ અને મિશ્રના બધા જ કર્મપ્રદેશ ૧લા શુદ્ધ પૂંજમાં ફેરવાઈ ગયા એટલે એ બે પૂંજ નાશ પામ્યા. એટલે ૧લા પૂંજના કર્મપ્રદેશો પણ ઉદયમાં આવી આવીને ક્ષય પામતા હોવાથી તે ૧લો પૂંજ ખતમ થઈ જવાની અણી ઉપર આવી જાય ત્યારે ૧લા પૂંજનો છેલ્લો જથ્થો ઉદયમાં વેદાતો હોય તે વખતે સત્તામાં ઉપશાન્ત ભાવે ૩માંથી એકે ય પૂંજનું એક પણ દલિક રહ્યું નથી. અર્થાત્ આ વખતે શુદ્ધ પૂંજના છેલ્લા જથ્થાને કેવળ ઉદય દ્વારા વેદવાનું (ક્ષય કરવાનું) જ કામ ચાલે છે.

એટલે અહીં એકે ય પૂંજનો ઉપશમ નથી. તેમજ છેલ્લા જથ્થાને વેદવાનું કામ ચાલુ હોવાથી તેનો ક્ષય પણ નથી. માટે આ સ્થિતિનું સમ્યક્ત્વ તે ક્ષયોપશમ-સમ્યક્ત્વ તો ન કહેવાય કિન્તુ તેને વેદક સમ્યક્ત્વ કહેવાય છે. આ સમ્યક્ત્વ એક જ સમયનું હોય છે. આ સમ્યક્ત્વને ઉપશમભાવનું, ક્ષયોપશમ ભાવનું, સાસ્વાદનભાવનું કે આગળ કહેવાતા ક્ષાયિકભાવનું કહી શકાય નહિ.

જ્યારે શુદ્ધ પૂંજનો છેલ્લો જથ્થો ૧જ સમયમાં સંપૂર્ણ ભોગવાઈ જાય છે ત્યારે હવે આત્મા ઉપર ત્રણે ય પૂંજનું અસ્તિત્વ સર્વથા નષ્ટ થઈ ગયું હોય છે. આ વખતે આત્માનો સ્વાભાવિક સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થઈ જાય છે. અત્યાર સુધી આ ગુણને મિથ્યાત્વ મોહ.ના કર્મદળિયાઓએ ઢાંકી રાખ્યો હતો. માત્ર શુદ્ધ એવા તે દળિયાના ઉદય વખતે મિથ્યાત્વનો રસ ન હોવાથી તે કર્મના ઉદયથી પ્રાપ્ત થયેલું પૌદ્ગલિક સમ્યક્ત્વ પ્રાપ્ત થયું હતું પરંતુ હવે તો આત્માનું સમ્યક્ત્વ પ્રાપ્ત થયું, જે અનંતકાળ સુધી એ જ સ્વરૂપમાં પ્રગટ રહેવાને સર્જાયેલું છે. આ જ રીતે જે ઉપશમભાવનું સમ્યક્ત્વ હતું તે પણ કર્મના ઘરનું ન હતું કેમ કે ત્યાં પણ મિથ્યાત્વ મોહ. કર્મના પુદ્ગલનો સંપૂર્ણ ઉપશમ થઈ ગયો હતો. આમ ઉપશમ અને ક્ષાયિકભાવના સમ્યક્ત્વ અપૌદ્ગલિક કહેવાય છે. જ્યારે ક્ષાયોપશમિક, મિશ્ર, સાસ્વાદન અને વેદકભાવના

સમ્યક્ત્વ પૌદ્ગલિક કહેવાય છે.

આ રીતે આપણે છ પ્રકારના સમ્યક્ત્વ અને મિથ્યાત્વનો વિચાર કર્યો.

| | | કાળ | પૌ. કે અપૌ. | ગુણસ્થાન |
|---|---|---|---|---|
| ૧. | ઉપશમ સમ્યક્ત્વ | ૧અંતર્મુહૂર્ત | અપૌદ્ગલિક | ૪થે |
| ૨. | ક્ષાયિક | સાદિ અનંત | ” | ૪થે થી ૧૪મે |
| ૩. | ક્ષયોપશમ | ૧ અંતર્મુ.થી ૬૬ સાગરોપમ | પૌદ્ગલિક | ૪થે થી ૭મે |
| ૪. | વેદક | ૧ સમય | ” | ૪થે થી ૭મે |
| ૫. | મિશ્ર | ૧ અંતર્મુ. | ” | ૩જે |
| ૬. | સાસ્વાદન | ૧ સમયથી ૬ આવલિકા | ” | ૨જે |
| ૭. | મિથ્યાત્વ (ભવ્યનું) | અનાદિ સાન્ત | ” | ૧લે |
| | ” (અભવ્યનું) | અનાદિ અનંત | ” | ૧લે |

જીવ જ્યારે કર્મનો બંધ કરે છે ત્યારે માત્ર મિથ્યાત્વ મોહનીય કર્મનો જ બંધ કરે છે. કિન્તુ કદી પણ સમ્યક્ત્વ કે મિશ્ર-મોહનીય કર્મનો બંધ કરતો નથી.

**પ્રશ્ન** : આ બે કર્મના બંધ વિના તે બેનો ઉદય શી રીતે થાય ?

**ઉત્તર** : મિથ્યાત્વ મોહના દલિકો જ ત્રણ પૂંજની સંક્રમણ ક્રિયા પ્રાપ્ત કરીને ૩ પૂંજમાં ફેરવાય છે. એટલે તેમાંનો જે શુદ્ધ પૂંજ છે તેને સમ્યક્ત્વ મોહ.કર્મ કહેવાય છે અને જે મિશ્ર પૂંજ છે તેને મિશ્ર મોહ.કર્મ કહેવાય છે. આથી જ બંધ પામતી કર્મપ્રકૃતિ ૧૨૦ કહી છે. જ્યારે ઉદયમાં આવતી કર્મપ્રકૃતિ ૧૨૨ કહી છે.

જે જીવો કદી પણ મોક્ષભાવ પ્રાપ્ત કરવાના નથી તે અભવ્યો અને જાતિભવ્યોને સદાય મિથ્યાત્વ મોહ.કર્મનો જ ઉદય રહે છે. છતાં અભવ્યો તે કર્મની કાંઈક લઘતાથી ગ્રન્થિદેશ નજદીક આવે છે ત્યારે તે તીર્થંકર ભગવંતના સમવસરણ સુધી જઈ શકે છે અને મુક્તિ અદ્વેષપૂર્વક દેવલોકાદિનાં સાંસારિક સુખો માણવાની ઇચ્છાથી સદનુષ્ઠાનના રાગ વિના સાધુજીવનનો આચાર પાળી શકે છે. અને ૯મા ગ્રૈવેયક સુધી પણ જઈ શકે છે. આ બધું ય ગ્રન્થિદેશની નજીક આવ્યા વિના બની શકતું નથી.

ક્ષયોપશમભાવનું સમ્યક્ત્વ ભવચક્રમાં અસંખ્ય વાર આવે છે અને ચાલી જાય છે. પરંતુ એકવાર પણ જે જીવ સમ્યક્ત્વ પામી જાય છે તેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તથી વધુ તો રહી શકતો જ નથી. એ જીવ સમ્યક્ત્વ ભાવથી પડીને મિથ્યાત્વ ભાવ પામે ત્યારે જગતનાં ભયંકરમાં ભયંકર પાપો કરે તો પણ તેનો સંસાર અર્ધપુદ્ગલપરાવર્તથી વધી શકતો નથી. આવાં પાપો ન કરનાર પતિત સમ્યક્ત્વી જીવ તો થોડા કાળમાં જ સંસારનો અંત આણી શકે છે.

**મતાંતરો :** સમ્યક્ત્વભાવ પ્રાપ્ત કરવા સંબંધમાં મત-મતાંતર છે.

કર્મગ્રન્થનો અભિપ્રાય એવો છે કે ૧લી જ વાર સમ્યક્ત્વ પતિત થઈને મિથ્યાત્વ ભાવ પામે પછી પણ ત્યાં રહીને મિથ્યાત્વની ૭૦ કો.કો. સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધી શકે છે, પણ ઉત્કૃષ્ટ રસ બાંધતો નથી.

જ્યારે આ અંગે સિદ્ધાંતનો અભિપ્રાય એવો છે કે સમ્યકૂત્વથી પડેલો જીવ મિથ્યાત્વ ભાવ પ્રાપ્ત કરે ત્યારે ત્યાં રહીને પણ તે ફરી કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ પણ બાંધતો નથી.

ગમે તેમ હોય પણ એક અન્તર્મુહૂર્ત માત્ર પણ જે જીવ સમ્યકૂત્વ ભાવને સ્પર્શી જાય છે તેનો સંસાર વધુમાં વધુ અર્ધપુદ્ગલપરાવર્તથી વધુ હોઈ શકતો નથી. વળી સમ્યક્ત્વ ભાવવાળો મનુષ્ય જો તે ભાવ પ્રાપ્ત કરવા પહેલાં કોઈ ગતિના આયુષ્યને નિશ્ચિત (નિકાચિત) ન કરી ચૂક્યો હોય અને સમ્યકૂત્વ ભાવમાં જ આયુષ્યનો બંધ કરે તો નિયમતઃ વૈમાનિક દેવલોકનું જ આયુષ્ય બાંધે, પરંતુ મનુષ્યાદિ ગતિ ન બાંધે. હા, સમ્યકૂત્વ ભાવવર્તી તેવો દેવ આયુષ્ય બાંધે તો તો મનુષ્ય આયુ જ બાંધે કેમ કે દેવ મરીને દેવ થઈ શકતો નથી.

આપણે સમ્યક્ત્વ પ્રાપ્તિનો જે ક્રમ કહ્યો છે તે કર્મગ્રન્થના અભિપ્રાયે છે. જ્યારે સિદ્ધાંતમાં તો કહ્યું છે કે, કોઈ અનાદિ મિથ્યાત્વી જીવ તેવા પ્રકારના વિશિષ્ટ અધ્યવસાયાદિને પ્રાપ્ત કરીને પૂર્વે જણાવ્યા મુજબ (અનિવૃત્તિકરણ દ્વારા નથી કહ્યું) અપૂર્વકરણ દ્વારા જ ત્રણ પૂંજ કરીને તેમાં સર્વથા શુદ્ધ કરેલા સમ્યકૂત્વ મોહનીય કર્મના પૂંજને ભોગવતો ઔપશમિક સમ્યક્ત્ત્વ પામ્યા વિના જ પ્રથમતઃ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે તો કોઈ અન્ય જીવ યથાપ્રવૃત્તિ-કરણાદિ ૩ કરણના ક્રમે અંતરકરણમાં પ્રથમ સમયે જ ઔપશમિક સ.ત્વ

પામે (આપણે સ્વીકારેલો મત); પણ ૩ પૂંજ કરવાની ક્રિયા તે કરે નહિ. આથી તેને સ.ત્વ મોહનીય અને મિશ્ર મોહનીય રૂપ બે પૂંજ ન હોવાથી ઔપશમિક સમ્યક્ત્વનો કાળ પૂર્ણ થતાં નિયમતઃ મિથ્યાત્વ મોહનીય કર્મ જ ઉદયમાં આવે અર્થાત્ તે મિથ્યાત્વી જ બને.

બૃહત્કલ્પ ભાષ્યની ૧૨૦મી ગાથામાં કહ્યું છે કે, "જેમ ઇયળ પહેલાં પોતાના શરીરને લંબાવી આગળના સ્થાને સ્થિર થઈને પછી જ પાછલા સ્થાનને છોડે છે પણ આગળનું સ્થાન પકડી ન શકાય તો પાછળના સ્થાનને છોડતી નથી અને પાછી વળે છે તેમ ૩ પૂંજ વિનાનો ઉપશમ-સમકિતી જીવ આગળ શુદ્ધ કે અર્ધશુદ્ધ પૂંજના અભાવે તેના ઉદયરૂપ આલંબન ન મળતાં મિથ્યાત્વે જ પાછો આવે છે." તાત્પર્ય એ છે કે સૈદ્ધાન્તિક મતે કોઈ વિશિષ્ટ અધ્યવસાયી જીવ પ્રથમ જ ક્ષાયોપશમિક સ.ત્વ પામીને કાલાંતરે મિશ્ર કે મિથ્યાત્વના ઉદયવાળો બને છે.

અને કોઈ તેવા વિશિષ્ટ અધ્યવસાય વિનાનો જીવ ઉપશમ સ.ત્વ પામીને પછી નિયમતઃ મિથ્યાત્વી જ બને છે.

વળી પહેલી જ વાર સમ્યક્ત્વ પામતો જીવ પણ ઉપશમ સમ્યક્ત્વ ભાવમાં જ રહીને દેશવિરતિ - સર્વવિરતિ ધર્મ પામી શકે છે (જો સાસ્વાદન ભાવ પામવાનો ન હોય તો) એવું શતક બૃહચ્ચૂર્ણિમાં કહ્યું છે.

સમ્યક્ત્વથી પડેલો જીવ જ્યારે ફરી સમ્યક્ત્વ પામે છે ત્યારે પણ તે અપૂર્વકરણથી ત્રણ પૂંજ કરે છે અને અનિવૃત્તિકરણથી સમ્યક્ત્વના પૂંજને ઉદયમાં લઈને ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. અર્થાત્ હવે તે અંતરકરણની ક્રિયાદિ કરતો નથી.

પ્ર. ૧લી જ વાર સમ્યક્ત્વ પામતાં તેણે અપૂર્વકરણ કર્યું છે. હવે ફરી સમ્યક્ત્વ પામતા અપૂર્વકરણ કેમ કહો છો ? કેમ કે હવે તો તે પૂર્વે થઈ ચૂક્યું છે ?

ઉ. પૂર્વે જે અપૂર્વકરણ કર્યું હતું તેથી પણ વિશિષ્ટ આ અપૂર્વકરણ હોવાથી તેને પણ અપૂર્વકરણ જ કહેવાય.

સૈદ્ધાન્તિક મત એ પ્રમાણે છે કે, "સમ્યક્ત્વની પ્રાપ્તિની જેમ દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ વખતે પણ જીવને યથાપ્રવૃત્તિ અને અપૂર્વ એ બે કરણો તો થાય છે પરંતુ અપૂર્વકરણનો કાળ સમાપ્ત થતાં અનન્તર સમયે

જ દેશ કે સર્વવિરતિ પ્રાપ્ત થતી હોવાથી અનિવૃત્તિકરણ થતું નથી. વળી દેશ-સર્વવિરતિ પ્રાપ્ત થયા પછી પણ એક અન્તર્મુ. સુધી તો જીવ અવશ્ય વધતા પરિણામવાળો જ હોય છે અને તે અન્તર્મુ. પસાર થઈ ગયા બાદ તે દેશ-સર્વવિરત જીવ વિશુદ્ધ પરિણામી કે સંક્લિષ્ટ પરિણામી બને છે.

કાર્મગ્રન્થિકો આ વિષયમાં કહે છે કે, "જીવ ઉપયોગ વિના જ કથંચિત્ સંક્લિષ્ટ પરિણામી બનીને દેશ કે સર્વવિરતિથી પતિત થયો હોય છે. તે જીવ યથાપ્રવૃત્તિ કે અપૂર્વકરણ કર્યા વિના જ ફરીથી દેશ-સર્વવિરતિ પામી શકે છે. જે જીવ ઉપયોગપૂર્વક પતિત થઈને મિથ્યાત્વે ગયો હોય તે જીવ પતિત થઈ ગયા પછી જઘન્યથી અન્તર્મુ. કાળે અને ઉત્કૃષ્ટથી ઘણા લાંબા કાળે પણ પૂર્વે કહેલા યથાપ્રવૃત્ત આદિ કરણો કરીને જ દેશ કે સર્વવિરતિ પામી શકે છે.

વળી સૈદ્ધાન્તિક મતે સમ્યક્ત્વનો વિરાધક કોઈ જીવ સમ્યક્ત્વ સહિત પણ મરીને છઠ્ઠી નારકી સુધી ઊપજે છે. અથવા મનુષ્ય-તિર્યંચગતિમાંથી ક્ષાયોપક્ષમિક સ.ત્વી કોઈ જીવ નારકીમાં ઉત્પન્ન થાય છે તેને પરભવનું સ.ત્વ સાથે હોય છે. કારણ કે સ.ત્વની વિરાધના કરનારો કોઈ જીવ છઠ્ઠી નારક સુધી સ.ત્વ સાથે પણ જાય છે. ક્ષાયિક સ.ત્વી જો નારકમાં ઊપજે તો સ.ત્વ સાથે જ ત્રીજી નારક સુધી જાય છે. (પ્રવચનસારોદ્ધાર : ગાથા ૯૬૧ની ટીકા)

**પ્ર.** ક્ષયોપશમ અને ઉપશમ સમ્યક્ત્વમાં ફરક શું ? કેમ કે બેયમાં ઉદય પ્રાપ્તનો ક્ષય થયો છે અને અનુદય પ્રાપ્ત કર્મનો ઉપશમ થાય છે ?

**ઉ.** ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવ સત્તામાં રહેલા મિથ્યાત્વના અને અનંતાનુબંધી કષાયના પ્રદેશોને ભોગવે છે પણ તેનો રસ ભોગવતો નથી. જ્યારે ઉપશમ સમ્યક્ત્વી તે સત્તાગત પ્રદેશોને પણ ભોગવતો નથી. અર્થાત્ એકને સત્તાગત તે દલિકોને પ્રદેશોદયથી તો ભોગવવાના હોય છે જ્યારે બીજાને તે પ્રદેશોદય પણ હોતો નથી.

• • •

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના
સોપાન સર કરવાના લક્ષને વરેલા

# તપોવનમાં ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.
...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.
... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.
...રોજ ગુરુવંદન કરે છે.
...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.
...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.
...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.
...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.
...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...
...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...
...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...
...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...
...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...
...અંગ્રેજીમાં Speech આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**
**પ્રભુના ભક્ત બને છે.**
**ગરીબોના બેલી બને છે.**
**પ્રાણીઓના મિત્ર બને છે.**
**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**


अष्ट कर्म
अज्ञान
ज्ञानावरण
अनंत ज्ञान
दर्शनावरण
अनंत दर्शन
अंधत्वादि निद्रा
मोहनीय
अंतराय
कृपणता, दरिद्रता पराधीनता, दुर्बलतादि
वेदनीय
अनंत सुख
शाता - अशाता
आयुष्य
अक्षय स्थिति
जन्म, जीवन मृत्यु
नाम कर्म
अरूपित्व
गोत्र-कर्म
अगुरु लघुत्व
उंच कुल नीच कुल
जीव


આત્માનો વિકાસ ક્રમ
અવ્યવહાર રાશિ
નિગોદ
મોક્ષ